BAOU
Education for All

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## BACHELOR OF SOCIAL WORK



## BSWR-101

# સમાજકાર્યનો ઈતિહાસ અને દર્શન

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# BSWR-101
# સમાજકાર્યનો ઈતિહાસ અને દર્શન

વિભાગ

# 1

## વ્યવસાયિક સમાજકાર્યનો ભારતીય ઈતિહાસ

એકમ-1 વ્યવસાયિક સમાજકાર્યનો ભારતીય ઈતિહાસ

એકમ-2 સમાજકાર્ય શિક્ષણ પરિચય

એકમ-3 કલ્યાણ અને વિકાસ

એકમ-4 વ્યાવસાયિક અને સ્વૈચ્છિક સમાજકાર્યના ધ્યેય અને મૂલ્યો

ISBN : 978-81-946447-0-5


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. નેહલકુમાર બી. ત્રિવેદી** | સંયોજકશ્રી,<br>પી. જી. સેન્ટર ઑફ સોશ્યલ વર્ક,<br>એમ. પી. નંદકુંવરબા મહિલા કૉલેજ<br>ભાવનગર. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. જગદીશ ડી. સોલંકી** | એસોસિએટ પ્રોફેસર,<br>ડિપાર્ટમેન્ટ ઑફ સોશ્યલ વર્ક,<br>એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા. |
| **પરામર્શક (ભાષા)** | |
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2021**

**Copyright©2021 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપુષ્ટિ (Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઊચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઊચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઊચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

## પ્રસ્તાવના

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થીભોગ્ય બનાવે છે.

આશા છે કે સ્વ-અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## BSW-101 સમાજકાર્યનો ઈતિહાસ અને દર્શન

**વિભાગ-1 : વ્યવસાયિક સમાજકાર્યનો ભારતીય ઈતિહાસ**

1. વ્યવસાયિક સમાજકાર્યનો ભારતીય ઈતિહાસ
2. સમાજકાર્ય શિક્ષણ પરિચય
3. કલ્યાણ અને વિકાસ
4. વ્યાવસાયિક અને સ્વૈચ્છિક સમાજકાર્યના ધ્યેય અને મૂલ્યો

**વિભાગ-2 : સમાજકાર્ય અને ભારતીય બંધારણની ભારતીય વિચારધારાઓ**

1. સમાજકાર્ય વ્યવસાય માટે સમકાલીન ભારતીય વિચારધારાઓ
2. ભારતીય બંધારણની વિચારધારા : ગાંધીવાદી અને દલીત
3. ગાંધીજીની વિચારસરણી - મુક્ત અર્થતંત્ર, માનવતાવાદી, સમાજવાદી અને લોકતાંત્રિક વિચારધારા

**વિભાગ-3 : સામાજિક પરિવર્તન અને સમાજકાર્ય માટે પશ્ચિમી ઈતિહાસની વિચારધારા**

1. સામાજિક પરિવર્તન માટે પશ્ચિમી ઈતિહાસની વિચારધારાઓ-1
2. સામાજિક પરિવર્તન માટે ભારતમાં પોર્ટુગીઝોની વસાહતોનો ઈતિહાસ વિચારધારાઓ-2
3. સમાજકાર્યની શરૂઆત
4. સંગઠિત અને વૈજ્ઞાનિક ધર્માદા : વૈદ્યકિય સમાજકાર્ય ધ્યેયો, મૂલ્યો, ભૂમિકાઓ અને પ્રક્રિયા

**વિભાગ-4 : પશ્ચિમી ઈતિહાસ, મધ્યકાલીન અને આધુનિક કાળ, સમાજવાદ અને માનવઅધિકાર**

1. સમાજકાર્યનો વ્યવસાયિક પશ્ચિમી ઈતિહાસ
2. મધ્યકાલીન સમય - ખ્રિસ્તી અને યહૂદીની વિચારધારા અને આધુનિક સમયમાં બુદ્ધિવાદ અને કલ્યાણ
3. સમાજવાદ, ઉદારમતવાદ, લોકશાહી અને માનવઅધિકાર

## ઘટક પરિચય :

સમાજકાર્ય એ વ્યવસાયિક સેવા છે. તેનો આધાર વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવસબંધોની કુશળતાઓ ઉપર છે. સમાજકાર્ય પોતાનો સેવાકાર્યમાં જે વ્યવસાયિક પદ્ધતિઓ, જ્ઞાન, સિદ્ધાંતો અને કુશળતાઓનો ઉપયોગ કરે છે. તે એની વિશિષ્ટતા છે. સેવાના જ ક્ષેત્રમાં કાર્ય કરનાર અન્ય કાર્યકર્તા તેનો ઉપયોગ નથી કરી શકતા. દા.ત. વ્યાવસાયિક સમાજકાર્યકર પોતાની પદ્ધતિઓ દ્વારા સમસ્યાગ્રસ્ત વ્યક્તિ, જૂથ તથા સમુદાયની સહાયતા કરે છે. એને આધારે એમ કહી શકાય કે સમાજકાર્ય અન્ય વ્યવસાયોથી અલગ એક વ્યવસાય છે.

આ વિભાગમાં સમાજકાર્ય વ્યવસાયનો ભારતીય ઇતિહાસનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં સમાજકાર્ય શિક્ષણનો પરિચય આપવામાં આવ્યો છે. કલ્યાણ એ વિકાસ વિશે વિસ્તૃત સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. સમાજ સેવાને વ્યાવસાયિક સ્વરૂપ ક્યારે મળ્યું, તેના ઇતિહાસ વિશે જાણકારી મેળવવામાં આવી છે.

સંસ્કૃતિના ઇતિહાસમાં માનવજાતની સેવા તરીકે સમાજકાર્યના મૂળ બહુ ઉંડા છે. સમાજકાર્યની મૂળભૂત પ્રેરણા ધાર્મિક ઉપદેશઓમાંથી આવી છે. વ્યાવસાયિક સમાજકાર્યની શરૂઆત થઈ તેમ છતા સમાજસેવાની કે સમસ્યા ઉકેલની આપણી સંસ્કૃતિકલ રીતો આજે પણ એટલી જ મહત્વની છે. જેમ જેમ સમાજકાર્યના જ્ઞાનનો વિકાસ થતો ગયો, તેમ તેમ સમાજકાર્યની પ્રેક્ટીસની પ્રકૃતિ અને વિભાવના બદલાતી ગઈ છે. સમાજકાર્યના જ્ઞાનના વિકાસનો ઐતિહાસિક તબક્કાવાર સમજવો જરૂરી છે. જે આ વિભાગમાં સમજૂતી આપવામાં આવી છે.

**ઘટકના હેતુઓ :**

1. ભારતમાં સમાજકાર્યની શરૂઆત વિશે માહિતી મેળવી શકાશે.
2. સમાજકાર્યની શરૂઆતથી પરિસ્થિતિ અને વર્તમાન પરિસ્થિતિ વિશે માહિતી મેળવી શકાશે.
3. કલ્યાણ વિશે માહિતી મેળવી શકાશે.
4. સમાજકાર્યનાં ધ્યેયોનો ખ્યાલ મેળવી શકાશે.
5. સમાજકાર્યનાં મૂલ્યોનો પરિચય મેળવી શકાશે.
6. સમાજકાર્ય શિક્ષણનો પરિચય મેળવી શકાશે.
7. શિક્ષણ મેળવ્યા પછી ક્ષેત્રકાર્યમાં યોગ્ય કાર્ય કરી શકશો.

# એકમ–1 વ્યવસાયિક સમાજકાર્યનો ભારતીય ઈતિહાસ

## : એકમનું માળખું :


**1.0 એકમના હેતુઓ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 સમજૂતી**

**1.3 સ્વતંત્રતા પછીના સમાજકાર્યનું સ્વરૂપ**

**1.4 ભારતમાં વ્યાવસાયિક સમાજકાર્ય**

**1.5 ઉપસંહાર**

**1.6 તમારી પ્રગતિ ચકાસો (MCQs)**

**1.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**1.8 ચાવીરૂપ શબ્દો (Glossary)**

**1.9 સ્વાધ્યાય લેખન (Assignment)**

**1.10 પ્રવૃત્તિ (Activities)**

**1.11 કેસસ્ટડી (Case Study)**

**1.12 સંદર્ભગ્રંથ (Further Readings)**


## 1.0 એકમના હેતુઓ

પ્રસ્તુત એકમના હેતુઓ નીચે મુજબ છે.

- વિદ્યાર્થીઓને વ્યવસાયિક સમાજકાર્યનો ભારતીય ઈતિહાસથી માહિતગાર કરી શકાશે.
- વિદ્યાર્થીઓને સ્વતંત્રતા પછીના સમાજકાર્યનું સ્વરૂપ સમજવામાં મદદરૂપ થશે.
- વિદ્યાર્થીઓને ભારતમાં વ્યવસાયિક સમાજકાર્યના ઇતિહાસથી માહિતગાર કરી શકાશે.
- વિદ્યાર્થીઓ વ્યવસાયિક સમાજકાર્યના ભારતના ઇતિહાસિક સંદર્ભને ધ્યનમાં રાખીને કાર્ય કરતા થશે.

## 1.1 પ્રસ્તાવના

સમાજકાર્ય પારસ્પરિક દાન, સહાયતા અને વિકાસ પ્રેમની જેમ ભારતમાં પણ એટલું જ પ્રાચીન છે જેટલું જગતના અન્ય ભાગોની અંદર છે. ઇંગ્લૅન્ડ અને અમેરિકામાં સમાજકાર્યનો વિકાસ સંસ્થાગત સેવા, સામાજિક સુરક્ષા કે સાધનોના રૂપમાં થયો. પરંતુ ભારતમાં અંગ્રેજોના સમયમાં એટલે કે 19મી સદીથી સ્વતંત્રતા પ્રાપ્તિ સુધી સમાજકાર્યોનો વિકાસ રાજનૈતિક આધિનતા એ અન્ય સામાજીક આર્થિક કારણોથી થઈ શક્યો નથી.

સ્વતંત્રતા બાદ ભારતમાં સમાજકાર્યના ક્ષેત્રોમાં નવિન યુગનો આરંભ થયો; પરંતુ, એક વ્યવસાયિક રૂપે તેને પૂર્ણપણે મહત્વ આજે પણ મળ્યું નથી. ભારતમાં સમાજકાર્યના ઇતિહાસ મને સમજવા અને ત્રણ પ્રકારના આંદોલનો સમજવા જરૂરી છે. કારણ કે અહીંના આ ત્રણ આંદોલનો સૌથી વધુ સફળ થયા છે. આ ત્રણ આંદોલનો છે :

- ધાર્મિક પ્રેરણાથી થયેલા આંદોલનો
- સમાજ સુધાર આંદોલનો
- સ્વતંત્રતા પ્રાપ્તિ માટે શરૂ થયેલ આંદોલનો.

ગાંધીજી પ્રેરિત રાષ્ટ્રીય ચળવળ ભારતમાં સમાજકાર્ય કેવું હોવું જોઈએ અથવા તો કેવું સમાજકાર્ય ભારતમાં વધુ સફળ થાય તેની સ્પષ્ટ સમજ આપી શકવા આ ત્રણ પ્રકારના આંદોલનો સમર્થ છે. આથી તેની વિગતે સમજૂતી આ પ્રકરણમાં આપવામાં આવી છે. આ ઉપરાંત સ્વતંત્રતા પછી આઝાદ ભારતમાં સમાજકાર્ય એ કેવા પ્રકારનું સ્વરૂપ લીધું તેની રજૂઆત પણ પ્રસ્તુત વિભાગમાં કરવામાં આવી છે.

## 1.2 સમજૂતી

સ્વતંત્ર ભારતમાં સમાજકાર્ય એ ભારતીય સામાજીક રચના પ્રાથિમક રીતે જવાબદારી અને કર્તવ્ય પર આધારિત છે અને આ સમજને દઢ રીતે બનાવી રાખવામાં ધર્મ મોટો ટેકો છે. ધાર્મિક સમજ વ્યક્તિને જવાબદારી અને ફરજની સતત યાદ કરાવ્યા કરે છે. આધ્યાત્મિકતા-ધર્મ એ ભારતીય સામાજિક માળખાઓનું નાભિ સ્થાન છે. આ પ્રેરણા વગર આ માળખું ટકાવવું શક્ય નથી. આથી સૌપ્રથમ હિંદુ ધર્મની ફિલસૂફીને સમજવી જરૂરી છે. જેમાં ભારતીય ધર્મો અને સાંસ્કૃતિક પરંપરાના મુળ અતિ પ્રાચીન છે. ભારતીય સંસ્કૃતિ 5,000 વર્ષ કરતા પણ જૂની છે. તેના સામાજિક માળખા મુખ્યત્વે હિન્દુ વૈદિક ધર્મની સમૃદ્ધ ફિલસૂફી પર રચાયેલા છે. બેનજી કહે છે કે શરૂઆતનું સમાજકાર્ય હિન્દુ ફિલસૂફીથી વધુ પ્રભાવિત હતું. તેનો વિકાસ પરોપકારના સંદર્ભમાં થયો છે. આથી સૌપ્રથમ હિંદુ ધર્મની ફિલસૂફી રજૂ કરવાનો પ્રયત્ન થયો છે.

પ્રાચીન ભારતમાં સામાજિક અને વ્યકિતગત સમસ્યાઓ વિશેની સમજ બહુ સરળ હતી. ત્યારે મનાતું કે વ્યક્તિના ભૂતકાળના કર્મો પ્રમાણે તેની વર્તમાન સ્થિતિ રહે તેવું મનાતું અને આ શ્રધ્ધાને લીધે મગજની શાંતિ મળતી અને ચિંતા દૂર થતી. પ્રાચીન ભારતની ત્રિસ્તરીય કલ્યાણ વ્યવસ્થા પ્રવર્તતી જેમાં ગરીબ, જરૂરિયાતવાળા અને દબાયેલા માણસોને સામાન્ય રીતે પૈસા આપીને, સલાહ કે સીધી સેવા આપીને, સંગઠિત બન્ને રીતે મદદ થતી હતી. ભારતમાં કલ્યાણની વ્યવસ્થા પણ હતી. જે ત્રણ સ્તરમાં વહેંચાયેલી હતી. જેમાં,

- પ્રાથિમક સ્તર પર સંયુક્ત કુટુંબ
- દ્વિતીય સ્તરે સ્થાનિક સત્તા
- તૃતીય સ્તરે રાજ્ય

આ દરેક સ્તરે જરૂરિયાતવાળી વ્યક્તિઓને મદદ કરવા માટેની પ્રેરણાનો સ્રોત હિન્દુ ધર્મની ફિલસૂફી હતો. સમાજકાર્ય એ સામાન્ય તત્વદર્શન હિન્દુ જીવનશૈલી અને આચારસંહિતાને ટેકો આપે છે.

મદદની ક્રિયા વ્યક્તિગત સ્તરે મોક્ષપ્રાપ્તિના હેતુથી દયા દાન સ્વરૂપે થતી. પોતાની મોક્ષ પ્રાપ્તિ માટે લોકકલ્યાણના કાર્યો થતા. જ્યાં અપંગોને સહાય, રોગી, વિધવા, અનાથ માટેની વ્યવસ્થા અને લોકકલ્યાણ માટે મંદિર, મઠ, કૂવા, તળાવ, ધર્મશાળા વગેરે બનાવવા જેવા કાર્યો મોટા પ્રમાણમાં થતા. વ્યક્તિ કોઈપણ કારણસર પાછળ રહી જાય, જરૂરિયાતમંદ હોય તો તેની જવાબદારી સામુદાયિક સ્તરે કુટુંબ સ્થાનિક સત્તા અને રાજા ઉઠાવી લેતા. એકબીજા સાથે ફરજ અને કર્તવ્યના તાણાવાણા સાથે મજબુત ગૂંથણીની સમાજવ્યવસ્થા ગોઠવાયેલી હતી કે ત્યાં સમસ્યા એ સમસ્યા રહી જ ન હતી. હિંદુ ફિલસૂફીમાંથી પ્રતિપાદિત થતી આ સુંદર વ્યવસ્થા એકબીજા સાથે જોડાયેલી, એકબીજા પર આધારિત અને સર્વ માટે કલ્યાણકારી હતી. પરંતુ અન્ય ધર્મોના આક્રમણ પછી ધીરે ધાર્મિક ક્રિયાકાંડો ઊભા થયા અને જ્ઞાતિ

પ્રથા, ધર્મગુરૂની સત્તા, સંપ્રદાયો, ધર્મો, વિવિધ જૂથો દ્વારા આ પ્રવૃત્તિ શરૂ થઈ. જેમાં વર્ણવ્યવસ્થા વધુ દૃઢ બની. કેટલીક જ્ઞાતિઓ અને સ્ત્રીઓ માટે નિષેધો આવ્યા. જોકે તેના વિરોધમાં બુદ્ધ ધર્મ જેવી ફિલસૂફી પણ આવી જેમણે બધા જ ક્રિયાકાંડો ફેકી દેવાં કહ્યું.

આમ, બુદ્ધધર્મ દ્વારા ક્રિયાકાંડનો વિરોધ કરવામાં આવ્યો છે તેમજ મધ્યયુગમાં પણ ઇસ્લામ શાસનના પ્રવેશથી કાર્યો હાથ ધરાય તેમજ ત્યારબાદ ભક્તિ આંદોલન જેમાં ઇસ્લામ ધર્મના આક્રમણથી બચવા અને પોતાના ધર્મનું રક્ષણ કરવા ભક્તિ આંદોલન સહજ અને સરળ બન્યું. જેમણે ધર્મ પ્રસ્થાપિત કરવાના પ્રયત્નો થયા. તેના પછી સમાજ સુધારણા આંદોલનની શરૂઆત થઈ જેમાં સમાજમાં પ્રવર્તતની સામાજીક પ્રથાઓ, દુષણો, રિવાજો વિગેરેને સુધારવા માટે વિવિધ ચળવળકારોએ પ્રયત્નો શરૂ કર્યા. ત્યારબાદ ધાર્મિક પુનરૂત્થાન આંદોલનો અને નવ હિંદુવાદ અને ગાંધીજીનો સમાજકાર્ય માટે સમાજ સુધારણઆ માટેનો આંદોલનો કર્યા હતા. આમ, સમાજના કલ્યાણકારી કાર્યો અલગ અલગ સમયમાં દરેક વ્યક્તિ જૂથ અને સમુદાયો પુરતા પ્રયત્નો દ્વારા કાર્યો કર્યા અને સમાજકાર્ય કરવામાં આવ્યું.

સ્વાતંત્રતા બાદ ભારતમાં સમાજકાર્યના ક્ષેત્રમાં નવીન યુગનો આરંભ થયો; પરંતુ, એક વ્યાવસાયિકરૂપે ભારતની અંદર સમાજકાર્યનો ઉલ્લેખન અને વિવેચન ચાર વિભાગમાં થાય છે.

- સામુદાયિક જીવનકાળ
- દાન કાળ
- ધાર્મિક સુધાર કાળ એ ધર્મ નિરપેક્ષ કાળ
- વ્યાવસાયિક પ્રશિક્ષણ અને સંગઠન કાળ

### 1.2.1 સામુદાયિક જીવન કાળ :

સિંધુ ઘાટીની સભ્યતાના મોહેંજો દડો તથા હડપ્પામાંથી પ્રાપ્ત અવશેષોથી એ ખ્યાલ આવે છે કે આ સમયમાં નગર વ્યવસ્થા ખૂબ જ સારી હતી. જેમાં દાસપ્રથા પણ અસ્તિત્વમાં આવી હતી; પરંતુ, દાસોની જરૂરિયાત તેમજ તેમના કલ્યાણની પણ વ્યવસ્થા કરવામાં આવતી. એકસાથે કાર્યો કરતા એ તેમાના સામુહિક શ્રમના ફળને બધા જ સદસ્યોમાં વહેંચવામાં આવતું. યજ્ઞ જીવન તથા ઉત્પત્તિને બનાવી રાખવા સામુદાયિક ક્રિયાઓમાં સંકલન હતું. સામુહિક પ્રયાસોના પરિણામ સ્વરૂપ દિન પ્રતિદિન થવાવાળા લાભનો વ્યક્તિ સભ્યોમાં વહેંચવામાં આવતું. દાન અને પ્રસન્નતાના અવસરો પણ સમુદાયના લોકો યુદ્ધમાંથી મળેલી વસ્તુઓને અંદરો અંદર વિતરણ કરતા. આ વ્યવસ્થામાં સમુદાયના દરેક વ્યક્તિની જરૂરિયાતોને પૂર્ણ કરવાની જવાબદારી અન્ય દરેક વ્યક્તિઓ પર હતી.

વૈદિક કાળમાં સહાયતા અને આવશ્યકતા પૂર્તિની જવાબદારી શાસકો અને ધનિક વ્યક્તિઓ વચ્ચે વહેંચી લેવામાં આવતી હતી. આ કાર્યમાં મંદિર તથા આશ્રમોની સ્થાપના તેને માટે સંપત્તિની વ્યવસ્થા તથા તેના સંતો અને મહાત્માઓના મઠોનું નિર્માણ તથા તેમાં રહેવાવાળા લોકો માટે ભોજન તથા બીજી જરૂરિયાતની ચીજ વસ્તુઓની વ્યવસ્થા કરવામાં આવતી.

બૌદ્ધકાળમાં પણ લોકોના કલ્યાણ માટે રસ્તાઓ બનાવ્યા, બંધો બનાવ્યા, પુલો બનાવ્યા, તળાવો બનાવ્યા તથા સમાજમાં જોવા મળતી પરંપરાગત અને કુરીતિઓનો વિરોધ કર્યો.

### 1.2.2 દાનકાળ :

આ કાળમાં પ્રાચીન પ્રેરણાથી સમાજ સેવાઓ શરૂ થઈ. અનેક પ્રકારના સામાજિક કલ્યાણકારી કાર્યો જેવા કે નહેરો, તળાવો, કૂવા બનાવવા, વૃક્ષો વાવવા, મંદિર બનાવવા, ધર્મશાળા, આશ્રમશાળા કે દવાખાનાઓ બનાવવા વગેરે કાર્યો સામાજીક મોભો, સન્માન તેમજ મોક્ષ મેળવવા માટે કરવામાં આવતાં.

મુસ્લિમો ભારતમાં આવ્યા પછી તેઓના દ્વારા ભારતીય સામાજિક વ્યવસ્થાને ઈસ્લામના સિદ્ધાંતો અનુસાર ચલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. ઈસ્લામની જકાત અને ખેરાતને સામાજિક સ્વીકૃતિ મળી. ભારતીય મુસલમાન પોતાની આવકના 2.5 ટકા ભાગ ચોક્કસરૂપથી નિર્ધન તથા જરૂરિયાતમંદ વ્યક્તિઓને આપે છે. એક મુસલમાન રાજા અને શાસકોએ આવશ્યકતા ગ્રસ્ત વ્યક્તિઓ માટે સમયે સમયે અનેક પ્રકારની સમાજ સેવાઓ જેવી કે રોગીઓ માટે દવાખાના, બાળકોના શિક્ષણ માટે શાળાઓ, યાત્રીઓ માટે મુસાફરખાનાઓ વગેરે બનાવ્યાં. મદ્રેસાના શિક્ષણથી મુસલમાન સમુદાયમાં ખૂબ જ પ્રગતિ થઈ અને પ્રચલિત બન્યું.

અકબરના શાસનકાળ દરમિયાન અનેક પ્રકારના સમાજસુધારાના કાર્યો થયાં. તેમણે દિન-એ-ઈલાહી ધર્મની સ્થાપના કરી પોતાના રાજ્યને એક ધર્મ નિરપેક્ષ રાજ્ય જાહેર કર્યું. દાસપ્રથા સમાપ્ત કરી. તેમણએ બહુપત્ની વિવાહ પર રોક લગાવી તથા વિવાહની ઉંમર સીમા વધારી તથા એવો આદેશ આપ્યો કે જો કોઈ વિધવા સતિ થવા ન ઈચ્છે તો તેમ કરવા માટે તેના પર દબાણ કરવામાં ન આવે.

### 1.2.3 ધાર્મિક સુધારકાળ અને ધર્મનિરપેક્ષકાળ :

ધાર્મિક પ્રચારકોએ ભારતના લોકોમાં એવો પ્રચાર કરવો શરૂ કર્યો કે હિંદુ સામાજીક વ્યવસ્થામાં અલગ અલગ અલગ ક્ષેત્રોમાં બાળ વિવાહ, બહુપત્નીત્વ, બાલીકા હત્યા, સતિપ્રથા, વિધવા વિવાહ વગેરે રૂઢીઓમાં સુધાર કરવાની ખૂબ જ આવશ્યક્તા છે. ખ્રિસ્તી મીશનરીઓએ પ્રાશ્ચાત્ય શિક્ષણ પર ભાર મુક્યો. તેઓની સેવાઓ તથા ખ્રિસ્તિ ધર્મના વધતા પ્રભાવને કારણે ભારતીયોની મનોવૃત્તિમાં પણ પરિવર્તન આવવા લાગ્યું. રાજારામ મોહન રાયે જાતીય ભેદભાવ પ્રથા તથા જ્ઞાતિ પ્રથા નાબુદ કરવા માટે આંદોલન કર્યા. જેના પ્રયાસોના કારણે 1829માં લોર્ડ વિલિયમ બેન્ટિંગ જ્ઞાતિપ્રથા નાબુદીનો કાયદો પસાર કર્યો. રાજા રામ મોહનરાયે બ્રહ્મસમાજની સ્થાપના કરી. 1828માં જેના દ્વારા દુષ્કાળગ્રસ્ત લોકોના કલ્યાણ, બાલિકાના શિક્ષણ, વિધવાઓની સ્થિતિમાં સુધાર, જાતિભેદ દૂર કરવાના કાર્યો સારી રીતે ચલાવ્યા. જેમાં દલિત વર્ગના વિકાસ માટે પણ કાર્યો કરવામાં આવ્યા. 1872માં લગ્ન અધિનિયમ પસાર કરવામાં આવ્યો. જેમાં પુનઃવિવાહ તથા આંતર જાતીય વિવાહોને મંજૂરી આપવામાં આવી તથા વિવાહ માટેની ઉંમર થયા બાદ જ વિવાહ કરવા માટે ભાર મૂકવામાં આવ્યો.

1. 1875માં સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્યસમાજની સ્થાપના કરી.
2. 1882માં ઈસાઈ મિશનરીથી પ્રભાવિત રમાબાઈએ મહિલાઓની સ્થિતિમાં સુધારો લાવવા આર્ય મહિલા સમાજની સ્થાપના કરી.
3. 1888માં સર સૈયદ અહેમદ ખાં એ અલીગઢ મુસ્લિમ વિદ્યાલયની સ્થાપના કરી તથા મુસ્લિમ શિક્ષા સંમેલનની શરૂઆત કરી.
4. 1893માં શ્રીમતી એની બેસન્ટે બનારસમાં એક સેન્ટ્રલ હિન્દુ કોલેજની સ્થાપના કરી.
5. 1897માં સ્વામી રામકૃષ્ણ પરમહંસના શિષ્ય સ્વામી વિવેકાનંદે ‘રામકૃષ્ણ મિશનની’ સ્થાપના કરી.
6. 1904માં સમાજ સુધારકો દ્વારા મહિલાઓ માટે ‘ઇન્ડિયા વુમન કોન્ફરન્સની’ સ્થાપના કરી.
7. 1905માં સમાજસેવામાં ગંભીર અભિરૂચિ ધરાવતા ગોપાલ કૃષ્ણ ગોખેલે એ સર્વન્ટ ઑફ ઇન્ડિયા સોસાયટીની સ્થાપના કરી. જેનો ઉદ્દેશ સમાજ વિકાસ સાથે દલિત વર્ગના ઉત્થાન પર ધ્યાન આપવાનો હતો.
8. 1920માં ગાંધીજીએ સર્વોદયનો વિચાર રજૂ કર્યો જે બધી જગ્યાએ પ્રેમ તથા વિકાસની પૂરતી તકો પૂરી પાડતા.

**સમાજનું નિર્માણ કરવા માટે :**

1. સાંપ્રદાયિક એક્તા
2. અસ્પૃશ્યતા નિવારણ
3. દારૂબંધી
4. ખાદી
5. ગ્રામઉદ્યોગ
6. તાલીમ
7. પ્રૌઢશિક્ષણ
8. ગ્રામસ્વરાજ
9. પછાત જાતિઓની સેવા
10. નારી ઉદ્ધાર
11. સ્વાસ્થ્ય સફાઈનું શિક્ષણ
12. રાષ્ટ્રભાષાનો પ્રચાર
13. આર્થિક સમાનતા
14. ખેડૂત મજૂર તથા યુવકોના સંગઠનની સ્થાપના
15. સર્વધર્મ સમભાવ
16. શારીરિક શ્રમ

મુખ્ય હતાં.

**4. વ્યાવસાયિક પ્રશિક્ષણ અને સંગઠન કળા :**

ઈ.સ. 1953માં શ્રીમતી દુર્ગાબાઈ દેશમુખની અધ્યક્ષતામાં કેન્દ્રિય સમાજકલ્યાણ બોર્ડની સ્થાપના કરવામાં આવી.

- 1924માં મુંબઈ તથા મદ્રાસમાં ભીખારી અધિવેશન નિયમ પસાર કર્યો.
- 1936માં દાહોદરાબજી ટાટા મુંબઈ દ્વારા સમાજકાર્ય સંસ્થઆની સ્થાપના થઈ.
- 1947માં કાશી વિદ્યાપીછ વારાણસીમાં સમાજસેવા કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.
- 1968માં એમ.એ.એસ.ના રૂપમાં સમાજ વિજ્ઞાન સંસ્થઆમાં આ ડીગ્રીને એમ.એ. સમાજકાર્ય તરીકે ગણવામાં આવી. જેનું નામ બાદમાં સમાજસેવા વિદ્યાલય આપ્યું.
- 1950માં વડોકરામાં સ્કૂલ ઑફ  સોશ્યલવર્કની સ્થાપના થઈ.
- 1952માં જે.કે. સ્કૂલ ઑફ સોશ્યલવર્ક લખનઉની સ્થાપના.
- 1954માં રાજ્ય સરકારે સમાજકલ્યાણ વિભાગની સ્થાપના કરી.

## 1.3 સ્વતંત્રતા પછીના સમાજકાર્યનું સ્વરૂપ :

વિકાસ માટેના કોઈપણ વ્યુહમાં અમલીકરણનું માળખું અને તંત્ર ખૂબ મહત્વના છે. આખરે તો તે જ નિશ્ચિત કરે છે કે આયોજિત વિકાસ યોજના તેની ગુણવત્તાની દૃષ્ટિએ કેટલા અંશે સફળ થશે. તેથી જ રાષ્ટ્રીય વ્યવસ્થા તંત્રોની કાર્યક્ષમતા ઘણી અગત્યની છે.

વિકાસના આ બૃહદ દૃષ્ટિકોણને કારણે ભારત એક કલ્યાણ રાજ્ય બન્યું. જેનો નિર્દેશ બંધારણમાં થયેલો છે જ. વિકાસની સમગ્ર પ્રક્રિયાનો લાભ સમાજના દરેક વર્ગને એક સમાન રીતે મળે એવી અપેક્ષા હતી. પંચવર્ષીય યોજનાઓ દ્વારા સમાજના પ્રત્યેક વ્યક્તિના વિકાસ માટેનું આયોજન થયું.

ભારતમાં વિકાસના જે જુદા-જુદા અભિગમો છે તેમાં કલ્યાણનો અભિગમ, સમાનતાનો અભિગમ, ગરીબી વિરોધી અભિગમ, કાર્યક્ષમતા અભિગમ અને સશક્તિકરણનો અભિગમ મુખ્ય છે.

સરકારે સમયે-સમયે આ વિવિધ અભિગમોને અનુસરી પંચવર્ષીય યોજનાઓ બનાવી. 12 પંચવર્ષીય યોજનાઓ થઈ અને તેમાં વિકાસ અને કલ્યાણનાં અનેક કાર્યો થયાં. સરકાર દ્વારા જે પ્રયત્નો થયા તે મુખ્યત્વે બે દિશામાં થયા. એક કાયદાઓ દ્વારા નિયંત્રણ લાદીને સામાજિક સમસ્યાઓની રોકથામ અને બીજું યોજનાઓ અને કાર્યક્રમો દ્વારા વિકાસ કે કલ્યાણ માટે સહાય. જેઓ મુશ્કેલીમાં મુકાયેલા છે તેને સહાય. આ બધાં કાર્યો ઉપચારાત્મક રહ્યા. સરકારના છેલ્લા પ્રયત્નો અટકાયતી દિશામાં રહ્યા છે. રચનાત્મક રીતે વિકાસ આવી વિકાસની પ્રક્રિયામાં ભાગીદારી દ્વારા સશક્તિકરણની દિશા તરફ જવાનો પ્રયત્ન સરકારનો રહ્યો છે; પરંતુ, આ બધા જ પ્રયત્નોની મોટી મર્યાદા રહી હોય તો તે અમલીકરણના સ્તરે રહી છે.

સ્વતંત્રતા પછી સરકારી તંત્ર દ્વારા જે સમાજકાર્ય થયું તે મુખ્યત્વે ગાંધી વિચારસરણી અને ઉપરોક્ત અભિગમોથી પ્રેરિત હતું. બીજી બાજુ સ્વતંત્રતા મળ્યા પછી; તુરંત, સ્વૈચ્છિક પ્રયત્નોમાં શિથિલતા આવી ગઈ હતી. પરંતુ તે પછી સ્વૈચ્છિક સંગઠનો દ્વારા મોટા પાયે સમાજકાર્ય થયું. ભારતીય સમાજકાર્યમાં સ્વૈચ્છિક સંગઠનોનો ફાળો નોંધપાત્ર રહ્યો છે.

## 1.4 ભારતમાં વ્યાવસાયિક સમાજકાર્ય :

વ્યાવસાયિક સમાજકાર્યનો ઉદ્‌ભવ 19મી સદીના છેલ્લા 25 વર્ષ દરમ્યાન બ્રિટનમાં થયો. ભારતમાં સમાજકાર્યની સૌપ્રથમ શરૂઆત 1936માં થઈ. સમાજકાર્યની સૌપ્રથમ સ્કૂલ સર દોરાબજી તાતા ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ સોશ્યલ વર્કની સ્થાપના 1936માં મુંબઈમાં થઈ. આ સ્કૂલ પાછળથી ટાટા ઈન્સ્ટીટ્યુટ ઑફ સોશ્યલ સાયન્સીસના નામે ઓળખાઈ.

1940માં સમાજકાર્યની સાત સ્કૂલો સ્થપાઈ હતી. 1950માં દસ, 1960માં વધારે બાર સ્કૂલો એ 1978માં સમાજકાર્યની કુલ 34 સ્કૂલો હતી. 2000ની સાલમાં તેનાથી બમણા કરતા પણ વધુ સ્કૂલો શરૂ થઈ. આજે તો સમાજકાર્યની અસંખ્ય સ્કૂલો શરૂ થઈ ગઈ છે.

એમ.એસ. ગોરે સમાજકાર્ય વ્યવસાયને સમાજમાં કઈ રીતે ઓળખ મળી અને વ્યવસાયમાં કેવા કેવા બદલાવ આવ્યા તેની વાત કરે છે. તેઓ કહે છએ કે સમાજકાર્યમાં સૌપ્રથમ સેવા પૂરી પાડવાનો દૃષ્ટિકોણ હતો. ગરીબી ભગવાનની ઈચ્છા અને વ્યક્તિની કમનસીબી ગણાતી. મદદ કરવાનું ધાર્મિક ફરજ મનાતું. સમાજકાર્યનું સ્વરૂપ રાહત આપવાનું હતું. ધીરે ધીરે સમજાયું કે જરૂરિયાતવાળી વ્યક્તિને રાહત નહીં; પરંતુ, પુનઃસ્થાપનની જરૂર છે. જેથી તેની આધારિત સ્થિતિ દૂર થાય અને તે પગભર થઈ શકે. આ દૃષ્ટિકોણથી રાહતમાંથી સમાજકાર્યનો અભિગમ પુનઃસ્થાપન તરફ ફેરવાયો છે.

ભારતમાં સમાજકાર્યને વ્યવસાય તરીકે સ્વિકારવામાં દસથી પંદર વર્ષ લાગ્યા. 1950નાં ગાળામાં સ્વૈચ્છિક કાર્યકરો અને વ્યાવસાયિક કાર્યકરો વચ્ચે સઘન ચર્ચા ચાલી. સમાજકાર્યની મોટી આલોચના એ થઈ કે તે સમસ્યાને રોકવાની જગ્યાએ સમસ્યા થયા પછી ઉપચારાત્મક અભિગમ વધુ પ્રમાણમાં ધરાવે છે. ગોરે કહે છે કે 1950માં જ્યારે સરકારે કોમ્યુનીટી ડેવલપમૅન્ટની શરૂઆત કરી ત્યારે આ પ્રશ્ન વધુ આગળ આવ્યો. સમાજકાર્ય માટે નોકરીની તકો મોટા પ્રમાણમાં આ ક્ષેત્રમાં ઊભી થવાથી ઉપચારાત્મક અભિગમ સામુદાયિક વિકાસ તરફ ધ્યાન આપ્યું. સમાજકાર્ય વ્યક્તિ અથવા તો નાના જૂથના વ્યક્તિઓની સમસ્યા પરથી ધ્યાન હટાવી અને સામુદાયિક વિકાસ તરફ દોરવાયો. વિકાસનો ખ્યાલ બે દાયકા સુધી ચાલુ રહ્યો. 1970ના અંતે અને 1980ની શરૂઆતોને ઓળખ આપી તેનો અવાજ મોટો કરવાનો ખ્યાલ ઉદભવ્યો. સમાજકાર્યની ભૂમિકા સક્ષમ કરનાર અને લડત કરનાર નેતા તરીકે રહી.

વ્યાવસાયિક સમાજ કાર્યકર સામુદાયિક સ્તરે સામાજિક સંઘર્ષો સામે કાર્ય કરવામાં સામેલ થયા. પરંપરાગત

રાહત, કાઉન્સેલીંગ અને પુનઃસ્થાપનના અભિગમો પાયાના સામાજિક વિરોધાભાસને દૂર નહીં કરી શકે તેમ લાગ્યું આખરે સમાજકાર્યકર વંચિત જૂથોનો વિરોધ દર્શાવતી લડતમાં જોડાયા. માનવ અધિકારની વાત શરૂ થઈ. ધીરે ધીરે સમાજકાર્ય અભિગમોની દૃષ્ટિએ પણ વિકાસ પામતું રહ્યું. હાલમાં તો સમાજકાર્યની સ્કૂલો એટલી હદે વધી ગઈ છે કે સમાજકાર્યનો વ્યવસાય તરીકે સ્વીકાર ભારતીય સમાજમાં મોટા પ્રમાણમાં થતો જાય છે.

## 1.5 ઉપસંહાર

ભારતમાં સમાજકાર્યનો ઈતિહાસ ઘણો જુનો છે. પરંતુ વ્યાવસાયિક સમાજકાર્યનો ઉદ્ભવ અહીં ઘણો મોડો થયો છે. વ્યવસાય તરીકે સમાજકાર્યનો ઉદ્ભવ યુરોપ અમેરીકામાં થયો છે. ત્યાં ઉદ્ભવેલા વ્યાવસાયિક સમાજકાર્ય ભારતમાં ઘણા વર્ષો પછી ઉદ્ભવ્યો છે. વ્યવસાય તરીકે સમાજકાર્યની વિભાવના હજુ પણ પૂરી રીતે ભારતીય લોકોના દિલ દિમાગમાં સ્વીકૃત થઈ નથી. કારણ કે તે ભારતીય સંસ્કૃતિ સાથે અતડી પડે તેવી વિભાવના છે. આ સર્વે બાબતોને સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે જાણવી અને સમજવી બહુ જ જરૂરી હોવાથી રજૂ કરવામાં આવે છે.

## 1.6 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. ભારતમાં સમાજકાર્યના ઈતિહાસને સમજવા માટે કયા આંદોલન જાણવા જરૂરી છે ?
   - (A) ધાર્મિક પ્રેરણાથી થયેલા આંદોલનો
   - (B) સમાજ સુધાર આંદોલન
   - (C) સ્વતંત્રતા પ્રાપ્તિ માટે શરૂ થયેલ આંદોલનો
   - (D) ઉપરોક્ત તમામ
2. ભારતમાં કલ્યાણની વ્યવસ્થા કયા સ્તર પર હતી ?
   - (A) પ્રાથમિક સ્તર પર સંયુક્ત કુટુંબ
   - (B) દ્વિતીય સ્તરે સ્થાનિક સત્તા
   - (C) તૃતીય સ્તરે રાજ્ય
   - (D) ઉપરોક્ત તમામ
3. 'દિન-એ-ઈલાહી' ધર્મની સ્થાપના કોણે કરી ?
   - (A) અકબર
   - (B) ટીપુ સુલતાન
   - (C) શાહજહાં
   - (D) મહંમદ ગઝની
4. દયાનંદ સરસ્વતીએ આર્યસમાજની સ્થાપના ક્યારે કરી ?
   - (A) 1880
   - (B) 1875
   - (C) 1885
   - (D) 1890
5. રામકૃષ્ણ મિશનની સ્થાપના કોણે કરી ?
   - (A) સ્વામી વિવેકાનંદ
   - (B) દયાનંદ સરસ્વતી
   - (C) સ્વામી નિત્યાનંદ
   - (D) સ્વામી સ્વરૂપાનંદ

## 1.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (D) ઉપરોક્ત તમામ
2. (D) ઉપરોક્ત તમામ
3. (A) અકબર
4. (B) 1875
5. (A) સ્વામી વિવેકાનંદ

## 1.8 ચાવીરૂપ શબ્દો :

- **વ્યવસાયિક :** વૈજ્ઞાનિક જ્ઞાન, કુશળતા સાથે તાલીમ પામેલ વ્યક્તિ
- **સામુદાયિક જીવનકાળ :** સમૂહમાં લોકો રહેતા હોય અને મળેલ ધન વસ્તુને સરખા ભાગે વહેંચણી કરવામાં આવે.
- **દાનકાળ :** લોકોના કલ્યાણ અર્થ જરૂરીયાતમંદ વ્યક્તિની જરૂરીયાત પૂર્ણ કરવા સીમંતો દ્વારા આપવામાં આવતું ધન.
- **ધાર્મિક સુધારણા :** ધર્મ દ્વારા સુધારણા કરવામાં આવે.
- **ધર્મ નિરપેક્ષતા :** દરેક ધર્મ સમભાવ રહેવું ધર્મથી પર રહેવું.
- **સાંપ્રદાયિક એકતા :** દરેક જ્ઞાતિ સાંપ્રદાયના લોકો હતી મળીને રહે.

## 1.9 સ્વાધ્યાય લેખન (Assignment)

**1. ભારતમાં સમાજકાર્યના ઈતિહાસને ધાર્મિક સુધારકાળ અને ધર્મ નિરપેક્ષકાળના સંદર્ભમાં વર્ણવો.**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**2. દાનકાળમાં કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિસ્તારથી વર્ણવો.**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**3. સામુદાયિક જીવનકાળ વર્ણવો.**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 1.10 પ્રવૃત્તિ (Activities)

- ભારતમાં પ્રાચીનકાળની ત્રિસ્તરીય કલ્યાણ વ્યવસ્થા વિસ્તૃતમાં વર્ણવો.
- ભારતમાં ધાર્મિક સુધારણા અને ધર્મનિરપેક્ષતાના ઉદાહરણ સાલવારી પ્રમાણે વર્ણવો.
- ગાંધીબાપુએ સમાજની એકતા માટે સૂચવેલ કાર્યક્રમો વિસ્તારથી લખો.

## 1.11 કેસસ્ટડી (Case Study)

- સ્વામી દયાનંદ સરસ્વતી વિસે દસ વાક્યોમાં વર્ણવો.
- ગાંધીબાપુ દ્વારા કરવામાં આવેલ સમાજકાર્યના કાર્યો વર્ણવો.

## 1.12 સંદર્ભગ્રંથ


1. વ્યાવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો : ડૉ. આનંદી પટેલ,
વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન - અમદાવાદ,
આવૃત્તિ : 2010

2. સમાજકાર્ય ઇતિહાસ , દર્શન એવમ્, પ્રણાલિયા (હિન્દી ભાષા)
લેખક : ડો. સુરેન્દ્ર સિંહ, ડો. પી.ડી. મિશ્રા,
પ્રકાશન : ન્યુ રોયલ બુક કંપની - લખનઉ,
આવૃત્તિ : 2005.

3. વ્યાવસાયિક સમાજકાર્ય : ગીતા ચાવડા,
લોક પ્રકાશન, લોકનિકેતન - રતનપુર,
આવૃત્તિ : 2008

4. સમાજકાર્ય(હિન્દી ભાષા) : સંગીતા તેજ, તેજસ્કાર પાન્ડે,
જુબલી 'એચ' ફાઉન્ડેશન - લખનઉ,
આવૃત્તિ : 2006

| એકમ–2 | સમાજકાર્ય શિક્ષણ પરિચય |
|---|---|

## : એકમનું માળખું :

**2.0 એકમના હેતુઓ**

**2.1 પ્રસ્તાવના**

**2.2 સમાજકાર્ય શિક્ષણ**

**2.3 સમાજકાર્ય શિક્ષણમાં અન્ય શાસ્ત્રોનું સમાયોજન**

**2.4 સમાજકાર્ય શિક્ષણમાં ફિલ્ડવર્ક**

**2.5 સમાજકાર્ય શિક્ષણમાં સુપરવિઝન**

**2.6 ઉપસંહાર**

**2.7 તમારી પ્રગતિ ચકાસો (MCQs)**

**2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**2.9 ચાવીરૂપ શબ્દો (Glossary)**

**2.10 સ્વાધ્યાય લેખન (Assignment)**

**2.11 પ્રવૃત્તિ (Activities)**

**2.12 કેસસ્ટડી (Case Study)**

**2.13 સંદર્ભગ્રંથ (Further Readings)**

## 2.0 એકમના હેતુઓ

પ્રસ્તુત એકમના હેતુઓ નીચે મુજબ છે.

- વિદ્યાર્થીઓ સમાજકાર્યના શિક્ષણ અને વ્યવસાયિક કાર્યોથી પરિચીત થશે.
- વિદ્યાર્થીઓ ભારત, અમેરિકા અને ઇંગ્લેન્ડના સમાજકાર્ય શિક્ષણ વિશે જાણકારી મેળવી શકશે.
- સમાજકાર્ય શિક્ષણમાં અન્ય શાસ્ત્રોના શિક્ષણની જરૂરીયાત અંગે વિદ્યાર્થીઓને જાણકારી પ્રાપ્ત થશે.
- સમાજકાર્ય શિક્ષણમાં ફિલ્ડવર્ક અને સુપરવિઝનથી વિદ્યાર્થીઓને જાણકારી પ્રાપ્ત થશે.

## 2.1 પ્રસ્તાવના :

સમાજકાર્ય આધાર વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવીય સંબંધ છે. સમાજકાર્ય અન્ય સામાજિક વિજ્ઞાનો સાથે સંબંધ ધરાવે છે અને તેના દ્વારા તેણે પોતાના જ્ઞાન અને કુશળતાઓનો વિકાસ કર્યો છે. સમાજકાર્ય પ્રેક્ટીસ માટે તાલીમ પામેલા સમાજ કાર્યકરો તૈયાર કરવા વહીવટ, શિક્ષણ, તાલીમ અને સંશોધન માટે સજ્જતા કેળવણી, સમાજકાર્યના જ્ઞાન, વલણ અને કશળતાઓનો વિકાસ કરવો. આલોચનાત્મક તપાસ દ્વારા વર્ગ શિક્ષણમાં શીખવવાની પ્રક્રિયા ઊભી કરવી, સ્વઅભ્યાસ, ક્ષેત્રકાર્ય અને પ્રેક્ટીસ આધારિત સંશોધનના અનુભવ આપવામાં આવે છે.

સમાજકાર્ય જ્ઞાનને પદ્ધતિસર - વ્યવસ્થિત બનાવવું. જ્ઞાનનું સંકલન કરવું. પ્રેક્ટીસ આધારિત સંશોધન અને સહભાગી સંશોધન, ઉત્તમ પ્રેક્ટીસનું દસ્તાવેજીકરણ, નીતિઓનું વિશ્લેષણ કરવું તથા સામાજિક

વિજ્ઞાન ક્ષેત્રનું નવું જ્ઞાન હાંસલ કરવામાં આવે છે. સમાજકાર્ય કરવા માટે શિક્ષણ મેળવવું ફરજીયાત છે. જેના આધારે સમાજમાં કલ્યામકારી પ્રવૃત્તિઓ કરી શકાય છે. સમાજકાર્યને સમજવા માટે અને અન્ય સમાજો કે વિજ્ઞાનોથી અલગ તરી આવતું હોવાથી શિક્ષણનું ઘડતર કરવામાં આવ્યું છે.

## 2.2 સમાજકાર્ય શિક્ષણ :

સમાજકાર્ય વ્યવસાય વિશેનું સામાજિક પરિવર્તન વિશેનું, સામાજિક પરિવર્તન વિશેનું અને પોતાના તથા સેવાર્થી વિશેનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન અને સમજ ફિલસૂફી અને વિચારસરણીમાંથી મળતું હોવાથી તેનો અભ્યાસ સમાજકાર્યના વિદ્યાર્થી માટે જરૂરી બને છે.

- સમાજકાર્યના શિક્ષણ દ્વારા સમાજકાર્યનું સ્વરૂપ સમજાવે છે.
- તેના દ્વારા વ્યવસાય અંગેનું જ્ઞાન આપે છે.
- વ્યવસાયને દિશા સૂચવે છે.
- સેવાર્થી વિષેની સમજ આપે છે.
- સ્વ-વિશેની ઓળખ આપે છે.
- સ્વ-જાગિતની માત્રા વધારે છે.
- સામાજિક પરિવર્તન માટેની ચળવળને અસર કરે છે.
- નવી મૂલ્ય વ્યવસ્થા લાવે છે અને તેના પ્રકાશમાં નવા સ્વરૂપના સંબંધો શોધે છે.

આમ, સમાજકાર્ય શિક્ષણ ઉપરોક્ત કાર્યમાં ઉપયોગી બને છે. પશ્ચિમના દેશોમાં આ ભાવપ્રેરિત મદદકર્તા પ્રવૃત્તિઓ વ્યવસાયનું સ્વરૂપ લીધું. સમસ્યાગ્રસ્ત વ્યક્તિ પોતે સમસ્યાનું સમાધાન કરી શકે તે માટે તેને સક્ષમ કરવાની વૈજ્ઞાનિક જ્ઞાન આધારિત પદ્ધતિસરની અને વૈજ્ઞાનિક પ્રવૃત્તિ તરીકે તેનો વિકાસ શરૂ થયો. સમાજકાર્યકર માટે શિક્ષણ અને તાલીમ જરૂરી બન્યા. વ્યક્તિ, સમાજ અને સમસ્યા વિશેના જ્ઞાનમાં જેમ જેમ વધારો થતો તેમ તેમ વ્યાવસાયિક સમાજકાર્ય વિકસતું હતું. તેના અભિગમો, જ્ઞાન, કુશળતાઓ અને પદ્ધતિઓનો વિકાસ થતો ગયો. આ રીતે અન્યને મદદ કરવાની બહુ પ્રચલિત અને પરંપરાથી ચાલી આવતી સમાજકાર્યની ભાવપ્રેરિત સરળ પ્રવૃત્તિ માટે વ્યક્તિ પોતે પોતાની મદદ કરી શકે તે માટે સક્ષમ કરનાર વ્યાવસાયિક પ્રવૃત્તિમાં પરિવર્તિત થઈ ત્યારે તેને એક જટિલ જીવંત વિજ્ઞાનનું સ્વરૂપ મળ્યું. આ સમાજકાર્ય શિક્ષણને વિકસતા હજુ લોકોમાં સમજ આવવા લાગી છે.

### 2.2.1 ઈંગ્લૅન્ડમાં સમાજકાર્ય શિક્ષણ :

ઈંગ્લૅન્ડમાં ઈ.સ. 1950 સુધી સમાજકાર્ય શિક્ષણની શરૂઆત થઈ નહોતી. યોગ્ય શિક્ષણ આપવા માટે સુવિધાઓ ઉપલબ્ધ નહોતી. પરંતુ માનસિક સ્વાસ્થ્ય, મેડિકલ સમાજકાર્ય, પરીવિક્ષા વગેરે ક્ષેત્રોમાં પ્રશિક્ષણનું કાર્યક્રમનું સંચાલન થતું હતું. સમાજ કાર્યકર્તાઓના પ્રશિક્ષણ અને રોજગારી સંબંધિત કર્નેજીનો પહેલા રિપોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી કે કોઈ વિશ્વિવદ્યાલય દ્વારા સમાજકાર્યનો સ્વતંત્રરૂપથી અભ્યાસ કરવા માટે કોલેજો કે વિદ્યાલયો શરૂ કરવા. આ રિપોર્ટના આધારે એક પરિષદનું આયોજન થયું. 1950માં આ પરિષદ દ્વારા એક બીજી ઉપસિમતિની રચના કરી. વૈયક્તિક સમાજકાર્ય સંબંધિત પરંપરા પ્રમાણે પત્ર માટે અભ્યાસક્રમ બનાવવાની જવાબદારી આપી તે એક વર્ષની હતી. આ સમિતિ દ્વારા માનવ વ્યવહાર સંબંધી જ્ઞાન પ્રમાણે ધ્યાન રાખી સામાન્ય અભ્યાસક્રમ બનાવવામાં આવ્યો.

કાર્નેજી ટ્રસ્ટના બીજા રિપોર્ટ 1051માં પ્રિસદ્ધ રિપોર્ટમાં વિદ્યાલયનું નામ બગલવામાં આવ્યું. જે ''વ્યાવહારિક સમાજ અધ્યયન સંસ્થા'' રાખવામાં આવ્યું.

1951માં ટોવિસ્ટોક ક્લીનિક દ્વારા માનિસક સ્વાસ્થ્ય સામાજિક કાર્યકર્તાઓને પ્રશિક્ષણ આપવા એક

વર્ષનો પાઠ્યક્રમ(અભ્યાસક્રમ) ચલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો. 1959 સુધી 24 સમાજવિજ્ઞાન વિભાગોમાંથી 6 વિભોગમાં સમાજકાર્યનું શિક્ષણ આપવામાં આવ્યું. પ્રથમ બે વર્ષનો સ્નાતક સમાજકાર્ય અભ્યાસની શરૂઆત 1966માં પાર્ક યુનિવર્સિટીમાં કરવામાં આવી. 1975માં ઇંગ્લૅન્ડના 35 વિશ્વવિદ્યાલયોમાં સામાજિક પ્રશાસન તથા સમાજકાર્યના વિભાગો હતાં.

### 2.2.2 ભારતમાં સમાજકાર્ય શિક્ષણ

સમાજ દ્વારા માન્યતા પ્રાપ્ત વ્યવસાયો માટે વિશિષ્ટ શિક્ષણ અને તાલીમની વ્યવસ્થા હોય છે. વ્યવસાયોમાં તાલીમ પ્રાપ્ત કાર્યકરોને જ વ્યાવસાયિક કાર્યકરનો દરજ્જો મળે છે. સમાજકાર્ય શિક્ષણના વિકાસનું અવલોકન કરવાથી જણાય છે કે બધા દેશોમાં સમાજકાર્યના વિદ્વાન અને અનુભવી પ્રેક્ટીસનર્સ તથા અધ્યાપકો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. આવા શિક્ષણ માટેની વ્યવસ્થા કોલેજો તથા યુનિવર્સિટીના સ્નાતક કે સ્નાતકોત્તર અભ્યાસક્રમનું અંગ હોય છે. તેને આધારે આપણે કહી શકીએ કે સમાજકાર્ય વ્યવસાયની શૈક્ષિણક વ્યવસ્થા સંબંધી વિશેષતા ભારતમાં જોવા મળે છે. તેમ છતાં પશ્ચિમના દેશોની તુલનામાં વ્યાવસાયિક શિક્ષણની શરૂઆત ભારતનમાં પાછળથી થઈ. વીસમી શતાબ્દીમાં સૌપ્રથમ ''સોશ્યલ સર્વિસ વિંગ'' દ્વારા સામાજિક કાર્યકર્તાઓના પ્રશિક્ષણ માટે માત્ર છ અઠવાડિયાનો મુંબઈમાં અભ્યાસક્રમ શરૂ થયો હતો. ત્યારબાદ 1936માં દોરાબજી ટાટા ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ સોશ્યલ વર્કની સ્થાપના મુંબઈમાં થઈ હતી. જેમાં દોરાબાજી ટાટ ટ્રસ્ટને એક અમેરિકન મિશનરી કિલપકોર્ડ માટેની તાલીમ આપવા દોરાબજી ટાટ સ્કૂલ ઑફ સોશ્યલ વર્ક દ્વારા સમાજકાર્યના શિક્ષણની શરૂઆત થઈ. સ્કૂલ ઑફ સોશ્યલ વર્ક, 1947માં સમાજ વિજ્ઞાન સંસ્થા કાશી વિદ્યાપીઠ, વારાણસી તથા 1949માં લખનો વિશ્વવિદ્યાલયમાં સમાજકાર્ય શિક્ષણની શરૂઆત થઈ. ત્યાર પછી તો દેશભરમાં ઠેર ઠેર યુનિવર્સિટીઓમાં સમાજકાર્ય શિક્ષણની શરૂઆત થઈ. ગુજરાતમાં 1952માં મ.સ.યુનિવર્સિટી, વડોદરામાં અને ત્યારપછી 1970માં ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં સમાજકાર્ય શિક્ષણની શરૂઆત થઈ હતી. આજે તો સમાજકાર્યના સ્નાતક અભ્યાસક્રમો શરૂ થયા છે. આમ, સમાજકાર્યના સ્નાતકથી પી.એચ.ડી. સુધીના શિક્ષણની વ્યવસ્થા ઊભી થઈ છે.

ભારતમાં વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણની શરૂઆત 1936માં ટાટા ઇન્સ્ટિટ્યુટ દ્વારા થઈ હતી. તે મુજબ વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણનો ઇતિહાસ ભારતમાં 70 વર્ષનો અને ગુજરાતમાં લગભગ 55 વર્ષનો છે. ગુજરાતમાં સમાજકાર્ય શિક્ષણની શરૂઆત એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા અને ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે થઈ હતી. છેલ્લા પાંચ-સાત વર્ષથી સ્વનિર્ભર કોલેજો દ્વારા સમાજકાર્યના અભ્યાસક્રમો શરૂ થયા છે ત્યારે સમાજકાર્યની ગુણવત્તા પ્રત્યે શરૂઆતથી જ વિચાર કરવો જરૂરી બને છે. સમાજકાર્યમાં જાણીતા અને અગ્રેસર છે તેવા શિક્ષણવિદ્દો એમ કહે છે કે ગુજરાતમાં હજુ સમાજકાર્ય એક વ્યવસાય તરીકે વિકસી રહ્યો છે, કારણ કે વ્યવસાય તરીકે તેની સ્વીકૃતિ મેળવવાની દિશામાં હજુ ઘણું કરવાનું બાકી છે.

કોઈપણ વ્યવસાયની સ્વિકૃતિના સંદર્ભમાં વિચાર કરીએ ત્યારે સમાજમાં તેની જરૂરિયાત અને માંગ હોવી એ પ્રાથિમક બાબત છે. આપણી સંસ્કૃતિમાં મદદ કરવાની સામાજિક વૃત્તિ દરેક માનવમાં જોવા મળે છે. ભારતમાં સાહજિક વૃત્તિ અને ધાર્મિક પ્રેરણાથી થતી સમાજસેવાની પરંપરાનો મોટો ઇતિહાસ આપણા સમક્ષ છે. આજે પણ સમાજમાં પરંપરાગત સમાજકાર્યો પ્રભાવ વધુ જોવા મળે છે. જેનું એક ચોક્કસ સ્થાન અને મહત્વ છે. પણ આધુનિક જીવનના કારણે માનવીના બદાલેયાલ જરૂરિયાતો, વૃત્તિઓ, વલણો, મૂલ્યો, જીવનશૈલી, વ્યવસાય વગેરેને કારણે અનેક નવી સમસ્યાઓ આપણી સમક્ષ ઊભી થઈ છે. જે સમસ્યાઓનો ઉકેલ માત્ર દાન, સખાવત, દયા, પરોપકાર કે વ્યક્તિગત સહાયથી થવાનો નથી. તેને માટે જરૂરી છે સમસ્યાઓના ઉકેલ માટેના વૈજ્ઞાનિક જ્ઞાન આધારિત પદ્ધતિઓની. આવી અનેક પદ્ધતિઓથી સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે કુશળ સમાજકાર્યકરોની જરૂરિયાત ઊભી

થઈ છે. પરંતુ સ્વીકૃતિના સંદર્ભમાં જે પ્રશ્નો દેખાય છે તે એ કે આ વ્યવસાયનો જ્યાં ઉદ્ભવ અને વિકાસ થયો તે ઇંગ્લૅન્ડમાં અને અમેરિકી કરતા આપણઆ દેશની સ્થિતિ, સંજોગો, સમસ્યાઓ જુદા છે. તે સંદર્ભમાં તેનો વિચાર કરવાની જરૂર છે. દુનિયાના જુદા જુદા દેશઓમાં સમાજકાર્યનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ અનેક દેશો સામે એવા પ્રશ્નો ઊભા થયા કે સમસ્યા નિવારણ માટે કોઈ દેશકાળની સ્થિતિમાં વિકસેલા સૈદ્ધાંતિક જ્ઞાનને તે જ સ્વરૂપે લાગુ કરી શકાય તેમ નથી. કારણ કે ઇંગ્લૅન્ડ અને અમેરિકા કરતા આ દેશની સ્થિતિ જુદી છે. તેમાંથી જે તે દેશની સ્થિતિ-સંજોગોને અનુરૂપ ઉદ્ભવેલ સમાજકાર્યની વાત વહેતી થઈ. આજે સમાજકાર્યનું શિક્ષણ આપતી કોલેજોએ આ પ્રશ્નોને ધ્યાનમાં લેવા જરૂરી બને છે. આપણા દેશની સમસ્યાઓના ઉકેલ માટેની ગાંધીવિચારધારા આપણા દેશની નિપજ છે. વ્યાવસાયિક સમાજકાર્ય સાથે તેનો સમન્વય કેવી રીતે કરી શકાય તે વિચારવું જરૂરી છે.

સમાજકાર્યને એક વ્યવસાય તરીકે યોગ્ય દરજ્જો અપાવવાની જવાબદારી સમાજકાર્યનું શિક્ષણ આપતી સંસ્થાઓની છે. કારણ કે કોઈપણ રોજગારને વ્યવસાય બનાવવા માટે જે આવશ્યક બાબતો હોવી જોઈએ તે પરિપૂર્ણ થાય તો જ તે વ્યવસાય તરીકે સ્થાપિત થઈ શકે. આજે સમાજકાર્યની વ્યવસ્થઆ તરીકે સંપૂર્ણ સ્વિકૃતિ થઈ નથઈ. સંપૂર્ણત સ્વિકૃતિ ત્યારે જ કહી શકાય જ્યારે સામાજિક ક્ષેત્રમાં કાર્યરત સંસ્થાઓ કે વિભાગો સમાજસેવાના પદો માટે એમ.એસ.ડબલ્યુને આવશ્યક માને. એનો બીજો વિકલ્પ ના હોઈ શકે. જેમાં જેમ ડોક્ટર કે એન્જિનીયરના વ્યવસાયમાં બીજું કોઈ શિક્ષણ કે અનુભવ વિકલ્પ નથી બની શક્તો ત્યારે તેનો એક વ્યવસાય તરીકે સ્વિકાર થયો છે તેમ કહી શકાય. જ્યારે વ્યાવસાયિક સમાજકાર્યે પોતાનું સ્થાન હજુ ઊભું કર્યુ નથી. આ વાત એટલા માટે કહેવી જરૂરી છે કે યુ.જી.સી.ના સમાજકાર્ય અભ્યાસક્રમ અંગેના ધોરણોને બાજુ પર મૂકીને સગવડિયું શિક્ષણ આપવાની શરૂઆત થઈ ગઈ છે પરિણામે જે વિદ્યાર્થીઓ ભણીને બહાર આવે છે તે રોજગારીના ક્ષેત્રમાં પાછળ રહી જાય છે. કોઈપણ શિક્ષણસંસ્થાની શૈક્ષણિક ગુણવત્તાની કસોટી તેના વિદ્યાર્થીઓની રોજગારીમાં અને તેના દ્વારા અપાતી સેવાઓની ગુણવત્તામાં રહેલી છે. અહીં બે ચિંતા કરવાની જરૂર છે. એક શિક્ષણમાં ગુણવત્તાના ધોરણો સચવાવાં જોઈએ એ, બીજું સમાજકાર્યનો એક વ્યવસાય તરીકે વિકાસ કેવી રીતે કરી શકાય તે જોવું જોઈએ.

રોજગારીના ક્ષેત્રનો વિચાર કરીએ તો આજે ગુજરાતમાં જે સંસ્થાઓ કામ કરી રહી છે તેમાં સ્વૈચ્છિક અને બિનસ્વેચ્છિક સંસ્થાઓ છે. તેમાં કેટલીક સંસ્થાઓ એમ માને છે કે પગારદાર અને તાલીમ પામેલા કાર્યકરો રાખવા કરતા સ્થાનિક કાર્યકરોને તાલીમ આપીને તૈયાર કરવાથી તેઓ પોતાના વિસ્તારમાં પોતાના સમાજથી વધુ પરિચિત હોવાથી વધુ સારી રીતે કામ કરી શકે છે. કેટલી સંસ્થાઓ કાર્યકરોની પસંદગીમાં સ્થાનિક અને અનુભવીને મહત્વ આપે છે. મોટાભાગે તાલીમ પામેલા કાર્યકરોની માંગ સરકારી કે પરદેશી સહાય હોય તેવા પ્રોજેક્ટમાં જોવા મળે છે. જ્યાં પગાર તાલીમ પામેલ વ્યક્તિને ધ્યાનમાં રાખીને નિયત થયેલાં જોવા મળે છે. આવી સંસ્થાઓમાં વ્યાવસાયિક તાલીમ લીધેલા વિદ્યાર્થીઓ માટે નોકરીની શક્યતા રહેલી છે. આમ, સમાજકાર્યના ક્ષેત્રમાં સંસ્થાની કામગીરી કે કાર્યક્રમોના પ્રકારો પણ કેવો કાર્યક્રર ચાલશે તે નિર્ધારીત કરવામાં ભાગ ભજવે છે. જેમ કે રાહતનાં કે કલ્યાણકારી કાર્યોમાં તાલીમ પામેલ કાર્યકરની જરૂર પડે છે. સામાજિક ન્યાયના કાર્યોમાં સ્થાનિક અને સમસ્યાગ્રસ્ત સમુદાયની વ્યક્તિઓ જ પસંદ કરવામાં આવે છે. રચના અને સંઘર્ષના કાર્યોમાં જે તે મુદ્દા-સમસ્યાઓ પ્રત્યે સંવેદનશીલ, બલિદાનની ભાવનાવાળા મક્કમ રીતે મુકાબલો કરવાની શક્તિવાળા લોકો જોડાય છે. આમ, સમાજમાં કાર્યરત સંસ્થાઓના કાર્યકરોની પસંદગી માટેના વલણો, જરૂરિયાત એ બધું જ સમાજકાર્યના વિદ્યાર્થીઓની રોજગારીનાં ક્ષેત્રો અને વ્યવસાય તરીકેના દરજ્જાને અસર કરનારાં પરિબળો છે.

સંસ્થાઓમાં તૈયાર થતા વિદ્યાર્થીઓમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ આ ક્ષેત્રોમાં રોજગારી-કારકિર્દીની શક્યતા જોઈએ જોડાય છે. ગુજરાતમાં નજર દોડાવીએ કે સમાજકાર્યના કેટલા વિદ્યાર્થીઓએ સંસ્થાની સ્થાપના કરી છે, બીજું કે પણ જાણવું જરૂરી છએ કે વ્યાવસાયિક સમાજકાર્યની મહત્વની પદ્ધતિ સામાજિક ક્રિયાપદ્ધતિ છે. આપણા સમાજમાં મોટાભાગે સમુદાયની સમસ્યાઓની વ્યાપક્તા વધુ છે. આ સંજોગોમાં અટકાયતી કાર્યોની આવશ્યક્તા છે. જ્યાં સામાજિક અન્યાયના મુદ્દાઓ છે ત્યાં આ પદ્ધતિ જ વધુ ઉપયોગી થઈ શકે તેમ છે; પરંતુ, આવા લોકસમુદાય માટે કાર્યરત સંસ્થાઓ, જેને અધિકાર આધારિત ચળવળ કરનારી સંસ્થાઓ તરીકે જોઈએ છીએ તેમની સાથે જોડાવાની વ્યાવસાયિક સમાજકાર્યકરની તૈયારી કેટલી વ્યાવસાયિક સમાજકાર્યકર સાચા અર્થમાં લોકશાહી પ્રક્રિયાને વિકસાવનાર અને અધિકારનું પ્રસ્થાપન કરવા માટેની મથામણ કરનાર હોવા જોઈએ. આપણા દેશના સમાજકાર્ય શિક્ષણ પાસેની આ માંગ અને અપેક્ષા છે.

### 2.2.3 શિક્ષણ સહાયક સંગઠનો :

કોઈપણ વ્યવસાયના સભ્યોને સંગઠિત થવાની જરૂર હોય છે. દરેક સભ્યે વ્યાવસાયિક સંગઠનના સભ્ય બનવું જોઈએ. જેથી તમામ સભ્યોની વિચારધાર અને અનુભવોનો વ્યાવસાયિકોને લાભ મળે અને વ્યવસાયનો વિકાસ થાય. અહીં એ સ્પષ્ટ કરી લેવું જોઈએ કે કોઈપણ રોજગાર વ્યાવસાયિક સ્તર ત્યારે જ પ્રાપ્ત કરી કે છે જ્યારે તે વ્યવસાયના સંઘ, સમિતિ અથવા સોસાયટી બનેલાં હોય. આ પ્રકારના સંગઠનો દ્વારા સેવાના સ્તર કે ધોરણો નિર્ધારિત કરવામાં આવે છે, એ તેના સભ્યો નિશ્ચિત વ્યાવસાયિક આચારસંહિતાનું અનુસરણ કરે છે. પરિણામે વ્યવસાય પોતાનું એક સ્તર અને સ્થિરતા પ્રાપ્ત કરી શકે. આ દૃષ્ટિએ જ્યારે આપણા સમાજકાર્યને જોઈએ છીએ તો સમજાય છે કે વિભિન્ન સ્તરો પર સમાજકાર્ય સંબંધી સંગઠનોની સ્થાપના થયેલી જોવા મળે છે. જેમ કે શિક્ષણસંસ્થાઓમાં શિક્ષકો, પ્રેક્ટીસનર્સ તથા સમાજકાર્યના વિદ્યાર્થીઓના સંગઠનો બન્યાં છે. તેમ છતાં ભારતમાં વ્યાવસાયિક સંગઠનોની સ્થિતિ હજુ ઘણી નબળી કહી શકાય. સમાજકાર્ય વ્યવસાયના વિભિન્ન ક્ષેત્રોથી સંબંધિત અનેક સંગઠનો ભારતમાં પણ બન્યાં છે. પરંતુ તે સંગઠનો નબળાં છે. સમાજકાર્ય સંબંધી સિમિતિઓ, સંઘો સ્પષ્ટપણે કોઈ કાર્ય કરી રહ્યાં હોય તેવું દેખાતું નથી. તેમની નિષ્ક્રિયતાનું એક કારણ એ છે કે પ્રેક્ટીસનર્સનાં કાર્યક્ષેત્ર અને વેતન તેમના વિશેષીકરણના આધારે અલગ અલગ છે અને પોતપોતાના ક્ષેત્રોમાં તેમની સંખ્યા બહુ જ ઓછી છે. દા.ત. મનોચિકિત્સકીય સમાજકાર્યકરની સંખ્યા ખબૂ ઓછી છે. બીજી બાજુ ઔદ્યોગિક ગૃહોમાં કાર્યરત શ્રમકલ્યાણ અધિકારીઓ અને માનવ સંશાધન અધિકારીઓનું વેતન ઊંચુ હોય છે. તેમની સેવાઓનું વહીવટી મહત્વ અને પદોન્નતિની તક હોય છે. વિશેષીકરણના આધારે કાર્યકરોની કાર્યસ્થિતિ તથા વેતન અને સ્તરમાં અંતર જોવા મળે છે. તેથી તેઓ એક સાથે સંગઠિત થઈ શક્તા નથી. બીજું એ કે સમિતિઓ અને સંઘોના મોટાભાગના પદાધિકારી, શિક્ષણસંસ્થાઓ અથવા અન્ય ક્ષેત્રોમાં ઊંચા પદો પર કાર્યરત હોય છે. પરિણામે તેઓ પ્રેક્ટીસનર્સની સમસ્યાઓ અને તેના વિકાસ અને કલ્યાણ માટે વિશેષ સક્રિયતા નથી બતાવતા. તે ઉપરાંત સમાજકાર્યની વ્યાવસાયિક સમિતિઓ પણ ભાષા અને ક્ષેત્રના પ્રાદેશિક પરિષદો, કાર્યશાળાઓ વગેરે યોજીને કાર્ય કરતી રહે છે. કેટલાંક સંગઠનો એવાં પણ છે જે વાર્ષિક સંમેલનો યોજીને પોતાના ક્ષેત્રની સમસ્યાઓ પર વિચારવિમર્શ કરે છે. તેમાં સંશોધનોને પ્રસ્તુત કરવાની તક મળે છે. સમાજકાર્ય વ્યવસાયની આવી સમિતિઓ શિક્ષણ આપતી સંસ્થાઓ, પ્રાદેશિક રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરો પર સંગઠિત થયેલી જોવા મળે છે. કેટલીક સંગઠનો એવાં પણ છે કે જેમાં તાલીમ પામેલ કાર્યકરો ઉપરાંત સમાજકલ્યાણમાં રૂચિ ધરાવનાર અન્ય વ્યક્તિઓ પણ સભ્યતા પ્રાપ્ત કરી શકે છે. જેમ કે ઇન્ડિયન કોન્ફરન્સ ઑફ સોશ્યલ વર્સ, જેનું નામ હવે બદલીને ''કાઉન્સિલ ઑફ સોશ્યલ વેલ્ફેલર'' કરી દીધું છે. આ સંગઠનનું મુખ્ય કાર્ય વાર્ષિક સંમેલનોનું આયોજન કરીને સમાજકલ્યાણનાં અનેક પાસાંઓ પર વિચારવિમર્શ કરવાનું છે.

સમ 1951માં ''ઇન્ડિયન એસોસિએશન ઑફ ધ એલુમની સ્કૂલ ઑફ સોશ્યલ વર્ક ''ની સ્થાપના કરવામાં આવી હતી. તેને આંતરરાષ્ટ્રીય સામાજિક કાર્યકર સંઘની માન્યતા પ્રાપ્ત થઈ છે. આ એસોશિએશનની સભ્યતા માટેની લાયકાત સમાજકાર્યમાં સ્નાતકોત્તરની પદવી છે. તેની સ્થાપના સામાજિક કાર્યકરોના હિત અને વિકાસ માટે થઈ છે. તેના દ્વારા ''સોશ્યલવર્ક ફોરમ'' નામથી એક વ્યાવસાયિક પત્રિકા પણ પ્રકાશિત થતી હતી. જેનું પ્રકાશન કેટલાંક વરસ સુધી ઇન્ડિયન એસોસિએશન ઑફ ટ્રેઈન્ડ સોશ્યલ વર્કર્સ દ્વારા થતું હતું. પરંતુ છેલ્લા કેટલાંક વર્ષોથી તેનું પ્રકાશન બંધ થઈ ગયું છે. વર્ષ 1952માં એક આંતરરાષ્ટ્રીય સંસ્થા ''ઈન્ટરનેશનલ ફેડરેશન ઑફ સોશ્યલ વર્કર્સ''ના નામથી મદ્રાસમાં સ્થાપિત કરવામાં આવી હતી; પરંતુ, તેનું સભ્યપદો માત્ર સમાજકાર્યના વ્યાવસાયિક સંગઠનો સુધી જ મર્યાદિત રાખવામાં આવ્યું હતું. ''અમેરિકન એસોસિએશન ઑફ સોશ્યલ વર્ક'' પણ આ ફેડરેશનનું સભ્ય છે. સમાજકાર્યની શૈક્ષણિક સંસ્થાઓના વિકાસ તથા તેમનો એકબીજા સાથે સહયોગ ઊભો કરવા 'એસોસિયેશન ઑફ સ્કૂલ્સ ઓલફ સોશ્યલ વર્ક'ની સ્થાપના કરવામાં આવી. તે સમાજકાર્ય શિક્ષણની ઉન્નતિ માટે પ્રયત્ન કરે છે; પરંતુ, તે પણ ખાસ સક્રિય નથી. રાષ્ટ્રીય સ્તર પર એક અન્ય સંગઠન ''ઇન્ડિયન એસોસિએશન ઑફ ટ્રેઈન્ડ સોશ્યલ વર્કર્સ''ના નામથી સ્થાપિત કરવામાં આવ્યું છે. જેથી શાખાઓ દેશના વિભિન્ન નગરોમાં છે; પરંતુ, વ્યાવસાયિક ક્ષેત્રના વિકાસમાં તે પણ કોઈ વિશેય યોગદાન આપી શક્યું નથી. તે પોતાના સોશ્યલ ફોરમની પત્રિકાના નિયમિત પ્રકાશનની જવાબદારી પણ યોગ્ય રીતે નિભાવવામાં અસમર્થ રહ્યું.

તે ઉપરાંત 1972માં સાઈક્યાટ્રી ડિપાર્ટમેન્ટ, પી.જી.આઈ ચંદીગઢમાં એક સોશ્યલ વર્કર્સ ફોરમની સ્થાપના થઈ. તે જ રીતે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ સાઈક્યાટ્રી, રાંચી દ્વારા ''ઇન્ડિયન એસોસિએશન ઑફ સાઈક્યાટ્રિક સોશ્યલ વર્કર્સ''ની સ્થાપના થઈ. પરંતુ પ્રેક્ટીસનર્સનો પૂરતો સહયોગ ન મળતાં તે લગભગ બંધ થઈ ગયું. આ પ્રકારે નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યૂરો સાયન્સીસ બેંગ્લોરમાં પણ સાઈક્યાટ્રીક સોશ્યલ વર્કર્સના સંઘની સ્થાપના થઈ છે.

ઉપરોક્ત સંગઠનો અને સંઘો ઉપરાંત સમાજકાર્યની શૈક્ષિણક સંસ્થાઓ તથા વિભાગોની એલુમની એસોસિએશન પણ સ્થપાયેલાં છે. તેમાં માત્ર તે જ સંસ્થાના તાલીમ પ્રાપ્ત કાર્યકર્તાઓને જ સભ્યપદ મળે છે. તેમાંથી કેટલાક વ્યાવસાયિક પત્રિકાઓ પણ પ્રકાશિત કરે છે. જેમ કે લખનૌ એસોસિએશન, ''લખનૌ યુનિવર્સિટી જર્નલ ઑફ સોશ્યલ વર્ક'' પ્રકાશિત કરે છે. આ સંગઠનો અને સંઘો ઉપરાંત સમાજકાર્યની શૈક્ષિણક સંસ્થાઓ તથા વિભાગ કે વિદ્યાલય વગેરે પણ સમાજકાર્ય વ્યવસાય સંબંધી સામાયિકો પ્રકાશિત કરે છે. જેમ કે ભારતની પ્રથમ સમાજકાર્ય શિક્ષણ સંસ્થા ''ટાટા ઇન્સ્ટિટ્યુટ ઑફ સોશ્યલ સાયન્સ'' મુંબઈ એક પ્રસિદ્ધ ત્રિમાસિક ''ઇન્ડિયન જર્નલ ઑફ સોશ્યલ વર્ક'' લગભગ અઢી દાયકાથી પ્રકાશિત કરી રહી છે. આ પ્રકારે સમાજકાર્ય વિભાગ, કાશી વિદ્યાપીઠ વારાણસી પણ એક સામયિક પ્રકાશિત કરતી હતી. જે હમણાં બંધ છે. નિર્મલાનિકેતન, મુંબઈ પણ સામયિકનું પ્રકાશન કરે છે.

ભારતમાં રાષ્ટ્રીય સ્તરનાં બે મહત્વના એસોસિએશન બનેલાં જોવા મળે છે. જેમાં અસેસિએશન ઑફ સ્કૂલ્સ ઑફ સોશ્યલ વર્કર્સ છે. આ ઉપરાંત પ્રાદેશિક એસોસિએશન તાલીમ પ્રાપ્ત કે પ્રાફેશનલ સોશ્યલ વર્કર્સનાં છે. જેવાં કે ''બોમ્બે એસોસિએશન ઑફ ટ્રેઈન્ડ સોશ્યલ વર્કર્સ'', મહારાષ્ટ્ર એસોસિએશન ઑફ સોશ્યલ વર્ક એજ્યુકેટર્સ, અને ''કર્ણાટક એસોસિએશન ઑફ પ્રોફેશનલ સોશ્યલ વર્કર્સ છે.''

''ઇન્ડિયન એસોસિએશન ઑફ ટ્રેઈન્ડ સોશ્યલ વર્કર્સ 1961માં અસ્તિત્વમાં આવ્યું. આ એસોસિએશનની મેમ્બરશીપ 1960માં 8 ટકા હતી. તે 1970માં 3 ટકા થઈ ગઈ. કદાચ આ સમયગાળામાં સમાજકાર્ય સ્નાતકોની સંખ્યામાં વધારો થવાથી આમ બન્યું હશે. IATSWની શાખાઓ આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરાલા, મહારાષ્ટ્ર, તામિલનાડુ, ઉત્તરપ્રદેશ અને દિલ્હીમાં થઈ. એસોસિએશન દ્વારા ''સોશ્યલ વર્ક

ફોરમ'' નામનું વ્યાવસાયિક જર્નલ 1963માં પ્રકાશિત થવાની શરૂઆત થઈ હતી પણ તે 1971 પછી ચાલુ ના રહી શક્યું. આ જર્નલનું સમાજકાર્યના જ્ઞાનના વિસ્તારમાં મોટું પ્રદાન રહ્યું. તેમાં અનેક વિદ્વતાપૂર્ણ લેખો પ્રકાશિત થયાં. 1981માં IATSW બંધ થઈ ગયું અને તે ફરી શરૂ થઈ ના શક્યું.

''એસોસિએશન ઑફ સ્કૂલ્સ ઑફ સોશ્યલ વર્ક ઈન ઇન્ડિયા''ની 1960માં શરૂઆત થઈ. 1978માં ભારતમાં સમાજકાર્યનું શિક્ષણ આપતી 34 સંસ્થાઓ હતી. જેમાં 26 સંસ્થાઓમાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસક્રમ ચાલતો હતો. 1997માં સમાજકાર્ય શિક્ષણ આપતી 45 સંસ્થાઓ હતી. સમાજકાર્ય શિક્ષણ ઉપરની યુ.જી.સી. પેનલ દ્વારા જે યાદી સરક્યુલેટ થઈ હતી તે મુજબ 1992માં સમાજકાર્યની 60 સંસ્થાઓ હતી. સમાજકાર્ય શિક્ષણ અને પ્રેક્ટીસ સેલ દ્વારા એકત્ર કરેલી માહિતી મુજબ 2002માં ભારતનાં 17 રાજ્યોમાં 119 સંસ્થાઓમાં સમાજકાર્ય શિક્ષણ ચાલે છે. જેમાંથઈ 97 સંસ્થાઓમાં સમાજકાર્યનો પારંગત કક્ષાનો અભ્યાસક્રમ ચાલે છે. જેમાંથી માત્ર 27 ટકા AASWT સભ્યપદ ધરાવે છે. 1970માં એસોસિએશન દ્વારા ઘણાં પ્રકાશનો થયાં હતાં. પણ 1980માં તેની પ્રવૃત્તિઓ ધીમી પડી ગઈ હતી. 1993-98ના સમયગાળામાં પ્રો. આર. આર. સિંગની નેતાગીરીમાં અનેક પ્રવૃત્તિઓ થઈ જેવી કે ''સહભાગી સંશોધન અને સ્થાનિક શાસન'' પર ઈન્ટર પ્રોફેશ્નલ ડાયલોગ, પ્રિયા દિલ્હીના સહયોગથી થયો હતો. સમાજકાર્યની ફર્સ રિવ્યૂ કમિટીઓ એવી રીમાર્ક કરી હતી કે ASSWI પોતે સિદ્ધિ નહી મેળવી શકે, જ્યાં સુધી તેને તેના વ્યાપક પ્રતિનિધિઓનો પૂરતો ટેકો નહીં હોય. (યુ.જી.સી. 1964-88)

આમ, હજુ ભારતમાં સમાજકાર્ય વ્યવસાય સબંધિત સમસ્ત સંસ્થાઓ, સંઘો, એસોસિએશનો તથા સમિતિઓ વિભિન્ન ક્ષેત્રોમાં તથા વિભાગોમાં વિભક્ત છે. સમાજકાર્ય શિક્ષણનો વિકાસ, મુશ્કેલીઓના નિરાકરણ, સમાજકાર્ય પ્રેક્ટીસનર્સના કલ્યાણ વગેરે બાબતમાં તે પૂરતાં સક્રિય નથી. છતાં પણ આપણે જોઈએ છીએ કે ભારતમાં સમાજકાર્યના વિભિન્ન રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય તથા ક્ષેત્રીય સંગઠનો, સંઘો તથા સમિતિઓ સ્થાપિત છે અને સમાજકાર્યના શિક્ષણ તથા પ્રેક્ટીસના વિકાસ અને વૃદ્ધિ માટે કોઈને કોઈ રૂપમાં સહાયતા પ્રદાન કરી રહ્યાં છે.

સમાજકાર્ય વિભાગ ગુજરાત વિદ્યાપીઠ દ્વારા ''ભારતીય સામાજિક સાંસ્કૃતિક પરિવેશમાં વ્યાવસાયિક સમાજકાર્યની સ્થિતિ અને નવી દિશાઓ'' (2006) પર યોજાયેલ કાર્યશાળામાં વ્યવસાયિક સંગઠનની જરૂરિયાત, ઉદ્દેશ્યો અને કાર્યોના સંદર્ભમાં થયેલ જૂથની ચર્ચાનો સાર આ પ્રમાણે હતો. - ડો. આરમાઈતી દેસાઈએ કહ્યું હતું કે ''ભારતના વ્યાવસાયિક સમાજ કાર્યકરોને સંગઠનમાં રસ નથી કારણ કે તેઓને તેનું મહત્વ સમજાતું નથી.'' સમાજકાર્યની પ્રવૃત્તિને બળ ત્યારે જ મળે જ્યારે તેનું સંગઠન બને, સંગઠનના મુખ્ય ઉદ્દેશ્યો જોઈએ સમાજકાર્યનું હિત અને સમાજનું હિત જળવાય એ માટે કાર્યકરની ગુણવત્તા જળવાય તે જોવું. વ્યવસાયને ઉત્કર્ષ કરવો, વ્યાવસાયિક કાર્યકરના જ્ઞાન, વલણ અને કુશળતા સતત વિકસે તે જોવું. વ્યાવસાયિક સમાજકાર્યની સ્વિકૃતિ થાય, આચારસંહિતા વિકસે તે માટેના પ્રયત્નો કરવાં. આ ઉદ્દેશ્યોને સિદ્ધ કરવા માટે વાટાઘાટો કરવી, વ્યવસાયની છબી ઉપસાવવા માટેના કાર્યો જેવાં કે મુખપત્રો બહાર પાડવા, રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ વ્યાવસાયિક કાર્યને કાયદાકીય સમર્થન મળે તે પ્રકારનો કાયદો બનાવવાનો પ્રયત્ન કરવો, રોજગારીના ક્ષેત્રે તકો શોધવી, ભારતીય પરિવેશમાં વ્યાવસાયિક સમાજકાર્યના જ્ઞાનનું સર્જન તથા તેનું આદાનપ્રદાન કરવું. સમાજકાર્ય શિક્ષણની સમાન પદ્ધતિ જળવાય, મૂલ્યો, આચારસંહિતા જ્ઞાન, કુશળતા અને સ્વીકૃતિ માટે જરૂરી કાર્યો કરવા, વ્યાવસાયિકો તેમની લાયકાત આધારિત મહેનતાણું અને નોકરીમાં સુવિધાઓ મેળવે, શોષણ સામે રક્ષણ મળે તેવાં કરવાં જરૂરી છે. આ ઉપરાંત વ્યાવસાયિક સમાજકાર્ય માટે સમાજકાર્ય કાઉન્સિલ બને તે દિશામાં સઘન પ્રયત્ન કરવા જરૂરી છે.

### 2.2.4 સામુદાયિક માન્યતા અને સામાજિક અનુમોદન :

સામુદાયિક માન્યતા તથા સમાજ દ્વારા અનુમોદન અને સ્વીકૃતિ પ્રાપ્ત થવી તેને કોઈપણ વ્યવસાયની વિશેષતા કે ગુણ માનવામાં આવે છે. આ માન્યતા તથા અનુમોદન એ આધારે આપવામાં આવે છે કે તે વ્યવસાય સમાજ માટે ઉપયોગી તથા હિતકારી હોય, ત્યારે જ તેને વ્યવસાયનો દરજ્જો અપાય છે. ઉંગ્લેન્ડ, અમેરિકા, ઓસ્ટ્રેલીયા તથા કેનેડા વગેરે પાશ્ચાત્ય દેશોમાં સમાજકાર્ય પૂર્ણ રીતે વ્યવસાયનો દરજ્જો પાપ્ત કર્યો છે. કારણ કે તેને સામાજિક માન્યતા, અનુમોદન અને સામાજિક સ્વિકૃતિ પ્રાપ્ત થઈ છે તથા તેને સમાજ માટે ઉપયોગી સમજવામાં આવે છે. આ દેશોની સરકારી તથા સ્વૈચ્છિક બંને પ્રકારની સંસ્થાઓમાં તાલીમ મેળવેલ સામાજિક કાર્યકર્તાઓની નિયુક્તિ કરવામાં આવે છે. સમાજકાર્ય વ્યવસાયનો સૌથી વધુ વિકાસ અમેરિકામાં જોઈ શકાય છે. ત્યાં સમાજકાર્યના તમામ ક્ષેત્રોમાં શિક્ષિત અને તાલીમ પામેલ કાર્યકર્તાઓની જ વિભિન્ન સ્તરો પર નિયુક્તિ કરવામાં આવે છે. જ્યારે અન્ય દેશોમાં કેટલાંક ક્ષેત્રો એવાં પણ છે જ્યાં સ્વૈચ્છિક અને બિનતાલીમી કાર્યકર પણ કાર્યરત જોવા મળે છે. આથી એ સ્પષ્ટ થાય છે કે સમાજકાર્યને વ્યાવસાયિક સ્તરની માન્યતા પ્રાપ્ત છે. આથી આપણે કહી શકીએ કે સમાજકાર્ય એક વ્યવસાય તરીકેના ગુણ ધરાવે છે, માટે તેને વ્યવસાય કહી શકાય.

ભારતના સંદર્ભમાં સમાજકાર્યની વ્યવસાયિક વિશેષતા અંગે તેની સામાજિક માન્યતા, સામાજિક અનુમોદન તથા સ્વિકૃતિ વિશેનો અભ્યાસ કરવાની જાણી શકાય છે કે, ભારતમાં સમાજકાર્યનો વ્યવસાય તરીકે પાશ્ચાત્ય દેશોની તુલનામાં બહુ જ ઓછી માન્યતા તથા અનુમોદન પ્રાપ્ત થઈ શક્યાં છે. તેમ છતાં સમાજકાર્યના વિભિન્ન ક્ષેત્રોમાં પ્રશિક્ષિત સામાજિક કાર્યકરોની નિયુક્તિઓ થઈ રહી છે. જેમ કે યુવાકલ્યાણ તથા વિકાસને માટે સંચાલિત નહેરુ યુવા કેન્દ્રોમાં તાલીમી કાર્યકરોની નિયુક્તિ થાય છે. ચિકિત્સા અને મનોચિકિત્સા ઉપચાર ટીમમાં સામાજિક કાર્યકરને એક સક્રિય સભ્યનો દરજ્જો પ્રાપ્ત થઈ રહ્યો છે. ઔદ્યોગિક ગૃહોમાં જ્યાં 500 કે અધિક કામદારો કાર્ય કરે છે ત્યાં શ્રમકલ્યાણના ઉદ્દેશની પૂર્તિ માટે તાલીમ પામેલ સામાજિક કાર્યકરોની નિયુક્તિ અનિવાર્ય બની છે. એ જ રીતે મહિલાકલ્યાણ, બાળકલ્યાણ, અપરાધસુધાર, પરિવારકલ્યાણ સંશોધન સંસ્થા વગેરે બધાં ક્ષેત્રોમાં કોઈને કોઈ પદ પર પ્રશિક્ષિત તથા પદવીપ્રાપ્ત સામાજિક કર્યકરોની નિયુક્તિ થઈ રહી છે. એટલું જ નહીં રાષ્ટ્રીય સ્તરની સમાજકલ્યાણ તથા સુધાર સંબંધી યોજનાઓમાં પણ ભિન્ન ભિન્ન પદો પર માન્યતા પ્રાપ્ત સમાજકાર્ય સંસ્થાઓ અથવા શૈક્ષિણક વિભાગોમાં તાલીમ અને શિક્ષણ મેળવેલ નિપુણ કાર્યકર્તાઓની નિયુક્તિ કરવામાં આવે છે. સાથે સાથે રાષ્ટ્રીય સમાજકલ્યાણ સબંધિત આયોગો, વિવિધ બોર્ડ, સંસ્થાઓ અને સરકારી સંગઠનો તથા વિભાગોમાં પણ સામાજિક કાર્યકરોને નીતિનિર્ધારણ, કાર્યક્રમ સંચાલન અને નીતિના અમલીકરણના માર્ગદર્શક તરીકે કામ આપવામાં આવે છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં સમાજકાર્યને સામુદાયિક માન્યતા અને અનુમોદન મળી રહ્યું છે.

## 2.3 સમાજકાર્ય શિક્ષણમાં અન્ય શાસ્ત્રોનું સમાયોજન

સામાન્ય રીતે વ્યવસાયનો મજબુત પાયો તેના જ્ઞાન પર આધારિત છે. પોતાના વ્યવસાયના હેતુ માટે જ સૌથી ઉપયોગી હોય તે જ્ઞાનને સંગઠીત કરવાનું કાર્ય દરેક વિદ્યાશાખા કરતી હોય છે. જે સમાજકાર્યે પણ કર્યુ છે. સમાજકાર્યોનું જ્ઞાન મુખ્યત્વે બે રીતે ઊભું થયેલું છે. અન્ય વિદ્યાશાખાઓ પાસેથી અને સમાજકાર્યકરોના અનુભવોમાંથી સૌ પ્રથમ સમાજકાર્યે અન્ય વિજ્ઞાનો પાસેથી જ્ઞાન લીધું. સમાજકાર્ય વ્યવસાયના જ્ઞાનનો ઘણો મોટો ભાગ અન્ય વ્યવસાયોમાંથી આપેલ છે. અન્ય વિજ્ઞાનોમાંથી લીધેલા સિદ્ધાંતોની વ્યવસાયના સંદર્ભમાં કસોટી કરી તેને સમાજકાર્યે વિસ્તૃત કર્યા અથવા તો તેની ફેરરચના કરી.

સમાજકાર્ય સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, મનોચિકિત્સા, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, માનવશાસ્ત્ર, ભૂગોળ, ઇતિહાસ , જીવશાસ્ત્ર, તત્વદર્શન, ગુનાશાસ્ત્ર વગેરે સમાજ વિજ્ઞાનોમાંથી જરૂરી જ્ઞાન લઈ તેનો ઉપયોગ કર્યો છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે સમાજકાર્યનું જ્ઞાન અન્ય વિજ્ઞાનોના જ્ઞાન સાથે ઓવરલેપ થાય છે. જે તેઓ વચ્ચેના આંતર જોડાણો દર્શાવે છે. આવી રીતે શિક્ષણના ભાગ રૂપે અન્ય શાસ્ત્રો કે વિજ્ઞાનોનું સમાયોજન કરી સમાજકાર્યના અભ્યાસને વિકસિત કરવામાં આવ્યો છે.

## 2.4 સમાજકાર્ય શિક્ષણમાં ફિલ્ડવર્ક

સમાજકાર્ય શિક્ષણ અભ્યાસમાં થિયરી અને પ્રેક્ટીકલ બન્ને વિભાગોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દરેક યુનિવર્સિટી અને કોલેજમાં સમાજકાર્ય શિક્ષણને પ્રથમ અભ્યાસ કરાવવામાં આવે છે અને ત્યારપછી અભ્યાસને પ્રેક્ટીકલ સ્વરૂપ આપી સમાજકાર્યના ક્ષેત્રોમાં પ્રેક્ટીસ કરવામાં આવે છે.

કોઈપણ યુનિવર્સિટીમાં અઠવાડિયાના બે દિવસ ફિલ્ડ વર્ક હોય તો કોઈ યુનિવર્સિટીમાં અઠવાડિયામાં ત્રણ દિવસ ફિલ્ડ વર્ક કરાવવામાં આવે છે. ફિલ્ડ વર્ક દ્વારા વિદ્યાર્થી સમાજકાર્યકર્તાનું ઘડતર કરવામાં આવે છે. તેનામાં નવા જ્ઞાન અને સોપાયેલી કુશળતાને વિકસાવવામાં આવે છે. વિદ્યાર્થી કાર્યકર્તા ફિલ્ડવર્ક દરમ્યાન કરેલા કાર્યના મૂલ્યાંકન સ્વરૂપે રિપોર્ટ બનાવવામાં આવે છે અને અભ્યાસ સાથે જોડાણ કરવામાં આવે છે.

## 2.5 સમાજકાર્ય શિક્ષણમાં સુપરવિઝનઃ

સમાજકાર્યના મૂલ્યો અને ધ્યેયોને જાળવી રાખવા માટે સુપરવિઝનને શિક્ષણાત્મક સ્વરૂપે વિકાસ કરવામાં આવ્યો છે. જેમાં સમાજકાર્યના ક્ષેત્રોમાં પ્રેક્ટીસ કાર્યની પાછળ સુપરવિઝન ગોઠવવામાં આવે છે. સેવાર્થી વિશે ઓછું જ્ઞાન ધરાવતા અને સમાજકાર્ય વિશેનું ઓછું જ્ઞાન ધરાવતા કાર્યકર્તાને તાલીમ આપે છે અને પોતે પ્રશિક્ષક તરીકેની જવાબદારી નિભાવે છે.

સમાજકાર્યમાં સુપરવિઝનનો વિકાસ શિક્ષાત્મક તથા પ્રશાસનિક કાર્યપ્રણાલીના રૂપમાં થયો. શરૂઆતમાં વૈયક્તિ સેવાકાર્યના અધિક્ષકનો ઉપયોગ કરવાનો શરૂઆત થઈ પરંતુ ત્યારબાદ જૂથ કાર્ય અને સામુદાયિક સંગઠનમાં પણ તેનો ઉપયોગ થવા લાગ્યો. સુપરવિઝનનો કાર્ય સંસ્થાઓમાં ઘણું મહત્વનું હોય છે. તે કાર્યકર્તાઓની નિપુણતાઓ અને કાર્યદક્ષતનો વિકાસ કરવામાં સહાયતા ધરે છે. જેથી કાર્યકર્તા જૂથની વધુ સારી રીતે સહાયતા કરી શકે.

### 2.5.1 સુપરવિઝનની વ્યાખ્યા :

અધિક્ષણને(સુપરવિઝન)ને શિક્ષણના રૂપમાં પરિભાષિત કરી શકાય છે. જેમાં એક વ્યક્તિ વિશેષ જ્ઞાન અને નિપુણતા હોવાના કારણે ઓછું જ્ઞાન ધરાવતા પ્રશિક્ષકનું ઉત્તરદાયિત્વ (જવાબદારી) લે છે. (વિરજેનિયા રોબેન્સ 1936)

શિક્ષણાત્મક નીતિઓ અને ઉદ્દેશ્યોને નિશ્ચિત કરવામાં કાર્યક્રમના નિયોજન તથા નિયંત્રણમાં કાર્યક્રમની પસંદગી તથા પ્રશિક્ષણમાં સુપરવિઝનએ નેતૃત્વની પ્રક્રિયા છે. (ડીમોક-ટ્રેકર1949)

સુપરવિઝનના એ પ્રશંસાકીય નેતૃત્વ છે. જેનો ઉદ્દેશ્ય નિપુણતાઓ અને જ્ઞાનનો વિકાસ કરવાનો તથા કર્મચારીઓના કાર્યને એવી રીતે નિર્દેશિત કરવાનું જેથી સેવાર્થીઓને મળવાપાત્ર સંસ્થાકીય સેવાઓમાં સુધારસંભવ થઈ શકે. સુપરવિઝન કાર્યકર્તાઓની નિર્ધારિત ભૂમિકાઓ ભજવવામાં તથા ઉદ્દેશ્યો સરળ બનાવવાની એક પ્રસંશાકીય પ્રક્રિયા મેનેજમેન્ટના કાર્યકર્તાઓ કાર્યનું અવલોકન કરે છે તથા તેમનામાં યોગ્યતા અને ક્ષમતા જણાવે છે. જેથી કાર્યકર્તા સમૂહની સાથે યોગ્ય રીતે ઉપયોગ કરી શકે. આ રીતે સુપરવિઝન એક વ્યવસાયિક સંબંધ છે જેને સુપરવિઝન તથા કાર્યકર્તાઓને સ્વીકૃતિ આપે છે.

### 2.5.5 સુપરવિઝનના કાર્યો

સુપરવિઝનના કાર્યનો ઉપયોગ સુપરવિઝન કાર્યકરોને દિશા નિર્દેશન અને નવા રસ્તાઓ બતાવવા માટે થાય છે. આ પ્રક્રિયા દરમ્યાન તે નીચે પ્રકારના કાર્યો કરે છે.

**1. શીખવાની ક્ષમતાનો વિકાસ કરવો :**

સુપરવિઝન કાર્યકર્તાની અંદર શીખવાની ક્ષમતાનો વિકાસ કરે છે. કાર્યકર્તામાં થવાવાળી મનોવૈજ્ઞાનિક પ્રતિક્રિયાઓનું અધ્યયન કરે છે અને તેનો અર્થ સમજે છે. મનોવૈજ્ઞાનિક પ્રતિક્રિયાઓ ઘણી ગતિશિલ હોય છે. આના લીધે ઘણીવાર કાર્યક્રમોમાં આગળ વધ્યા બાદ પીછેહઠ કરવી પડતી હોય છે. આવી પરિસ્થિતિનો ઘણઈ સંઘર્ષમય હોય છે અને દુઃખમય હોય તે વિકાસનો માર્ગ અવરોધે છે. સુપરવિઝન એવી પરિસ્થિતિમાં કાર્યકર્તાને નવી શિક્ષા, નિપુણતા, જ્ઞાન અને શક્તિ પોતાની હિંમત અનુસાર આપે છે.

**2. આંતરદષ્ટિનો વિકાસ કરવો :**

સુપરવાઈઝરની પ્રેરણાથી કાર્યકર્તા આંતરદષ્ટિનો ઉપયોગ વિકાસની પ્રક્રિયામાં કરે છે. તે હંમેશા એ શીખતો રહે છે કે કેવી રીતે વાસ્તવિક્તાને સમજીને વ્યવહારમાં ઉતારી શકાય. આ પ્રક્રિયા હંમેશા સંઘર્ષમય હોય છે. આવી સ્થિતિમાં સુપરવાઈઝર ખૂબ જ સાવધાની સાથે કાર્યકર્તાના વિચારોને ઠેસના પહોંચે તે રીતે સહાયતા કરે છે. આ પ્રક્રિયા દરમ્યાન કાર્યકર્તા વારંવાર સુપરવાઈઝરનો વિરોધ કરશે, વાદ-વિવાદ કરશે. પોતાના વિચારો વારંવાર રજૂ કરશે. આ તમામ પ્રકારની પ્રતિક્રિયાઓમાં કાર્યકર્તાઓમાં કાર્યકર્તાઓની આંતરદષ્ટિ અને વિચાર શક્તિનો વિકાસ થતો રહેશે. આંતરદષ્ટિના કારણે કાર્યકર્તા જૂથના અવરોધોને અગાઉથી સમજી શકશે.

**3. નિપુર્મતાનો વિકાસ કરવોઃ**

જે વ્યક્તિ પરિપક્વ હોય તે જ પોતાની નિપુર્ણતાઓનો વિકાસ કરી શકે છે. આ માટે સુપરવાઈઝર કાર્યકર્તાને પોતાની સીમાઓ અને યોગ્યતાઓ સમજવામાં સહાય કરે છે. નિપુણતાઓ કેળવવાની પ્રક્રિયા ઘણી ધીમી હોય છે. કારણ કે વ્યક્તિને નિપુણતા શીખવી શકાતી નથી. તે વ્યક્તિએ પોતાના જ્ઞાન અને સમજદારીના ઉપયોગથી પોતાની જાતે સમજવાની હોય છે. આ માટે સુપરવાઈઝર ક્ષેત્રકાર્ય દરમ્યાન કાર્યકર્તાઓને સતત માર્ગદર્શન આપ્યા કરે છે.

**4. આત્મ નિયંત્રણનો વિકાસ કરવો :**

સુપરવાઈઝરનું કર્તવ્ય છે કે, તે કાર્યકર્તાને આત્મિનયંત્રણનો અર્થ સમજાવી શકે તથા તે કાર્યકર્તાને એવી રીતે માર્ગદર્શન આપે જેનાથી કાર્યકર્તા પોતાની ભાવનાઓ ઉપર નિયંત્રણ રાખીને જૂથના સભ્યોની ભાવનાઓનું પ્રભાવી રીતે નિયંત્રણ કરીને સમસ્યાનું સમાધાન લાવી શકે.

**5. કાર્યકર્તાનું વૈયક્તિ અધ્યયન કરવું :**

દરેક કાર્યકર્તાનું જ્ઞાન ગ્રહણ કરવાની ક્ષમતામાં અંતર હોય છે. સુપરવાઈઝરનું કાર્ય છે કે તે કાર્યકર્તાઓના આ અંતરને સમજીને દરેકને વ્યક્તિગત રીતે સહાયતા કરે જેથી કાર્યકર્તા પોતાના જૂથના સભ્યોનું વ્યક્તિત્વ, વ્યવહાર, ગુણ, આદર્શ વગેરે... સમજીને તેમની સહાયતા કરી શકે.

**6. ભાવનાઓના પ્રગટીકરણ કરવું :**

સુપરવાઈઝર કાર્યકર્તાઓને પોતાના જૂથ પ્રત્યેની પોતાની સકારાત્મક અને નકારાત્મક ભાવનાઓ વ્યક્ત કરવાની તક આપે છે. કાર્યકર્તા જ્યારે જૂથ સાથે કાર્ય કરતો હોય છે, ત્યારે તેના મનમાં કેટલાંક સારા કે ખરાબ પૂર્વગ્રહો બની જાય છે. જો આ પૂર્વગ્રહોને બહાર ન લાવવામાં આવે તો તેનાથી જૂથને ઘણું નુકશાન થાય છે અને કાર્યકર્તા નિષ્ફળ જાય છે. આથી સુપરવાઈઝર હંમેશા પ્રયત્ન કરે છે કે કાર્યકર્તા પોતાની ભાવનાઓ બહાર લાવે તથા તેનું મૂલ્યાંકન કરે.

**7. આત્મનિર્ભરતા ઊભી કરવી :**

કાર્યકર્તા પોતાની ભૂમિકા નિભાવવામાં સ્વતંત્રો હોય છે; પરંતુ, તેના માટે એ શિખવું આવશ્યક છે કે કેવી પરિસ્થિતિઓમાં કેવી રીતે પોતાના જ્ઞાન અને કૌશલ્યનો ઉપયોગ કરી શકાય. (સુપરવાઈઝર) કાર્યકર્તાને પોતાની ભૂમિકા વાસ્તવિક સ્વરૂપમાં સમજવામાં સહાયતા કરે છે. જેથી કાર્યકર્તા આત્મનિર્ભરતા પ્રાપ્ત કરી શકે.

**8. સંસ્થા અને સમુદાયના સ્ત્રોતોના ઉપયોગમાં સહાયતા કરવી :**

કાર્યકર્તા પાસે સંસ્થા અને સમુદાયના સંસાધનો વિશે કામય સંપૂર્ણ જ્ઞાન હોય તેવું જરૂરી નથી. જૂથના સભ્યોને કેવી રીતે સંસ્થાના સંસાધનોથી મદદ કરી શકાય તથા તેમની માંગણીઓ કેવી રીતે પૂર્ણ કરી શકાય તેના ખ્યાલ તેને હંમેશા હોતો નથી. સુપરવાઈઝર તેને આ માહિતી મેળવી આપવામાં સહાયતા કરે છે.

**9. સમયપાલન શિખવું :**

કાર્યકર્તા પોતાના કાર્યો શરૂ કર્યા બાદ તેને નિશ્ચિત સમયાવધીમાં પૂર્ણ કરે તે ઘણું જરૂરી છે. આ માટે કાર્યકર્તા નિયમિત સમયે સંસ્થામાં હાજર થાય. નિયત સમયે ફિલ્ડમાં પહોંચે, નિયત સમયે રિપોર્ટ જમા કરાવે. આ બધી બાબતો મહત્વની થઈ જાય છે. સુપરવાઈઝર આ તમામ બાબતોનું સતત ધ્યાન રાખે છે.

**10. યોગદાનને સ્વીકૃતિ આપવી :**

સુપરવાઈઝર કાર્યકર્તાના યોગદાનનું હંમેશા સ્વાગત કરે છે. તે તેના કોઈપણ કાર્યોની ક્યારેય ઠેકડી નથી ઉડાવતો તથા કોઈ પુર્વગ્રહ પણ બાંધતો નથી. જો કાર્યકર્તાનું કાર્ય સારું હોય તો તેની પ્રસંશા અવશ્ય કરે છે. તે કાર્યકર્તાને એવી રીતે સજ્જ કરે છે જેથી તેઓ પોતાની અસફળતાઓ પણ ઈમાનદારીથી સ્વીકાર કરી શકે તે કાર્યકર્તામાં પોતાના કાર્ય પ્રત્યે વિશ્વાસ ઊભો કરે છે તથા તેના વ્યવહાર તથા ગુણોનો વિકાસ કરે છે.

### 2.5.3 સુપરવિઝનના પ્રકાર :

સુપરવિઝન કાર્યકર્તાઓનું સુપરવિઝન શિક્ષણના માધ્યમથી કરે છે. જે નીચે મુજબ છે,

**1. પ્રત્યક્ષ શિક્ષણ :**

પ્રત્યક્ષ શિક્ષણ અંતર્ગત સુપરવાઈઝર નિમ્નલિખિત કાર્ય કરે છે.

1. સંસ્થાની પદ્ધતિ, કાર્યપ્રણાલી, નીતિઓ અને વ્યવહારોનું જ્ઞાન કરાવવું
2. જૂથના પ્રશ્નોના ઉત્તર આપવા.
3. સિદ્ધાંતોને વ્યવહારુ ઉદાહરણો દ્વારા સમજાવા.
4. સંભવિત સમસ્યાઓને બતાવી તેના સમાધાનના ઉપાય બતાવવા.
5. સમાજના સિદ્ધાંતો બતાવવા.

શિક્ષણ અંતર્ગત સુપરવાઈઝરે કેટલાક સિદ્ધાંતોનું પાલન કરવું આવશ્યક છે. જેમ કે...

1. શિક્ષણનું વિષયવસ્તુ જૂથના સ્તર અનુરૂપ હોવું જોઈએ. જેમ જેમ કાર્ય આગળ વધતું જાય તેમ તેમ કાર્યકર્તાઓમાં જ્ઞાન વધતું જાય.
2. વિષયવસ્તુ કાર્યકર્તાના ઉદ્દેશ્યોથી સબંધિત હોવું જોઈએ. રિપોર્ટ નીયમિત લખાવવા આવશ્યક છે, કારણ કે તેના લીધે જ સુપરવાઈઝર શિક્ષણની બાબતમાં તાદાત્મય જાળવી શકે છે.
3. કાર્યકર્તાઓના કાર્યોનું સતત મુલ્યાંકન આવશ્યક છે.

4. કોઈપણ ઘટના અને તેના કારક પરિબળો વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરવો જોઈએ.

5. ઉપલબ્ધ સુવિધાઓ સ્પષ્ટતાપૂર્વક દર્શાવી જોઈએ.

**2. વાર્તાલાપ પ્રણાલી : (જૂથચર્ચા) :**

સુપરવાઈઝર કાર્યકર્તાઓને ચર્ચા માટે પ્રોત્સાહિત કરે છે અને તમામને ચર્ચામાં ભાગ લેવાનો મોકો આપે છે. સુપરવાઈઝરની આ પ્રક્રિયામાં નિમ્નલિખીત કાર્યો છે.

1. યોગ્ય વિચારોની પ્રક્રિયા શરૂ કરવી.

2. અધિકાધિક સહયોગી પ્રણાલીથી કાર્ય કરવું.

3. વાસ્તવિક તથ્યોને શોધી તેનો વ્યવહારૂ ઉપયોગ કરવો.

4. વાર્તાલાપને (ચર્ચા) ટૂંકી અને સ્પષ્ટ બનાવવું.

5. સંઘર્ષને રચનાત્મક રીતે દૂર રાખવું.

આ પ્રણાલિમાં સુપરવાઈઝરની અંદર નિમ્નલિખીત નીપુમતા હોવી જોઈએ.

1. પ્રશ્નોને સમસ્યાને પરિભાષિક કરવાની ક્ષમતા

2. પુનરાવૃત્તિ રોકવાની ક્ષમતા

3. ચર્ચામાં વિષયાંતર ન થાય તે જોવું

4. ચર્ચા એકપક્ષીય ન થઈ જાય તે જોવાની ક્ષમતા

5. તમામને ભાગીદારી માટે પ્રોત્સાહિત કરવાની ક્ષમતા

6. વિષય અંગેના સુક્ષ્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ક્ષમતા

7. ચર્ચાને યોગ્ય રીતે સમાપ્ત કરવાની ક્ષમતા

**3. પ્રશ્નાવલી :**

સુપરવિઝનમાં પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. તેનાથી નીચે પ્રમાણે ઉદ્દેશ્યોની પૂર્તિ થાય છે.

1. સકારાત્મક અથવા નકારાત્મક પ્રક્રિયાની ઓળખ

2. વિચારોમાં સ્પષ્ટતા આવવી.

3. ચર્ચાને ઉત્તેજન મળે.

4. તૃટિઓ ઉપર ધ્યાન જાય.

5. નિદાનાત્મક વિચારોને આગળ વધારવા.

6. જૂથ પાસેથી અન્ય સૂચનાઓ અને સલાહો મેળવવી.

સુપરવાઈઝરમાં નીચે પ્રમાણેનું જ્ઞાન હોવું આવશ્યક છે.

1. શિક્ષણ સંબંધી વિષયવસ્તુનું વિસ્તૃત જ્ઞાન

2. જૂથના વ્યવહારો અંતઃક્રિયાઓ તથા જૂથના નિર્માણનું જ્ઞાન

3. સામુદાયિક શિક્ષણનો પ્રભાવી રીતે ઉપયોગ કરવાનું જ્ઞાન આવશ્યક છે.

4. પ્રશ્નો સામાન્ય રૂપથી પૂછાવા જોઈએ અને તેનો જવાબ સહજતા જેવો હોવો જોઈએ.

5. સામાન્ય પ્રશ્નો આખા જૂથની સામે મૂકવા જોઈએ. આનાથી જૂથના તમામ સભ્યો જવાબ શોધવા માટે મહેનત કરશે અને જૂથના આત્મચિંતનો વિકાસ થાય.

6. તમામ સભ્યોને પ્રશ્નો પૂછાવાથી જૂથના પ્રત્યેક સભ્યોની ભાગીદારી થશે અને જવાબદારી લેવાની ભાવનાનો વિકાસ થશે.

7. પ્રશ્નો પુછાવાને લીધે સભ્યોની સ્તરતામાં વધારો થશે.

8. પ્રશ્નો એવી રીતે પૂછાવા જોઈએ કે, જેથી સુપરવાઈઝર કાર્યકર્તા અથવા જૂથમાં વિશ્વાસ છે તેવું દેખાય.

9. પ્રશ્નો પૂછવાનો મુખ્ય ઉદ્દેશ્ય જૂથમાં એક્તા બની રહે તેવો હોવો જોઈએ.

**4. ભાષણ પદ્ધતિ :**

ભાષણ પદ્ધતિ શિક્ષણની એક પદ્ધતિ છે જેનાથી જૂથને તથ્યો સિદ્ધાંતો તથા સંબંધોથી અવગત કરાવવામાં આવે છે. ભાષણના માધ્યમથી જૂથની મૂળભૂત બાબતો પર પ્રકાશ પાડવામાં આવે છે. જેથી, તેઓ ક્ષેત્રકાર્ય દરમ્યાન સમાન સિદ્ધાંતો પદ્ધતિઓ તથા નિપુણતાનો ઉપયોગ કરી શકે. ભાષણથી કાર્યકર્તાઓનું ધ્યાન કોઈ ચોક્કસ મુદ્દા પર આકર્ષીને વિચાર પ્રક્રિયા શરૂ કરી શકાય છે. જીજ્ઞાશામાં વધારો કરી શકાય છે. ભાષણ ઉદ્દેશ્યપૂર્ણ સંબંધની આધારશીલા છે, તથા તેનાથી સમયની બચત થાય છે. ભાષણ એ શિખવાવાળાઓની ક્ષમતાને અનુરૂપ હોવું જોઈએ તો જ તેનો પ્રભાવ રહેશે અથવા સભ્યોની રૂચીમાં ઘટાડો પણ આવી શકે.

## 2.6 ઉપસંહાર

સમાજકાર્ય શિક્ષણના ઉદ્ભવ અને વિકાસથી પાશ્ચાત્ય સંસ્કૃતિ અને પ્રચીન સમાજસેવાની ભ્રમણાઓ ચાલી આવે છે. તેમાં સમાજકાર્ય શિક્ષણ દ્વારા પરિવર્તન આવ્યું છે. લોકોમાં રહેલી સમસ્યાનું સમાધાન કરવામાં સમાજકાર્ય શિક્ષણ હંમેશા સામાજિક અન્યાય અને શોષણનું વિરોધી રહ્યું છે. તેના દ્વારા યોગ્ય દિશામાં અને ઉદ્દેશ્ય મુજબ લાંબાગાળાનું કાર્ય કરી શકાય છે. અહીં સમાજકાર્ય શિક્ષણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## 2.7 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. ઈંગ્લેન્ડમાં પ્રથમ બે વર્ષ સ્નાતકનો સમાજકાર્ય અભ્યાસક્રમની શરૂઆત કઈ સાલમાં થઈ ?

   (A) 1950 (B) 1960
   (C) 1959 (D) 1945

2. ભારતમાં ગૂજરાત વિદ્યાપીઠમાં સમાજકાર્ય શિક્ષણની શરૂઆત કઈ સાલમાં થઈ ?

   (A) 1936 (B) 1945
   (C) 1970 (C) 1955

3. ટાટા ઈન્સ્ટિટ્યુટ ઑફ સોશ્યલ સાયન્સ મુંબઈમાં કયું ત્રિમાસિક બહાર પાડી છે ?

   (A) ઈન્ડિયર જર્નલ ઑફ સોશ્યલ વર્ક (B) જર્નલ ઑફ સોશ્યલ વર્ક
   (C) ઈન્ડિયન સાઈક્યાટ્રીક સોશ્યલ વર્ક (D) યોજના

4. ‘ઈન્ડિયરન એસોસિએશન ઑફ ટ્રેઈન્ડ સોશ્યલવર્ક’ કઈ સાલમાં અસ્તિત્વમાં આવ્યું ?

   (A) 1961 (B) 1948
   (C) 1950 (D) 1970

5. સુપરવિઝનના પ્રકાર કેટલા છે ?

   (A) બે (B) ત્રણ
   (C) ચાર (D) છ

## 2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (B) 1960
2. (C) 1970
3. (A) ઈન્ડિયર જર્નલ ઑફ સોશ્યલ વર્ક
4. (A) 1961
5. (C) ચાર

## 2.9 ચાવીરૂપ શબ્દો :

- **સમાજકાર્ય શિક્ષણ :** સમાજકાર્ય વ્યવસાય વિશેનું જ્ઞાન આપે.
- **ફિલ્ડવર્ક :** સમાજકાર્યના ક્ષેત્રોમાં પ્રેક્ટીકલ જ્ઞાન મેળવવું.
- **સુપરવિઝન :** કાર્યની દેખરેખ અને માર્ગદર્શન
- **માર્ગદર્શન :** વિદ્યાર્થીઓને સમાજકાર્યના થિયેરીકલ જ્ઞાન અને પ્રેક્ટીકલજ્ઞા અંગે અધ્યાપક દ્વારા આપવામાં આવતા સૂચનો અને શિક્ષણ.
- **અહેવાલ લેખન :** કરેલ કાર્યની નોંધ લખવી.

## 2.10 સ્વાધ્યાય લેખન (Assignment)

1. સમાજકાર્ય શિક્ષણમાં સમાવિષ્ટ વિજ્ઞાનો સમજાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

2. સમાજકાર્ય શિક્ષણને ભારતના સંદર્ભમાં સમજાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

3. સમાજકાર્ય શિક્ષણનું સુપરવિઝનના પ્રકાર વર્ણવો.

.................................................................................

.................................................................................

.................................................................................

## 2.11 પ્રવૃત્તિ (Activities)

- સમાજકાર્ય શિક્ષણની ઇંગ્લેન્ડ, અમેરિકા અને ભારતમાં શિક્ષણનો વિકાસ સાલવારી અને સંસ્થાના નામ સાથે ચાર્ટ બનાવો.
- સમાજકાર્ય શિક્ષણમાં સુપરવિધનના કાર્યો વર્ણવો.

## 2.12 કેસસ્ટડી (Case Study)

- સમાજકાર્ય શિક્ષણમાં સુપરવિઝનના પ્રકાર વિસ્તૃતમાં વર્ણવો.
- સમાજકાર્ય શિક્ષણની સામુદાયિક માન્યતા અને અનુમોદન મુદ્દા સાથે વર્ણવો.

## 2.13 સંદર્ભ સૂચિ


1. વ્યાવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો : ડૉ. આનંદી પટેલ,
   વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન - અમદાવાદ,
   આવૃત્તિ : 2010
2. વ્યાવસાયિક સમાજકાર્ય : ગીતા ચાવડા,
   લોક પ્રકાશન, લોકનિકેતન - રતનપુર,
   આવૃત્તિ : 2008
3. સમાજકાર્ય ઇતિહાસ દર્શન એવમ્ પ્રણાલિયાં (હિન્દી)
   લેખક : ડો. સુરેન્દ્રસિંહ, ડો. પી.ડી. મિશ્રા,
   ન્યુ રોયલ બુક કંપની લખનૌ,
   આવૃત્તિ : 2006
4. સમાજકાર્ય(હિન્દી ભાષા) : ડૉ. જી. આર. મદન,
   વિવેક પ્રકાશન - દિલ્હી,
   આવૃત્તિ : 2002
5. સમાજકાર્ય(હિન્દી ભાષા) : સંગીતા તેજ, તેજસ્કાર પાન્ડે,
   જુબલી 'એચ' ફાઉન્ડેશન - લખનઉ,
   આવૃત્તિ : 2006

| એકમ–3 | કલ્યાણ અને વિકાસ |
|---|---|

## : એકમનું માળખું :


3.0 એકમના હેતુઓ

3.1 પ્રસ્તાવના

3.2 કલ્યાણ

3.3 વિકાસનો ખ્યાલ

3.4 ઉપસંહાર

3.5 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

3.7 ચાવીરૂપ શબ્દો (Glossary)

3.8 સ્વાધ્યાય લેખન (Assignment)

3.9 પ્રવૃત્તિ (Activities)

3.10 કેસસ્ટડી (Case Study)

3.11 સંદર્ભગ્રંથ (Further Readings)


## 3.0 એકમના હેતુઓ

પ્રસ્તુત એકમના હેતુઓ નીચે મુજબ છે.

1. વિદ્યાર્થીઓને કલ્યાણ અને વિકાસ વિશે વિસ્તૃત સમજૂતી પ્રાપ્ત થશે.
2. વિદ્યાર્થીઓને કલ્યાણનો અર્થ, કલ્યાણનો ધ્યેય અને કલ્યાણની જરૂરીયાત વિશે વિસ્તૃતમાં સમજ પ્રાપ્ત થશે.
3. વિદ્યાર્થીઓને વિકાસનો ખ્યાલ, વિકાસની વિશેષતા અને વિકાસના અભિગમો વગેરે વિશે વિસ્તૃતમાં માહિતી પ્રાપ્ત થશે.
4. વિદ્યાર્થીઓને વિકાસને સ્પર્શતા અદ્યતન મૂલ્યો વિશે વિસ્તૃતમાં માહિતી પ્રાપ્ત થશે.

## 3.1 પ્રસ્તાવના

સમાજકાર્ય અને સમાજકલ્યાણ બન્ને વસ્તુ અલગ અલગ વિચારધારા ધરાવે છે. બન્ને એકબીજાના પર્યાય નથી કે એક સમાન નથી. સમાજકલ્યાણનો ઉદ્ભવ જ્યારે કોઈને સમસ્યા ઉદ્ભવી હશે અને તેને અન્ય કોઈએ મદદ કરી હશે, સમસ્યા દૂર થઈ હશે ત્યારે સમાજકલ્યાણની શરૂઆત થઈ હશે. એવી રીતે સમાજનો વિકાસ થતો રહ્યો અને કલ્યાણ પણ થતું રહ્યું છે. ભારતમાં સમાજકલ્યાણને ઔપચારિક રીતે ઋગ્વેદમાં વર્ણવેલ 'દાનમ' શબ્દ સાથે જોડવા યોગ્ય રહેશે.

સમ્રાટ અશોકના શિલાલેખો પરથી ખ્યાલ આવે છે કે તેને 'લોકકલ્યાણન'ને તેના રાજ્યને આદર્શ સિદ્ધાંત રહેતો. રામ રાજ્ય પણ લોકકલ્યાણનું આદર્શ ઉદાહરણ છે. મનુસ્મૃતિ અને નારદ સ્મૃતિમાં પણ લોકકલ્યાણની એક પંક્તિઓ જોવા મળે છે. કૌટિલ્યને રાજ્યમાં નિરાધાર, કમજોર, વૃદ્ધ અને મૃત્યુ પામેલા સૈનિકોના કુટુંબ તેમજ મજૂરોના પરિવારની સુરક્ષાની જવાબદારી રાજ્યની રહેશે. ભગવાન બુદ્ધે પણ ''બહુજન હિતાય, બહુજન સુખાય'' માટે પોતાનું આખું જીવન સમર્પિત કરી દીધું હતું.

ચાણક્ય નીતિ, ભર્તુહરિ, નીતિશતક વગેરેમાં પણ લોકકલ્યાણના હેતુ માટે અને નીતિ વિષયક વિચારોનું આલેખન કરવામાં આવ્યું છે. લોકકલ્યાણ માટે બાદશાહ અકબર અને મહંમદ તુગલકે અનેક યોજનાઓ લોકો માટે વિકસિત કરી હતી. મુસ્લિમ સમાજમાં 'જકાત', બ્રિટીશ કાળમાં હિન્દુ ધાર્મિક સંસ્થાઓ, સમાજ સુધારકો વગેરે દ્વારા કલ્યાણના કાર્યો હાથ ધરવામાં આવ્યા છે.

સમાજકાર્ય સમાજમાં ઉદ્ભવેલ સમસ્યાઓના નિરાકરણમાં સહાયતા કરે છે. સમાજકાર્ય સમાજના વિકસિત થવાના લક્ષ્યને ટેકો આપે છે. લક્ષ્ય પ્રાપ્તિમાં મદદ કરે છે. વિજ્ઞાન અને વિકાસની સાથે સાથે માનવીનું જીવન જટીલ બની ગયું છે. કારણ કે ઔદ્યોગીકરણ અને નગરીત્વન કારણે ગંદા વસવાટો, અપરાધ, વિધવા, ગરીબી, બેકારી અને અનેક સામાજિક સમસ્યાઓ ઊભી થઈ છે શઆથે સાથે ભાઈચારાની ભાવના અને દાનવૃત્તિ ઓછી થતી જાય છે. આવા સમય સંજોગોમાં સમાજને લક્ષિત વિકાસ કરવામાં, સમાજને કલ્યાણકારી બનાવવામાં સમાજકાર્ય યોગ્ય કાર્ય કરી રહ્યું છે. અહીં કલ્યાણ અને વિકાસ વિશે સમજૂતી મેળવીશું.

## 3.2 કલ્યાણ :

મધ્યયયુગમાં બધા રાજ્યો પોલીસ રાજ્ય હતાં. રાજ્યનું મુખ્ય કાર્ય કયદો અને વ્યવસ્થાની જાળવણી કરવી, મહેસુલ ઉઘરાવવું અને બાહ્ય આક્રમણથી રક્ષમ કરવા પુરતું જ મર્યાદિત હતું. લોકોના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય ઉત્કર્ષ અને સામાજિક કલ્યાણ પ્રવૃત્તિઓને રાજ્યના કાર્ય તરીકે સ્વિકાર થયો ન હતો. કુટુંબ, જ્ઞાતિ અને ધર્મ સંસ્થા જરૂરિયાતમંદ વ્યક્તિઓને સામાજિક સેવા અને સુરક્ષા પૂરી પાડવી સંસ્થાઓ હતી. ધર્મસંસ્થા દયા, દાન, સખાવત કે સદાવ્રતની પ્રવૃત્તિ તરીકે જરૂરિયાતમંદોને સહાય પૂરી પાડતી. રાજ્ય પણ કેટલીક વખત જરૂરિયાતમંદોને દયા, દાન કે સદાવ્રતની પ્રવૃત્તિ તરીકે સહાય પૂરી પાડતું. પરંતુ તેમાં કલ્યાણ રાજ્યની ભાવનાનો અભાવ હતો. સમાનતા, સામાજિક ન્યાયના મૂલ્યોને પરંતુ તેમાં કલ્યાણ રાજ્યની ભાવનાનો અભાવ હતો. સમાનતા, સામાજિક ન્યાયના મૂલ્યોને અનુલક્ષીને લોકોના અધિકાર તરીકે કલ્યાણ પ્રવૃત્તિઓનો સ્વિકાર થયો ન હતો. પરંતુ આધુનિક યુગમાં નાગરિકોનાં કલ્યાણનાં કાર્યો કરવાં એ રાજ્યની ફરજ છે એમ મનાવા લાગ્યું. શોષણગ્રસ્ત લોકોને શોષણમાંથી મુક્તિ આપવી, અસુરક્ષિત લોકોને સુરક્ષા પૂરી પાડવી અને સામાજિક, આર્થિક, રાજકીય સમાનતા, સ્વાતંત્ર્ય અને ન્યાપૂર્ણ સમાજવ્યવસ્થાનું નિર્માણ કરવા માટે સામાજિક કલ્યાણની પ્રવૃત્તિઓ કરવી એ આધુનિક લોકશાહી રાજ્યોમાં રાજ્યના કાર્ય તરીકે સ્વીકૃત બન્યું છે. હવે રાજ્યને માનવકલ્યાણનું એક મહાન સાધન માનવામાં આવે છે.

ભારતના સંવિધાને ભારતને કલ્યાણ રાજ્ય તરીકે ઘોષિત કર્યુ છે. આ નીતિ મુજબ રાજ્ય માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કાર્ય કરતું. પોલીસ રાજ્ય બની રહેશે નહીં. પણ સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રે રચનાત્મક ભૂમિકા ભજવીને રાજ્ય સામાજિક-આર્થિક પછાતપણું ધરાવતા લોકોને, સમાજના નબળા વર્ગોને, અનાથ કે દીન-દુઃખી વગેરે જરૂરિયાતમંદ લોકોને સામાજિક સુરક્ષા પૂરી પાડશે. તેઓના કલ્યાણ અને વિકાસ માટે રાજ્ય વિશેષ પ્રયાસો હાથ ધરશે. આ ઉપરાંત સમગ્ર સમાજને સામાજિક સેવાઓ પૂરી પાડવાની ફરજ પણ રાજ્ય બજાવશે. રાજ્ય, સામાજિક-આર્થિક સમાનતા, સ્વાતંત્ર્ય અને ન્યાયપૂર્ણ સામાજિક વ્યવસ્થાનું નિર્માણ કરવા પ્રયાસ કરશે તેવી સામાજિક નીતિ અપવનાવવાની સાથે ભારત કલ્યાણ રાજ્ય બન્યું છે.

### 3.2.1 કલ્યાણનો અર્થ :

કલ્યાણ એ દયા, દાન, સખાવત કે સદાવ્રતની બાબત નથી પરંતુ જરૂરિયાતમંદ નાગરિકોના હક્કની બાબત છે. જરૂરિયાતમંદ લોકોને તેમના હક્કની રૂપે સહાય પૂરી પાડવી તેને કલ્યાણ કહેવાય.

રાજ્ય તેના નાગરિકોના સર્વાંગી વિકાસનું ધ્યેય અપનાવી તેમની પાયાની લઘુત્તમ જરૂરિયાતો પૂરી પડે તથા તેમના માટે સમાનતા, સ્વાતંત્ર્ય અને ન્યાયોચિત પરિસ્થિતિનું નિર્માણ થાય તેવા પગલાં ભરે તેને કલ્યાણ રાજ્ય કહેવાય.

સમાજમાં સામાજિક, આર્થિક, રાજકીય રીતે સબળ અને નિર્બળ એવા બે વર્ગોનું અસ્તિત્વ રહેલું છે. નિર્બળ લોકોનું શોષણ થતું હોય છે અને તેઓ મળેલા અધિકારોના ભોગવટાથી વંચિત રહેવા પામે છે. રાજ્ય જ્યારે વિશષ કરીને નિર્બળ કે નબળા વર્ગના લોકોના ઉત્કર્ષ માટે વિશિષ્ટ પગલાં ભરે એ તેઓ શોષણ, ભેદભાવ, નિર્યોગ્યતામાંથી મુક્ત બની સરેરાશ નાગરિકની કક્ષાઓ પહોંચી શકે તથા તેઓને મળેલા અધિકારો ભોગવવા શક્તિમાન બને તેવી પરિસ્થિતિનું નિર્માણ કરતા રાજ્યને કલ્યાણ રાજ્ય કહેવાય.

ભારતમાં સદીઓથી જે કાર્યો જ્ઞાતિ, કુટુંબ અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા જરૂરિયાતમંદો પ્રત્યે દયા, દાન દાખવીને સદાવ્રત સ્વરૂપે થતાં અને તેઓ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે તેટલા મર્યાદિત સ્વરૂપે થતાં તેના બદલે રાજ્ય અને તેની સહાયથી ચાલતી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા નબળા વર્ગના લોકો માત્ર પોતાનું અસ્તિત્વ ટકાવી શકે તે પૂરતાં નહીં પરંતુ વિકાસ સાધીને સરેરાશ નાગરિકની હરોળમાં આવી શકે તે સ્વરૂપના ટકાઉ અને તે પણ દયા, દાન અને સદાવ્રતરૂપે નહીં; પરંતુ, નાગરિક તરીકેના હક્કોની દૃષ્ટિથી થવા લાગ્યાં. આ રીતે ભારત કલ્યાણ રાજ્ય બન્યું છે.

### 3.2.2 ભારતમાં કલ્યાણનાં ધ્યેયો :

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પ્રસ્તુત થયેલાં કલ્યાણનાં ધ્યેયો નીચે મુજબનાં છે.

1. લોકકલ્યાણની વૃદ્ધિ થાય તેવી સામાજિક વ્યવસ્થાનું નિર્માણ કરવું.
2. આવકની અસમાનતા ઘટાડવી.
3. દરજ્જો, સગવડો અને તકોની અસમાનતા નાબૂદ કરવી.
4. પુરુષ અને સ્ત્રી નાગરિકોને આજીવિકાનું પર્યાપ્ત સાધન પૂરું પાડવું તેમજ બંનેને સમાન કામ બદલ સમાન વેતન મળે તેવી વ્યવસ્થા કરવી.
5. લોકહિતાર્થએ સંપત્તિનું વિતરણ કરવું અને સંપત્તિનું કેન્દ્રિકરણ થતું અટકાવવું.
6. કામદારોની શક્તિનો તેમજ કુમળીવયના બાળકોનો દૂરુપયોગ થતો અટકાવવો.
7. બાળકોને ગૌરવપૂર્ણ સ્થિતિમાં વિકાસની તકો અને સગવડો પૂરી પાડવી તેમજ બાળકો અને કિશોરોને શોષણ સામે રક્ષણ પૂરું પાડવું.
8. નાગરિકો માટે એકસરખો દિવાની કાયદો કરવો.
9. નિર્યોગ્યતાને કારણે ન્યાય મેળવી શક્તા ન હોય તેવા નાગરિકોને સમાન ન્યાય અને મફત કાનૂની સહાય પૂરી પાડવી.
10. ગ્રામપંચાયતોની રચના કરવી અને સ્વરાજ્યનાં એકમો તરીકે તેઓ કાર્ય કરી શકે તે માટે તેમને જરૂરી સત્તા અને અધિકાર આપવાં.
11. રાજ્યની શક્તિ અને મર્યાદામાં રહીને જરૂરિયાતમંદ નાગરિકોને જાહેર સહાય પૂરી પાડવી.
12. ચૌદ વર્ષની વય સુધીનાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ આપવું.
13. સમાજના નબળાં વર્ગના લોકોના અને ખાસ કરીને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બીજા નબળા વર્ગોના શૈક્ષિણક તથા આર્થિક હિતોની અભિવૃદ્ધિ કરવી.
14. જાહેર આરોગ્ય સુધારવું.
15. ઢોરની કતલ ઉપર પ્રતિબંધ મૂકવો.
16. પર્યાવરણનું જતન કરવું અને વન્યપશુઓનું રક્ષણ કરવું.

બદલાતા જતા સામાજિક, આર્થિક અને રાજકીય સંજોગોમાં સામાજિક કલ્યાણની વિભાવના અને તેના

ઘટકો બદલાતા રહે છે. પરિણામે સામાજિક કલ્યામના અભિગમો પણ બદલાય છે. શરૂઆતમાં રાજ્યની કલ્યાણ પ્રવૃત્તિઓ પાયાની ઉપચારાત્મક અને પુનર્વસન સબંધિત સેવાઓ પૂરતી મર્યાદિત હતી. સમય જતાં ઉપચારાત્મક અને સંરક્ષણાત્મક અભિગમના સ્થાને કલ્યાણ કાર્યક્રમો માટે વિકાસલક્ષી અભિગમમાં સમાજના વંચિત અને સીમાંત સમૂહોને સામાજિક ન્યાય પૂરો પાડવા ઉપર તેમજ તેઓનું સશક્તિકરણ કરવા ઉપર ભાર મૂકવામાં આવે છે.

સશક્તિકરણમાં નબળા વર્ગોને અને સ્ત્રીઓને સામાજિક પરિવર્તન તથા વિકાસના વાહકો તરીકે જોવામાં આવે સ્ત્રીઓ અને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ તથા અન્ય પછાત વર્ગો જેવાં સામાજિક રીતે વંચિત સમૂહોના સશક્તિકરણ માટેના કાર્યક્રમો ઓછે-વધતે અંશે દરેક પંચવર્ષીય યોજનામાં જોવા મળે છે. તેમાં ખાસ કરીને નવમી પંચવર્ષીય યોજનામાં સશક્તિકરણ ઉપર સ્પષ્ટ રીતે જ ભાર મૂકવામાં આવ્યો છે. સશક્તિકરણ સ્ત્રીઓ અને વંચિત સમૂહોની નિર્બળતા, અવરોધો, પ્રતિબંધો, નિર્યોગ્યતાઓ, શોષણ, અન્યાય, અત્યાચારની નાબૂદીનો નિર્દેશ કરે છે. સમાજના અન્ય સમૂહોની સમકક્ષ દરજ્જો અને ભૂમિકાનો તથા સમાનતાનો નિર્દેશ કરે છે. તેમજ વિકાસની પ્રક્રિયામાં સત્તામાં તેઓની સમાન ભાગીદારીને સૂચિક કરે છે. સશક્તિકરણ એવી પ્રક્રિયા છે જેના દ્વારા સ્ત્રીઓ અને વંચિત સમૂહોની સંગઠન શક્તિને ઉત્તેજના મળે છે. તાબેદારીમાંથી મુક્ત બની સામાજિક-આર્થઇક સમાનતા પ્રાપ્ત કરીને આત્મનિર્ભરતા માટેની શક્તિ વિકસાવે છે, પસંદગી સ્વાતંત્ર્ય અને સાધનોનું નિયંત્રણ કરવાની તેમજ સહભાગી સંબંધો ભોગવવાની શક્તિ પ્રાપ્ત કરે છે, તેમજ પોતાના વિકાસના માર્ગમાં આવતા અવરોધો દૂર કરવા માટેની ચળવળો કરવાની તેમનામાં શક્તિ વિકસાવે છે. સ્ત્રીઓ અને વંચિત સમૂહો માટેની વિભિન્ન યોજનાઓ અને કાર્યક્રમો તેઓનું સશક્તિકરણ કરવામાં ફાળો આપે છે.

### 3.2.3 ભારતના લોકોના સામાજિક કલ્યાણની જરૂરિયાતો :

ભારતના લોકોના સામાજિક કલ્યાણની જરૂરિયાતો સ્થિર નથી; પરંતુ, સમયના વહેણમાં તે બદલાતી રહે છે. આથી સામાજિક કલ્યાણનો ખ્યાલ અને અભિગમ પણ બદલાતા રહે છે.

ભારત સ્વતંત્ર થયું ત્યારે દેશમાં 75 ટકા લોકો ગરીબ અને ઋણગ્રસ્ત હતાં. લગભગ 85 ટકા લોકો નિરક્ષર હતા. આદિવાસીઓ સામાજિક-આર્થિક પછાતપણું ધરાવતા હતાં. પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થામાં નીચેના સ્તરની જ્ઞાતિઓ સામાજિક-આર્થિક પછાતપણું ધરાવતી હતી અને હિંદુ સમાજવ્યવસ્થામાં અસ્પૃશ્યતા પ્રવર્તતી હતી. 'અસ્પૃશ્ય' મનાતી જ્ઞાતિઓ અનેકવિધ નિર્યોગ્યતાઓનો ભોગ બની હતી. આદિવાસીઓ અને કહેવાતા અસ્પૃશ્યો સામાન્ય નાગરિક અધિકારોના ભોગવટાથી વંચિત રહેવા પામ્યા હતા. શિક્ષણ, રોજગારી અને રાજકીય ક્ષેત્રોમાં તેઓ અધિકારો ભોગવવા અશક્ય હતા. સમાજના અન્ય વિભાગોની સરખામણીમાં તેઓમાં ગરીબી, ઋણગ્રસ્તતા અને નિરક્ષરતાની સમસ્યા વધુ વ્યાપક, ગંભીર અને જટિલ હતી.

પરંપરાના પ્રભાવ હેઠળ ભારતીય નારીનો દરજ્જો સમાજજીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પુરુષો કરતાં નીચો હતો. લૈંગિક અસમાનતા અને પુરુષના પ્રભુત્વની પરંપરા હેઠળ સ્ત્રીનું જીવન ઘરની ચાર દિવાલ પૂરતું સીમિત હતું. પુરુષના આધિપત્ય નીચે સ્ત્રી તાબેદારીપૂર્ણ જીવન જીવતી. ઘણી સામાજિક પ્રથાઓ દ્વારા સ્ત્રીઓ પરાધીન બની ગઈ હતી. તેઓ જાહેર જીવન અને નાગરિક અધિકારોથી વંચિત બની ગઈ હતી.

બાળકો પાસે ઘરકામ અને આર્થિક પ્રવૃત્તિ કરાવવાને લીધે તેઓ શિક્ષણના અધિકાર અને વિકાસની તકોથી વંચિત રહેવા પામતાં. તેમાં કન્યાજન્મ અને ઉછેરની અવગણના કરતી અનેક પ્રથાઓ પ્રચલિત હતી. બાળકો, સ્ત્રીઓ અને પછાતવર્ગના લોકોનું તેમજ મજૂરોનું વ્યાપક શોષણ થતું. અનાથો, વિકલાંગો, વૃદ્ધો-માંદા પશુઓ વગેરેની ઉપેક્ષા થતી. તેઓ દયનીય સ્થિતિમાં જીવન જીવતાં.

બ્રિટીશ અમલ દ્વારા કાયદા અને સામાજિક-ધાર્મિક સુધારણા પ્રવૃત્તિઓ દ્વારા આવી સમસ્યાગ્રસ્ત લોકોની સ્થિતિ સુધારવા મર્યાદિત પ્રયાસો થયા હતા. પરંતુ આ અને આવી અન્ય સમસ્યાઓ પણ પેદા થતી ગઈ. ભારતના બંધારણના ઘડવૈયો આવી સમસ્યાઓથી પીડિત લોકોની સ્થિતિથી ચિંતિત હતા. આથી તેઓને સ્વાતંત્ર્ય, સમાનતા, સામાજિક ન્યાય, માનવગૌરવ જેવા માનવઅધિકારોની દૃષ્ટિએ ભારતનાં લોકોના સામાજિક કલ્યાણની આવશ્યક્તા જણાઈ. તેમણે દિર્ઘદૃષ્ટિ દાખવીને ભારતના બંધારણમાં મોટાભાગના માનવ અધિકારોને આવી લીધાં. બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતો દ્વારા રાજ્યોને કલ્યાણમાં વૃદ્ધિ કરવા અને તે માટે પગલાં લેવાં સૂચવ્યું. રાજ્યોને પોતાની આર્થિક શક્તિ અને વિકાસની મર્યાદામાં રહીને જરૂરિયાતમંદ લોકોને કામ, શિક્ષણ અને અમુક પ્રસંગે જાહેર સહાયનો હક મળી રહે તેવી વ્યવસ્થા કરવા સૂચવ્યું. અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને બીજા નબળા વર્ગોના શૈક્ષણિક તથા આર્થિક હિતોની કાળજી લેવા તેમજ સામાજિક ન્યાય અને શોષણ સામે રક્ષણ પૂરું પાડવા સૂચવ્યું. અસ્પૃશ્યતાની નાબૂદીની ઘોષણા કરવામાં આવી.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદની વિકાસ પ્રક્રિયામાં નવી સમસ્યાઓ પેદા થવા લાગી. વિકાસના લાભો મેળવવા અન્ય પછાતવર્ગોએ પણ પોતાની માંગણીઓ આગળ ધરી. આથી તેઓને પણ સામાજિક કલ્યાણ પ્રવૃત્તિઓના ક્ષેત્રમાં આવરી લેવાનું આવશ્યક બન્યું. સામાજિક વિઘટનની પ્રક્રિયાઓમાં લઘુમિતઓનો પ્રશ્ન ઊભો થયો. કૌટુંબિક વિઘટનની પ્રક્રિયામાં વૃદ્ધજનો, નશીલા દ્રવ્યોનાં વ્યસનીઓ અને વિકલાંગોની સમસ્યાઓ વ્યાપક અને ગંભીર બનવા લાગી. ઉપભોક્તાવાદી સંસ્કૃતિના પ્રભાવ હેઠળ ઘરેલું હિંસા, એઈડ્સ, પશુહિંસા, સ્ત્રીઓ પરના અત્યાચારો, સ્ત્રીઓનું જાતીય શોષણ, પર્યાવરણને લગતી સમસ્યાઓ વ્યાપક અને ગંભીર બનવા લાગી. સમાજજીવનનાં ઘણાં ક્ષેત્રોમાં માનવ અધિકારના ભંગની સમસ્યા પેદા થવા લાગી. આથી આ બધાં ક્ષેત્રોમાં પણ લોકકલ્યાણની આવશ્યક્તા ઊભી થવા પામી. પ્રારંભિક તબક્કે સામાજિક કલ્યાણ માટે મૂળભૂત ઉપચાર અને સુરક્ષા સેવાઓ પૂરી પાડવામાં આવતાં. સમસ્યાઓની જટિલતા, વ્યાપક્તા અને ગંભીરતાને લક્ષમાં લેતા આ અભિગમો અસરકારક નિવડ્યાં નહીં. આથી સામાજિક કલ્યાણ પ્રવૃત્તિઓને વધુ પરિણામલક્ષી બનાવવા વિકાસલક્ષી અભિગમ અપનાવવામાં આવ્યો અને હવે સામાજિક ન્યાય અને સશક્તિકરણનો અભિગમ અપનાવવામાં આવ્યો છે.

ભારતના લોકોના કલ્યામની જરૂરિયાતો બદલાતી રહે છે. એક સમયે જેઓ પછાતવર્ગમાં ગણાતા ન હતાં, તેમાંના ઘણાં હવે પછાતવર્ગમાં ગણાવા લાગ્યાં છે. એક સમયે જેઓ અનુસૂચિત આદિજાતિમાં સમાવિષ્ટ થતાં ન હતાં તેમાનાં મોટા ભાગના હવે અનુસૂચિત આદિજાતિમાં સમાવેશ પામ્યાં છે. એક સમયે જેઓ અનુસૂચિત જાતિના ગણાતા ન હતાં તેમાનાં ઘણાં અનુસૂચિત જાતિમાં સમાવિષ્ટ થયાં છે. આમ અનુસૂચિતોની અને પછાતોની યાદી લાંબી બનતી ગઈ છે. હવે ‘સવર્મ’ જ્ઞાતિઓમાંથી અમુક જ્ઞાતિઓ પોતાને આર્થિક રીતે પછાત ગણી અનામતના લાભો માટેની માંગણીઓ કરવા લાગી છે. આ ઉપરાંત એઈડ્સગ્રસ્તો, વૃદ્ધો, નશીલાં દ્રવ્યોના વ્યસનીઓ વગેરે તેમજ સ્ત્રીઓની નવી સમસ્યાઓ ઉદ્ભવતાં આવી સમસ્યાથી પીડાતાં લોકોના સામાજિક કલ્યાણની જરૂરિયાતો ઊભી થવા પામી છે.

આથી જણાશે કે બદલાતા જતાં સામાજિક, આર્થિક અને રાજકીય સંજોગોમાં સામાજિક કલ્યાણનો ખ્યાલ અને તેના ઘટકો બદલાતા રહે છે. આ ઘટના સામાજિક કલ્યાણના ખ્યાલની ગતિશીલતા દર્શાવે છે. સામાજિક કલ્યાણની આવશ્યક્તાઓ સ્થિર નથી પરંતુ ગતિશીલ છે. તેની સાથોસાથ સમાજ કલ્યાણની વિભાવનગા અને અભિગમ પણ બદલાતાં રહે છે. ‘સહાય’ ને બદલે ‘સ્વ-સહાય’ પર તેમજ ઉપચાર અને સુરક્ષા સેવા તેમજ વિકાસને બદલે સામાજિક ન્યાય અને સશક્તિકરણ, ટકાઉ વિકાસ ઉપર ભાર મૂકવા લાગ્યો છે. સશક્તિકરણનો ખ્યાલ સ્ત્રી સશક્તિકરણ, નબળા વર્ગોનું સશક્તિકરણ અને લોકસશક્તિકરણને આવરી લે છે.

### 3.2.4 ભારત-એક કલ્યાણ રાજ્ય :

ભારત કલ્યાણ રાજ્ય છે. તે દેશના લોકોના અને ખાસ કરીને સમાજના નબળા વિભાગોના કલ્યાણ અને વિકાસ માટે સંકલ્પબદ્ધ છે. ભારતનાં બંધારણનું આમુખ, મૂળભૂત અધિકારો, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને તેમાં ખાસ કરીને કલમ 38, 39, અને 46 રાજ્યની કલ્યાણરાજ્ય અંગેની સંકલ્પબદ્ધતાની સાબિતી છે. આ સંકલ્પબદ્ધતાને ચરિતાર્થ કરવા માટે અનેકવિધ કલ્યાણ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. આયોજનના સામાજિક હેતુઓ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અનુસાર નક્કી કરવામાં આવે છે. સમાજના નબળા વિભાગોમાં અર્થવાંચિત સમૂહો કે છેવાડાના સમૂહોમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો, લઘુમતીઓ, વૃદ્ધો, વિકલાંગો, સ્ત્રીઓ અને બાળકો, નશીલા દ્રવ્યોના વ્યસની, વગેરેનો સમાવેશ થાય છે. સમાજના આ બધા નબળા વિભાગો માટેના કલ્યાણની પ્રવૃત્તિઓ પરથી ભારત એક કલ્યાણરાજ્ય છે તે સ્પષ્ટ થશે.

**1. બંધારણનું આમુખ એ કલ્યાણ રાજ્ય :**

કલ્યાણ રાજ્ય તેના સર્વ નાગરિકોના સર્વાંગી વિકાસ માટે સંકલ્પબદ્ધ હોય છે. ભારતના બંધારણના આમુખમાં દેશના સર્વ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને વ્યક્તિના ગૌરવને સુદઢ કરવાનો સંકલ્પ વ્યક્ત થયો છે. આવો સંકલ્પ વ્યક્તિઓ અને સમૂહોને તેમના વિકાસ માટેની ખાતરી આપે છે, જે ભારત કલ્યાણ રાજ્ય હોવાની સાબિતી છે.

**2. મૂળભૂત અધિકારો અને કલ્યાણ રાજ્ય :**

કલ્યામ રાજ્ય તેના સર્વ નાગરિકોને ભેદભાવ વિના સમાનતા, સ્વાતંત્ર્ય, વગેરે અધિકારો આપીને સર્વાંગી વિકાસ માટેની તક પૂરી પાડે છે. ભારતનું બંધારણ દેશના સર્વ નાગરિકોને સમાનતાના ધોરણે મૂળભૂત અધિકારો બક્ષે છે. આ અધિકારોમાં સમાનતા અને સ્વાતંત્ર્યના અધિકારો, શોષણ સામેનો અધિકાર, ધર્મસ્વાતંત્ર્યનો અધિકાર, સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર તેમજ આ અધિકારોનો અમલ કરાવવા માટેનો બંધારણીય ઈલાજનો અધિકાર સમાવિષ્ટ થાય છે. આ અધિકારો વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે પાયાના છે. તે વ્યક્તિત્વનાં સર્વાંગી વિકાસ માટેની આવશ્યક પરિસ્થિતિનું નિર્માણ કરે છે. બંધારણ અર્પિત આ મૂળભૂત અધિકારો ભારત કલ્યાણ રાજ્ય હોવાની સાબિતી છે.

**3. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એ કલ્યાણ રાજ્ય :**

કલ્યાણ રાજ્ય લોકકલ્યાણની વૃદ્ધિ માટે સંકલ્પબદ્ધ હોય છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં આવી કંકલ્પબદ્ધતા વ્યક્ત થઈ છે. બંધારણની કલમ 38થી લોકકલ્યાણની વૃદ્ધિ કરવી તે રાજ્યની ફરજ ગણવામાં આવી છે. કલમ 39 લોકકલ્યાણની વૃદ્ધિ માટે રાજ્યએ ક્યા પગલાં લેવાં તે સૂચવે છે, જેમાં સ્ત્રી-પુરુષને સમાન કામ માટે સમાન વેતન, બાળકોને શોષણ સામે રક્ષણ, વગેરેનો સમાવેશ થાય છે. કલમ 46 લોકોના નબળા વર્ગોનાં અને ખાસ કરીને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને બીજા નબળા વર્ગોનાં શૈક્ષિણક તથા આર્થિક હિતોની અભિવૃદ્ધિ કરવાની, સામાજિક ન્યાય પૂરો પાડવાની તથા તમામ પ્રકારના શોષણ સામે રક્ષણ પૂરું પાડવાની રાજ્યની ફરજ ગણવામાં આવી છે. આ ઉપરાંત સમાન ન્યાય, મફત કાનૂની સહાય, જાહેર સહાય, બાળકોના શિક્ષણ વગેરેને લગતી રાજ્યની ફરજોથી ભારત કલ્યાણ રાજ્ય હોવાનું સ્પષ્ટ થાય છે.

આમ, બંધારણનું આમુખ, મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કલ્યાણ રાજ્ય અંગે વ્યક્ત થયેલી સંકલ્પબદ્ધતા અને સૈદ્ધાંતિક રીતે ભારતને કલ્યાણ રાજ્ય તરીકે ઘોષિત કરે છે.

4. આયોજન અને સામાજિક કલ્યાણ :

ભારતના બંધારણમાં કલ્યાણ રાજ્ય અંગે થયેલી ઘોષણાને વાસ્તવિક બનાવવા ભારતના આયોજનના સામાજિક ધ્યેયો રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાંથી મેળવવામાં આવે છે. કલ્યાણ રાજ્ય તરીકે ભારતમાં સામાજિક કલ્યાણ સંબંધી લેવાયેલાં વિભિન્ન પગલાં નીચે પ્રમાણે છે.

**(i) અનુસૂચિત જાતિઓનું કલ્યાણ :**

અનુસૂચિત જાતિઓનું કલ્યાણ રાષ્ટ્રીય નીતિનો એક મુખ્ય હેતુ રહ્યો છે. તેમના કલ્યાણ માટેનાં પગલા પાછળથી ધારણા એવી છે કે, તેનાથી તેઓ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રમાં પ્રગતિ સાધવા શક્તિશાળી બની શકશે. પંચાયતી રાજની સંસ્થાઓમાં અને લોકસભા તથા વિધાનસભામાં અનુસૂચિત જાતિઓ માટે તેમની વસતિના ધોરણે અનામત બેઠકો રાખવામાં આવી છે. 73માં બંધારણીય સુધારાથી તેઓને પણ પોતાના વિકાસ માટેનું આયોજન અને કાર્યક્રમ ઘટવાની નિર્ણય પ્રક્રિયામાં સહભાગી બનાવવામાં આવ્યા છે અને ગ્રામસભામાં પોતાનો અવાજ રજૂ કરી શકે છે. આ રીતે અનુસૂચિત જાતિઓનું સશક્તિકરણ તેમજ રાજકીયકરણ થવા પામ્યું છે. રાજકીય સ્તરરચનામાં તેઓનું સ્થાન ઊંચુ આવ્યું છે તેમજ તેઓમાં નેતૃત્વનો વિકાસ થવા પામ્યો છે અને પોતાનો અવાજ રજૂ કરવા શક્તિમાન બન્યાં છે. અનુસૂચિત જાતિઓનું સરકારની નોકરીઓમાં વર્ચસ્વ વધારવા માટે અને તે દ્વારા તેઓ સામાજિક અને શૈક્ષિણક રીતે ઉત્કર્ષ સાધી સમાજમાં પોતાનું સ્થાન બનાવી શકે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની નોકરીઓમાં અનામત બેઠકોની જોગવાઈ કરવામાં આવી છે. અનામતપ્રથાને લીધેવહી વટીક્ષેત્રે વિભિન્ન વર્ગની જગ્યાઓમાં તેઓનું પ્રતિનિધિત્વ ઉત્તરોત્તર વધતું જાય છે. અનામત પ્રથાએ તેઓમાં સામાજિક ગતિશીલતા વધારી છે.

અનુસૂચિત જાતિઓ માટે શિક્ષણ સંસ્થાઓમાં અનામત બેઠકો રાખવામાં આવે છે. આ ઉપરાંત શૈક્ષણિક સાધનોની સહાય, મફત શિક્ષણ, છાત્રાલયોની સુવિધા, શિષ્યવૃત્તિઓ વગેરેને લીધે પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણનાં ક્ષેત્રોમાં તેઓમાં શિક્ષણનું પ્રમાણ વધતું જાય છે. તેઓમાં શિક્ષિત મધ્યમવર્ગ વિકસ્યો છે. સામાજિક ગતિશીલતામાં વૃદ્ધિ થવા પામી છે. વિકાસ માટે જાગૃતિ વિકસી છે. તેઓના રાજકીયકરણમાં વૃદ્ધિ થવા પામી છે તેમજ તેમનું નેતૃત્વ વિકસ્યું છે.

ભૂમિ સુધારણા કાર્યક્રમ હેઠળ અનુસૂચિત જાતિઓના ઘણાં કુટુંબોને જમીન ફાળવવામાં આવી છે. આથી તેઓ કૃષિવ્યવસાયમાં જોડાવા લાગ્યાં છે. તેઓને જમીન સુધારણા માટે અને ખેતી માટે આર્થિક આપવામાં આવે છે. તેઓને શોષણમાંથી મુક્ત કરવામાં સહકારી મંડળીઓએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. હસ્તકલાકારીગરી અને ગૃહઉદ્યોગ માટે તેઓને તાલીમ અને સ્વરોજગારી માટે સહાય આપવામાં આવે છે. પંચવર્ષીય યોજનાઓમાં તેમના આર્થિક વિકાસ માટે મોટું નાણાંભંડોળ ફાળવવામાં આવે છે. ગ્રામીણ વિકાસની વિભિન્ન યોજનાઓમાં તેમના વિકાસને પ્રાધાન્ય અપાય છે. રહેઠાણ યોજનાથી તેઓના રહેઠાણની પરિસ્થિતિઓમાં સુધારો થયો છે. પહેલાંની સરખામણીમાં તેમના જીવનની ગુણવત્તામાં સુધારો થયો છે. તેઓમાં વ્યાવસાયિક ગતિશીલતા વધી છે. પરંપરાગત વ્યવસાયો છોડીને ઘણાં કુટુંબોએ આધુનિક વ્યવસાયોમાં પ્રવેશ કર્યો છે. આથી તેઓમાં વ્યાવસાયિક વિભેદન થવા લાગ્યું છે. તેમના વિકાસ માટેનાં નિગમ રચવામાં આવ્યાં છે. 1992માં રચવામાં આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકર ફાઉન્ડેશન દ્વારા તેમના ઉત્કર્ષ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. વિકાસ કાર્યક્રમોની અસર હેઠળ ઘણાં કુટુંબોએ ગરીબી રેખાથી ઉપર જઇને મધ્યમવર્ગમાં પ્રવેશ કર્યો છે.

1955ના અસ્પૃશ્યતા અપરાધ કાનૂનથી અસ્પૃશ્યતાનો અંત આવ્યો છે. આ કાયદામાં સુધારો કરીને તેને 'પ્રોટેક્શન ઑફ સિવિલ રાઇટ્સ એક્ટ-1955' એવું નામ આપવામાં આવ્યું છે અને તે 1976થી અમલમાં મૂકવામાં આવ્યો છે. અનુસૂચિત જાતિઓ પરના અત્યાચારો અટકાવવા માટે 1989નો પ્રિવેન્શન ઑફ એટ્રોસીટીઝ ઍક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. તેનો અમલ 1990થી કરવામાં આવ્યો છે. આ કાયદા અને અન્ય પરિબળોની અસર નીચે અસ્પૃશ્યતાની ઢબમાં નોંધપાત્ર પરિવર્તનો આવ્યાં છે.

અનુસૂચિત જાતિઓને કાનૂની અને યોજનાકીય સવલતો અને સલામતી ઉપલબ્ધ બનતાં સમાજજીવનનાં વિભિન્ન ક્ષેત્રોમાં તેઓ બિન-અનુસૂચિત જાતિઓ સાથે સંપર્કમાં આવ્યાં છે. તેમની સાથે આંતરક્રિયા વધતી જાય છે તથા તેઓ વિકાસના લાભોથી લાભાન્વિત બનતા જાય છે. તેઓની અસ્મિતા સતેજ બની છે. આ સમગ્ર પ્રક્રિયાથી અનુસૂચિત જાતિઓ સમાનતા અને સામાજિક ન્યાયની દિશામાં વિકાસ સાધતી જાય છે, તેઓનું રાષ્ટ્રીય પ્રવાહમાં સુગ્રથન થઇ રહ્યું છે તથા ભારતના વિકાસમાં તેઓ પોતાનું પ્રદાન આપી રહ્યાં છે. જો કે, હજુ તેઓના ઉત્કર્ષ માટે ઘણું કામ કરવાનું બાકી છે.

**(ii) અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ :**

સ્વાધીન ભારતમાં અનુસૂચિત આદિ-જાતિઓ માટે સુગ્રથનની નીતિ અપનાવવામાં આવી. સુગ્રથનની નીતિ એટલે આદિવાસીઓ પોતાની સંસ્કૃતિ અને સમાજની આગવી ખાસિયતો જાળવી રાખે તેમજ રાષ્ટ્રનું અંગ બની રહે તેમ કરવું. સુગ્રંથનની આ નીતિને અનુલક્ષીને આદિવાસીઓ માટે રક્ષણ, સલામતી અને વિકાસની જોગવાઇ કરવામાં આવી છે.

આદિવાસીઓ માટે લોકસભા, વિધાનસભા અને પંચાયતી રાજની સંસ્થાઓમાં વસતિના ધોરણે અનામત બેઠકો રાખવામાં આવી છે. એ જ રીતે કેન્દ્ર અને રાજ્ય સરકારની નોકરીઓમાં અને શિક્ષણ સંસ્થાઓમાં તેમના માટે અનામત બેઠકો રાખવામાં આવે છે. ભરતી વખતે વયમર્યાદામાં અને અરજીની ફીમાં રાહત આપવામાં આવી છે. આદિવાસી કન્યાઓ અને યુવકો માટે છાત્રાલયો, આશ્રમશાળાઓ અને વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં છે. કન્યાકેળવણી માટે ખાસ યોજના અમલમાં મૂકવામાં આવી છે. શૈક્ષણિક સાધનો, શિષ્યવૃત્તિઓ, વગેરે દ્વારા શિક્ષણ વિકાસના પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે.

આદિવાસીઓ પરના અત્યાચારો અટકાવવા માટેનો કાયદો અમલમાં મૂકવામાં આવ્યો છે. 73મો બંધારણીય સુધારો પંચાયતો અને ગ્રામસભાને બંધારણીય દરજ્જો આપે છે, આથી આદિવાસી ગામોને પણ તેમના વિકાસ માટે આયોજન અને તેના અમલ કરવાના અધિકાર પ્રાપ્ત થયા છે. 74માં બંધારણીય સુધારાથી દેશના આદિવાસી વસતિવાળા આઠ રાજ્યોના આદિવાસી સમાજને તેમનું ભાવિ નક્કી કરવા અને કુદરતી સાધનો ઉપર તેમના પરંપરાગત હક્કોને રક્ષણ પૂરું પાડે છે. આદિવાસી વિસ્તારોમાં હવે સ્વશાસન સ્થપાયું છે.

આદિવાસીઓનું પછાતપણું દૂર કરવા અને આર્થિક વિકાસ માટે વિકાસ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. તેમને કૃષિપેદાશો અને જંગલની પેદાશોના વાજબી ભાવ મળે તે માટે સહકારી મંડળીઓ રચવામાં આવી છે. તેમના પરંપરાગત વ્યવસાયોને આધુનિક બનાવવા અને તેઓને પૂરક તથા પૂર્ણ રોજગારી મળે તે માટે પ્રયાસો થયા છે. ધંધા-સાહસિકતા માટે લોન અને સબસિડી આપવામાં આવે છે. કૃષિવિકાસ માટે સુવિધા અને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ રીતે અનુસૂચિત આદિજાતિઓનું વંચિતપણું દૂર કરવા ઘનિષ્ઠ, સંકલિત અને પરિણામલક્ષી કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. તેઓ માટે વિકાસકાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને સરકાર તરફથી આર્થિક સહાય કરવામાં આવે છે.

આ બધાં પગલાં આદિવાસીઓને શોષણ અને અન્યાય સામે રક્ષણ પૂરું પાડે છે, તેમજ તેઓનો સર્વાંગી ઉત્કર્ષ શક્ય બનાવે છે. આદિવાસી સંસ્કૃતિને જાળવવા અને પ્રોત્સાહન આપવા સંગ્રહસ્થાનો વિકસાવવામાં આવ્યાં છે. તેમજ તેમની કળાકારીગરી, સંગીત, નૃત્યને પ્રોત્સાહન આપવામાં આવે છે. 75 આદિવાસી સમુદાયોને 'આદિમ આદિવાસી જૂથો' તરીકે જાહેર કરી તેમના સર્વાંગી વિકાસ માટે 1998-99થી નવી યોજના અમલમાં મૂકવામાં આવી છે.

આદિવાસીઓના કલ્યાણ માટેનાં આ બધાં પગલાં તેઓને રાષ્ટ્રીય પ્રવાહમાં સુગ્રથિત થવા, દેશના અન્ય નાગરિકોની સમકક્ષ બનવા તેમજ તેમની અસ્મિતા જાળવી રાખવાની અને સતેજ કરવાની તક પૂરી પાડે છે. આ નીતિ, પગલાં અને કલ્યાણ-પ્રવૃત્તિઓને લીધે આદિવાસીઓમાં સામાજિક-રાજકીય જાગૃતિ આવી છે; તેઓમાં નવા નેતૃત્વનો વિકાસ થયો છે, તેઓમાં ગતિશીલતા વધી છે, વ્યાવસાયિક ગતિશીલતામાં વધારો થવા લાગ્યો છે, વહીવટી ક્ષેત્રમાં તેમનું પ્રતિનિધિત્વ વધતું જાય છે. જેમ જેમ તેમના વિકાસની પ્રક્રિયા આગળ વધતી જાય છે, તેમ તેમ તેઓ રાષ્ટ્રીય પ્રવાહમાં સુગ્રથિત થતા જાય છે અને રાષ્ટ્રીય સંસ્કૃતિના વિકાસમાં પોતાનું યોગદાન આપી રહ્યાં છે. આમ, છતાં તેમનાં વિકાસ માટે ઘણું કામ બાકી છે.

**(iii) અન્ય પછાતવર્ગોનું કલ્યાણ :**

અન્ય પછાતવર્ગો સમાજના નબળાં વર્ગના સમૂહો છે. આદિવાસીઓ અને અનુસૂચિત જાતિઓ કરતાં સાપેક્ષ રીતે તે ભિન્ન સમૂહો છે. આવા સમૂહોને મંડળ પંચ દ્વારા ઓળખી કાઢવામાં આવ્યાં. મંડલ પંચે પછાતપણા સામાજિક, શૈક્ષણિક અને આર્થિક માપદંડોના આધારે પછાતપણાના એકમ તરીકે જ્ઞાતિનો માપદંડ અપનાવ્યો અને પછાતવર્ગોની યાદી તૈયાર કરી. આજ ધોરણે દેશના જુદા જુદા રાજ્યોમાં પછાતવર્ગોની યાદી તૈયાર થઇ. આ યાદીમાં સમાવિષ્ટ થયેલી જ્ઞાતિઓ પછાતવર્ગો (OBCS) તરીકે ઓળખવામાં આવે છે.

પછાતવર્ગોના કલ્યાણ માટે ભારત સરકારે તેમજ રાજ્ય સરકારોએ છેલ્લા દસ વર્ષથી વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. પછાતવર્ગો માટે નોકરીમાં અને શિક્ષણ સંસ્થાઓમાં અનામત બેઠકો રાખવામાં આવે છે. તેમજ તેમના માટે શૈક્ષણિક અને આર્થિક વિકાસની ખાસ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાઓ દ્વારા પછાતવર્ગોનું સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પછાતપણું દૂર કરવા, તેઓને સામાજિક ન્યાય પૂરો પાડવા તેમજ તેઓનું સશક્તિકરણ કરવા પ્રયાસો થાય છે. ઓછી આવકવાળા કુટુંબના બાળકોને ગણવેશ, શિષ્યવૃત્તિ, બુકબેંક, છાત્રાલયો, આશ્રમશાળા, ખાસ શિક્ષણવર્ગો વગેરે સુવિધા પૂરી પાડવામાં આવે છે. અન્ય પછાતવર્ગો આવક ઊભી કરી શકે તેવી આર્થિક પ્રવૃત્તિ કરવા સક્ષમ બની શકે તેવી કામગીરી કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને સરકાર દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે. પછાતવર્ગોના નાણાં અને વિકાસ નિગમ દ્વારા ગરીબી રેખા નીચે જીવન જીવતા પછાતવર્ગોના સભ્યોને આવક મેળવી આપતા ધંધારોજગાર માટે ધિરાણ આપવામાં આવે છે. આ નિગમ કૃષિ અને કૃષિ સંબંધિત વ્યવસાયો, કારીગરી, પરંપરાગત વ્યવસાયો, ટેક્નિકલ ધંધા, નાના વેપાર ઉદ્યોગ વગેરે માટે ધિરાણ આપે છે. 'સ્વર્ણિમા' તરીકે ઓળખાતી યોજના હેઠળ પછાતવર્ગની સ્ત્રીઓને ઓછા વ્યાજે નાણાકીય સહાય આપવામાં આવે છે. અન્ય પછાતવર્ગોના આર્થિક વિકાસ માટે લોન, ખેતવિષયક સહાય, ધિરાણ ઉપરાંત આરોગ્ય અને ગૃહનિર્માણ માટેની સહાય કરવા 15 યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

આ રીતે અન્ય પછાતવર્ગોના સર્વાંગી વિકાસ માટેની યોજનાઓથી તેઓ માટે શૈક્ષણિક તકો વધી છે, નોકરી અને રોજગારીની તકો વધવા પામે છે. વહીવટમાં તેઓનું પ્રતિનિધિત્વ વધવા લાગ્યું છે. તેઓમાં શૈક્ષણિક, વ્યાવસાયિક અને આર્થિક ગતિશીલતા વધવા લાગી છે. તેઓનું

સાપેક્ષ સામાજિક-શૈક્ષણિક-આર્થિક પછાતપણું હળવું બનવા લાગ્યું છે. પરિણામે સમય જતાં તેઓ અન્ય વિકસિત સમૂહોની સમકક્ષ સ્થાન પ્રાપ્ત કરશે તેવી સંભાવના ઊભી થવા પામી છે.

**(iv) લઘુમતીઓનું કલ્યાણ :**

લઘુમતીઓને રાષ્ટ્રીય જીવનધોરણમાં સુગ્રથિત કરવાના ઉપાય તરીકે લઘુમતીઓ માટેની બંધારણીય જોગવાઈઓ ઉપરાંત તેમના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટેની યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, જે નીચે મુજબ છે.

- **બંધારણીય જોગવાઈ :** 26મી જાન્યુઆરી, 1950માં ભારતનું બંધારણ અમલમાં આવ્યું. તેમાં બિનસાંપ્રદાયિકતા નીતિ અપનાવવામાં આવી છે. ભારતના બંધારણમાં ધર્મ, કોમ, જ્ઞાતિ, લિંગ વગેરેના તફાવતોના આધારે રાજ્ય કોઈપણ નાગરિક પ્રત્યે ભેદભાવભર્યું વર્તન નહીં દાખવે અને પ્રત્યેક નાગરિકને સમાન ગણીને સૌને સમાન તક આપવામાં આવશે એવી જોગવાઈ કરવામાં આવી. આમ, બંધારણીય જોગવાઈ વડે રાજ્યનીતિ અને ધર્મને જુદા પાડવામાં આવ્યાં. દરેક નાગરિકને પોતાની ઇચ્છા મુજબનો ધર્મ પાળવાની સ્વતંત્રતા આપીને ધાર્મિક ક્ષેત્રમાં રાજ્યના હસ્તક્ષેપને બંધારણ વડે દૂર કરવામાં આવ્યો. રાજ્ય સર્વધર્મો પ્રત્યે સમાન વ્યવહાર કરશે અને કોઇ ધર્મ વિશેષને ટેકો નહીં આપે તેવી જોગવાઈ કરવામાં આવી. આમ, ધર્મનિરપેક્ષ કે બિનસાંપ્રદાયિક નીતિની ઘોષણા સાથે ભારત બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર બન્યું. આ નીતિમાં ભારતની સહિષ્ણુતાની ભાવનાનો પડઘો પડે છે. બંધારણે આ જોગવાઈ દ્વારા એક તરફથી બહુમતી સમુદાયોની સમકક્ષ ગણીને તેઓમાં વિશ્વાસ અને સમાનતાની લાગણી કેળવવાનો પ્રયાસ થયો. ભારતના બંધારણની બિનસાંપ્રદાયિક નીતિની કેટલીક સાનુકૂળ અસરો હિંદુ-મુસ્લિમ સંબંધો ઉપર પડી. પરંતુ છૂપાં સ્થાપિત હિતો વર્તમાન સમયમાં પણ સક્રિય છે, જેને લીધે પ્રસંગોપાત કોમી વિસંવાદિતા, તંગદીલી અને સંઘર્ષોની ઘટનાઓ બને છે. આથી ભારતમાં કેટલાક વિસ્તારોને સંવેદનશીલ કે અતિસંવેદનશીલ વિસ્તારો તરીકે જાહેર કરવા પડ્યા છે. રાષ્ટ્ર નિર્માણમાં આ એક મોટો અવરોધ છે.
- **લઘુમતી પંચ :** ભારતનું બંધારણ લઘુમતીઓના હિતોને રક્ષણ આપે છે. તે લઘુમતીઓની ભાષાઓ, લિપિઓ કે સંસ્કૃતિની જાળવણીના અધિકારોને સ્વીકૃતિ આપે છે. તેમજ તેમની પસંદગીની શિક્ષણ સંસ્થાઓ સ્થાપવા અને તેનો વહીવટ કરવાના અધિકારોને સ્વીકૃતિ આપે છે. ધાર્મિક લઘુમતીઓનાં હિતો અને અધિકારો માટેની બંધારણીય જોગવાઈના અમલીકરણની કામગીરીના મૂલ્યાંકન તથા તેના અસરકારક અમલ માટે ભલામણો કરવા 1978માં લઘુમતી પંચની રચના કરવામાં આવી છે. 1992ના લઘુમતીઓ માટેના રાષ્ટ્રીય પંચના કાયદાની જોગવાઈ મુજબ લઘુમતીઓ માટેના રાષ્ટ્રીય પંચની રચના કરવામાં આવી છે તથા તેને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો છે.
- **રાષ્ટ્રીય એકતા સમિતિ :** હિન્દુ-મુસ્લિમો વચ્ચેના સંબંધો સુમેળભર્યા રાખવા માટે રાષ્ટ્રીય એકતા સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ સદ્‌ભાવ રેલીઓ યોજે છે અને કોમી તંગદિલી અને સંઘર્ષના બનાવો બનતાં પરિસ્થિતિને સમધારણ કરવા પ્રયત્ન કરે છે તથા લોકોમાં સદ્‌ભાવ જાગૃત કરવા પ્રયાસ કરે છે.

લઘુમતીઓના શૈક્ષણિક વિકાસ માટેની યોજના : કેન્દ્ર દ્વારા લઘુમતીઓના શૈક્ષણિક વિકાસ માટે બે નવી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. એક, શૈક્ષણિક રીતે પછાત લઘુમતીઓ માટે ઘનિષ્ઠ કાર્યક્રમ અને બૂજું, મદરેસા શિક્ષણના આધુનિકીકરણ માટે નાણાંકીય સહાયની યોજના અમલમાં મૂકવામાં આવી છે.

શૈક્ષણિક રીતે પછાત લઘુમતીઓ માટેની યોજનાનો હેતુ, શૈક્ષણિક રીતે પછાત લઘુમતીઓના કેન્દ્રિકરણવાળા જે વિસ્તારમાં પર્યાપ્ત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ ન હોય તેવા વિસ્તારોમાં પાયાનું શૈક્ષણિક માળખું પૂરું પાડવાનો છે. આ યોજના અંતર્ગત જરૂર હોય ત્યાં નવી પ્રાથમિક શાળાઓ સ્થાપવા માટે, અનૌપચારિક શિક્ષણકેન્દ્રો સ્થાપવા માટે સો ટકા મદદની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત શૈક્ષણિક રીતે પછાત લઘુમતીઓની કન્યાઓ માટે રહેઠાણની સુવિધાવાળી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સ્થાપવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે.

મદરેસા શિક્ષણના આધુનિકીકરણ માટે સહાયની યોજના અલમમાં મૂકવામાં આવી છે. આ યોજના મુજબ પરંપરાગત મદરેસા અને મકતબ જેવી સંસ્થાઓમાં વિજ્ઞાન, ગણિત, સમાજવિદ્યાઓ, હિંદી અને અંગ્રેજી શિક્ષણ દાખલ કરવા પ્રોત્સાહન આપવામાં આવે છે. આવી સંસ્થાઓમાં આ નવા વિષયો શીખવવા માટે લાયક શિક્ષકોની નિમણૂક માટે સો ટકા નાણાંકીય સહાય આપવામાં આવે છે.

- **આર્થિક-સામાજિક વિકાસ માટેના યોજના :** લઘુમતીઓના કલ્યાણ માટે 15 મુદ્દાનો કાર્યક્રમ ઘડવામાં આવ્યો છે. તેનો હેતુ લઘુમતીઓના જાન-માલને સલામતી આપવાનો અને જાહેર નોકરીઓમાં લઘુમતીઓ માટે ખાસ વિચારણા કરવાનો છે. વિકાસ કાર્યક્રમોમાં અને નાણાંકીય લાભોની બાબતમાં લઘુમતીઓ પ્રત્યે ભેદભાવ દાખવવામાં ન આવે તે જોવા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્ય સરકારો અને કેન્દ્રના સંબંધિત ખાતા દ્વારા આ કાર્યક્રમોનો અમલ થઈ રહ્યો છે.

  જાહેર નોકરીઓમાં લઘુમતીઓની રોજગારીની તકો વધારવા માટે તેમજ વ્યાવસાયિક અભ્યાસક્રમો અને પૂર્વપરીક્ષા તાલીમી યોજનાથી સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ લઘુમતીઓના નબળા વર્ગના ઉમેદવારોને તાલીમનો લાભ આપવામાં આવે છે. આ ઉપરાંત લઘુમતીઓના સામાજિક-આર્થિક વિકાસ માટે પ્રાદેશિક અભિગમ અપનાવ્યો છે. જે પ્રદેશમાં લઘુમતી વસતિનું કેન્દ્રિકરણ થયું છે તેવા 41 જિલ્લાઓમાં લઘુમતીઓના સામાજિક-આર્થિક વિકાસ માટે પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

- **લઘુમતીઓના વિકાસ માટેનું નાણાઅભિગમ :** સરકારે લઘુમતીઓના વિકાસ માટે રાષ્ટ્રીય કક્ષાના નાણા નિગમની રચના કરી છે. તેમાં લઘુમતીઓમાં પછાત લોકોના લાભો માટે આર્થિક વિકાસ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. તેમાં લઘુમતીઓના વ્યાવસાયિક જૂથો અને સ્ત્રીઓને અગ્રતાક્રમ આપવામાં આવે છે.

- **મૌલાના આઝાદ એજ્યુકેશન ફાઉન્ડેશન :** આ ફાઉન્ડેશનની સ્થાપના એક સંસ્થા તરીકે થઈ છે. તેનો હેતુ સમાજના અને તેમાં ખાસ કરીને લઘુમતીઓના શૈક્ષણિક રીતે પછાત લોકોમાં શિક્ષણ વિકાસની પ્રવૃત્તિઓ કરવાનો છે. સરકાર તેને વિવિધ પ્રવૃત્તિઓ માટે ગ્રાન્ટ આપે છે.

  લઘુમતીઓના કલ્યાણ માટેની વિવિધ યોજનાથી તેઓમાં શૈક્ષણિક, આર્થિક અને વ્યાવસાયિક વિકાસના નવાં દ્વારો ખૂલ્યાં છે. આથી તેઓ માટે વિકાસની નવી તકો ઉપલબ્ધ બની છે. આ ઘટના તેઓનું સમાજમાં સુગ્રથન વધારવામાં ફાળો આપે છે.

**(v) બાળકો અને સ્ત્રીઓનું કલ્યાણ :**

દેશના આઠ મુખ્ય શહેરોના સર્વેક્ષણથી જણાયું છે કે ભારતના શહેરોમાં અસંખ્ય રખડું બાળકો છે જે અવગણના, શોષણ, દુરુપયોગનો ભોગ બનેલા અને રહેઠાણના તથા અન્ન-વસ્ત્રથી વંચિતપણું ધરાવે છે. આવા બાળકોના કલ્યાણ માટેનો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ હેઠળ આવા બાળકોના રહેઠાણ, પોષણ, આરોગ્ય સંભાળ, પાણી, શિક્ષણ મનોરંજન વગેરે સુવિધા મળી રહે અને તેઓનો દુરુપયોગ અને શોષણથી રક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. એ જ રીતે બાળઅપરાધીઓને ન્યાય મળે તે માટે સંકલિત કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે. બાળમજૂરના કાયદા દ્વારા બાળમજૂરી ઉપર નિયંત્રણ અને નિયમન મૂકવામાં આવ્યું છે તથા બાળમજૂરોના પુનર્વસન માટે પગલાં લેવામાં આવે છે.

નારી ઉત્થાન માટે 70ના દાયદામાં 'નારીકલ્યાણ'નો ખ્યાલ પ્રવર્તતો હતો. 80ના દાયકામાં 'નારી વિકાસનો ખ્યાલ' વિકસ્યો અને 90ના દાયકામાં 'સ્ત્રી સશક્તિકરણ'નો ખ્યાલ વિકસ્યો સ્ત્રી અને બાળવિકાસ વિભાગ સ્ત્રીઓનો સામાજિક-આર્થિક દરજ્જો સુધારવા માટેના કાર્યક્રમો અમલમાં મૂકે છે. મોટાભાગના કાર્યક્રમો આરોગ્ય, શિક્ષણ, ગ્રામીણ અને શહેરી વિકાસ વગેરે વિભાગોના વિકાસ અને કલ્યાણના કાર્યક્રમોને પૂરક બની રહે છે. ખોરાક અને પોષણ કાર્યક્રમ દ્વારા આરોગ્ય સ્તર સુધારવા પ્રયત્ન થાય છે.

1985માં માનવ સંસાધન વિકાસ મંત્રાલયના એક ભાગ તરીકે સ્ત્રીઓ અને બાળકોનો વિકાસ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આ વિભાગ દેશમાં સ્ત્રીઓ અને બાળકોની પરિસ્થિતિ સુધારવા યોજના, નીતિ અને કાર્યક્રમ ઘડે છે અને અલમમાં મૂકે છે તેમજ સરકારી અને બિનસરકારી સંગઠનોનું સંકલન કરે છે. બાળકોના વિકાસ માટે આંગણવાડી કેન્દ્રો, નિમ્ન આવક જૂથની નોકરી કરતી સ્ત્રીઓ માટે સસ્તા દરની હોસ્ટેલ, કૌટુંબિક સમસ્યાઓથી પીડાતી સ્ત્રીઓ માટે હંગામી આશ્રય, રોજગારી અને તાલીમ કાર્યક્રમ, આવક પેદા થાય તેવી પ્રવૃત્તિઓ માટે સહાય તેમજ ગ્રામીણ અને ગરીબ સ્ત્રીઓને તેમની સુષુપ્ત શક્તિઓનું ભાન કરાવતું જાગૃતિ અભિયાન એ સ્ત્રીઓ અને બાળકોના કલ્યાણ કાર્યક્રમની આગવી વિશિષ્ટતા છે.

સ્ત્રીઓ માટે સ્વશક્તિ કાર્યક્રમ અમલમાં મૂક્યો છે. ઇન્દિરા મહિલા યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારમાં સ્ત્રીઓને નિર્ણય લેવામાં સહભાગી બનાવવા ઉપર ભાર મૂકે છે. આ કાર્યક્રમ પ્રાયોગિક ધોરણે મર્યાદિત વિસ્તારમાં અમલમાં મૂક્યો છે.

ગરીબી રેખા નીચે જીવન જીવતા કુટુંબ માટે 'બાલિકા સમૃદ્ધિ યોજના' અમલમાં મૂકવામાં આવી છે. ગરીબ સ્ત્રીઓની ધિરાણ જરૂરિયાતો પૂરી પાડવા માટે રાષ્ટ્રીય મહિલા કોષની રચના કરવામાં આવી છે.

**(vi) વિકલાંગોનું કલ્યાણ :**

ભારતની કુલ વસતિમાં અંદાજે 5 ટકા વસતિ કોઇને કોઇ પ્રકારના વિકલાંગપણાથી પીડાય છે. 1995ના વિકલાંગપણાને લગતા કાયદાથી વિકલાંગોના કલ્યાણની જોગવાઈ કરે છે. આ કાયદો વિકલાંગો માટે સમાન તકો, અધિકારોને રક્ષણ અને સામાજિક પ્રવૃત્તિઓમાં સહભાગીપણાને આવરી લે છે. આ કાયદાથી વિકલાંગોને શિક્ષણ, રોજગારી, વ્યાવસાયિક તાલીમ, પુનર્વસન સેવાઓ, સંસ્થાકીય સેવાઓ, સામાજિક સલામતી, વગેરે પૂરી પાડવાની જોગવાઇ થઇ છે. વિકલાંગોને સ્વરોજગારી માટે લોનની સહાય, રોજગારીની તકો તેમજ કૌશલ્યો વિકસાવવા માટેની તકો પૂરી પાડવામાં આવે છે.

**(vii) વૃદ્ધોનું કલ્યાણ :**

વૃદ્ધોની સમસ્યા હળવી કરવા માટે વૃદ્ધાવસ્થા સંબંધિત સહાય પૂરી પાડવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ વૃદ્ધાશ્રમો, ડેકેર કેન્દ્રો, ફરતી તબીબી સેવા, વગેરે માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાય આપવામાં આવે છે. આ યોજનાને હવે 'વદ્ધો માટેનો સંકલિત કાર્યક્રમ' નામ આપવામાં આવ્યું છે. તેમાં સ્વૈચ્છિક સંસ્થાઓને સહાય પૂરી પાડવામાં આવે છે.

વૃદ્ધાશ્રમો એ વૃદ્ધોના રહેઠાણનું એકમ છે. સમાજના નિમ્ન અને મધ્યમ આવકજૂથોમાંથી વૃદ્ધો વૃદ્ધાશ્રમોમાં આશ્રય માટે આવતા હોય છે. સરકારી સહાયથી ચાલતા વૃદ્ધાશ્રમો ન હોય તેવા જિલ્લાદીઠ એક વૃદ્ધાશ્રમ સ્થાપવા માટે પંચાયતી રાજની સંસ્થા કે સ્વૈચ્છિક સંગઠનને આર્થિક સહાય આપવામાં આવે છે. નિવૃત્ત કર્મચારીઓના કલ્યાણ માટે અને નિવૃત્તિના લાભો તેમજ તબીબી લાભો અને વરિષ્ઠ નાગરિક તરીકેના લાભોની યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

**(viii) લોકશાહી વિકેન્દ્રિકરણ :**

રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને અનુસરીને પંચાયતોની અને પંચાયતી રાજ્યની રચના કરવામાં આવી છે. તેમાં પંચાયતોને સ્વશાસનના એકમો તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. 73માં બંધારણીય સુધારાથી પંચાયતીરાજની સંસ્થાઓને તેમજ ગ્રામસભાને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો છે તેમજ રાજ્યના પંચાયતોને લગતા કાયદાથી પંચાયતી રાજની સંસ્થાઓને ગ્રામસભાને સત્તા, અધિકાર અને ફરજોની સોંપણી દ્વારા લોકસશક્તિકરણ કરવામાં આવ્યું છે.

**(ix) અન્ય ક્ષેત્રોમાં કલ્યાણ :**

મજૂરકલ્યાણ, પશુકલ્યાણ તેમજ પર્યાવરણ સંબંધી કલ્યાણ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. નધણિયાતા, માંદા અને ઘાયલ પશુઓના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. 1962માં પશુકલ્યાણ બોર્ડની રચના કરવામાં આવી. પશુઓ પ્રત્યેની ક્રૂરતા અટકાવવા માટે કાયદો અમલમાં મૂકવામાં આવ્યો છે. આવાં પશુઓની સેવા કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

આ રીતે એક કલ્યાણરાજ્ય તરીકે ભારતમાં અનેકવિધ કલ્યાણ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. આ બધી પ્રવૃત્તિઓથી સમાજના નબળા વર્ગો, લઘુમતીઓ, સ્ત્રીઓ અને બાળકો, વૃદ્ધો, વિકલાંગો વગેરેની પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો થવા પામ્યો છે. ભારત સ્વતંત્ર બન્યું તે પૂર્વે તેઓની જે સ્થિતિ હતી તેમાં નોંધપાત્ર સુધારો થયો છે. છેલ્લા પાંચ દાયકામાં થયેલી કલ્યાણપ્રવૃત્તિઓની અસરરૂપે નબળા વર્ગના લોકોની અને સ્ત્રીઓ તથા બાળકો અને લઘુમતીઓનું ઘણુંખરું વંચિતપણું દૂર થયું છે અથવા હળવું બન્યું છે. આમ છતાં, તેઓ માટે હજુ ઘણું કામ કરવાનું બાકી છે.

સામાજિક કલ્યાણ માટેના વિભિન્ન કાર્યક્રમોની સમાંતરે આવશ્યકતા અનુસાર સામાજિક કલ્યાણ માટે સામાજિક કાનૂનીકરણનો માર્ગ અપનાવવામાં આવ્યો છે. વિભિન્ન કાયદા દ્વારા નબળા વર્ગોને, બાળકો અને સ્ત્રીઓ વગેરેને રક્ષણ પૂરું પાડવા પ્રયત્નો થાય છે અને તે સશક્તિકરણમાં ફાળો આપે છે.

## 3.3 વિકાસનો ખ્યાલ

શ્રીવાસ્તવ કહે છે તેમ વિકાસ બહુલક્ષી ખ્યાલ છે. જેમાં આર્થિક, રાજકીય, વૈચારીક, સામાજિક, સાંસ્કૃતિક અને નૈતિક લાક્ષણિકતાઓ સંયુક્ત થયેલી છે જો કે અગાઉના સમયમાં આર્થિક વિકાસ દ્વારા સામાજિક પરિવર્તન લાવવું તેવો વિચાર કેન્દ્રસ્થાને હતો; પરંતુ, અનુભવે સ્પષ્ટ થયું કે આર્થિક વિકાસ સમાજજીવન અને સંસ્કૃતિનાં વિભિન્ન ક્ષેત્રોમાં સામાજિક પરિવર્તન નિપજાવતું અગત્યનું પરિબળ છે. સાથો સાથ સમાજના વિભિન્ન અંગો પર ગાઢ રીતે સંબંધિત છે. આથી કોઇ એકાદ અંગને જ વિકસાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે અને અન્ય અંગોના વિકાસની અવગણના કરવામાં આવે તો ધાર્યા પરિવર્તનો લાવી શકાતા નથી એટલે કે કોઇ એક અંગના વિકાસ દ્વારા સામાજિક વિકાસ સાધી શકાતો નથી. આવી સમજમાંથી આર્થિક વિકાસને બદલે સામાજિક વિકાસ શબ્દ પ્રચલિત બન્યો.

વિકાસનો શાબ્દિક અર્થ છે વૃદ્ધિ, ક્રમિક પ્રગતિ થવી. પશ્ચિમી દેશોમાં તેને આર્થિક પ્રક્રિયા માનવામાં આવે છે. જેનો ઉદ્દેશ વસ્તીના બધા સ્તરે જીવન સ્તરમાં સુધારો લાવવાનો છે. તેને વધતા ઉત્પાદન દ્વારા જાણવામાં આવે છે; પરંતુ, વિકાસશીલ દેશો માટે વિકાસ સર્વાધીક વિશિષ્ટ કાર્યરત પરિવર્તન પ્રક્રિયાનો સમય છે. તેનો તેને બહુપતિય અવધારણ માને છે. વિકાસ પ્રક્રિયા એક વિશાળરૂપે સમાજનું સકારાત્કમ કાર્ય છે. તથા તેનો ઉદ્દેશ દાના અને આર્થિક પ્રગતિથી નથી પરંતુ સામાજિક દષ્ટિકોણ અને સંસ્થાઓ, મૂલ્યો, ધોરણો, આરોગ્ય, સુરક્ષા, રાજનીતિ વગેરે સાથે સંબંધિત છે. આ રીતે વિકાસ એક વિવિધતાવાળી અવધારણા છે. જેના અનેક પ્રકાર છે. જેમાં ત્રણ મુખ્ય છે.

1. આર્થિક વિકાસ

2. રાજકીય વિકાસ

3. સામાજિક વિકાસ

સામાજિક વિકાસમાં ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.

1. શિક્ષણ, સ્વાસ્થ્યસેવા, આવાસ વગેરેની સુવિધામાં વૃદ્ધિ કરવી.

2. નિર્બળ વર્ગોના સમાનતાવાદી વલણ દ્વારા થતા શોષણને અટકાવવું.

3. નવીન સામાજિક વ્યવસ્થાની રચના કરવી.

વિકાસશીલ દેશો પાસે આ નવીન સામાજિક વ્યવસ્થાને કોઇ સ્પષ્ટ રૂપરેખા નથી પરંતુ તેઓ તકની સમાનતા નિયોજીત અર્થવ્યવસ્થા અને ગરીબી હટાવોને તેના મહત્ત્વના અંગ માને છે. તથા તેઓ આર્થિક જીવનની મૂડીવાદી અર્થવ્યવસ્થા તથા આર્થિક વ્યવસ્થા પર રાજકીય નિયંત્રણના અસ્વીકાર કરે છે. આમ કહેવાય કે વિકાસનો અર્થ માત્ર ઉત્પાદનમાં વૃદ્ધિ નહીં પરંતુ તે એક બહુઆયાગી પ્રક્રિયા છે. જે અનેક દિશામાં પ્રગતિશીલ છે.

પ્રવર્તમાન સમયમાં આર્થિક, સામાજિક, રાજકીય અને નૈતિક ક્ષેત્રમાં હેતુપૂર્વકના અને ઇચ્છિત દિશામાં પરિવર્તનો સામાજિક વિકાસ બીજી રીતે કહીએ તો સમાજના વિભિન્ન જેવા કે કૃષિ, ઉદ્યોગ, કુટુંબ રહેઠાણ, જીવનસ્તર, રોજગારી, સહકાર, રાજકીય જીવન, આરોગ્ય, શિક્ષણ વગેરેમાં ઇચ્છિત દિશામાં સંખ્યાત્મક અને ગુણાત્મક ફેરફારોને સામાજિક વિકાસ કહેવાય. શાખાઓની સંખ્યાઓમાં વૃદ્ધિ વગેરે ઇચ્છિત દિશામાં સંખ્યાત્મક ફેરફારો છે જ્યારે આરોગ્ય સ્તરમાં સુધારો, રોજગારીની તકોમાં વૃદ્ધિ, ઉત્પાદનમાં વૃદ્ધિ, આવકમાં વૃદ્ધિ વગેરે ઇચ્છિત દિશામાં સંખ્યાત્મક ફેરફારો છે. જ્યારે આરોગ્ય સ્તરમાં સુધારો, રોજગારીની તકોમાં વૃદ્ધિ, ગતિશીલતામાં વૃદ્ધિ, રાજકીય સહભાગીપણામાં વૃદ્ધિ, શિક્ષણના મહત્ત્વમાં વૃદ્ધિ, સંચારના સાધનોમાં વૃદ્ધિ, વાહન-વ્યવહારમાં વૃદ્ધિ, વૈજ્ઞાનિક શોધોમાં વૃદ્ધિ, નવરાશના સમયનો રચનાત્મક કાર્યમાં ઉપયોગમાં વૃદ્ધિ, અસમાનતા, સ્વાતંત્ર્ય, ન્યાય બિનસાંપ્રદાયિકતા વગેરે મૂલ્યોનાં મહત્ત્વમાં વૃદ્ધિ, વગેરે ગુણાત્મક ફેરફારો છે અને તે ઇચ્છિત દિશામાં પરિવર્તનો છે.

- **સંયુક્ત રાષ્ટ્રસંઘ :**

સામાજિક વિકાસનો હેતુ સામાજિક વ્યવસ્થા, સામાજિક સંરચના, રાષ્ટ્ર સેવામાં વૃદ્ધિ જેના ઉપયોગ દ્વારા જીવનસ્તરમાં અનુકૂળ પરિવર્તનો લાવી શકાય.

- **અર્થશાસ્ત્રી હિકલ ડાઉન :**

સામાજિક વિકાસ = આર્થિક વિકાસ + સાંસ્કૃતિક અને સામાજિક વિકાસ

સામાજિક અને આર્થિક સ્તર પર એક સાથે સમતુલન વિકાસને સામાજિક વિકાસ કહેવાય છે. આ સામાજિક વિકાસની અંતર્ગત.

1. માનવ સંસાધનનો વિકાસ.
2. સંતુલિત ક્ષેત્રિય વિકાસ, શિક્ષા, સ્વાસ્થ્ય અને સેવામાં વધારો જે ઉચ્ચસ્તરીય અને સારી જીવનશૈલીના સુચક છે.

સામાજિક વિકાસમાં શિક્ષા, આરોગ્ય સુવિધા, જીવનશૈલી, આર્થિક સુરક્ષા, સામાજિક સુરક્ષા વગેરેને પણ મહત્ત્વના ગણવામાં આવે છે.

- **યોગેન્દ્રસિંહ :**

સમાજના સભ્યોમાં ઇચ્છનીય દિશામાં આયોજન સામાજિક પરિવર્તન લાવવાના પ્રયત્નને સામાજિક વિકાસ કહેવાય છે. જે પ્રત્યેક સમાજમાં ભિન્ન ભિન્ન જોવા મળે છે.

- **મિર્ડન :**

આધુનિકરણના આદર્શોને સામાજિક જીવનમાં ઉતારવાને ધ્યાનમાં રાખીને જણાવે છે કે વિકાસનો અર્થ સામાજિક વ્યવસ્થામાં અનેક અનિચ્છનીય વ્યવસ્થામાં સુધાર કરવો છે.

- **હોલ હાઉસ :**

સમાજની વિકાસમાં તેની કાર્યક્ષમતા, સ્વતંત્રતા અને સેવાની પરિસ્થિતિમાં વૃદ્ધિની સાથે થાય છે.

- **મહેબુબ અહલક :**

સામાજિક વિકાસ એટલે તકોમાં વૃદ્ધિ અને તકોની સમાનતા તથા વધુને વધુ સેવાની સુવિધા.

સામાજિક વિકાસ એક નિયોજીત સંખ્યાત્મક પરિવર્તનની પ્રક્રિયા છે. જેનો ઉદ્દેશ સમાજના સભ્યોની આવશ્યકતા અને ઇચ્છાઓ તથા સામાજિક નીતિ અને કાર્યક્રમોમાં પરસ્પર સમન્વય સ્થાપિત કરી દેશના લોકોના જીવનસ્તરની ગુણવત્તા સુધારવી સામાજિક વિકાસ ગરીબી, બેરોજગારી, અજ્ઞાનતા, વિવેકહિનતા, નિરક્ષરતા, અસમાનતા, શોષણ, સમાજમાં પ્રવર્તમાન દમન વગેરેને જડમૂળમાંથી ઉખાડી દેવાનું એક અભિયાન છે.

### 3.3.1 વિકાસની વિશેષતા :

1. સામાજીક વિકાસ એ સાર્વભૌમિક પ્રક્રિયા છે. બધા સમાજમાં દરેક સમયકાળમાં વિકાસની પ્રક્રિયા થતી રહી છે જ્યાં જ્યાં માનવ સમાજ છે ત્યાં કોઇને કોઇ સ્વરૂપે વિકાસ થાય છે.
2. સામાજીક વિકાસ મિશ્રિત અવધારણા છે જેમાં અનેક ક્ષેત્રમાં એક સાથે પરિવર્તન થાય છે જેમ કે સમાજના વિકાસમાં વ્યાપાર, કૃષિ, ઉદ્યોગ, શિક્ષા, સ્વાસ્થ્ય વગેરે વિભિન્ન ક્ષેત્રોમાં પ્રગતિને જોવામાં આવે છે.
3. સામાજીક વિકાસ એવું પરિવર્તન છે જેમાં બાળકો, વૃદ્ધો, બિમાર, બેરોજગાર, નબળા વર્ગો અલ્પ સંખ્યકો / લઘુમતી વગેરેના કલ્યાણને ધ્યાનમાં રાખવામાં આવે છે.
4. સામાજીક વિકાસની અવધારણા ભિન્ન ભિન્ન સમાજોની સામાજિક, સાંસ્કૃતિક જરૂરિયાતો, રાજનૈતિક, આર્થિક અને ભૌગોલિક પરિસ્થિતિના લીધે અલગ અલગ હોય છે તે સમાજોથી સંબંધિત છે.
5. સામાજીક વિકાસના પાસાંઓ એકબીજા સાથે કાર્યકારણના સંબંધથી જોડાયેલા હોય છે. કોઇ એક અંગમાં અથવા વ્યવસ્થામાં થતા વિકાસનો પ્રભાવ અને સ્થિતિમાં કે અંગોમાં પરિવર્તન લાવે છે. જેમ કે જો બેકારીને રોકવામાં ન આવે તો અન્ય સમસ્યાઓ જેમ કે, ગરીબી, નિરક્ષરતા, પોષણ વગેરેનો વ્યાપ વધશે. આમ, એક ક્ષેત્રમાં થતાં વિકાસનો ખ્યાલ બીજા ક્ષેત્ર પર પણ પડે છે.

6. સામાજિક વિકાસ એક અવસ્થામાંથી બીજી પછી ત્રીજી એમ ઉત્તરોત્તર આગળ વધતું રહેતું પરિવર્તન છે. તેમાં વૃદ્ધિની દિશા ઉપર તરફની હોય છે. જેમ, જીવનસ્તરમાં પરિવર્તન ગરીબી, રોજગારીની તકોમાં વૃદ્ધિ, સમાજ કલ્યાણ સુવિધામાં સુધાર, અસમાનતા નાબુદી, પર્યાવરણ સંરક્ષણ.

### 3.3.2 વિકાસના મુખ્ય ઉદ્દેશો :

**1. જનજીવનની ગુણવત્તામાં સુધાર લાવવો :**

સામાજિક વિકાસનો સામાન્ય ઉદ્દેશ છે કે જેને રાષ્ટ્ર પ્રાથમિકતા આપે છે તે જનજીવન કે સામાન્ય લોકોના જીવનમાં સુધારો કરવાનો છે. વિકાસની અંતર્ગત મનુષ્યની જે પ્રાથમિક જરૂરિયાત છે તેની લઘુમત્તા પહેલો ઉદ્દેશ છે.

**2. આવક, સંસાધન અને તકની સમાન વહેંચણી :**

સામાજિક વિકાસ અંતર્ગત રાષ્ટ્રીય અને સ્થાનિક સંસાધનો શોધવામાં આવે છે. ઉદ્યોગ, આયાત નિકાસ તથા સાર્વજનિક ઉપક્રમોથી થનારા લાભની વહેંચણી એ રીતે થાય છે કે એક સામાન્ય માણસને પણ તેના લાભ મળે. તે બહુ સ્પષ્ટ હોવું જોઇએ કે રાષ્ટ્રીય આવકનું કેન્દ્રિકરણ કેટલાક ગણ્યા ગાંઠ્યા હાથમાં ન રહી જાય. સામાજિક વિકાસની બહુ મોટી દિશાએ આવક સંસાધનો તથા લાભની સમાન વહેંચણી છે.

**3. સત્તા શક્તિની વહેંચણી :**

પાછલા ત્રણ-ચાર દશકામાં વિકાસશીલ દેશોએ રાષ્ટ્રીય નિર્માણના જે પ્રયત્નો કર્યા છે તેનાથી સ્પષ્ટ થાય છે કે આ દેશોમાં પ્રજાતાંત્રિક વ્યવસ્થા સ્થાપિત થઇ ગઇ છે. મોટાભાગના દેશોમાં રાજનૈતિક શક્તિની વિકેન્દ્રિકરણ કોઇને કોઇ સંસ્થા દ્વારા ગામના ચોરા સુધી પહોંચે છે. સામાજિક વિકાસનો એક મહત્ત્વપૂર્ણ મુદ્દો એ પણ છે કે શક્તિના / સત્તાના કેન્દ્રિકરણને રોકવામાં આવે. આ પ્રક્રિયામાં બધા લોકોની ભાગીદારી હોવી જરૂરી છે.

**4. માનવ સંસાધનનો વિકાસ :**

વિકાસની જે અવધારણા આજે દુનિયાભરમાં પ્રચલિત છે તે અનુસાર મનુષ્ય એક સ્વયં એક સંસાધન છે. તેને એ રીતે વિકસિત કરવો જોઇએ કે રાષ્ટ્રનિર્માણમાં તેનું યોગદાન અધિકને અધિક મેળવી શકાય. જો માણસને એક સંશોધન તરીકે લેવામાં આવે તો તેનો વિકાસ જીવનના વિભિન્ન ક્ષેત્રો જેવા કે શિક્ષા, તાલીમ, ઉદ્યોગ, આરોગ્ય વગેરેમાં કરવો જોઇએ. સામાજિક વિકાસમાં મનુષ્ય સ્વયંને એક સંસાધન તરીકે જોવા લાગે છે.

આમ, સામાજિક વિકાસના મુખ્ય ચાર ઉદ્દેશો દ્વારા તેને સંપૂર્ણ રીતે સમજી શકાય.

### 3.3.3 વિકાસના અભિગમો :

**1. સમતોલ અને સંકલિત અભિગમ :**

સામાજિક વિકાસ કોઇ એક સમાજ કે પાસાના વિકાસ દ્વારા પર્યાપ્ત થઇ શકતો નથી; પરંતુ, તેમાં સમાજના બધા વર્ગો તેને બધા જ પાસાઓનેસાથે રાખી તેમાં સમતોલપણું ઉભું કરે સંકલિત રીતે વિકાસને આગળ વધારવો જોઇએ એટલે કે સમાજના વર્ગો શ્રીમંત,ગરીબ, નબળા, વંચિતો, સહાયતામાં રહી સામાજિક, આર્થિક, રાજનૈતિક ત્રયેણ સ્તરમાં સુધારો સમતુલન સ્થાપીને સંકલિત કરીને વિકાસ કરવો.

**2. લઘુત્તમ જરૂરિયાત અભિગમ :**

સામાજિક વિકાસ માટે જ લોકોને પોતાના જીવનને ટકાવી રાખવા તથા જીવનસ્તરને સુધારવા

માટે જોઇતી પાયાની જરૂરિયાતોની પૂર્તિ કરવી કે જેના દ્વારા તે લોકો પોતે સામાજિક, આર્થિક અને રાજનૈતિક રીતે પોતાનું સ્થાન ઉંચુ લઇ જશે જેના દ્વારા એક સામાજિક વિકાસ વિશે તેના માટે આયોજિત વિકાસમાં કાર્યક્રમો ઘડવા.

**3. સામાજિક ન્યાયની સ્થાપનાનો અભિગમ :**

જે લોકો સામાજિક રીતે બીજા વર્ગો અને જ્ઞાતિઓ દ્વારા સામાજિક અન્યાયનો ભોગ વર્ષોથી બનતા હોય છે તેઓને કાયદાકીય અને અનામતનો લાભ આપીને સામાજિક રીતે ન્યાયની સ્થાપના સમાજમાં કરવી.

**4. સમાજકલ્યાણનો અભિગમ :**

સમાજ વિકાસમાં નબળા વર્ગોને સમજવામાં સ્થાન ઉંચું લઇ જવા માટે લઘુત્તમ જરૂરિયાતો ઉપરાંત તેમના કલ્યાણ કાર્યક્રમો ચલાવીને તેને બીજા સમાજની હરોળમાં આવવા માટે થઇને મદદ કરવી જેના માટે સશક્તિકરણના કાર્યક્રમો ચલાવવા.

**5. સામાજિક સમાનતા લાવવાનો અભિગમ :**

ભારતીય બંધારણના આમુખમાં માળખામાં આવેલ બાબતોમાં સમાજમાં સમાનતાની સ્થાપનામાં પાયાની બાબત છે. તેથી સામાજિક વિકાસમાં આવી સામાજિક સમાનતા સાથે ન્યાયતંત્ર ધારાસભા અને સંસદસભા વગેરે દ્વારા સામાજિક સમાનતા માટે કાર્યક્રમો ચલાવાય છે.

### 3.3.4 વિકાસના સૂચકઆંક :

દરેક સમાજમાં વિકાસનું કોઇ વિશિષ્ટ સ્વરૂપ ચોક્કસ હોય છે. તેના પ્રમુખ બે માપદંડ છે.

1. સમાજનો જનજાતીય અથવા કૃષિની અવસ્થામાંથી ઔદ્યોગિક સમાજ તરફ પરિવર્તન
2. સામાજિક પરિવર્તન અને આર્થિક પરિવર્તન

મિચેલ દ્વારા સામાજિક વિકાસની છ મુખ્ય પ્રવૃત્તિનો ઉલ્લેખ તેના માપદંડ તરીકે કર્યો છે.

1. નિરક્ષરતામાંથી સાર્વભૌમિક શિક્ષા તરફ પરિવર્તન
2. આપખુદશાહીમાંથી પ્રજાતંત્ર અને સાર્વભૌમિક તરફ માનવ અધિકાર તરફ પરિવર્તન
3. કાયદા માટે બધાની સમાનતામાં વધારો.
4. રાષ્ટ્રીય સત્તામાં વૃદ્ધિ
5. નાણાનાં કેન્દ્રિકરણમાંથી ઉચિત અને ન્યાયપૂર્ણ વિતરણ તરફ પરિવર્તન
6. સ્ત્રીઓની દાસી સ્થિતિમાંથી સારી સ્થિતિ તરફ પરિવર્તન

આમ, માપદંડો દ્વારા કોઇપણ સમાજના વિકાસનું મૂલ્યાંકન થઇ શકે છે.

વિકાસના અર્થ, ઉદ્દેશ તથા વિશેષતાઓને આધારે સામાજિક વિકાસનાં નીચે મુજબના સૂચક દર્શાવી શકાય.

1. ગરીબી ઉન્મુલન
2. બેરોજગારી નાબૂદી અને રોજગારીમાં વધારો
3. નબળા વર્ગોનું ઉત્થાન
4. જીવનની વિવિધ મુશ્કેલી અને વિસમતામાં સુરક્ષા
5. સમાજકલ્યાણ સુવિધામાં સુધાર
6. જીવનસ્તરમાં વિકાસ

7. સ્વાસ્થ્ય સંરક્ષણ અને વિકાસ

8. શિક્ષણનો વ્યાપ વધારવો

9. સામાજિક ન્યાય અને વિભિન્ન તકોને સમાન વિતરણ

10. પર્યાવરણ સુરક્ષા

11. સામાજિક વિકાસ કાર્યક્રમમાં દરેકની ભાગીદારીને પ્રોત્સાહન

12. સામાજિક અસમાનતા નાબુદી

### 3.3.5 ભારતમાં વિકાસ :

26મી જાન્યુઆરી, 1950માં ભારતનું બંધારણ અમલમાં મૂકવામાં આવ્યું. જેમાં ભારતીય સમાજના વિકાસ સંબંધિત અનેક પ્રાવધાન રાખવામાં આવ્યા છે. વિભિન્ન સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક, શૈક્ષણિક જોગવાઇને પૂરી કરવામાં ભારતમાં વિકાસ યોજના બનતી રહી છે અને તેનું અમલીકરણ પણ થતું રહ્યું છે. વિકાસ યોજનાના હેતુ, સૂચકો, જોગવાઇ, વિશેષતાઓ વગેરે મુખ્યત્વે બંધારણમાં કરવામાં આવેલી જોગવાઇ છે જેમાંની કેટલીક જોઇએ.

### 3.3.6 ભારતીય સંવિધાન અને સામાજિક વિકાસ :

ભારતને સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી, પ્રજાસત્તાક સંસ્થાપિત કરવાનું અને તેનાં તમામ નાગરિકો માટે સામાજિક આર્થિક અને રાજકીય ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, દરજ્જા અને તકની સમાનતા નિશ્ચિત કરવાનો અને તેમનામાં વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતાની ખાતરી આપતી બંધુતા વિકસાવવાનો ગંભીરતાપૂર્વક નિર્ણય કરીએ છીએ.

**બંધારણમાં અનુચ્છેદ :**

- અનુ. 14, 15, 16 આ દ્વારા બધા નાગરિકોને સમાનતાનો મૌલિક અધિકાર આપવામાં આવ્યો છે. તેમાં એ જોગવાઇ કરવામાં આવે છે કે, રાજ્યના કોઇપણ નાગરિક સાથે ધર્મ, પ્રજાતિ, જાતિલિંગ, જન્મસ્થળ વગેરેના આધારે ભેદભાવ રાખવામાં આવશે નહીં તેમાં બધા નાગરિકોને નોકરીની સમાનતાની વાત પણ કરવામાં આવી છે.
- અનુ. 17માં અસ્પૃશ્યતાને સમાપ્ત ઘોષિત કરવામાં આવી છે અને તેને માટે દંડનીય જોગવાઇ કરવામાં આવી છે.
- રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં અનુચ્છેદ 38 અંતર્ગત રાજ્યની જનતાના કલ્યાણ માટે એવી સમાનતક વ્યવસ્થાને પ્રોત્સાહિત કરશે જેના દ્વારા જનતાને ન્યાય, સામાજિક અને રાજનૈતિક સુરક્ષા પ્રમાણિતરૂપે સ્થાપી શકાય.
- અનુચ્છેદ 39માં રાજ્ય એ વાતનું ધ્યાન આપશે કે સમાનકાર્ય માટે સમાન વેતન આપવામાં આવે.
- અનુચ્છેદ 43 રાજ્ય યોગ્ય વિધિવિધાન અથવા અન્ય રીતે કોઇ ભાગોમાં રોકાયેલા સાહસો, સંસ્થાઓ અથવા અન્ય સંગઠનોના વહીવટમાં કામદારો ભાગ લેતા થાય તેમ કરતાં રગલાં લેશે.
- અનુ. 44માં બધા નાગરિકો માટે સમાન કાયદા વ્યવસ્થાને સ્થાપિત કરવાની રજૂઆત થઇ છે.
- અનુ. 45 અનુસાર રાજ્ય વિશેષરૂપથી 14 વર્ષ સુધીની ઉંમરના બાળકો માટે નિઃશુલ્ક અને અનિવાર્ય શિક્ષાની વ્યવસ્થા કરશે.

– અનુ. 46 રાજ્ય લોકોના નબળા વર્ગોના અંગે ખાસ કરીને એસ.સી. અને એસ.ટી.ના શૈક્ષણિક અને આર્થિક હિતોની ઉન્નતિ વિશેષ કાળજીથી કરશે અને સામાજિક અન્યાય અને તમામ પ્રકારના શોષણ સામે તેમનું રક્ષણ કરશે.

આમ, ઉપરના સંદર્ભ આધારિત ભારતીય બંધારણમાં નીચે મુજબ સામાજિક વિકાસના ઉદ્દેશ્યને મહત્ત્વ અપાય છે.

**1. સામાજિક ઉદ્દેશ :**

સમાજવાદી સમાજની સ્થાપના કરવી, પ્રમુખ ઉદ્યોગોમાં લોક અધિકારત્વ પર બળ આપવું, મૂડીવાદીઓ પર પ્રતિબંધ લાવવો સમાજમાં સમાનતા, ન્યાય, સ્વતંત્રતા, મુક્તિકરણ, વ્યક્તિવાદ ફેલાવવા વગેરે સામાજિક ઉદ્દેશ છે. લોકો સુખમય તથા સારી રીતે જીવન જીવી શકે તે માટે અધિકને અધિક તકો પ્રદાન કરવી તથા શિક્ષણ, સ્વાસ્થ્ય, પોષણ, આવાસ તથા સમાજકલ્યાણ માટે વધુને વધુ સુવિધાઓ વધારવી અને સુધારવી તે સામાજિક ઉદ્દેશ્ય છે.

**2. આર્થિક ઉદ્દેશ :**

વ્યક્તિગત આવકમાં વધારો કરવો, રાષ્ટ્રને આત્મનિર્ભર બનાવવું, રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ, બધા લોકો સુધી વિકાસની યોજનાનો લાભ અપાવવો, ઉત્પાદનમાં કાર્ય કુશળતાની વૃદ્ધિ માટે આવક અને મૂડીની ન્યાયાચિત વહેંચણી.

**3. રાજનૈતિક ઉદ્દેશ :**

એક શક્તિશાળી કેન્દ્ર અને રાજ્ય સરકારનું નિર્માણ કરવું. રાજકીય સત્તાનાં વિખંડનને પુનઃ એકત્રિત કરવું, એની રાજકીય વ્યવસ્થાની સ્થાપના કરવી, જે જનતા પ્રતિ ઉત્તરદાયી હોય. રાજકીય સત્તાનું વિકેન્દ્રિકરણ કરવું, વધુને વધુ લોકોને નિર્ણય લેવાની પ્રક્રિયાથી જોડવી, લોકભાગીદારીમાં વૃદ્ધિ કરવી, સાંપ્રદાયિકતાવાદ, પ્રાંતવાદ, જ્ઞાતિવાદ, જાતિવાદ વગેરેને સમાપ્ત કરી રાષ્ટ્રીય એકતાની સ્થાપના કરવી, બધા નાગરિકોને સમાનતાનો અધિકાર, તક પ્રદાન કરવા સુવિધા વધારવી એ રાજનૈતિક ઉદ્દેશ છે.

**4. સાંસ્કૃતિ ઉદ્દેશ :**

પવિત્રતાથી ધર્મ નિરપેક્ષતાની નીતિની સ્થાપના કરવી અને તેનો પ્રચાર કરવો, મૂળભૂત માનવ અધિકારનું રક્ષણ કરવું જેમ કે વાણી સ્વાતંત્ર્ય, ધર્મ સ્વાતંત્ર્ય વગેરે જાતિક્ષેત્રો વર્ગોમાં અસમાનતાની નાબુદી કરવી, નાગરિકોમાં પરસ્પર ભાઈચારાની ભાવના વધારવી અને એવા સમાજનું નિર્માણ કરવું જેમાં વ્યક્તિ આદર્શવાદ તરફ પ્રેરાય તથા લોકો પરસ્પર નિઃસ્વાર્થભાવ અને સહયોગની ભાવનાથી સાથે રહે.

### 3.3.7 ભારતમાં સામાજિક વિકાસની રણનીતિ :

ભારતમાં સામાજિક વિકાસની સમસ્યાઓને ધ્યાને રાખીને બહુલક્ષી રણનીતિઓ તૈયાર કરવામાં આવેલી છે. તેમાંથી જે ક્ષેત્રો મુખ્ય છે તેનો ઉલ્લેખ નીચે મુજબ છે.

**1. ભૂમિ સુધારણા :**

– જમીનની સમાન વહેંચણી માટે જમીન સંબંધી કાયદામાં સુધારો.

– નાના અને સિમાંત ખેડૂતો માટે વધુ જમીનની વ્યવસ્થા કરાવી આપવી.

– જમીન સંરક્ષણ અને વિકાસ માટે જરૂરી હોય તેવી યોજના અમલી બનાવવી.

– ઉન્નત પ્રકારના સાધનો ખેડૂતોને ઉપલબ્ધ બનાવવા.

– વીજળી, પાણી, અનાજના ભંડાર જેવી જરૂરિયાત તથા ખેતઉપજનો વિમો વગેરે પ્રબંધ કરવા.

– ખેતી સાથે પશુપાલન માટે પ્રોત્સાહન આપવું.

– કૃષિ ઉત્પાદનોના વિકાસ માટે યોગ્ય મૂલ્ય નિવારણ કરવું.

– ભૂમિસંબંધી વિવાદો નિવારવા યોગ્ય વ્યવસ્થા કરવી.

**2. રોજગારીના અવસરમાં વૃદ્ધિ :**

– રોજગારના ક્ષેત્રે જવાહર રોજગાર યોજના જેવી અનેક યોજના અને કાયદાઓ અમલી બનાવવામાં આવે.

– નાના નાના ઉદ્યોગો અને ગૃહઉદ્યોગો માટે લોન, કાચો માલ, યોગ્ય મશીનરી તાલીમ, માર્ગદર્શન, માલને વેચવા બજારની યોગ્ય વ્યવસ્થા કરવી.

– પરંપરાગત ઉદ્યોગોમાં ગણાતા મહત્ત્વના ગણાતા ઉદ્યોગો માટે યોગ્ય પ્રોત્સાહન આપવું જોઇએ.

– વારસાગત વ્યવસાયો કુંભારકામ વગેરેનું હસ્તાંતરણ અને સાથે એ કળામાં નિપુણ વ્યક્તિઓને પ્રોત્સાહન પૂરું પાડવું.

– ગ્રામીણ ક્ષેત્રે રોજગારીમાં વૃદ્ધિ થાય તેની ખૂબ જ જરૂરિયાત છે. આ માટે ખેતી અને ખેતી સંબંધી વ્યવસાયોને યોગ્ય રીતે અમલી બનાવવી.

**3. અજ્ઞાનતા નિવારવા સુધારાત્મક શિક્ષણ વ્યવસ્થા :**

– પ્રૌઢ શિક્ષણ સરકારના અભિયાન જેવી કેટલીક યોજનાઓ કાર્યાન્વિત કર્યા પછી હજુ સુધી ભારતીય સમાજમાં શિક્ષણ પ્રત્યેના અમલીકરણ પાયાના માણસો સુધી જોઇએ તેવી પહોંચી નથી.

– ભારતમાં પ્રાથમિક શિક્ષણ અને બાળકો માટે મધ્યાહન ભોજન દેતી યોજનાઓ લક્ષિત ધ્યેય પૂર્ણ કરે ઉચ્ચ શિક્ષણમાં બહેનોની ટકાવારી વધારવી.

– ઉચ્ચ શિક્ષણમાં બહેનોની ટકાવારી વધારવી.

– ચારિત્ર્યના વિકાસ માટે કે નૈતિકવાદનું અથવા શારીરિક અને માનસિક સ્તરને યોગ્ય મહત્ત્વ આપવું.

– શિક્ષણના ક્ષેત્રે અંગતશિક્ષણ, પ્રાથમિક શિક્ષણની સાથે ઉચ્ચ શિક્ષણ વિજ્ઞાન પ્રત્યે અભિરૂચિ અને સંપૂર્ણ વિકાસાત્મક પાઠ્યપુસ્તકનું આયોજન કરવું.

**4. આરોગ્ય સુધાર :**

– સ્વચ્છ પીવાનું પાણી અને પોષક આહાર પુરો પાડવો.

– બાળકોનું સંપૂર્ણ રસીકરણ કરવું.

– શાળામાં સ્વાસ્થ્ય સેવા યોગ્ય રીતે અમલી બનાવવી.

– પર્યાવરણની સ્વચ્છતા યોગ્ય પ્રદૂષણ નિવારણની યોજનાનો વિકાસ કરવો.

– માતા અને બાળકના આરોગ્ય માટે વિશિષ્ટ વ્યવસ્થા અને સામાન્ય નાગરિકોને ચિકિત્સા સુવિધાઓ તથા આરોગ્ય માટેનું પ્રશિક્ષણ મળવું જોઇએ.

– પછાત વિસ્તારમાં દવાખાના અને યોગ્ય દવા મળી રહે તે માટેની વ્યવસ્થા તથા સંકલિત બાળવિકાસ યોજનાઓનો અમલ થવો જોઇએ.

**5. જનસેવામાં સુધારો :**

– ભ્રષ્ટાચાર, લાંચ, રૂશ્વત જેવી ખામીઓને સરકારી તંત્રમાંથી દૂર કરવા માટે કડક પગલાં લેવા જોઇએ.

- ગુણાત્મક અને પરિણાત્મક વ્યવસ્થા માટે યોગ્ય સેવા અને સમસ્યા ઉપર વિજય મળે તે માટે વ્યવસ્થા કરવી.
- સેવામાં લાગુ પડતી કાર્યપ્રણાલીમાં સુધાર સાથે જુદા જુદા સ્તરે લોકોની ભાગીદારીને પ્રોત્સાહન આપવું.
- જનસેવાની સમય સમય પર દેખરેખ અને મૂલ્યાંકન થવું જોઇએ.
- લોકસેવાઓનો સમન્વય અને લોકસેવા સંબંધી નીતિ નિર્ધારણા માટે જુદા-જુદા સ્તરે સહભાગીતા હોવી જોઇએ.
- સેવાનું વિકેન્દ્રિકરણ કરીને લોકોના પોતાના નિવાસસ્થાન સુધી સેવાઓ ઉપલબ્ધ કરાવવી.
- કોઇપણ ક્ષેત્ર વિશેની વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેને લાગતા વળગતા વ્યક્તિનાં અનુભવોનો પૂરેપુરો સદુપયોગ કરીને સેવાનું આયોજન વ્યવસ્થા નવી ઉપલબ્ધ સેવાઓને સમય સમય પર જરૂરિયાત મુજબ પરિવર્તન કરવું જોઇએ.
- સંકટ કે આપત્તિના સમયમાં જે સેવાઓ તથા સમાજકલ્યાણની વ્યવસ્થા પૂરી પાડવાની હોય તેના માટે નિર્ધારિત બજેટમાં કોઇપણ પ્રકારનું કાર્ય મૂકવો જોઇએ નહીં.

**6. પર્યાવરણ સંરક્ષણ અને વિકાસ :**

- પ્રાકૃતિક સંસાધનોનો ખૂબ જ વિવેકપૂર્ણ ઉપયોગ થવો જોઇએ.
- વધુમાં વધુ સંખ્યામાં વૃક્ષારોપણ તથા ઉપયોગી વૃક્ષોનું છેદન અટકાવવું.
- જળપ્રદૂષણ, વાયુ પ્રદૂષણ અને ધ્વનિ પ્રદૂષણ પર નિયંત્રણ લાદવું.
- વન્યજીવન, જીવજંતુ અને પક્ષીના શિકાર પર પ્રતિબંધ મૂકવો.
- ઉર્જાના બિન પારંપરિક, સ્રોતોના વિકાસ પર વધુ ભાર મૂકવો.
- સાંસ્કૃતિક વિકાસને સુરક્ષિત રાખવી.

**7. જનસંખ્યા પર નિયંત્રણ :**

- પંચવર્ષિય યોજના સારો બાળવિકાસ અને પરિવાર કલ્યાણ યોજના બનાવવામાં આવે.
- જાતિય શિક્ષણને હજુ પણ સમાજમાં શંકાની નજરે જોવાય છે. હકીકતમાં આજની જરૂરિયાત મુજબ પાઠ્યક્રમોમાં આવા વિષયોનો સમાવેશ કરવો.
- જનસંખ્યા નિયંત્રણ માટે ચોક્કસ કાયદાઓ ઘડવા જોઇએ.

આમ, ભારતમાં સામાજિક વિકાસ માટે ઉપરોક્ત રણનીતિ અપનાવવામાં આવે છે.

### 3.3.8 વિકાસ અને તેને સ્પર્શતા અદ્યતન દસ મૂલ્યો :

વિકાસ અને તેને સ્પર્શતા અદ્યતન મૂલ્યો વિશે જોન ગાલતુંગે ચર્ચા કરી છે. તેના આધારે આધુનિક સમયમાં જેના દસ મૂલ્યોને થોડાક અંશે સ્વીકારવામાં આવેલા છે.

**1. વ્યક્તિગત વૃદ્ધિ :**

વ્યક્તિના વ્યવક્તિત્ત્વને બે ભાગમાં વહેંચાયેલું જોવા મળે છે.

1. વ્યક્તિનો બાહ્યભાગ જેને આપણે શરીર તરીકે ઓળખીએ છીએ.
2. માનવીનો આંતરિક ભાગ મન તરીકે ઓળખીએ છીએ તેને મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે.

(1) જીવનને ટકાવવું, (2) મૂળભૂત અધિકાર, (3) દરેક વ્યક્તિ ભોગવી ન શકે ત્યાં સુધી

વ્યક્તિગત વૃદ્ધિ થઇ શકતી નથી. વ્યક્તિના વિકાસ માટે આંતરિક શક્તિ વિકગસાવવાની તકો વધારવી.

આમ, ઉપરોક્ત અધિકારોની પૂર્તિ કરવા રાજ્ય સરકારે અને સમાજે પ્રયત્ન કરવો જરૂરી છે. આ સંદર્ભમાં ગલતુંગ સામાજિક માળખા દ્વારા સમજાવે છે કે જીવન જીવવા કે ટકાવવાના અધિકારો સામે સમાજમાં હિંસાત્મક વૃત્તિ દ્વારા માનવસંહાર અને આત્મહત્યાનું પ્રમાણ વધતું જાય છે. એ હિંસા, યુદ્ધ, કોમવાદ કે વેર વિશે હોય શકે છે જે બાબતમાં દરેક સમાજમાં અલગ માન્યતા જોવા મળે છે. તે જ રીતે આજના સમયમાં થતી ભાવ વધારો તે પણ ગરીબોને નુકશાનકર્તા બને છે. સાથે વાહન વ્યવહારની સુવિધા અને અકસ્માતનું પ્રમાણ વધારે થાય છે. એટલે તેમાં પણ માનવોનું મૃત્યું થાય છે. ટૂંકમાં કહેવું હોય તો સમાજમાં જે કોઇ પરિબળ છે એ માળખામાં ગરીબલોકોને વધારે સહન કરવાનું થાય છે અને અમીરોને ઓછું સહન કરવાનું થાય છે.

આ પ્રકારે જીવન-ટકાવતા અને મૃત્યુદર સામે દૃષ્ટિપાત કરતા ગરીબોની સાથે છેતરામણી થતી જોવા મળે છે. અન્યાય સામે નોંધણી નબળી કક્ષાની જોવા મળે છે. તેથી આવા લોકો મનોસામાજિક રોગના ભોગ બને છે. તેની સાથે તેમના વ્યક્તિગત વિકાસની તકો મેળવવામાં અસક્ષમ સાબિત થાય છે.

ખેતી વિકાસમાં જે વ્યક્તિગત વૃદ્ધિને મહત્ત્વ અપાય છે તે બધા લોકો પામી શકતા નથી માટે વિકાસ કરવા દરેક વ્યક્તિની આંતરિક અને બાહ્ય બાબતો તપાસીને જ તેમાં વૃદ્ધિ થાય ત્યારે જ વ્યક્તિગત વૃદ્ધિ શક્ય બને છે.

**2. વિવિધતા :**

દરેક સમાજની વિવિધતા સમાજની વિવધ ઓળખને રજૂ કરે છે. આ વિવિધતા કે માળખાકીય અને સાંસ્કૃતિક એમ બે ભાગોમાં વહેંચી શકાય છે. માળખાકીય એટલે કે દરેક સમાજનું પોતાનું આગવું માળખું અને તે મુજબની વ્યવસ્થા ગોઠવેલી હોય છે. આ વિવિધતામાં વ્યક્તિને પોતાની પસંદગી કરવાની તક વધારે મળે છે.

તેમની સામે દેશ અને દુનિયામાં આ વિવિધતાને એકતામાં ફેરવવાના પ્રયાસોનું પ્રમાણ વધતું જાય છે. એકવિધ સમાજ બનાવવા મુખ્ય રાષ્ટ્રોના પ્રમાણ દિવસે દિવસે વધતા જાય છે. તેની અસર નીચે આવનારા રાષ્ટ્રોમાં તેની વિવિધતાની અસર પડે છે. એ વિવિધતાને એકતામાં સ્થાપિત કરવા કોશિશ કરતા રહે છે. જેનાથી પોતાની આગવી સંસ્કૃતિ અને બીજી સંસ્કૃતિનો વિકાસ તેની જરૂરિયાત આધારિત થયો છે. પરંતુ જ્યારે તે અન્ય સમાજોની સંસ્કૃતિની અસર નીચે આવીને તેના તત્ત્વોને ગ્રહણ કરે છે ત્યારે તે પોતાના તત્ત્વોની અનુકરણીય સ્થિતિમાં મૂકાય છે. તે બાબત નુકશાનકર્તા છે.

સાથે-સાથે કુદરતની પણ વિવધતા અલગ-અલગ છે. તે પ્રમાણે માનવ શરીર અને અન્ય જીવો, વનસ્પતિઓ, પહાડો વગેરેની રચના બંધાય છે. જે તેને અન્ય સમાજોથી આગળ છે તેવી ઓળખ આપે છે. આમ, ઉપરોક્ત બાબતોથી જોઇ શકાય કે વિવિધતા એ વિકાસ માટે પાયાની બાબત છે. તે વિવિધતા જળવાય રહે તો લોકોને જીવન જીવવાનું મહત્ત્વ સમજાય છે. જો તેને એક વિવિધતામાં ફેરવવામાં આવે તો મહત્ત્વ ઘટવા લાગે છે.

**3. સામાજિક, આર્થિક વૃદ્ધિ :**

જહોન ગલતુંગે સામાજિક, આર્થિક વૃદ્ધિના સંદર્ભમાં વહેંચણીવાળા અને જેની વહેંચણી ન થઇ શકે તે મૂલ્યોને અલગ તારવીને જોવાનો પ્રયત્ન કર્યો છે તેમ છતાં દરેક દેશ કે રાજ્યના વિકાસ

માટે કેટલીક બાબતો તેની મૂળભૂત જરૂરિયાતો ગણીને સંતોષવી જોઇએ તેવી હિમાયત કરી છે.

| | |
|---|---|
| 1. ખોરાક-પાણી | 2. કપડા |
| 3. રહેઠાણ | 4. આરોગ્ય |
| 5. શિક્ષણ | 6. વાહનવ્યવહાર |
| 7. સંદેશાવ્યવહાર | 8. રોજગાર |

આમ, ઉપર દર્શાવેલી મૂળભૂત જરૂરિયાતોનાં આધારે વ્યક્તિની જરૂરિયાતો સંતોષવા માટેની વાત જણાવી છે.

**4. સમાનતા :**

સમાજમાં જેટલા પ્રમાણમાં વહેંચણી હશે તે પ્રમાણે સમાજમાં સ્થપાશે જો વહેંચણીનું પ્રમાણ ઓછું તો સમાનતા ઓછી અને વહેંચણીનું પ્રમાણ વધારે તેમ સમાનતા વધારે સ્થપાય છે. સમાનતાનો મતલબ થાય છે કે માલિકીપણામાં સમાન જથ્થો, સમાનતા એટલે સમાન રીતની નિર્ણય પ્રક્રિયા એટલે કે સંપત્તિ અને સત્તાની વહેંચણી.

સાથે-સાથે રાષ્ટ્રીય સંદર્ભમાં પણ સમાનતાને સ્થાપિત કરવી પરંતુ સમાનતાના સંદર્ભમાં મતલબ બાબતોનો સમાવેશ થાય છે. સમાજમાં જે કાંઇ લોકો રહે છે, તેમની પ્રાથમિક મૂળભૂત જરૂરિયાતોની પૂર્તિ, ખોરાક, કપડાં, મકાન, શિક્ષણ, આરોગ્ય, જરૂરિયાતોની પૂર્તિ વગેરેની સુવિધાઓ સમાનતાની દૃષ્ટિએ મળવી જોઇએ. એટલે કે ન્યુનત્તમ જરૂરિયાત રેખા નીચેથી ઉપર તરફ ક્રમને લઇ જવી તેને આપણે વિકાસ થયેલો છે તેમ કહી શકાય. સાથે હાલના સમયમાં અધિકાર સંદર્ભિત સમાનતામાં કામ આપવાના અધિકારને સંતોષવો જોઇએ પણ વાસ્તવમાં સમાનતા સંભવિત છે. એટલે કે આપણે બધાને શિક્ષણ આપીએ છીએ એટલે સમાનતા પરંતુ આપણે પ્રયત્ન એ હોય છે કે નીચેથી ઉપર તરફ લઇ જવું. કેમ કે, સમાજમાં વ્યવસ્થા એ સમાનતાની રીતે વર્તી ન શકે જરૂરિયાત જાણીને તે મુજબની સમાનતા સ્થાપવી જોઇએ.

**5. સામાજિક ન્યાય :**

જો સમાજમાં સમાનતાનું પ્રમાણ ઘટે તો સામાજિક ન્યાયનું પ્રમાણ પણ ઘટે અને જો સમાનતા વધે તો સામાજિક ન્યાય પણ વધે છે. તેનો મતલબ એ છે કે સમાજમાં વહેંચણી સારી રીતે થાય છે. જેનાથી સમાનતા ઊભી થાય છે. આ સમાનતા એ સામાજિક ન્યાયની સ્થાપના કરે છે.

ન્યાય તે ટેકનિકલ રીતે વ્યક્તિના ગૌરવ સાથે જોડાયેલી લોકશાહી સામાજિક ન્યાયમાં સમાજની વહેંચણીની વસ્તુઓ તેમને મેળવી તે ન્યાય દર્શાવે છે. સામાજિક ન્યાયમાં કામ-ધંધાનો સમાવેશ થાય છે. બધાને પોતાના હાથ મુજબનું કામ મળવું જોઇએ.

ન્યાય તે ટેકનિકલ રીતે વ્યક્તિના ગૌરવ સાથે જોડાયેલી બાબત છે. સમાન રીતે શિક્ષણ, આવક, આરોગ્યની સુવિધાઓ પ્રાપ્ત થવી સામાજિક ન્યાયનો ભાગ બને છે. ટૂંકમાં સામાજિક ન્યાયનો મતલબ વ્યક્તિને પોતાના જીવનની વ્યવસ્થિત રીતે વ્યતિત કરવા માટે જરૂરી પાયાની બાબતોની પૂર્તિ કરવી. પરંતુ તેમાં ભેદભાવને અવકાશ ન હોય અમુક વધારે લાભ મેળવે અને અમુક કંઇ જ ન મેળવે.

**6. સમતા :**

સમતાને પણ સમાનતા કે ન્યાય સાથે સરખાવવામાં આવે છે. પરંતુ અહીંયા સમતાને તેની

કાર્યક્ષમતા સાથે પણ જોડી શકાય છે. સમાજમાં એક વર્ગ જે માલિક છે. બીજો જે મજૂર છે. તો મજૂરને લાંબા ગાળે પોતાનું કાર્ય કરવાની ક્ષમતામાં ઘટાડો થતો જાય છે. કારણ કે તેની શારીરિક કાર્યક્ષમતામાં ઘટાડો થાય છે. તેથી તેમની મેનેજમેન્ટની સરખામણીમાં વધારે ફાયદાઓ મળવા જોઈએ. બીજું ઉદાહરણ જોઈએ તો, આયાત-નિકાસની પ્રક્રિયા દ્વારા બે પરિણામ જોવા મળે છે.

**1. પોઝીટીવ :** કે જે માલનું વેચાણ થાય છે.

**2. નેગેટીવ :** જે પ્રદૂષણને જન્મ આપીને વાતાવરણને અસર કરે છે. તેથી આ પ્રદૂષણને પણ આ ધંધાકીય ખર્ચમાં આવરી લઇને તૈયાર પછી ઉત્પાદકીય ખર્ચનો સરવાળો કરવો જોઇએ.

ટૂંકમાં સમતા મતલબ કે આપણી વિકાસની પ્રક્રિયામાં એવી કોઇ બાબત ઊભી ન થાય કે જેનાથી લાંબાગાળે તેની જ ઉત્પાદકીય પ્રવૃત્તિ છે, એ ઘટે અને સમાજને નબળી બનાવે તેવી પ્રવૃત્તિ ચાલુ રહેવી જોઇએ નહીં.

**7. સ્વાયત્તતા :**

સ્વાયત્તતાનો સંબંધ સત્તા સાથે જોડાયેલો છે. તેમજ સ્વાયત્તતાને બે સંબંધમાં જોઇ શકાય.

(1) સત્તાપૂર્ણ - પોતે (2) સત્તાપૂર્ણ - અન્ય સ્વાયત્તતામાં ત્રણ બાબતો સમાયેલી છે. (1) જાતને આદર : એટલે કે પોતાની વિચારધારાને માન આપીને પોતાના આદર્શો કે મૂલ્યો આધારિત કામ કરીને પોતાની જાતને મહત્તા વધારવાની છે. એટલે કે વ્યક્તિના ગૌરવની બાબતોનો સમાવેશ થાય છે. (2) જાતની પૂર્ણતા (પર્યાપ્તતતા) : અમેરિકા જેવા દેશમાં તેના નાગરિકોને જાતની પૂર્ણતાના આધાર પર સ્વાયત્તતા આપવાને કારણે આજે તે દેશ આગળ નીકળી શક્યો છે. હું બધું જ કરી શકું એવી મનોભાવના પેદા કરે છે. જે એની જાતને પૂર્ણતા તરફ લઇ જાય છે. (3) હિંમતવાળું બહાદૂર વ્યક્તિત્ત્વ : વ્યક્તિને મળતી કામ કે વિચારવાની અને તેના અમલની સ્વાયત્તતા તેનામાં આત્મવિશ્વાસ જગાડે છે જેના દ્વારા તે પોતે હિંમતવાન બને છે.

**8. બંધુત્ત્વ / એકતા :**

બંધુત્ત્વની ભાવના એ વિપક્ષી પ્રત્યેની જવાબદારી વ્યક્ત કરે છે. બંધુત્ત્વ એ છેવાડાના માનવી સુધી પહોંચવા અને તેના પ્રત્યેની સહાનુભૂતિઓને વ્યક્ત કરે છે.

બંધુત્ત્વની ભાવના એ માળખામાં રહેલી સમતુલાને દર્શાવે છે. બંધુત્ત્વની ભાવના એ જે તે દેશના વિકાસને સમાનતાની રીતે આગળ લઇ જવા માટે મદદ કરે છે. સાથે બંધુત્ત્વ દ્વારા સમાજમાં કામ કે પ્રવૃત્તિના સંદર્ભમાં મદદ કરવાની ભાવનાનો વિકાસ કરીને આખરે દેશનો વિકાસ કરે છે.

**9. ભાગીદારી :**

ભાગીદારી એ વિકાસ માટેની પાયાની બાબત છે. એટલે કે વિકાસની પ્રક્રિયા સાથે જોડાયેલા અને તેના લાભાર્થી વચ્ચેની ભાગીદારી કહી શકાય જ્યારે બીજી રીતે ભાગીદારી એ સંપૂર્ણપણે પોતે કાર્યક્રમને કે વિકાસને સંચાલિત કરીને પોતે વિકાસમાં ભાગીદારી નોંધાવે છે.

આ ભાગીદારીને માપવા માટે કેટલાક વિસ્તારના લોકો સાથે તેનું જોડાણ ઉભું થયું છે એટલે કે નેટવર્ક ઉભું થયું છે. સાથે લોકો કેવી રીતે વ્યવસ્થા સાથે જોડાણ પામ્યા છે તેના આધારે ભાગીદારી માપી શકાય છે.

**10. પર્યાવરણીય સમતુલા :**

પર્યાવરણીય કે પરિસ્થિતિની સમતુલા ઊભી કરવી એ વિકાસનું આખરી મૂલ્ય છે. માણસ અને

કુદરત તે બન્નેય પર્યાવરણીય સમતુલાના મહત્ત્વના વર્ગ છે. કારણ કે માણસ એ બુદ્ધિશાળી પ્રાણી હોવાના કારણે આ પર્યાવરણીય સમતુલા જાળવવા અને સંચાલનની કામગીરી સંભાળે છે. સાથે કુદરતના જીવો દ્વારા પોતાની શક્તિઓ અને જરૂરિયાતો આધારિત સમતુલા ઊભી થાય છે. પરંતુ માનવ આખરે પોતાની જરૂરિયાતો અને ઇચ્છાઓની પૂર્તિ માટે થઇને વાતાવરણમાં પર્યાવરણનાં તત્ત્વોનો નાશ કરવાનો નથી. પરંતુ તેની જાળવણી કરતાં વિકાસ કરીને તેની સમતુલા ઊભી કરવાની છે.

## 3.4 ઉપસંહાર

વ્યક્તિની જરૂરિયાતો અને પર્યાવરણની માંગ શું છે તેમજ દરેક વ્યક્તિની સામાન્ય જરૂરિયાતો, શારીરિક, માનસિક અને સામાજિક હોય છે. આવા લોક કેન્દ્રિત વિકાસ એ લોકોનું સશક્તિકરણ અને કલ્યાણ કરનારો હોય તે પરિણામલક્ષીને બદલે પ્રક્રિયાઓ પર ભાર મુકતા હોય છે. લોકોમાં વિશ્વાસ રાખનારો હોય અને લોકકેન્દ્રિત વિકાસ માટે લોકોની ક્ષમતાઓ વધારવામાં સરકાર, સંસ્થાઓ અને વ્યાવસાયિકોની એ ભૂમિકા છે કે લોકોને સહાયક વાતાવરણ પૂરું પાડવા જરૂરી કલ્યાણ સેવાઓ પૂરી પાડે છે.

વિકાસ ત્યારે જ લોકોની વાસ્તવિક અને જરૂરિયાતોને પ્રતિબિંબિત કરશે જ્યારે તે માત્ર વિકાસની પ્રક્રિયા સંપૂર્ણ ભાગીદારીવાળી હશે. લોકોની જિંદગીને આકાર આપતા નિર્ણયો પ્રક્રિયાઓમાં લોકોની સંપૂર્ણ ભાગીદારી હોવી જોઇએ. આજના વિકાસની પ્રક્રિયા એ વધુ સંપત્તિનું સર્જન, ઊંચું જીવનધોરણ અને આધુનિક ટૅકનૉલૉજી આપી છે. વધતી સમૃદ્ધિનો લાભ સમાજના તમામ લોકોને પહોંચાડવામાં મોટા ભાગના સમાજ અશક્ત રહ્યા છે. યુ.એન.ના જણાવ્યા મુજબ લોકકેન્દ્રિત વિકાસ એટલે, "લોકો દ્વારા, લોકો માટે, લોકોનો વિકાસ" ટૂંકમાં લોકો પોતે પોતાના વિકાસના પ્રયત્નમાં સામેલ હોવા જોઇએ અને તેઓ જ તેના લાભ મેળવનારા હોવા જોઇએ.

## 3.5 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. 'બહુજન હિતાય બહુજન સુખાય' માટે પોતાનું આખું જીવન કોણે સમર્પિત કરી દીધું ?

   (A) ભગવાન બુદ્ધ (B) સ્વામી વિવેકાનંદ

   (C) ગાંધીજી (D) સ્વામી દયાનંદ સરસ્વતી

2. કલ્યાણનો અર્થ શું છે ?

   (A) દયા (B) સદાવ્રત

   (C) દાન

   (D) જરૂરિયાતમંદ નાગરિકોના હક્કની બાબત

3. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના પ્રસ્તુત થયેલા કલ્યાણના ધ્યેયો કેટલા છે ?

   (A) 16 (B) 18

   (C) 24 (D) 25

4. સામાજિક વિકાસ = આર્થિક વિકાસ + સાંસ્કૃતિક અને સામાજિક વિકાસ

   આ સૂત્ર કયાં અર્થશાસ્ત્રીએ આપ્યું ?

   (A) હિકલ ડાઉન (B) યોગેન્દ્રસિંહ

   (C) મિર્ડન (D) હોલ હાઉસ

5. કયા અનુચ્છેદન દ્વારા બધા નાગરિકોને સમાનતાનો મૌલિક આધાર આપવામાં આવ્યો છે ?

(A) 14 (B) 15

(C) 16 (D) ઉપરોક્ત તમામ

## 3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) ભગવાન બુદ્ધ
2. (D) જરૂરિયાતમંદ નાગરિકોના હક્કની બાબત
3. (A) 16
4. (A) હિકલ ડાઉન
5. (D) ઉપરોક્ત તમામ

## 3.7 ચાવીરૂપ શબ્દો :

- **કલ્યાણ :** જરૂરિયાતમંદ નાગરિકોનો હક્ક
- **વિકાસ :** ક્રમિક પ્રગતિ અથવા વૃદ્ધિ
- **સમાનતા :** સમાનરીતની નિર્ણય પ્રક્રિયા
- **સામાજિક ન્યાય :** જરૂરી પાયાની બાબતોની પૂર્તિ થવી.
- **સમત :** કાર્યક્ષમતા

## 3.8 સ્વાધ્યાય લેખન (Assignment)

**1. કલ્યાણના ક્ષેત્રની વિગત લખો.**

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

**2. ભારત એક કલ્યાણ રાજ્ય છે, વિધાન સમજાવો.**

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

**3. વિકાસના સૂચકો કયા કયા છે ?**

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

**4. વિકાસના ઉદ્દેશ્યો કેવા હોવા જોઈએ ?**

.........................................................................

.........................................................................

.........................................................................

.................................................................

5. **વિકાસના અભિગમોનું વર્ણન કરો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 3.9 પ્રવૃત્તિ (Activities)

- કલ્યાણનો અર્થ, જરૂરિયાત, મહત્ત્વ સમજાવો.
- વિકાસનો અર્થ સ્પષ્ટ કરી ભારતના સંદર્ભમાં રણનીતિ વિસ્તૃતમાં વર્ણવો.
- વિકાસના અભિગમો વિસ્તૃતમાં વર્ણવો.

## 3.10 કેસસ્ટડી (Case Study)

- ભારતમાં અનુસૂચિત જાતિ, જનજાતિ માટે કલ્યાણની જરૂરિયાત અને કલ્યાણ માટે સરકારી પ્રયત્નો, યોજનાઓ ટૂંકમાં જણાવો.
- 'ભારત એક કલ્યાણ રાજ્ય' વિધાન સમજાવો.
- લઘુમતી કલ્યાણ માટે કરવામાં આવતી પ્રવૃત્તિ વિસ્તૃતમાં વર્ણવો.
- વિકાસ અને વિકાસને સ્પર્શતા મુદ્દાઓ વિસ્તૃતમાં વર્ણવો.

## 3.11 સંદર્ભગ્રંથ


1. સામાજિક કલ્યાણ અને સામાજિક કાયદાઓ : પ્રો. એ. જી. શાહ અને પ્રો. જે. કે. દવે,
   પ્રકાશન : અનડા પ્રકાશન - અમદાવાદ,
   આવૃત્તિ : 2005
2. સમાજ કલ્યાણ કે નૂતન આયામ્ (હિન્દી ભાષા) : પ્રકાશ નારાયણ,
   પ્રકાશન : બુક એનક્લેવ - જયપુર,
   આવૃત્તિ : 2009
3. સામાજિક કલ્યાણ અને સામાજિક કાનૂનીકરણ : પ્રો. એ. જી. શાહ અને પ્રો. જે. કે. દવે,
   પ્રકાશન : અનડા પ્રકાશન - અમદાવાદ,
   આવૃત્તિ : 2010
4. સમાજકાર્ય અભ્યાસપોથી : કે. આર. દોશી,
   પી. જી. સેન્ટર ઑફ સોશ્યલ વર્ક, ભાવનગર.

| એકમ–4 | વ્યાવસાયિક અને સ્વૈચ્છિક સમાજકાર્યના ધ્યેય અને મૂલ્યો |
|---|---|

## : એકમનું માળખું :

4.0 એકમના હેતુઓ
4.1 પ્રસ્તાવના
4.2 સમાજકાર્યનું વ્યાવસાયિક સ્વરૂપ
4.3 વ્યવસાયિક સમાજકાર્યના ધ્યેયો
4.4 વ્યવસાયિક સમાજકાર્યના મૂલ્યો
4.5 ઉપસંહાર
4.6 તમારી પ્રગતિ ચકાસો (MCQs)
4.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
4.8 ચાવીરૂપ શબ્દો (Glossary)
4.9 સ્વાધ્યાય લેખન (Assignment)
4.10 પ્રવૃત્તિ (Activities)
4.11 કેસસ્ટડી (Case Study)
4.12 સંદર્ભગ્રંથ (Further Readings)

### 4.0 એકમના હેતુઓ

પ્રસ્તુત એકમના હેતુઓ નીચે મુજબ છે.

1. વિદ્યાર્થીઓ વ્યાવસાયિક સમાજકાર્યના મૂલ્યોથી પરિચીત થશે.
2. વિદ્યાર્થીઓ વ્યવસાયિક સમાજકાર્યના ધ્યેયથી પરિચીત થશે.
3. વિદ્યાર્થીઓ સમાજકાર્યના મૂલ્યોને જાણી વ્યવસાયિક કાર્યકિર્દીમાં સમાજકાર્યના મૂલ્યોને નજર સમક્ષ રાખશો.
4. વિદ્યાર્થીઓ સમાજકાર્યના ધ્યેય, મૂલ્યોને આત્મસાત કરી વ્યવસાયિક સમાજકાર્ય કરતી વખતે ધ્યાનમાં રાખવા ઉપયોગી થશે.

### 4.1 પ્રસ્તાવના

સમાજકાર્ય એ એક એવી પ્રક્રિયા છે કે જેમાં સમાજના લોકોને સીધા સાંકળી કાર્ય કરવામાં આવે છે. વ્યાવસાયિક સમાજકાર્યમાં સૈદ્ધાંતિક જ્ઞાન અને વ્યવહાર બંને વ્યવસાયના વિકાસ માટે પરસ્પર આધારિત છે. સમાજમાં એક વ્યવસાય તરીકે વિકસી રહ્યો છે. આપણે પાશ્ચાત્ય દેશો પાસેથી સમાજકાર્યનું જ્ઞાન મેળવતા રહીએ છીએ; પરંતુ, આપણા દેશની સ્થિતિ અને સમસ્યાઓને અનુરૂપ વ્યવસાયનો વિકાસ થાય તે જરૂરી છે. આ સંદર્ભમાં ભારતમાં વ્યાવસાયિક સમાજકાર્યના વિકાસની પ્રક્રિયાને સમજવી જરૂરી છે. ભારતમાં વ્યાવસાયિક સમાજકાર્યના સંદર્ભમાં ગાંધીજીની વિચારસરણીનો ખ્યાલ શરૂઆતથી ચર્ચાતો રહ્યો છે. તેમાં ખાસ કરીને ગાંધીજીની સામાજિક ક્રિયા પદ્ધતિને ભારતના વ્યાવસાયિક સમાજકાર્યમાં સૌથી વધુ મહત્ત્વની અને ઉપયોગી પદ્ધતિ માનવામાં આવી છે.

## 4.2 સમાજકાર્યનું વ્યાવસાયિક સ્વરૂપ

વ્યાવસાયિક મદદ સાહજિક મદદ કરતા અલગ છે. તે સેવાર્થીની જરૂરિયાતોને કેન્દ્રમાં રાખનારો તાલીમબદ્ધ અભિગમ છે. તેમાં મદદ કરનારની પ્રવૃત્તિ ચોક્કસ જ્ઞાન, મૂલ્યો અને કુશળતાઓ પર આધારિત હોય છે. સાહજિક મદદ અને વ્યાવસાયિક મદદ બન્ને સામાજિક કાર્યાત્મકતા સંબંધિત સમસ્યાઓનો ઉકેલ લાવવા લોકોને મદદ કરનારા માન્ય સાધનો છે. સમાજકાર્ય માનવસેવાના વ્યવસાય તરીકે સતત વિકસતો વ્યવસાય છે. આજે તે લોકોની તેમની સામાજિક કાર્યાત્મકતામાં સુધારો કરનાર વ્યવસાય તરીકે ઓળખાય છે. સાદી રીતે કહીએ તો સમાજકાર્યકરો લોકોને તેમના વિશ્વના વિવિધ અંગો જેવા કે બાળકો, વાલીઓ, જીવનસાથી, કુટુંબ, મિત્રો, સહકાર્યકરો, સંસ્થાઓ કે સમગ્ર સમુદાય સાથેની આંતરક્રિયાને મજબુત બનાવવામાં મદદ કરે છે. આમ, મદદ કરવાની સાહજિક વૃત્તિમાંથી માનવ સમુદાયના વિકાસની સાથે વ્યાવસાયિક સમાજકાર્યનો વિકાસ થયો છે.

### 4.2.1 વ્યવસાય એટલે શું ?

વ્યવસાય શબ્દ ખૂબ જ પ્રચલિત છે. જેનો સામાન્ય અર્થ રોજગાર, વ્યાપાર અથવા કારોબાર થાય છે. ટૂંકમાં 'વ્યવસાય એટલે આજીવિકા માટે થતી પ્રવૃત્તિ' ઓગણીસમી શતાબ્દીમાં રોજગાર-ધંધાઓમાં વિશિષ્ટ સેવાઓનો વિકાસ થયો. જેને પરિણામે વ્યવસાયના વિશિષ્ટ અર્થનો વિકાસ થયો. હવે વ્યવસાયનો અર્થ સંગઠિત રોજગાર એવો કરવામાં આવે છે. એને માટે ઔપચારિક તાલીમ અને જ્ઞાનની આવશ્યકતા હોય છે. તેના દ્વારા કાર્યકર્તાઓમાં વ્યાવસાયિક કુશળતાઓ અને નિપુણતાનો વિકાસ અને ઉપયોગ કરવામાં આવે છે. કાર્યકર્તા માનવજીવનને લગતા કેટલાક પાસાઓમાં એક કળા તરીકે આ નિપુણતાઓનો ઉપયોગ કરીને વ્યાવસાયિક મદદ પૂરી પાડે છે.

### 4.2.2 સમાજકાર્ય : એક વ્યવસાય તરીકે

સમાજકાર્ય એ વ્યવસાયિક સેવા છે. તેનો આધાર વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવસંબંધોની કુશળતાઓ ઉપર છે. તે વ્યક્તિ, જૂથ અને સમુદાયને વ્યક્તિગત અને સામાજિક સુખાકારી તથા સ્વતંત્રતા મેળવવામાં મદદ કરે છે. હવે એ વાતનો સ્વીકાર થાય છે કે સામાજિક સમસ્યાઓનો ઉકેલ લાવવા અને વ્યક્તિઓને મદદ કરવા માટે ચોક્કસ જ્ઞાન અને કુશળતાઓની જરૂર છે. તદુપરાંત સંવેદના, સમજણ અને પ્રતિબદ્ધતા વગેરે ગુણો પણ સામાન્ય રીતે સમાજકાર્યમાં અનિવાર્ય છે. સમાજકાર્ય માટે જરૂરી જ્ઞાન અને કુશળતાઓ શિક્ષણ દ્વારા મેળવી શકાય છે. લોકોને મદદ કરવાના કાર્યોને હવે આવશ્યક સામાજિક કાર્યો તરીકે ગણવામાં આવે છે. તેથી જેઓ આ કાર્યો કરે છે તેમને તેમની સેવાઓ માટે વળતર આપવાની વાતનો પણ સ્વીકાર થાય છે. સામાન્ય રીતે ડૉક્ટર, વકીલ અને ઍન્જિનીયર વ્યાવસાયિક છે. વ્યવસાય તરીકે જરૂરી તમામ લક્ષણો પણ ધરાવે છે. તેમ છતા સમાજકાર્યને વ્યવસાય તરીકે હજુ પૂરેપૂરી સ્વીકૃતિ મળી નથી. વ્યવસાયિક રીતે તાલીમ પામેલ વ્યક્તિ બિનતાલીમી વ્યક્તિ કરતા વધુ વૈજ્ઞાનિક અને સૈદ્ધાંતિક જ્ઞાનને આધારે તેની પદ્ધતિનો ઉપયોગ કરીને વધુ યોગ્ય તથા સુવ્યવસ્થિત રીતે સેવાકાર્ય કરી શકે છે. તેને પરિણામે સમાજકાર્યને એક વ્યવસાય તરીકે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. છતાં સમાજકાર્ય પોતાના સેવાકાર્યમાં જે વ્યાવસાયિક પદ્ધતિઓ, જ્ઞાન, સિદ્ધાંતો અને કુશળતાઓનો ઉપયોગ કરે છે તે એની વિશિષ્ટતા છે. સમાજકાર્ય અન્ય વ્યવસાયોથી અલગ એક વ્યવસાય છે. એક વ્યવસાય તરીકે સમાજકાર્ય ગુણ/લક્ષણો નીચે મુજબના છે.

1. વિશિષ્ટ જ્ઞાન, મૂલ્યો અને કુશળતાઓ હોય છે.

2. શિક્ષણ અને તાલીમની વ્યવસ્થા હોય છે.

3. વ્યવસાયિક સંગઠન છે.

4. સામુદાયિક માન્યતા અને સામાજિક અનુમોદન હોય છે.

5. આચારસંહિતા હોય છે.

ભારતમાં વ્યવસાય તરીકે સમાજકાર્યનો વિકાસ થઇ રહ્યો છે. તેને વધુ વેગ મળે તે માટે સમાજકાર્ય વ્યવસાયના ધ્યેયો અને મૂલ્યો ધ્યાનમાં રાખવા જરૂરી છે.

## 4.3 વ્યવસાયિક સમાજકાર્યના ધ્યેયો

ધ્યેય એટલે લક્ષ્ય, આદર્શ કે પ્રાપ્તવ્ય. ધ્યેય એ પ્રાપ્ત કરવાનો એક લાંબાગાળાનો આદર્શ છે. સમાજકાર્યના ધ્યેય માટે કહેવાય છે કે, 'The aim of Social Work is to end all Social Work' એટલે કે સમાજકાર્યનું ધ્યેય તમામ સમાજકાર્યનો અંત લાવવાનું છે.

'વ્યક્તિ, જૂથો અને સમુદાયો એમનું શક્ય તેટલું ઊંચામાં ઊંચી કક્ષાનું સામાજિક, માનસિક અને ભૌતિક કલ્યાણ સાધી શકે એમાં એમને મદદ કરવી એ સમાજકલ્યાણનું ધ્યેય છે.'

**—ફ્રિડલેન્ડર**

ગીસેલા કોનેપ્કાના પુસ્તક 'સોશ્યલ વર્ક ફીલોસોફી' માં જણાવે છે કે 'સમાજકાર્ય એ વ્યવસાય છે જેનું વિશિષ્ટ ધ્યેય માનવસમાજને સુધારવાનું છે.'

માનવગૌરવ અને દરેક વ્યક્તિનું મૂલ્ય સામાજિક સમાનતા, લોકશાહી બહુત્ત્વવાદ, લોકભાગીદારી અને આત્મનિર્ણય, સ્થાનિક સ્વશાસન અને શાંતિપૂર્ણ સહયોગી સામાજિક ગતિશીલતાના મૂલ્યમાં વધારો કરશે.

વર્ચસ્વ અને વંચિત જૂથોના સીમાંતીકરણને દોરતી વ્યવસ્થિતિ વિચારસરણીઓની આલોચના કરવી. કારણ કે એવા જૂથોની સ્થિતિ-જાતિ, પ્રજાતિ, ઉંમર, આરોગ્ય, આર્થિક ભૂમિકા, જાતીય અભિમુખતા અને એવા બીજા કારણોસર હોય છે. તેથી દલિતો, આદિવાસીઓ, બાળકો, યુવાનો, વૃદ્ધો, મજુરો, નિરાધાર અને અપંગો, માનસિક કે અસાધ્ય માંદગી કે જાતીય ધંધાદારી પ્રત્યે સંવેદનશીલતા વિકસાવવી અને કામ કરવું.

માનવવિકાસનાં સંદર્ભમાં કુટુંબ, સમુદાય, રાજ્ય, કોર્પોરેટ સેક્ટર, સમુહ માધ્યમો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની સામાજિક, આર્થિક, રાજકીય, તંત્રોની ગતિવિધીને ઓળખવી કે જે વર્ચસ્વ અને સીમાંતીકરણને પુષ્ટિ આપે છે.

સમાજમાં રાજ્ય અને રાજકીય બાબતો, કાનુની અને ન્યાયતંત્રો, કલ્યાણ અને વિકાસલક્ષી નીતિ તથા યોજનાઓ જે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા પ્રભાવિત થાય છે તેમની ભૂમિકાઓનું વિશ્લેષણ કરવું.

સામાજિક, આર્થિક, રાજકીય તંત્રોમાં લોકશાહીકરણ માટે કાર્ય કરવું, વંચિત જૂથોના સશક્તિકરણના હેતુ માટે તેમના મૂળભૂત અધિકારોને મેળવવા, જેવા કે અન્ન અને પોષણ, પાણી અને સ્વચ્છતા, આજીવિકા અને રોજગારી, આરોગ્ય, રહેઠાણ, પર્યાવરણીય સંતોષકારકતા, સાક્ષરતા અને પાયાનું શિક્ષણ, કટોકટીની સ્થિતિમાં ભોગ બનેલાને રાહત અને પુનઃ સ્થાપન. (કટોકટીની સ્થિતિમાં છે તેવા એટલે કે અપરાધી, જેમનું જાતીય શોષણ થયું છે. જેઓ સામુહિક હિંસાનો ભોગ બન્યા છે અને જેઓ આપત્તિઓનો ભોગ બન્યા છે.)

સમાજકાર્યની સંકલિત પદ્ધતિ, સીધી સેવાઓ અને સામાજિક ક્રિયાપદ્ધતિ દ્વારા સામાજિક પરિવર્તન કરવું, સ્વૈચ્છિક સંસ્થાઓનો વહીવટ, નીતિ અને કાર્યક્રમોનું આયોજન, અમલીકરણ, નિયમન અને મૂલ્યાંકન, લોકચળવળોમાં ભાગીદારી, અવૈધિક શિક્ષણ અને સહભાગી તાલીમ, નેટવર્કીંગ, કાનુની સહાય, લોકવકીલાત અને લોકહિત અરજી જેવા કાર્યો કરવા.

સમાજકાર્ય જ્ઞાનને પદ્ધતિસર/વ્યવસ્થિત બનાવવું, જ્ઞાનનું સંકલિન કરવું, પ્રેક્ટિસ આધારિત

દસ્તાવેજીકરણ, નિતીઓનું વિશ્લેષણ કરવું તથા સામાજિક વિજ્ઞાનોના ક્ષેત્રનું નવું જ્ઞાન હાંસલ કરવું.

સમાજકાર્ય પ્રેક્ટિસ માટે તાલીમ પામેલા સમાજકાર્ય કરવા તૈયાર કરવા, વહીવટ, શિક્ષણ, તાલીમ અને સંશોધન માટે સજ્જતા કેળવવી, સમાજકાર્યના જ્ઞાન, વલણ અને કુશળતાઓનો વિકાસ કરવો. આલોચનાત્મક તપાસ દ્વારા વર્ગશિક્ષણમાં શીખવાની પ્રક્રિયા ઊભી કરવી. સ્વઅભ્યાસ, ક્ષેત્રકાર્ય અને પ્રેક્ટિસ આધારિત સંશોધનના અનુભવ આપવા.

સમાજકાર્યનું ધ્યેય લોકશાહીના મૂલ્યોને આધારે સામાજિક સુવ્યવસ્થાનું નિર્માણ, વ્યક્તિ અને સમાજના સામાજિક હિતોમાં સમાયોજન સ્થાપવાનું છે તેમ કહી શકાય. સમાજકાર્યના મુખ્ય ચાર ધ્યેયો નીચે મુજબ છે.

### 4.3.1 ઉર્ધ્વગામી વિકાસ

જે વિકાસ વ્યક્તિ, સમાજ અને પર્યાવરણના હિતોનું જતન કરતો હોય તે વિકાસ ઉર્ધ્વગામી વિકાસ છે. આજના વિકાસની પ્રક્રિયા એવધુ સંપત્તિનું સર્જન, ઉંચુ જીવનધોરણ અને આધુનિક ટૅકનૉલૉજી આપી છે. વધતી સમૃદ્ધિનો લાભ સમાજના તમામ લોકોને પહોંચાડવામાં મોટા ભાગના સમાજ અશક્ત રહ્યા છે. આવો વિકાસ વિશ્વને, રાષ્ટ્રને વિભાજિત કરનારો છે. જેને પરિણામે વંચિતતાની માત્રા વધતી જાય છે. દેશના ઓછા લોકો આવા વિકાસને કારણે વંચિત બને છે, હાંસિયામાં ધકેલાઈ બહાર ફેંકાઈ જાય છે. જે અન્યાય અને ન્યાયના પ્રશ્નો ઉભા કરે છે. જે સમાજમાં વંચિતપણું, આંતરવિગ્રહ, હિંસા, સામાજિક અજંપો, પર્યાવરણીય અસમતુલા અને કુદરતી આપત્તિની સ્થિતિ સર્જે છે. જેનો મહિલાઓ, બાળકો, ગરીબો, અશક્તો, સમાજના નબળા વર્ગના લોકો વધુ ભોગ બને છે. એક બાજુ સમૃદ્ધિ વધે છે તો બીજી બાજુ ગરીબી અને સીમાંતીકરણની સ્થિતિ ઊભી થાય છે. જેને કારણે આપઘાત, માનસિક બીમારી અને અપરાધ જેવી મોટી સમસ્યાઓ સર્જાય છે.

ઉર્ધ્વગામી વિકાસ માટેનું મોડેલ કેવું હોવું જોઈએ ? લોક કેન્દ્રિત વિકાસ એ જ ઉર્ધ્વગામી વિકાસ છે. યુ.એન.ના જણાવ્યા મુજબ લોક કેન્દ્રિત વિકાસ એટલે લોકો દ્વારા, લોકો માટે, લોકોનો વિકાસ, ટૂંકમાં, લોકો પોતે પોતાના વિકાસના પ્રયત્નોમાં સામેલ હોવા જોઈએ અને તેઓ જ તેના લાભ મેળવનારા હોવા જોઈએ. લોક કેન્દ્રિત વિકાસ માટે નીચેના ઘટક આવશ્યક છે.

**જાગૃતિ :** લોકો પોતાની સ્થિતિ અને પર્યાવરણની વાસ્તવિકતાથી જાગૃત હોવા જોઈએ. તો જ તેઓ પૂર્ણ રીતે સહભાગી બની શકે.

**સામાજિક સંગઠન :** સ્થાનિક સંસાધનોને ઉપલબ્ધ કરવામાંઅને પોતાના વિકાસમાં પૂર્ણ સહભાગીદારી માટે લોકોનાં જૂથો અને સ્થાનિક સંગઠનો બને તે જરૂરી છે.

**ભાગીદારી :** વિકાસ ત્યારે જ લોકોની વાસ્તવિકતા અને જરૂરિયાતોને પ્રતિબિંબિત કરશે જ્યારે માત્ર વિકાસની પ્રક્રિયા સંપૂર્ણ ભાગીદારીવાળી હશે. લોકોની જીંદગીને આકાર આપતા નિર્ણયો અને પ્રક્રિયાઓમાં લોકોની સંપૂર્ણ ભાગીદારી હોવી જોઈએ.

**સ્વનિર્ભરતા :** લોકોનેઆવક/વળતર મળે તેવી રોજગારીની પ્રક્રિયામાં સંપૂર્ણપણે ભાગીદારી હોવી જોઈએ. તેમની ઉત્પાદકતા વધે તે માટે તેમને સક્ષમ બનાવવા જરૂરી છે. સ્થાનિક સમુદાયમાંથીસાધનો ઉપલબ્ધ થતા હશે તો લોકોનું પોતાના વિકાસ ઉપર વધુ નિયંત્રણ હશે.

**સંપોષકતા :** માત્ર વર્તમાન પેઢીઓ માટે નહીં પણ ભાવિ પેઢીઓ માટે પણ તકોની કાળજી રાખવી. ભૌગિક, માનવીય અને પર્યાવરણીય એમ તમામ પ્રકારની સંપત્તિનું જતન અને સંવર્ધન થવું જોઈએ.

લોક કેન્દ્રિત વિકાસ એ લોકોનું સશક્તિકરણ કરનારો હોય, તે પરિણામલક્ષીને બદલે પ્રક્રિયાઓ પર ભાર મુકતા હોય, લોકોમાં વિશ્વાસ રાખનારો હોય, લોક કેન્દ્રિત વિકાસ માટે લોકોની ક્ષમતાઓ

વધારવામાં સરકાર, સંસ્થાઓ અને વ્યાવસાયિકોની એ ભૂમિકા છે કે તેઓ લોકોને સહાયક પર્યાવરણ પુરું પાડવા જરૂરી સેવાઓ પૂરી પાડે.

ઉર્ધ્વગામી વિકાસનો હેતુ લોકો લાંબુ તંદૂરસ્ત અને સર્જનાત્મકજીવન જીવી શકે એવું વાતાવરણ ઉભું કરવાનો છે. પરંતુ ઘણી વખત આ પાયાનું તત્ત્વ આર્થિક વૃદ્ધિ અને ભૌતિક કલ્યાણની દોડમાં ભુલાઇ જાય છે. ત્યારે સમાજકાર્યકર લોક કેન્દ્રિતવિકાસ માટે સરકારની નીતિઓ, કાર્યક્રમોની આલોચના કરે છે. તેને સુસંગત બનાવવા માટે નીતિ ઘડતર પ્રક્રિયા પર દબાણ ઉભું કરવું અને તેમાં દરમ્યાનગીરી કરવી, વગેરે જેના કાર્યો કરે છે. તથા વંચિત જૂથોની સમસ્યાઓની હિમાયત કરે છે.

### 4.3.2 વધુ સારું સામાજીક સમાયોજન

વ્યક્તિની જરૂરિયાતો અને પર્યાવરણની માંગણીઓ પુરેપૂરી સંતોષાય એવી પરિસ્થિતિને સમાયોજનની સ્થિતિ કે વ્યક્તિ અને સામાજિક પર્યાવરણ વચ્ચેની સુસંવાદિતા કહી શકાય. દરેક વ્યક્તિ આવા સુસંવાદી સંબંધ બંધાય તે માટે પરિસ્થિતિને અનુરૂપ વર્તન કરીનેઅથવા પર્યાવરણમાં ફેરફાર કરીને કે જીવંત પદાર્થમાં ફેરફાર કરીને અનુકૂલન સાધવાનો પ્રયત્ન કરે છે.

સમાયોજનમાં વ્યક્તિની જરૂરિયાતો અને પર્યાવરણની માંગ શું છે તે સમજવું જરૂરી બને છે. દરેક વ્યક્તિની સામાન્ય જરૂરિયાતો શારીરિક, માનસિક અને સામાજીક હોય છે. કુટુંબ, વિવિધ જૂથો, સમુદાય, સામાજિક સંસ્થાઓ વગેરે વ્યાપક તંત્રો હોય છે. જે દરેક વ્યક્તિનું પર્યાવરણ છે. આ તંત્રો / પર્યાવરણની પોતાની પણ માંગ હોય છે. વ્યક્તિની જરૂરિયાત અને પર્યાવરણની માંગ સમજવા માટે એક ઉદાહરણ જોઇએ. દા.ત. કોઇપણ સ્ત્રી જ્યારે લગ્ન કરીને પતિના ઘરે જાય છે ત્યારે તેની જરૂરિયાત એ હોય છે કે તે કુટુંબમાં તેનો સ્વીકાર થાય. પરંતુ આ સ્વીકાર માટે કુટુંબ જે તેના પર્યાવરણનો એક ભાગ છે. તેની માંગ એ હોય છે કે કુટુંબમાં નવી આવનાર વ્યક્તિ કુટુંબના રીતભાત, નીતિનિયમોનો સ્વીકાર કરે. આમ, વ્યક્તિ અને પર્યાવરણની માંગ વચ્ચે સુસંવાદિતા જળવાય તો તેને સમાયોજનની સ્થિતિ કહીશું. વ્યક્તિ પોતાના વર્તન દ્વારા પર્યાવરણની માંગમાં ફેરફાર કરી શકે છે. અથવા તે માંગને અનુરૂપ વર્તન કરે તો સમાયોજન થાય છે. જો તેથી વિરૂદ્ધ સ્થિતિ થાય તો કુસમાયોજન બને છે.

વ્યક્તિમાં રહેલા કુસમાયોજન માટેના ઘટકોમાં એક તો વ્યક્તિનો પોતાનો ખ્યાલ અને પોતાને પ્રત્યક્ષ થયેલા અનુભવ વચ્ચેની વિશાળ વિગતો છે. બીજું સ્વખ્યાલ વચ્ચેની વિસંગતીઓ છે. આ વિસંગતિઓ વ્યક્તિના દોષયુક્ત વ્યક્તિત્ત્વ માટે તેમજ કુસમાયોજન માટે પણ જવાબદાર છે. આમ, સમાજકાર્યનું એક ધ્યેય આવી કુસમાયોજન વ્યક્તિના કારણો શોધી તેના વધુ સારા સમાયોજન માટે પ્રયત્ન કરવાનું છે.

### 4.3.3 વધુ સારી સામાજીક કાર્યાત્મકતા

કોઇપણ સમાજમાં વ્યક્તિ, જૂથકે સમુદાયની કેટલીક અનિવાર્ય આવશ્યકતાઓ હોય છે. આ આવશ્યકતાઓ માટે વિવિધ વ્યવસ્થાતંત્રો હોય છે. જેના દ્વારા જરૂરિયાતો પરિપૂર્ણ થતી હોય છે. દા.ત. કુટુંબવ્યવસ્થા એ સમાજનું ઘટક છે. તેનું મુખ્ય કાર્ય સમાજમાં નવા સભ્યો પૂરા પાડવા અને કુટુંબના સભ્યો અસરકારક ભૂમિકાઓ ભજવી શકે તે માટે તેમનું સામાજીકરણ કરવાનું છે. આ રીતે રાજ્યનું કાર્ય જોઇએ તો કાયદો અને વ્યવસ્થા જાળવવાનું છે. તે સમાજમાં આંતરિક અનુકૂલનમાં સહાયરૂપ થાય છે. સમાજમાં જે વ્યવસ્થાતંત્રો છે તે વ્યવસ્થાતંત્રોની ક્રિયાશીલતાનું વસ્તુનિષ્ઠ પરિણામ મળે છે. જેને સામાજિક કાર્યાત્મકતા કહીએ છીએ. ટૂંકમાં કહીએ તો, સમાજમાં વ્યવસ્થાતંત્રોની ક્રિયાશીલતાથી લોકોની જરૂરિયાતો સંતોષાય છે તે સામાજિક કાર્યાત્મકતા છે. સમાજના આ વ્યવસ્થાતંત્રો વધુ સારી રીતે કાર્યક્ષમ રીતે કાર્ય કરતા રહે તે જરૂરી છે. એટલે જે કોઇપણ સમાજમાં

તેના ઘટકો કે સામાજિક વ્યવસ્થાતંત્રો વધુ સારી સામાજિક કાર્યક્ષમતા દાખવતા હશે તો ત્યાં સમસ્યા ઓછી ઉદ્‌ભવશે.

વધુ સારી સામાજિક કાર્યાત્મકતા એટલે વ્યવસ્થાની એવી સ્થિતિ કે જેમાં તેના ભાગો કોઇપણ જાતના સંઘર્ષો ઊભા કર્યા વિના એકબીજા સાથે સંવાદિતા અથવા સુસંગતતાથી કાર્ય કરતા હોય. આવી સ્થિતિ એ આદર્શ કલ્પના છે. કુટુંબના દરેક સભ્યની જરૂરિયાતો કુટુંબમાં પરિપૂર્ણ થવી જોઇએ. જો તેમ થતું હોય તો કુટુંબ વ્યવસ્થાની સારી સામાજિક કાર્યાત્મકતા છે તેમ કહી શકાય છે.

સમાજમાં સતત પરિવર્તન થાયછે તે મુજબ લોકોની જરૂરિયાતો બદલાય છે અને તે પ્રમાણે ઘટકો / તંત્રો પણ બદલાવા જોઇએ. જેથી પરિવર્તન સાથે બદલાયેલી જરૂરિયાતોની પરિપૂર્ણતા થઇ શકે. સમાજકાર્યકર જ્યારે સમસ્યાગ્રસ્ત વ્યક્તિ, જૂથ કે સમુદાય સાથે કામ કરે છે ત્યારે તેમની કઇ જરૂરિયાતો પૂરી નથી થઇ જેનાથી તેમની સમસ્યાઓ ઉદ્‌ભવી છે. તે શોધવાનું કામ કરે છે. આ જરૂરિયાતો પૂરી નહીં કરનારા સમાજના કયા ઘટકો છે તે ઘટકો / તંત્રોની સામાજિક કાર્યાત્મકતાના પ્રશ્નો / અવરોધોને શોધે છે. આમ, વ્યક્તિ અને તેના તંત્રો સમાજકાર્યકર માટે મહત્ત્વનાં છે. આ તંત્રોમાં સુધારો થાય અને તે વ્યક્તિ માટે વધુ અનુકૂળ બને તે સમાજકાર્યનું એક ધ્યેય હોય છે.

સમાજકાર્યકર લોકોના જીવનની ગુણવત્તાને ઘટાડનારા સમાજના પાસાઓમાં પરિવર્તન લાવવા પ્રતિબદ્ધ હોય છે. પણ વિશેષ કરીને જેઓ સૌથી વધુ સામાજિક સમસ્યાઓનો ભોગ બનેલા હોય છે તેઓ તેમાં અગ્રસ્થાને હોય છે. સમાજકાર્યકરનું લક્ષ્ય લોકોને અને સામાજિક પર્યાવરણને સેવા પૂરી પાડવાનું છે. તેને માટે સમાજકાર્યકરને લોકો અને સામાજિક સંસ્થાઓની કાર્યાત્મકતા વિશેનું તથા વ્યક્તિઓ, સંસ્થાઓ અને બીજાસામાજીક માળખા જે રીતે સંચાલિત થાય છે તેમાં પરિવર્તન લાવવા વિવિધ કુશળતાઓનું વ્યાપક જ્ઞાન હોવું જોઇએ.

### 4.3.4 સામાજિક ન્યાય

સામાજિક ન્યાય એ સમાજ તેના સભ્યોને જે સાધનો પુરા પાડે છે તેની રીતનો નિર્દેશ કરે છે. 'સામાજિક ન્યાય વ્યક્તિઓ અને સમૂહોની ક્ષમતાઓના યોગ્ય વિકાસ માટેના અને સાર્વજનિક સંપત્તિ માટેના અધિકારોને નિશ્ચિત કરે છે.'

'સામાજિક ન્યાય એ એક એવી આદર્શ સ્થિતિ છે કે જેમાં સમાજના બધા સભ્યોને મૂળભૂત અધિકારો, સમાન રક્ષણ, સમાન તકો, સમાન જવાબદારી અને સમાન સામાજીક લાભો હોય.'

સામાજિક ન્યાયને સ્થાપિત કરવા માટે નીચેના તત્ત્વોને આવશ્યક ગણવામાં આવે છે.

– જરૂરિયાતના સિદ્ધાંતને આધારે સામાજિક સાધનોની એવી સ્પષ્ટ સમજણ સાથે વહેંચણી થવી જોઇએ કે આ સાધનો વ્યક્તિગત સાધનોનો વિકાસ કરશે. આ સાધનો માટેની પાત્રતા માટે નાગરિક હોવું એટલું જ પર્યાપ્ત છે.

– વ્યક્તિગત અને સામાજિક વિકાસ માટેની તકો બધાને માટે ખુલ્લી હોવી જોઇએ અને તેઓને કોઇપણ જાતના દોષ વગર તેમની તકો મેળવતા અટકાવવા છે તેમને યોગ્ય વળતર મળવું જોઇએ.

– સમાજના તમામ સ્તરના વ્યવસ્થાઓ, એજન્ડા અને નિતીઓ માનવને વિકાસલક્ષી બનાવનારી અને આવશ્યક ધ્યેયોની પ્રાપ્તિસુધી લઇ જનારી હોવી જોઇએ.

– સામાજિક અને રાજકીય સત્તાનો મનસ્વી ઉપયોગ બંધ થવો જઇએ.

– સામાજિક અને કુદરતી સાધનોના વિકાસ અને વહેંચણીની અગ્રીમતા નક્કી કરવા અને સામાજિક સમસ્યાઓના ઉકેલમાં ક્યાંય દમનનું સ્થાન ના હોવું જોઇએ.

પર્યાપ્ત શિક્ષણ, રાજકીય ભાગીદારી, આર્થિક સ્વનિર્ભરતા, આરોગ્ય અને સુખાકારી જેવા મુદ્દાઓમાં સામાજિક સંસ્થાઓ દ્વારા પૂરી પાડતી તકો અને સાધનોનું વિસ્તરણ કરી સમાજકાર્યકર સામાજિક

ન્યાયનું પ્રત્યક્ષીકરણ કરે છે. સમાજકાર્યકર સામાજિક ન્યાયનું પ્રત્યક્ષીકરણ કરે છે. સમાજકાર્યકર આરોગ્ય, શિક્ષણ, રોજગારી અને સામાજિક સેવાઓ પહોંચાડતા નેટવર્કને સંગઠિત કરવાના કાર્યો કરે છે. જેથી તમામ લોકો તેનો લાભ મેળવી શકે. સમાન ધોરણે લાભો મળવાની ખાતરી માનવનું ગૌરવ અને મૂલ્યની સ્થિતિ નિર્માણ કરે છે.

સામાજિક ન્યાયના ધ્યેય માટે એક તો સમાજકાર્યકરે સમાજમાં દરેક માટે સમાન તક ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થાઓના નિર્માણ માટે પ્રયત્ન કરવાનો છે અને બીજું, સમાજના જે લોકો આવી અન્યાયકારી વ્યવસ્થાઓ અને વ્યવહારોનો ભોગ બન્યા છે તેમને સક્ષમ બનાવવાના છે. આજે દલિતો, આદિવાસીઓ, લઘુમતી મહિલાઓ, બાળકો, વંચિત અને સીમાંત જૂથોના ન્યાય માટે કાર્યરત કેટલીક સંસ્થાઓ જોવા મળે છે. જેમને સમાજના સ્થાપિત હિતો, દમનકારી જૂથો સામે ન્યાય અપાવવા માટે સંઘર્ષ કરવો પડે છે. આવી સંસ્થાઓ અને સમાજકાર્યકરો અધિકારની લડતો લડે છે. સરકારની નિતીઓ, કાર્યક્રમો, ફંડ અને સાધનો પર ચાંપતી નજર રાખે છે અને તે કોઇપણ અન્યાયી ન બને તે માટે દબાણ ઉભા કરે છે.

## 4.4 વ્યવસાયિક સમાજકાર્યના મૂલ્યો

સમાજકાર્યના મૂલ્યો વિશે જુદા-જુદા વિદ્વાનોએ પોતપોતાના મંતવ્યો દર્શાવ્યા છે. એમાં ક્યાંક ક્યાંક તેઓ એકમત છે તો ક્યાંક મતભેદ પણ છે. વ્યાવસાયિક સમાજકાર્યમાં આજે જે મૂલ્યો સર્વમાન્ય થયા છે તે અમેરીકન પરંપરાના સામાજિક કાર્યકરોના લાગણીઓ, વલણો, અભિમુખતા, પદ્ધતિઓ અને લોકશાહીનાં મૂલ્યોથી પ્રેરાયેલા છે. વિદ્વાનોએ આપેલા મૂલ્યો પરથી કેટલાક સર્વસામાન્ય મૂલ્યો આ પ્રમાણે છે.

પ્રત્યેક વ્યક્તિ મૂલ્યવાન છે તેની ગરીમા જાળવવી. તેના મોભા અને યોગ્યતામાં વિકાસ કરવા કારણ કે સમાજના કેન્દ્રમાં વ્યક્તિ હોય છે. સમાજનો સંપૂર્ણ આધાર એક વ્યક્તિના અસ્તિત્વને યોગ્ય છે.

- વ્યક્તિને વૈજ્ઞાનિક મદદ સામાજિક કાર્યકર પૂરી પાડે છે.
- માનવીય પીડા અનિચ્છનીય છે. માટે તેને દૂર કરવી.
- માનવ સ્વભાવગત રીતે વિવેકપૂર્ણ નથી.
- જન્મ સમયે વ્યક્તિ અસામાજિક હોય છે.
- પ્રત્યેક વ્યક્તિ એકબીજાથી ભિન્ન છે. તેનો સ્વીકાર કરવો.
- માનવીય પ્રેરણા જટીલ અને અસ્પષ્ટ હોય છે.
- શીખવાની પ્રક્રિયામાં અનુભવ એ જરૂરી છે.

### 4.4.1 પ્રત્યેક વ્યક્તિ મૂલ્યવાન છે. તેનું ગૌરવ થવું જોઇએ

સમાજકાર્યનું આ સૌથી અગત્યનું મૂલ્ય છે. આ મૂલ્ય મુજબ સામાજિક કાર્યકરે પ્રત્યેક વ્યક્તિનું ગૌરવ કરવું જોઇએ. Reamer કહે છે, 'ગૌરવનો ખ્યાલ એ સૂચિત કરે છે કે સન્માન મેળવવું એ માનવજાતનો અધિકાર છે. તેથી સમાજકાર્યકરોએ વ્યક્તિઓમાં જાતિ,પ્રજાતિય, સ્ત્રી-પુરુષ જાતિગત અથવા સામાજિક આર્થિક દરજ્જામાં જોવા મળે છે. તેવા ભેદભાવ નહીં કરવા જોઇએ. સમાજકાર્યકરો પણ સામાન્ય રીતે એ માને છે કે તમામ લોકોને તેમની કેટલીક મૂળભૂત જરૂરિયાતો હોય છે. જેવી કે અન્ન, વસ્ત્ર, રહેઠાણ, આરોગ્ય અંગેની કાળજી અને માનસિક આરોગ્ય સંબંધી જરૂરિયાતો. આ જરૂરિયાતો પ્રાપ્ત કરવાની સરખી તકો દરેક વ્યક્તિને મળવી જોઇએ.'

બીજા સાથેની સન્માનપૂર્વકની આંતરક્રિયા વ્યક્તિને ગૌરવ અને તેના મૂલ્યનો અનુભવ કરાવે છે. અસરકારક રીતે કાર્ય કરનાર સમાજકાર્યકર લોકો સાથેનીતેમની લાગણીઓને માન આપે છે. તેમના

દૃષ્ટિકોણની કદર કરે છે. તેઓને જે કહ્યું હોય તેને શાંતિથી સાંભળે છે. ખરેખર તો ગૌરવ અને મૂલ્ય દરેક માનવીને તેના સામે તરફથી જ મળવા જોઇએ. સમાજે જ તેમને તેમાટેની તકો અને સાધનો પુરા પાડવા જોઇએ.

ફ્રિડલેંડરના કથન મુજબ સમાજકાર્યનું આ મૂલ્ય 'સમાજકાર્યકરનો સેવાર્થી પ્રત્યેનો અભિગમ બતાવે છે. આ મૂલ્યમાં વિશ્વાસ ધરાવનાર જૂથ કાર્યકર હું પોતે સમાજનો સભ્ય છું' એવો ભાવ દૃઢ કરવાની તક દરેક વ્યક્તિને પૂરી પાડે છે. જૂથમાં દરેક વ્યક્તિ સન્માનને પાત્ર છે તથા દરેકનો યોગ્ય સ્વીકાર થવો જોઇએ. એ વાતનો સમાજકાર્યકર સ્વીકાર કરે છે. વ્યક્તિનો મોભો અને મહત્ત્વને લગતો લોકશાહીનો આદર્શ આ મૂલ્યમાં કેન્દ્ર સ્થાને છે.

### 4.4.2 સમાજ કલ્યાણમાં વ્યક્તિની જવાબદારી

એક બાજુ વ્યક્તિને પોતાનાં સ્વમાન, આત્મગૌરવ, સ્વનિર્ણય અને સમાન તકના વ્યક્તિગત અધિકારો છે તો બીજી બાજુ તેની પોતાની તરફની, કુટુંબ અને સમાજ તરફની જવાબદારી રહેલી છે. એવા મુદ્દા એ સમાજકાર્યની તમામ પદ્ધતિઓ સાથે સંકળાયેલું મૂલ્ય છે.

આ મુદ્દામાંથી એ પડકાર ઉભો થાય છે કે વ્યક્તિઓ, જૂથો અને સમુદાયો કે જેઓ પોતાના વિકાસ અને સુખ માટે સહાય, ટેકો, સલાહ અનેતકો મેળવે છે. તેમની તથા સમાજની વચ્ચે અધિકાર અને ફરજની સ્પષ્ટ ભાવના વિકસવી જોઇએ. સમાજકાર્યકર વ્યક્તિ અને જૂથોને એ બતાવે છે કે તેમને પોતાના અધિકારોનું સંપૂર્ણ ભાન હોવું જોઇએ. તેમનામાં પોતાની મર્યાદાઓ તથા ફરજો પ્રત્યેની જાગૃતિ હોવી જોઇએ. તથા બીજાના અધિકારો તથા જરૂરિયાતો માટે તેમને આદર હોવો જોઇએ કે તેમના અધિકાર પણ મહત્ત્વના છે. વ્યક્તિ તેમજ જૂથ સાથેના કાર્યમાં સમાજકાર્યકર ઇચ્છનીય સામાજિક ધ્યેયની સિદ્ધિને પ્રોત્સાહન આપે છે. વૈયક્તિક કાર્યકર, જૂથ કાર્યકર તથા સામુદાયિક કાર્યકર સામાજિક જવાબદારીની ભાવના વિકસાવી શકાય તે માટે પોતાના વ્યવહાર તથા કાર્યપ્રેરણાનું, જૂથના કાર્યક્રમનું અને તેમના વ્યક્તિ સાથેના સંબંધનું જ્ઞાન ઉપયોગમાં લે છે. સામુદાયિક કાર્યકર સામાજિક જવાબદારીની ભાવના વિકસાવી શકાય તે માટે પોતાના વ્યવહાર તથા કાર્યપ્રેરણાનું, જૂથના કાર્યક્રમનું અને તેમના વ્યક્તિ સાથેના સંબંધનું જ્ઞાન ઉપયોગમાં લે છે. સામુદાયિક સંગઠનમાં કોઇ કાર્યકરની દરમ્યાનગીરીથી બીજા જૂથની કલ્યાણ વિષયક જરૂરિયાતો કે સ્થિતિને હાનિ ન પહોંચવી જોઇએ. જેમ પ્રત્યેક વ્યક્તિ સમાજ માટે મહત્ત્વની છે એ જ રીતે સમાજ પણ પ્રત્યેક વ્યક્તિ માટે મહત્ત્વનો છે.

વ્યક્તિ પોતાની ભૌતિક, સામાજિક અને મનોવૈજ્ઞાનિક જરૂરિયાતોની પૂર્તિ સમજ દ્વારા જ કરી શકે છે. સમાજકાર્યકરને કામ કરતા કરતા એવા ઘણા માણસો મળે છે જેઓ સમાજ માટે ભાગ્યે જ આદર ધરાવે છે. અથવા તો બિલકુલ ધરાવતા નથી. આ મૂલ્ય દ્વારા જ સેવાર્થી તંત્ર અને બાકીના સમાજ વચ્ચે તંદૂરસ્ત સંબંધો સ્થપાશે. એમાંથી પ્રત્યેક વ્યક્તિ બીજી વ્યક્તિની ઉપયોગીતા સમજશે. સમાજથી અલગ પડી ગયેલી,તિરસ્કૃત વ્યક્તિ કે વર્ગને એ સમજવાની તક મળે છે કે સમાજ એને પ્રતિકૂળ નથી.

### 4.4.3 સામાજિક ન્યાય :

સામાજિક ન્યાય એ સમાજ તેના સભ્યોને જે સાધનો પુરા પાડે છે તેની રીતનો નિર્દેશ કરે છે. 'સામાજિક ન્યાય વ્યક્તિઓ અને સમૂહોની ક્ષમતાઓના યોગ્ય વિકાસ માટેના અને સાર્વજનિક સંપત્તિ માટેના અધિકારોને નિશ્ચિત કરે છે.'

સામાજિક ન્યાયનો ખ્યાલ એ ભારતીય બંધારણના કેટલાક પાયાના ખ્યાલોમાંનો એક છે. આપણા દેશના સંવિધાનના આમુખમાં ભારતના લોકોને 'ન્યાય' મળે એ માટે વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ન્યાય અંતર્ગત સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય હિતાવહ છે. ન્યાયનાંઆ ત્રણેય પાસાઓ પરસ્પર ગૂંથાયેલા છે. ભારતીય સમાજના સંદર્ભમાં સામાજિક ન્યાયનું મહત્ત્વ સવિશેષ છે. આપણે

જાણીએ છીએ તેમ હિંદુ સામાજિક માળખું ઉંચનીચના પાયા પર રચાયેલી અને અસ્પૃશ્યતા તથા અન્ય પ્રતિબંધો અને વાડાબંધી સર્જતી જાતિપ્રથાના પાયા પર રચાયેલું છે. આવી સામાજિક અસમાનતા, આર્થિક-સામાજિક અન્યાયની સ્થિતિ ઊભી કરે છે દરેક સમાજમાં આવા અન્યાયકારી વ્યવસ્થાઓ અને વ્યવહારો જોવા મળે છે. જેનાથી દમનની સ્થિતિ ઊભી થાય છે. દમન એ કોઈપણ કારણસર એક જૂથના લોકો ઉપર બીજા લોકો દ્વારા વ્યવસ્થિત અને સંસ્થીકૃત થયેલો દુર્વ્યવહાર છે.

સમાજકાર્યકર આવા સામાજિક અન્યાયને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. તે બૃહદ સ્તરે સામાજિક નીતિમાં પરિવર્તન લાવીને સાધનો અને તકો વધુ ઉપલબ્ધ થાય તે માટે કાર્ય કરે છે તથા દમનકારી વ્યવહારોને ઓળખવા અને નાબુદ કરવા માટે ભોગ બનેલ લોકોને સક્ષમ બનાવે છે.

'મારી લોકશાહીની કલ્પના એવી છે કે તેના અમલમાં નબળામાં નબળાને સૌથી સબળાના જેટલી તક મળવી જોઇએ.'

**– ગાંધીજી**

### 4.4.4 લોકશાહી મૂલ્યો :

લોકશાહી લોકોને સ્વતંત્રતા સાથે ખાતરી આપે છે. કાયદા સામે સૌને સમાન ગણે છે તથા ન્યાયની ખાતરી આપે છે. સહકારને ઉત્તેજન આપે છે. જેનાથી સુગ્રથિત સમજ બને છે. સમાજકાર્યનું ધ્યેય પણ આવા સમાજની રચનાનું છે. તેથી જ સમાજકાર્ય લોકશાહીના સ્વતંત્રતા અને સમાનતાના મૂલ્યોને સ્થાપિત કરવા પ્રયત્ન કરે છે. આ સ્વતંત્રતા એટલે તે સમાજના સભ્યોનાં વિચાર, વર્તન અને વાણી માટેની સ્વતંત્રતા. પરંતુ આ પ્રકારનું સ્વાતંત્ર્ય જો દરેક વ્યક્તિ ભોગવે તો તેમાં પરસ્પર સંઘર્ષ ઉત્પન્ન થાય છે; કારણ કે, એક વ્યક્તિનું સ્વાતંત્ર્ય બીજા વ્યક્તિઓના સ્વાતંત્ર્યમાં અવરોધો ઉભા કરે છે. જેથી સંઘર્ષ અને તાણની અવસ્થા ઉત્પન્ન થાય છે. સમાજકાર્યકર આવી સ્થિતિમાં સમાજના લોકો પોતાની સ્વતંત્રતા માટે સ્વયંશિસ્ત કેળવે અને પોતાનું હિત સમાજના હિત વચ્ચે સમાયોજન સ્થપાય તે દિશામાં પ્રયત્ન કરે છે.

લોકશાહીનું બીજું મૂલ્ય સમાનતા છે. આ સમાનતા એટલે સંપત્તિની સમાનતા, કાયદા સમક્ષની સમાનતા અને નાતજાત વંશ, જાતિ, રાષ્ટ્ર વગેરેને લગતા તફાવતોને ધ્યાનમાં લઇ વિકાસની તકની અને દરજ્જાની સમાનતા; પરંતુ, દરેક સમાજમાં આજે કોઇને કોઇ પ્રકારના ભેદભાવો જોવા મળે છે. તેમાંથી ઊભી થતી અસમાનતાને દૂર કરવાનો સમાજકાર્ય પ્રયત્ન કરે છે.

## 4.5 ઉપસંહાર

વ્યવસાયિક સમાજકાર્યનો ઉદ્‌ભવ અને વિકાસ પાશ્ચાત્ય દેશોમાં તે દેશોની સમસ્યાઓ અને વિશિષ્ટ પરિસ્થિતિના સંદર્ભમાં થયો છે. તેના પાયાના મૂલ્યો અને ધ્યેયો દરેક વ્યક્તિ અને દરેક સમાજ, દરેક દેશને લાગુ પડી શકે છે; પરંતુ, દરેક વ્યક્તિ, સમાજ અને દરેક દેશને તેનો વિશિષ્ટ સામાજિક આર્થિક આધાર અને વિશિષ્ટ સંસ્કૃતિ હોય છે. તેથી તેનાં તે જ મૂલ્યો અને ધ્યેયો તે જ સ્વરૂપે દરેક દેશમાં લાગું પાડી શકાય નહીં. અહીં વ્યાવસાયિક સમાજકાર્યના ધ્યેયો અને મૂલ્યોની સમજૂતી વ્યવસાયના સ્વરૂપમાં આપવામાં આવી છે.

## 4.6 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. વ્યવસાય એટલે શું ?

(A) આજીવિકા (B) વ્યાપાર

(C) કારોબાર (D) સંગઠીત રોજગાર

2. 'સમાજકાર્યનું ધ્યેય તમામ સમાજકાર્યનો અંત લાવવાનું છે' આ ધ્યેય કયા વિદ્વાને જણાવ્યું ?

(A) ફ્રિડલેન્ડર (B) મેરિરીચમન્ડ

(C) પર્લમેન (D) ડેકન

3. 'સોશ્યલ વર્ક ફિલોસોફી' પુસ્તકના લેખક કોણ છે ?

(A) ફ્રિડલેન્ડર (B) ગીસેલા કોનેટકાના

(C) મેરી રીચમન્ડ (C) પર્લમેન

4. 'પ્રત્યેક વ્યક્તિ મૂલ્યવાન છે. તેનું ગૌરવ થવું જોઈએ આ વિધાન શેનું છે '

(A) મૂલ્ય (B) ધ્યેય

(C) માન્યતા (D) ઉદ્દેશો

5. 'મારી લોકશાહીની કલ્પના એવી છે કે તેના અમલમાં નબળામાં નબળો સૌથી સબળા જેટલી તાકાત મળવી જોઈએ'

ઉપરોક્ત વાક્ય કયા વિદ્વાને આપેલ છે.

(A) સ્વામી દયાનંદ સરસ્વતી (B) બબલભાઈ મહેતા

(C) વિનોબા ભાવે (D) ગાંધીજી

6. સામાજિક ન્યાય એ એવી સ્થિતિ છે કે જેમાં સમાજના બધા સભ્યોને ....

(A) મૂળભૂત અધિકારો (B) સમાન રક્ષણ

(C) સમાન તકો (D) ઉપરોક્ત તમામ

## 4.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. ( )
2. (A) ફ્રિડલેન્ડર
3. (B) ગીસેલા કોનેટકાના
4. (A) મૂલ્ય
5. (D) ગાંધીજી
6. (D) ઉપરોક્ત તમામ

## 4.8 ચાવીરૂપ શબ્દો :

- **વ્યવસાય :** સંગઠીત રોજગારી
- **ધ્યેય :** લક્ષ્ય (નિશ્ચિત નિર્ધારીત લક્ષ્ય)
- **ઉર્ધ્વગામી વિકાસ :** જે વિકાસ વ્યક્તિ, સમાજ અને પર્યાવરણના હિતનું જતન કરતો હોય.
- **સામાજિક ન્યાય :** સામાજિક ન્યાય સમાજના બધા સભ્યોને મૂળભૂત અધિકારો, સમાન રક્ષણ, સમાનતકો, સમાન જવાબદારી પુરી પાડે છે.
- **લોકશાહી મૂલ્ય :** લોકોની સ્વતંત્રતાની ખાતરી આપે છે.

## 4.9 સ્વાધ્યાય લેખન (Assignment)

**1. સમાજકાર્ય વ્યવસાય તરીકે મૂલવો.**

...................................................................

...................................................................

...................................................................

...................................................................

**2. સમાજકાર્યના ધ્યેયોનું વર્ણન કરો.**

...................................................................

...................................................................

...................................................................

...................................................................

**3. સમાજકાર્યના મૂલ્યોનું વર્ણન કરો.**

...................................................................

...................................................................

...................................................................

...................................................................

## 4.10 પ્રવૃત્તિ (Activities)

- વ્યવસાયનો અર્થ સ્પષ્ટ કરી વ્યવસાયિક સમાજકાર્યનું સ્વરૂપ સ્પષ્ટ કરો.
- સમાજકાર્યના ધ્યેય ટૂંકમાં વર્ણવો.

## 4.11 કેસસ્ટડી (Case Study)

- વ્યવસાયિક સમાજકાર્યના મૂલ્યો ઉદાહરણ સાથે વર્ણવો.
- વ્યવસાયિક સમાજકાર્યકરની કુશળતાઓ વિસ્તૃતમાં વર્ણવો.

## 4.12 સંદર્ભગ્રંથ


1. વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો : ડૉ.આનંદી પટેલ
   વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન અમદાવાદ,
   આવૃત્તિ : 2010.
2. સમાજકાર્ય (હિન્દી ભાષા) : ડૉ. જી. આર. મદન,
   વિવેક પ્રકાશન - દિલ્લી,
   આવૃત્તિ : 2002
3. વ્યાવસાયિક સમાજકાર્ય : ગીતા ચાવડા
   લોક પ્રકાશન, લોકનિકેતન રતનપુર,
   આવૃત્તિ : 2008

વિભાગ

# 2

## સમાજકાર્ય અને ભારતીય બંધારણની ભારતીય વિચારધારાઓ

એકમ-1 સમાજકાર્ય વ્યવસાય માટે સમકાલીન ભારતીય વિચારધારાઓ

એકમ-2 ભારતીય બંધારણની વિચારધારા : ગાંધીવાદી અને દલીત

એકમ-3 ગાંધીજીની વિચારસરણી - મુક્ત અર્થતંત્ર, માનવતાવાદી, સમાજવાદી અને લોકતાંત્રિક વિચારધારા

ISBN : 978-81-946447-0-5


| | |
|---|---|
| **લેખક** | |
| **શ્રી રઘાભાઈ એ. બારૈયા** | વ્યાખ્યાતા,<br>શ્રી સહજાનંદ પી.જી.સેન્ટર ઑફ સોશ્યલ વર્ક, ઘોઘા રોડ, ભાવનગર. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. જગદીશ ડી. સોલંકી** | એસોસિએટ પ્રોફેસર,<br>ડિપાર્ટમેન્ટ ઑફ સોશ્યલ વર્ક,<br>એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા. |
| **પરામર્શક (ભાષા)** | |
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, મહેસાણા |


**Edition : 2021**

**Copyright©2021 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

સમાજકાર્યનો વ્યવસાય દુઃખો ઘટાડવાનો અને વ્યક્તિઓ, કુટુંબો, જુથો અને સમુદાયોના જીવનની ગુણવત્તા સુધારવાનો પ્રયત્ન કરે છે. સમાજકાર્ય અને આયોજનબદ્ધ અને હેતુલક્ષી દરમ્યાનગીરી છે જે વ્યાવસાયિક જ્ઞાન, મૂલ્યો અને કુશળતા પર આધારિત છે. જેનો ધ્યેય વ્યક્તિગત અને સામાજિક પરિવર્તનનો છે. વ્યાવસાયિક સમાજકાર્ય વ્યક્તિ પોતે પોતાની મદદ કરી શકે તે માટે તેને સક્ષમ કરવાની કળા છે.

સમાજકાર્યની વિવિધ વિચારધારાઓ પ્રસ્તુત કરવામાં આવી છે. જેમાં સમાજકાર્ય વિશે સમકાલીન ભારતીય વિચાર ધારાઓ અને ભારતીય બંધારણ વિચારધારામાં ગાંધીવાદી અને દલીત સમાજોની વિચારધાનું વર્ણન કરવામાં આવ્યું છે.

શોષણ, દમન, અન્યાય, અસમાનતા એ માનવ પ્રકૃતિ અને સામાજિક પ્રકૃત્તિનો સ્વભાવ છે. ઈતિહાસના દરેક સમયમાં જે તે સમયની સામાજિક, ધાર્મિક, આર્થિક વ્યવસ્થા અને મૂલ્ય વ્યવસ્થામાં આ તત્ત્વો પડેલા જોવા મળ્યાં છે. માનવ પ્રકૃત્તિનો બીજો સ્વભાવ અન્યાયનો પ્રતિકાર કરવાનો પણ રહ્યો છે. વિચારસરણી રીતે ઐતિહાસિક રીતે જોઈએ તો તેઓના બદલાવ પાછળનું પ્રેરક બળ પણ માનવ પ્રકૃત્તિના આ બે ગુણો જ દેખાય છે. આ શોષણને દુર કરવાના પ્રયત્નોમાંથી એક નવી વિચારસરણીનો જન્મ થાય છે. જે સામાજિક પરિવર્તનનું કારણ બને છે. સામાજિક વ્યવસ્થાને ટકાવી રાખવા માટે અથવા તોડી પાડવા વિચારસરણીનો મોટો ફાળો હોય છે.

ગાંધીજીની વિચારસરણી - મુક્ત અર્થતંત્ર, માનવતાવાદી, સમાજવાદી અને લોકતાંત્રિક વિચારધારાનો વિસ્તૃત ખ્યાલ આપવામાં આવ્યો છે.

**ઘટકના હેતુઓ :**

1. સમાજકાર્ય અને સમાજ સેવા વચ્ચેનું અંતર જાણી શકશો.
2. સમાજકાર્યની વિવિધ વિચારધારા જાણી શકશો.
3. ભવિષ્યમાં સમાજકાર્ય કરતા સમયે આ વિચારધારામાંથી ઉપયોગ કરી શકશો.
4. કયા પ્રકારની વિચારધારા મુજબ કાર્ય થઇ શકે તેમ છે એ જાણી શકશો.
5. સમાજકાર્યની વિચારધારાનો ઉપયોગ કરીને સેવાર્થીને આત્મનિર્ભર બનાવી શકશો.
6. સમાજકાર્યની શરૂઆત પહેલા અને પછીના સમાજની પરિસ્થિતિ જાણી શકશો.
7. સમાજ સુધારકોએ કરેલા કાર્યોનો પરિચય મેળવી શકશો.
8. સમાજકાર્યના કાર્ય કરતા સમયે વિશેષ જ્ઞાન તરીકે ઉપયોગ આવી શકશે.
9. વર્તમાન સમયમાં ઉદ્ભવેલ સમસ્યાના ઉકેલો મેળવી શકશો.
10. ગાંધીજીની સમાજકાર્યના ક્ષેત્રે વિચારસરણીનો વિસ્તૃત ખ્યાલ મળશે.
11. ગાંધીબાપુના અભિગમો, માનવતાવાદી, સમાજવાદી, લોકતાંત્રિક અભિગમોનો વિસ્તૃત ખ્યાલ મળશે.

# એકમ–1 સમાજકાર્ય વ્યવસાય માટે સમકાલીન ભારતીય વિચારધારાઓ

## : એકમનું માળખું :


1.0 એકમના હેતુઓ

1.1 પ્રસ્તાવના

1.2 સમાજકાર્ય એક વ્યાવસાયિક સેવા તરીકે

1.3 વિચારસરણી એટલે શું ?

1.4 સમાજકાર્યનો વિચારસરણીની દષ્ટિથી ઐતિહાસિક વિકાસ

1.5 ઉપસંહાર

1.6 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1.8 ચાવીરૂપ શબ્દો (Glossary)

1.9 સ્વાધ્યાય લેખન (Assignment)

1.10 પ્રવૃત્તિ (Activities)

1.11 કેસસ્ટડી (Case Study)

1.12 સંદર્ભગ્રંથ (Further Readings)


## 1.0 એકમના હેતુઓ

પ્રસ્તુત એકમના હેતુઓ નીચે મુજબ છે.

- વિદ્યાર્થીઓને સમાજકાર્યના વ્યવસાયિક અભિગમ વિશે વિસ્તૃતમાં માહિતી પ્રાપ્ત થશે.
- વિદ્યાર્થીઓને સમાજકાર્યની વિચારસરણીના પ્રારંભિક ઉદ્ભવ વિશે વિસ્તૃતમાં માહિતી પ્રાપ્ત થશે.
- સમાજકાર્યની વિચારસરણીના ઐતિહાસિક વિકાસ વિશે વિદ્યાર્થીઓને માહિતી પ્રાપ્ત થશે.
- વિદ્યાર્થીઓ સમાજકાર્યના વ્યવસાયિક અભિગમની પ્રારંભિક માહિતીથી માહિતગાર થશે.

## 1.1 પ્રસ્તાવના

સમાજકાર્ય એ સેવાર્થીનું તેમનું વ્યક્તિગત અને સામુદાયિક કલ્યાણ વધારવા માટે મદદ કરતો વ્યવસાય છે. જેનો ધ્યેય લોકોને તેઓની કુશળતા વિકસાવવા માટે સંસાધનોનો ઉપયોગ કરવા માટેની ક્ષમતા વિકસાવવા માટે અને તેઓ પોતે પોતાની સમસ્યાનું સમાધાન કરી શકે તે માટે સક્ષમ કરવાનો છે. સમાજકાર્ય માત્ર વ્યક્તિગત સમસ્યાઓ સાથે જ નહીં પણ સામુદાયિક સમસ્યાઓ માટે પણ ચિંતા રાખી કાર્ય કરે છે. સમાજકાર્ય માનવહક્કો અને સામાજિક ન્યાય માટે કાર્ય કરે છે. તેની પાછળ ચોક્કસ તત્ત્વદર્શિત માન્યતાઓ છે. સમાજકાર્ય ચોક્કસ મૂલ્યો, જ્ઞાન અને કુશળતાઓનું મિશ્રણ છે. દરમ્યાનગીરીના આધાર તરીકે તે સંબંધોનો ઉપયોગ કરે છે. સમાજકાર્યના વ્યવસાયમાં મર્યાદા વગર અનેક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

વ્યવસાયિક સમાજકાર્યમાં સૈદ્ધાંતિક જ્ઞાન અને વ્યવહાર બન્ને વ્યવસાયના વિકાસ માટે પરસ્પર આધારિત

છે. સમાજકાર્ય એ વ્યવસાય તરીકે વિકસી રહ્યો છે. આપણે પાશ્ચાત્ય દેશો પાસેથી સમાજકાર્યનું જ્ઞાન મેળવતા રહીએ છીએ. પરંતુ આપણા દેશની સ્થિતિ અને સમસ્યાઓને અનુરૂપ વ્યવસાયનો વિકાસ થાય તે જરૂરી છે. આ સંદર્ભમાં ભારતમાં વ્યવસાયિક સમાજકાર્યના સંદર્ભમાં ગાંધીજીની વિચારસરણીનો ખ્યાલ શરૂઆતથી ચર્ચાતો રહ્યો છે. તેમાં ખાસ કરીને ગાંધીજીની સામાજિક ક્રિયાપદ્ધતિને ભારતના વ્યાવસાયિક સમાજકાર્યમાં સૌથી વધુ મહત્ત્વની અને ઉપયોગી પદ્ધતિ માનવામાં આવી છે.

## 1.2 સમાજકાર્ય એક વ્યવસાયિક સેવા તરીકે

સમાજકાર્ય એ વ્યવસાયિક સેવા છે. તેનો આધાર વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવસંબંધોની કુશળતાઓ ઉપર છે. તે વ્યક્તિ, જૂથ અને સમુદાયનો વ્યક્તિગત અને સામાજિક સુખાકારી તથા સ્વતંત્રતા મેળવવામાં મદદ કરે છે. હવે એ વાતનો સ્વીકાર થાય છે કે સામાજિક સમસ્યાઓનો ઉકેલ લાવવા અને વ્યક્તિઓને મદદ કરવા માટે ચોક્કસ જ્ઞાન અને પ્રતિબદ્ધતા વગેરે ગુણો પણ સામાન્ય રીતે સમાજકાર્યમાં અનિવાર્ય છે. સમાજકાર્ય માટે જરૂરી જ્ઞાન અને કુશળતાઓ શિક્ષણ દ્વારા મેળવી શકાય છે. લોકોને મદદ કરવાના કાર્યોને હવે આવશ્યક સામાજિક કાર્યો તરીકે ગણવામાં આવે છે. તેથી જેઓ આ કાર્યો કરે છે તેમની તેમની સેવાઓ માટે વળતર આપવાની વાતનો પણ સ્વીકાર થાય છે. ભારતમાં વ્યવસાય તરીકે સમાજકાર્યનો વિકાસ થઈ રહ્યો છે. તેને વધુ વેગ મળે તે માટે સમાજકાર્ય વ્યવસાયનાં ધ્યેયો, મૂલ્યો, કુશળતાઓ, સિદ્ધાંતો, ભૂમિકાઓ મહત્ત્વનો ભાગ ભજવે છે.

સમાજકાર્ય માનવ સેવાના વ્યવસાય તરીકે વિકસતો વ્યવસાય છે. આજે તે લોકોની તેમની સામાજિક કાર્યાત્મકતામાં સુધારો કરનાર વ્યવસાય તરીકે ઓળખાય છે. સાદી રીતે કહીએ તો સમાજકાર્ય કરેલ લોકોને તેમના વિશ્વનાં વિવિધ અંગો જેવા કે બાળકો, વાલીઓ, જીવનસાથી, કુટુંબ, મિત્રો, સહકાર્યકરો, સંસ્થાઓ કે સમગ્ર સમુદાય સાથેની આંતરક્રિયાને મજબૂત બનાવવામાં મદદ કરે છે. આમ, મદદ કરવાની સાહજિક વૃત્તિમાંથી માનવ સમુદાયના વિકાસની સાથે વ્યવસાયિક સમાજકાર્યનો વિકાસ થયો છે.

## 1.3 વિચારસરણી એટલે શું ?

વિચારસરણી એ મૂલ્યોની વ્યવસ્થા બતાવે છે. તે ધારણા, માન્યતા અને સમજુતી સાથે સંબંધ ધરાવે છે. ગોરેના મત અનુસાર વિચારસરણી એ વિચારોની સર્વગ્રાહી વ્યવસ્થા છે. જે હાલના સંબંધો અથવા ભવિષ્ય માટે સૂચવેલા સંબંધોની વ્યવસ્થાને કાયદેસરતા બક્ષે છે અને એક્શન પ્રોગ્રામને સહાય કરે છે. વર્તમાન વ્યવસ્થાને ટકાવે છે અથવા તો તેનો નાશ કરે છે.

વિચારસરણી પોતાના વિશે, અન્ય વિશે અને સમાજ વિશેની વાસ્તવિક સમજ આપે છે. વાસ્તવિકતા શું છે અને શા માટે છે ? તે સમજાવે છે. તે સંબંધોની વ્યવસ્થાને કાયદાસરતા આપે છે. વ્યવસ્થાને તે ટકાવી પણ શકે છે અને નકારી પણ શકે છે. પરિવર્તન માટેના એક્શન પ્રોગ્રામ માટે પણ તે સહાયક છે. આવું કરી સમાજને પરિવર્તન તરફ દોરી જાય છે. બીજા શબ્દોમાં કહી શકાય કે સામાજિક પરિવર્તન વિચારસરણીથી પણ દોરાય છે. એટલે કે સમાજકાર્યને દોરનાર વિચારસરણી પણ છે.

### 1.3.1 વિચારસરણીનો ઇતિહાસ :

શોષણ, દમન, અન્યાય, અસમાનતા એ માનવ પ્રકૃતિ અને સામાજિક પ્રકૃતિનો સ્વભાવ છે. ઇતિહાસના દરેક સમયમાં જે તે સમયની સામાજિક, ધાર્મિક, આર્થિક વ્યવસ્થા અને મૂલ્ય વ્યવસ્થામાં આ તત્ત્વો પહેલા જોવા મળે છે. માનવ પ્રકૃતિનો બીજો સ્વભાવ અન્યાયનો પ્રતિકાર કરવાનો પણ રહ્યો છે. કદાચ માનવ પ્રકૃતિના આ બે ગુણોના કારણે જ સમાજ પ્રગતિના પંથે આગળ વધી રહ્યો છે. ઐતિહાસિક રીતે જે તે સમાજની સામાજિક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને રાજકીય વ્યવસ્થામાં

કેટલાક લોકો કિનારીએ મુકાયેલા છે. તો કેટલાક લોકો આધિપત્ય ભોગવવાની સ્થિતિમાં છે. આધિપત્યની સ્થિતિમાંથી શોષણ જન્મે છે અને આ શોષણને દુર કરવાના પ્રયત્નમાંથી એક નવી વિચારસરણીનો જન્મ થાય છે. જે સામાજિક પરિવર્તનનું કારણ બને છે.

સમાજકાર્યનો જન્મ યુરોપ, અમેરિકામાં થયો છે. ત્યાંના ઐતિહાસિક સંદર્ભમાં ઉપરોક્ત બાબતનાં ઉદાહરણ મળી રહે છે. જેમ કે ઐતિહાસિક સમયમાં વ્યક્તિ શિકાર કરતો અને જંગલી પેદાશ ભેગી કરી પોતાનું ગુજરાન ચલાવતો, નાની-નાની ટોળીમાં રહેતો જેમાં મુખીનું મહત્ત્વ રહેતું. મુખી વારસાગત રીતે આવતો ન હતો. પરંતુ પોતાના ગુણને આધારે નિમાતો. મિલકત સહીયારી હતી, સ્તરીકરણ કે શોષણ ન હતું. ધીરે ધીરે વ્યક્તિ ખેતી અને બાગાયત કરતો થયો. સહિયારી મિલકત ખાનગી વાળી બની, જમીન પર કાર્ય કરવા વધુ માનવબળની જરૂર પડી, જેમાંથી ગુલામી પ્રથા ઉદ્ભવી. પોતાની સંપતિ પોતાના વારસાને મળે તે વિચારમાંથી લગ્ન પ્રથા ઉદ્ભવી, જ્ઞાતિપ્રથા ઉદ્ભવી, આ બધી પ્રથાઓએ કેટલીક વિચારસરણીનો ટેકો હતો. જેમ કે લગ્નપ્રથાને જાતિવાદનો ટેકો હતો. એવી જ રીતે જ્ઞાતિપ્રથાને બ્રાહ્મણવાદનો ટેકો હતો. ગુલામી પ્રથાને વંશવાદનો ટેકો હતો.

સોક્રેટિસ, પ્લેટો અને એરિસ્ટોટલ વગેરે વિચારકોની વિચારસરણી આવી. જેઓ સીધી લોકશાહીમાં માનતા. કોઇપણ ઘટના પાછળની તાર્કિકતા અને નૈતિકતા પર ધ્યાન આપતા અને અમૂર્ત આદર્શોને ભૌતિક વિશ્વમાં વ્યવહારૂ બનાવવાનું સુચવતા. ધીરે ધીરે શોષણ પર આધારિત ગ્રીક સામ્રાજ્યનો અંત થયો અને રોમન સામ્રાજ્યની સ્થાપના થઇ. રોમન સામ્રાજ્યને ક્રિશ્ચિયન વિચારસણીએ ટેકો આપ્યો. જેમાંથી પોપની સત્તા સર્વોપરી બની અને એક નવા પ્રકારનું શોષણ ઉભું થયું.

બિનસાંપ્રદાયિક માનવતાવાદની વિચારસરણી ઉદ્ભવી જેને સમાજજીવનનાં પ્રત્યેક પાસા સાથે ધર્મનું જોડાણ તોડ્યું. માનવ અસ્તિત્વનું મહત્ત્વ સમજાયું એક સુધારાવાદી આંદોલન જોવા મળ્યું. દરેક ઘટનાને બુદ્ધિથી ચકાસવાનું શરૂ થયું. જેમાંથી બુદ્ધિવાદ અને કલ્યાણવાદની વિચારસરણી આવી. જ્ઞાનના સ્રોત તરીકે ધર્મ નહીં પણ તર્ક થવો જોઇએ. વૈજ્ઞાનિક તપાસ પદ્ધતિ રાજાશાહીના પતનની શરૂઆત થઇ. રાષ્ટ્ર અને રાજ્યની વિચારસરણી અમલમાં આવી પોપનું વર્ચસ્વ ઘટ્યું પરંતુ તેની જગ્યાએ વેપારી અને મધ્યમવર્ગનું વર્ચસ્વ વધ્યું. રાજકીય ક્ષેત્રે ઉદારમતવાદી, લોકશાહી, મુડીવાદી, રાષ્ટ્રીય વ્યાપાર, સ્પર્ધા, સંસ્થાનવાદને બઢાવો મળ્યો. એમાંથી એક નવા પ્રકારના શોષણનો જન્મ થયો. નવાં પ્રકારના માલિક-ગુલામનાં સંબંધો થયા. તેથી સ્વાભાવિક રીતે મૂડીવાદ અને મજુર, રાજ્ય અને લોકો વિકસિત અને અવિકસિત એવા ભેદ પડ્યા. જેને ન્યાયી ધરાવતી વિચારસરણી ઉદારમતવાદ સામાજિક ડાર્વિનવાદ, ઉપયોગિતાવાદ, યુરોકેન્દ્રવાદ અને રાષ્ટ્રવાદની વિચારસણી હતી. જેણે સંસ્થાનવાદને ન્યાયિક ઠરાવી શોષણને ન્યાયિક ઠરાવ્યું. કેમ કે વ્યક્તિ પોતાનાં વ્યક્તિગત હિતોથી દોરાતો હતો. આથી 'સર્વાઇવલ ઓફ ફીટેસ્ટ' એટલે કે મજબૂત માણસ જ ટકી શકે, તે માર્ગદર્શક સિદ્ધાંત બની ગયો. જે કોઇ સામાજીક પરિસ્થિતિ છે તે યોગ્ય છે અને તેને બદલવાની જરૂર નથી તેવી માન્યતાને લીધે વંશવાદ અને જુદા જુદા સ્થાનિક જૂથો માટેના પૂર્વ ગ્રહો, તર્કસંગત બન્યા. જેઓ સામાજિક પરિસ્થિતિનો ભોગ બનેલા છે. તેને જ પોતાની સ્થિતિ માટે જવાબદાર ઠરાવ્યા.

વિશ્વયુદ્ધનાં અંત પછી માનવ હક્કોની વિચારસરણી ઉદ્ભવી. આ વિચારસરણીએ બિનસાંપ્રદાયિક માનવતાવાદમાંથી વ્યક્તિના ગૌરવનો ખ્યાલ લીધો. તે ઉદારમતવાદમાંથી સ્વતંત્રતાનો ખ્યાલ લીધો. સમાજવાદમાંથી સમાનતાનો અને લોકશાહીમાંથી લોકભાગીદારીનો આદર્શ સ્વીકાર્યો. આ રીત હક્કની વિચારસરણીનાં ચાર મુખ્ય પાયા બન્યા. સમાનતા, સ્વતંત્રતા, વ્યક્તિનું ગૌરવ અને ભાગીદારી. 1945માં યુનાઇટેડ નેશનની સ્થાપના થઇ જેને આંતરરાષ્ટ્રીય સ્તરે માનવ હક્કોને માન્યતા આપવા માટેની વાત કરી. હાલના સામાજીક સંદર્ભમાં જોઇએ તો સમાજવાદની પડતી સાથે મૂડીવાદે ફરી ઉથલો માર્યો. 'નવઉદારમતવાદ' ની વિચારસરણીથી પ્રેરાઇ વૈશ્વિકરણ અને ઉદારીકરણનો યુગ શરૂ

થયો. જેમાં સરકારની દરમ્યાનગીરી ઓછી થઇ. બજાર એ સમાજને નિયંત્રિત કરનારું મુખ્ય પરિબળ બન્યું. જેના કારણે વૈશ્વિક કંપનીનું શાસન સ્થપાયું. જેમાં એક નવા પ્રકારના બિનસાંપ્રદાયિક સ્તરીકરણનું સર્જન થયું. આજીવિકાનો નાશ થવા લાગ્યો. સાંસ્કૃતિક અને જૈવિક વિવિધતાનું ધોરણ થયું. જેમાંથી બહાર આવતા ધીરે ધીરે અનુઆધુનિકવાદની વિચારસરણીનો ઉદ્ભવ થયો. ફરીથી બુદ્ધિની જગ્યાએ લાગણીમાં વિશ્વાસ બનાવવાનો શરૂ થયો.

અનુઆધુનિક વિચારસરણી સ્થાપિત થયેલ ખ્યાલ અને સમાજનાં સ્થાપિત માળખાની ટીકા કરી છે. પારંપરિક ભેદરેખાને પડકારે છે. સત્ય જેવા ખ્યાલોને પડકારે છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે રહેલ ભેદને સ્વીકારે છે. આ રીતે તેઓએ વ્યક્તિ, સમાજ તેમની વચ્ચેના સંબંધ, સામાજિક માળખા વગેરેને તદ્દન જુદી રીતે વિચારવાનું શરૂ કર્યું અને સત્તાના રાજકારણને જુદી રીતે સમજવાની કોશિશ કરી.

આ સમયની ઉદ્ભવેલી નવી વિચારસરણી જોઇએ તો સિવિલ સોસાયટીની વિચારસરણી સમુદાયની સ્વાયત્તતાનું પુનઃ ઉત્થાન કરવાનું કહે છે. સ્થઆનિક શાસન અને સીધી લોકશાહીને બઢાવો આપવા હિમાયત કરે છે. બીજી વિચારસરણી એ ટકાઉ અને લોક કેન્દ્રિત વિકાસની વિચારસરણી છે. જે આયોજનનાં કેન્દ્રમાં લોકોને રાખે છે. લોક કેન્દ્રિત વિકાસમાં એકબીજા પર આધારિતપણું અને સ્થિતિસ્થાપક માનવ સંબંધો કેન્દ્રમાં છે. પ્રાકૃતિક સૃષ્ટિનું ટકાઉપણું પણ તેના કેન્દ્રમાં હોય છે. ભવિષ્યની પેઢી માટે આ વિચારસરણી આર્થિક અને પર્યાવરણીય ટકાઉપણું લાવવા માટે પ્રયત્નશીલ છે.

આ રીતે કહી શકાય કે જે તે સમાજના સંદર્ભમાં પ્રચલિત વિચારસરણી તે સમાજના સંદર્ભને ટકાવે પણ છે અને તેને બદલવાનું કાર્ય પણ કર્યું છે. આ વિચારસરણીઓના ટેકાથી તે સમયના સામાજિક સંદર્ભમાં ખાસ પૂર્વગ્રહ પેદા થયો છે અને આ પૂર્વગ્રહે કોઇ એક ખાસ જૂથને કિનારીએ મુકવાનું કાર્ય કર્યું છે. આ કિનારીએ મુકાયેલા જૂથને સહાય આપવા નવી વિચારસરણીનો ઉદ્ભવ થયો છે. સમાજકાર્ય પૂર્વગ્રહ ઉભો કરનારી વિચારસણીનો વિરોધ કરે છે અને પૂર્વગ્રનો વિરોધ કરનારી વિચારસરણીમાંથી પ્રેરણા લે છે. જેમ કે સ્ત્રીઓ માટેપૂર્વગ્રહ ઉભો કરનારી વિચારસરણી એ એજીઝમ (Ageism) છે. એ જ રીતે દલિત જૂથોને કિનારીએ મુકનારી વિચારસણી જ્ઞાતિવાદ અને બ્રાહ્મણવાદ છે. વંશવાદને આધારે કાળા રંગના લોકો માટે પૂર્વગ્રહ ઉભો થાય છે. તો ગરીબ માટેનો પૂર્વગ્રહ ઉભો કરનારી વિચારસરણી ઉદારવાદ અને નવઉદારવાદ છે.

ડૉ. મુરલી દેસાઇએ પૂર્વગ્રહ ઉભો કરનારી વિચારસરણી પૂર્વગ્રહ અને કિનારીએ મુકાયેલ જુથ વિશેની સમજૂતી એક ટેબલ દ્વારા આપી છે જે આ મુજબ છે.

| **પૂર્વગ્રહ** | **પૂર્વગ્રહ ઉભો કરનારી વિચારસરણી** | **કિનારીએ મુકાયેલ જૂથ** |
|---|---|---|
| જાતિ | જાતિવાદ | સ્ત્રી |
| ઉંમર | ઉંમરવાદ | બાળકો, વૃદ્ધો |
| અપગંતા | અપતંગતાવાદ | અપંગો |
| જ્ઞાતિ | જ્ઞાતિવાદ, બ્રાહ્મણવાદ | દલિત |
| વંશ | વંશવાદ | કાળા લોકો |
| વર્ગ | ઉદારમતવાદ,<br>અનુઉદારમતવાદ | ગરીબ<br>મજુર |
| સંસ્થાનવાદ, વિકાસ | યુરોકેન્દ્રવાદ | યુરોપ સિવાયના લોકો |

સમાજકાર્ય એ પૂર્વગ્રહ ઉભો કરનારી વિચારસરણીનો વિરોધ કરી અને કાર્લ માર્ક્સ, પાઉલોફ્રી, ગાંધીજી અને સમકાલીન વિચારસણીઓ જેવી કે અનુઆધુનિકવાદ, સિવીલ સોસાયટી, બહુસંસ્કૃતિવાદ, ટકાઉ અને લોક કેન્દ્રિત વિચારસરણી, એક્શન ગૃપ અને નવી સામાજીક ચળવળની વિચારસરણીમાંથી પ્રેરણા લઇ જરૂરિયાતમંદને સહાયક થવાનું કાર્ય કરે છે. આ જુદી જુદી વિચારસરણીમાંથી પ્રેરણા લઇ ક્રિટીકલ સમાજકાર્ય, ફેમીનીસ્ટ સમાજકાર્ય, નારીવાદ સમાજકાર્ય, અનુઆધુનિક સમાજકાર્ય જેવા અનેક અભિગમો ઉદ્‌ભવ્યા.

## 1.4 સમાજકાર્યનો વિચારસરણીની દૃષ્ટિથી ઐતિહાસિક વિકાસ :

મુખ્ય પ્રવાહની વિચારસરણીઓમાંથી પ્રેરણા લઇ સમાજકાર્યના અનેક અભિગમોનો વિકાસ થાય છે. સમાજકાર્યનો વ્યવહાર અને નીતિ વિચારસરણીથી આકારિત થયા છે. વિચારસરણી એ મૂલ્યોની વ્યવસ્થા છે. જુદા જુદા જૂથની મૂલ્ય વ્યવસ્થા જુદી જુદી હોઇ શકે આથી કયું જૂથ કઇ વિચારસરણી અપનાવે છે તે બાબત સમાજકાર્યના વ્યવહારને પ્રભાવિત કરે છે. જે સૌથી વધુ સ્વીકૃત વિચારસરણી હોય તે સમાજકલ્યાણની નીતિમાં પ્રતિબિંબિત થતી હોય છે. જેના આધારે સમાજકાર્યનો વ્યવહાર થાય. સમાજ દ્વારા બહિષ્કૃત થયેલી વિચારસરણી સમાજકાર્યના વ્યવહારને અઘરો બનાવે છે. વિચારસરણી વાસ્તવિકતા અંગેના સામાજિક બંધારણનો આકાર આપે છે. ઘણીવાર એક જૂથની વિચારસરણી બીજા જૂથના હિતને પૂરક ન હોય. તેથી જ સમાજકાર્યના જુદા જુદા અભિગમોને સમજવા અને તેની પાછળની ધારણાઓને સમજવી સમાજકાર્યકર માટે અનિવાર્ય થઇ જાય છે. જુદી જુદી વિચારસરણીમાં રજૂ થયેલ વ્યક્તિ અને સમાજ વચ્ચેના સંબંધો, રાજ્યની ભૂમિકા અને આદર્શ સમાજ માટેનું વિઝન જાણવું સમાજકાર્યકર માટે જરૂરી થઇ પડે છે.

ઇફરોસ અને રિસ્ય મુજબ ડાબેરી પ્રવાહ સીધી રીતે લોકોના મુદ્દા સાથે જોડાઇ સમાજકાર્યને સામાજિક પરિવર્તન સાથે જોડે છે અને બનતી ઘટનાઓ વચ્ચે જોડાણ જુએ છે. જ્યારે જમણેરી પ્રવાહ સામાજીક પરિવર્તનોના પ્રશ્નો ટાળે છે. આ બન્ને વચ્ચે વિવાદનો પ્રશ્ન એ છે કે વ્યવસ્થાનો જે ભોગ બન્યા છે તેમને સુધારવા કાર્ય કરવું.

ડૉ. મુરલી દેસાઇ કહે છે કે સમાજકાર્યનો વ્યવહાર વિવિધ વિચારસરણીઓ પ્રદર્શિત કરે છે. આ વિચારસરણીએ ઇતિહાસના જુદા જુદા તબક્કે વ્યવસાય પર પ્રભુત્વ જમાવ્યું છે. એકના આવવાથી બીજાનો અંત આવી જતો નથી તે રહેતો જ હોય છે. પ્રસ્તુત વિભાગમાં કેટલીક વિચારસરણીને સમજવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

### 1.4.1 ઉદારમતવાદી કે મધ્યમવર્ગી ખ્યાલ :

ઇફરોસ અને રીસ્યએ સંશોધનનાં આધારે કહ્યું હતું કે મોટા ભાગના સમાજકાર્યનો વ્યવહાર અને સાહિત્ય ઉદારમતવાદી ધારણાઓથી પ્રભાવિત છે.

આ અભિગમથી થતો સમાજકાર્યનો વ્યવહાર લોકો અને વાતાવરણ વચ્ચેના વ્યવહારમાં સુધાર લાવવા માટે હોય છે. તે એક બાજુ લોકોની અનુકૂળ થવાની ક્ષમતા વધારવાનો પ્રયત્ન કરે છે તો બીજી બાજુ વાતાવરણમાં સુધઆર લાવવાનો પ્રયત્ન કરે છે. આ માટે વ્યક્તિ અને વાતાવરણ વચ્ચેના વ્યવહાર વિષેના જ્ઞાનની જરૂર પડે છે. ઉદારમતવાદી ખ્યાલથી ચાલતી આર્થિક વ્યવસ્થા દયાળુ છે અને આર્થિક-રાજકીય માળખા સારા છે તેવું ઉદારમતવાદી ધારી લે છે. તેઓ માને છે કે આ વ્યવસ્થાએ ભૌતિક

સંસાધનોના ઉત્પાદન અને વપરાશ માટેના ઉચ્ચ ધોરણો પેદા કર્યા છે. સુરક્ષાની અસરકારક રીતે જાળવણી કરી જીવનને અનિશ્ચિતતાઓમાંથી મુક્તિ અપાવી છે. તેણે માનવતાવાદનું ઉચ્ચ સ્તર પ્રાપ્ત કર્યું છે. ઉદારમતવાદી માને છે કે મુડીવાદની પાયાની ધારણાઓથી સમાજના હિતો સચવાયા છે. જો કે ઉદારમતવાદી સમાજકાર્ય મૂડીવાદની દરેક વાતને સાચી માનતા નથી. તેઓ મૂડીવાદની કેટલીક પ્રક્રિયાઓમાં દરમ્યાનગીરી કરી તેને સુધારવા માંગે છે. આમ, તેઓ મૂડીવાદી વ્યવસ્થા કાયમી રાખી વ્યવસ્થામાં સુધાર લાવવા ઇચ્છે છે. તેઓ માને છે કે ઔદ્યોગિકરણના કારણે કેટલીક સમસ્યાઓ ઉભી થઇ છે. જેવી કે ઝુપડપટ્ટી, હિંસા, ભિક્ષાવૃત્તિ, ગરીબી, ભૂખમરો, રહેઠારણનાં પ્રશ્નો વગેરે. પરંતુ વ્યવસ્થામાં દરમ્યાનગીરી કરી જેને લાભ મળ્યો નથી તેવા લોકોને લાભ કરી શકાય તેમ છે. તેઓ સંપૂર્ણ આર્થિક વ્યવસ્થામાં મૂળભૂત પરિવર્તન લાવવા માંગતા નથી.

સમાજકલ્યાણની વિભાવનાને તેઓ એવી રીતે સમજતા કે તે લોકોની જરૂરિયાતો પુરી કરવા માટેની અને ઔદ્યોગિકરણ અને શહેરીકરણથી ઉદ્ભવેલ સમસ્યાઓ સાથે તે કાર્ય કરે છે. તેઓ માને છે કે સમાજકલ્યાણ સંસ્થાઓની રચના માત્ર સમસ્યાના સમાધાન માટે નહીં પરંતુ માનવ વિકાસ માટે થઇ છે. ઉદારમતવાદી સમાજકાર્યકર અસમાનતા ઘટાડવા માટે વચનબદ્ધ હોવા છતા ક્યારેક એમને એવો ડર લાગે છે કે સાચી સમાનતા ઉત્પાદકતા અને કાર્ય ક્ષમતાને ઘટાડશે.

### 1.4.2 રૂઢિચુસ્ત ખ્યાલ :

આ ખ્યાલમાં માનનારા પણ મૂડીવાદી વ્યવસ્થા અને મુક્ત વ્યાપારને સારો ગણે છે. ખાનગી સંપત્તિમાં માને છે. મૂડીવાદી વ્યવસ્થા બધાને વિકસવાની તક આપશે તેવું માને છે. સમસ્યા માટે તેઓ વ્યવસ્થાને નહીં પણ વ્યક્તિને જવાબદાર માને છે. ઉદારમતવાદ સામાજીક સમસ્યા માટે આર્થિક વ્યવસ્થાને કારણભૂત માને છે. જ્યારે રૂઢિચુસ્ત ખ્યાલ વ્યક્તિને જવાબદાર માને છે. તેઓ માને છે કે કલ્યાણનો ખ્યાલ વ્યક્તિને રાજ્યાશ્રિત કરવાનો પ્રયત્ન છે અને આવું કલ્યાણ વ્યક્તિનાં ગૌરવ અને સ્વાતંત્ર્યને હાનિ પહોંચાડે છે. સ્વનિર્ભર આધ્યાત્મિક પ્રાણીમાંથી તે પરતંત્ર પરોપજીવી પ્રાણી બની જાય છે. આથી તેઓ કલ્યાણનાં કાર્યને ખાનગી સ્વૈચ્છિક ક્ષેત્રમાં મુકે છે. દાન એ પ્રાપ્ત કરનારનો હક્ક નથી પણ દાતાની ઉદારતા છે. વ્યક્તિ પોતાની અમર્યાદિત શક્તિઓ વડે આર્થિક અને અન્ય સમસ્યાઓમાંથી બહાર આવી શકવા સક્ષમ છે. તેવું તે માને છે. સમસ્યાનું મુળ તેઓ વ્યક્તિના નૈતિક ચારિત્ર્યમાં જુએ છે. આ માટે અર્થવ્યવસ્થાને દોષી માનતા નથી. વ્યક્તિની અપૂર્ણતાને કારણે સમસ્યા થાય છે. આથી તેઓ માને છે કે સરકારે કલ્યાણ પ્રવૃત્તિથી બહાર રહેવું જોઇએ. તેની ભૂમિકા રક્ષણકર્તાની છે. તેઓ માને છે કે સરકારે કલ્યાણ પ્રવૃત્તિથી બહાર રહેવું જોઇએ. તેની ભૂમિકા રક્ષણકર્તાની છે. તેઓ સમાજકલ્યાણને કામચલાઉ વ્યવસ્થા ગણે છે. જ્યાં સુધી કુટુંબ અને બજાર વ્યવસ્થા વ્યક્તિની જરૂરિયાતો પુરી કરવા સક્ષમ ન થાય ત્યાં સુધીની તે કામચલાઉ વ્યવસ્થા છે. તેઓ સજા અને વ્યક્તિગત સારવાર દ્વારા સામાજીક નિયંત્રણ રાખી સમસ્યા ઘટાડવાનું સુચવે છે. તેથી જ કલ્યાણ સેવાઓ માટેની યોગ્યતા નક્કી કરવા તેઓ હક્ક નિયમો રાખે છે.

1920 થી 1930 દરમિયાન સમાજકાર્યમાં વધુ પ્રમાણમાં ફ્રોડીયન સાયકોલોજીનો ઉપયોગ થતો. જે મુખ્યત્વે ઉદારવાદ અને રૂઢિચુસ્ત ખ્યાલોથી પ્રેરિત હતા. 1960 સુધી સમાજકાર્યમાં ક્લિનીકલ પેશડિઝમનું પ્રભુત્વ રહ્યું.

### 1.4.3 ઉદ્દામવાદી ખ્યાલ :

આ ખ્યાલમાં માનનારા એવું માને છે કે હાલની અર્થવ્યવસ્થા સામાન્ય વ્યક્તિના હિતમાં કાર્ય કરતી નથી. તે શાસકવર્ગ અને રાજયને જ ફાયદો કરે છે. કલ્યાણની વ્યવસ્થા પણ શાસક વર્ગના હિતો જાળવવાનું સાધન છે. ઉદારવાદી અને રૂઢિચુસ્ત વિચારધારા ધરાવતા લોકો સમાનતાને ઉત્પાદકતા અને કાર્યક્ષમતા માટે નુકશાનકારક માને છે. જ્યારે ઉદ્દામવાદી માને છે કે વ્યક્તિ પોતાની પૂર્ણક્ષમતા ત્યારે જ પ્રાપ્ત કરી શકે. જ્યારે તેણે પોતાની જાતને વેચવી ન પડે. તેઓ પ્રમાણે મૂડીવાદી હરીફાઇ અને સંપત્તિનાં કબજા પર આધારિત હોવાથી માનવીના સારામાં સારા આગેવાનો નાશ કરશે. નફા આધારિત ઉત્પાદન વ્યવસ્થા માનવ જીવનના સાચા અર્થનો નાશ કરશે. આ અભિગમથી કાર્ય કરનારા માનવ મુક્તિ માટે કાર્ય કરે છે. ઉદ્દામવાદી સમાજકાર્યના વ્યવહારમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(1) આર્થિક, રાજકીય અને સામાજિક રચનાથી ઉદ્ભવતા દમનના વિશ્લેષણ માટે જરૂરી જ્ઞાન

(2) દમનગ્રસ્ત લોકોના જીવન પર માળખાઓ જે અસર કરે છે તેને સમજવા જરૂરી વિભાવનાઓ

(3) અસ્તિત્વ ટકાવવા, મુક્તિ માટે અને પોતાના સાચા અસ્તિત્વને પ્રાપ્ત કરવા માટે યોગ્ય દિશા પરિવર્તન માટે નવી રણનીતિ.

ગ્રિલબર્ટ ઉપરોક્ત જરૂરતો જણાવવા સાથે એક બહુ જ અગત્યની જરૂરિયાત ઉમેરે છે. તેઓ કહે છે કે દમન વગરના વ્યવહાર માટે પોતાની જાત માટેનું જ્ઞાન હોવું બહું જરૂરી છે. મૂલ્યોની સ્પષ્ટતા અને ખાસ કરીને કઇ રીતે પોતાની વર્તણૂંક, દમન કે મુક્તિમાં ફાળો આપે છે તે વિશેનું જ્ઞાન હોવું જોઇએ. ગ્રિલબર્ટ સમાજવાદી રૂપાંતર માટે બૃહદ સંદર્ભ મુકે છે. વેન પીટર લીઓનાર્ડ પણ કહે છે કે સમાજકાર્યના વ્યવહારનો આધાર ઉદ્દામવાદી સોશ્યલ સીસ્ટમ થીયરી હોવો જોઇએ. કેમ કે આ અભિગમ વ્યક્તિ, કુટુંબો, જૂથો, સમુદાયો, સંસ્થાઓ અને સંગઠાનોને ભેગા કરી કાર્ય કરવાનો યુનિફાઇડ અભિગમ ધરાવે છે. આ અભિગમ આલોચનાત્મક ચેતનાના વિકાસની હિમાયત કરે છે. તેઓ વર્તણુંકના સામાજીક કારણો પર વધુ ભાર મુકે છે. 1960 પછી આ ખ્યાલ પ્રચલિત થયો.

### 1.4.4 જનરલ સીસ્ટમ થીયરીનો ખ્યાલ :

સમાજકાર્યકરો દ્વારા આ થીયરીનો ઉપયોગ મુખ્યત્વે સમજુતી આપવા નહીં પણ વર્તન કરવા માટે થયો છે. તે પરિસ્થિતિનું વિશ્લેષણ કરવાના સાધનની જગ્યાએ દરમ્યાનગીરી કરવાના મુદ્દાનું વર્ણન કરે છે. 1960 પછી સિસ્ટિમ થીયરીઓ સમાજકાર્યના વ્યવહારને પ્રભાવિત કર્યો. તે સિસ્ટિમ થીયરીની ઘણી ધારણાઓ પર આધારિત છે. તેની પાયાની ધારણા એ છે કે સિસ્ટિમનાં ભાગો જુદું-જુદું અસ્તિત્વ ધરાવતા નથી. પરંતુ તેઓ એકબીજા સાથે આંતરક્રિયા કરે છે. એકબીજાને પ્રભાવિત કરે છે. એક ભાગમાં આવેલ પરિવર્તન સિસ્ટિમનાં અન્ય ભાગોમાં પણ પરિવર્તન લાવે છે. તેઓ બધા એકબીજા પર આધારિત અને એકબીજા પર અસર કરનાર ભાગો છે. જનરલ સિસ્ટિમ થીયરી સિસ્ટિમની જટીલ આંતરક્રિયાઓનું વિશ્લેષણ કરવાનો અને સમજવાનો રસ્તો બતાવે છે. તેઓ માને છે કે સમસ્યાને માત્ર તેની સાથે જે વ્યક્તિ કે લોકો સંકળાયેલ છે તેનાં સંદર્ભમાં જ ન જોઇ શકાય, સમસ્યા એ બૃહદ સામાજીક પરિસ્થિતિની ઉપજ છે.

### 1.4.5 ઈકોલોજીકલ ખ્યાલ :

આ ખ્યાલને 1970 માં કેટલાક તજજ્ઞોએ એકત્રિત અથવા તો યુનિફાઇંગ ફ્રેમ ઓફ રેફરન્સ તરીકે બતાવ્યાં. સમાજકાર્યના સૌથી નવા ગણાતા વ્યવહારનાં મોડેલમાનું આ એક મોડેલ ગણાય છે. કારેલ જરમેઇન આ મોડેલ ગણાય છે. કારેલ જરમેઇન આ મોડેલની સમજૂતી આપતા કહે છે કે ઈકોલોજીસ્ટ હંમેશાથી સિસ્ટિમ વિચારક રહ્યા છે. તેઓ જીવંત અસ્તિત્ત્વ વચ્ચેના અને જીવંત અસ્તિત્ત્વના તેના વાતાવરણ સાથેનાં સંબંધો સાથે નિસ્બત રાખે છે. વૃદ્ધિ, વિકાસ અને માણસની ક્ષમતાને સહાયક થવામાં અથવા તો બહાર લાવવામાં નિષ્ફળ જવા માટે જવાબદાર વાતાવરણ સાથે તે કાર્ય કરે છે. ઈકોલોજીકલ સમાજકાર્ય લોકો અને વાતાવરણ વચ્ચેનાં વ્યવહારને સુધારવા તરફ દોરાયેલ છે. જેનો હેતુ વ્યક્તિની અનુકૂળ થવાની ક્ષમતા વધારવાનો અને વાતાવરણામાં સુધાર લાવવાનો છે. તે ત્રણ બાબતોનું વિશ્લેષણ કરે છે. એક સંશોધન વ્યવસ્થાની અંદર થતા વ્યવહારોનું, બીજું લોકો અને સંશોધન વ્યવસ્થા વચ્ચે થતા વ્યવહારનું અને ત્રીજું સંશોધન વ્યવસ્થાની વચ્ચે થતા વ્યવહારોનું.

### 1.4.6 ઈકોસિસ્ટમ ખ્યાલ :

આ ખ્યાલ ઈકોલોજી અને જનરલ સિસ્ટિમ થીયરીમાંથી ચાવીરૂપ વિભાવનાઓને ભેગી કરે છે. જેમ કે ઈકોલોજી બતાવે છે કે કઇ વસ્તુઓ એકસાથે ફીટ થાય છે. એકબીજાને સ્વીકારે છે. ઈકોલોજીકલ અર્થમાં સ્વીકાર એટલે લોકો અને તેમનાં વાતાવરણ વચ્ચેની ક્રિયાશીલ પ્રક્રિયા. જ્યારે જનરલ સિસ્ટિમ થીયરી માનવીય વર્તણુંકમાં રહેલી વિવિધતા અંગેના જ્ઞાનને વધારે છે. કઇ રીતે માનવ કામ કરે છે અને એકબીજા સાથે આંતરક્રિયા કરે છે તે અંગેના સિદ્ધાંતો આપે છે. આ બન્નેને સાથે જોઇએ તો ઈકોલોજી અને સિસ્ટિમ થીયરી માનવીય ક્રિયાઓનાં સ્વરૂપનું વર્ણન તેમનાં સામાજીક અને ભૌતિક વાતાવરણનાં સંદર્ભમાં કરે છે.

ઈકો સિસ્ટિમ દષ્ટિકોણ વ્યક્તિઓ અને વાતાવરણ જુદા નથી પણ સતત એકબીજા સાથેના વ્યવહારો દ્વારા અસ્તિત્વ ધરાવે છે તે માન્યતા પર ચાલે છે. આથી બંને વચ્ચેના અરસપરસના વ્યવહારો સમજવા જરૂરી બને છે. બીજા અર્થમાં આ ખ્યાલ સમાજકાર્યકર દ્વારા વ્યવહારમાં લેવાતા અનેક ખ્યાલોને જોડવાનું સાધન છે. તેઓ માને છે કે કોઇ ખાસ પરિસ્થિતિમાં વ્યક્તિ જે વર્તન કરે છે તે ત્રણ બાબતોનું મિશ્રણ છે. એક, તેનાં અંદરના જગતમાં શું થઇ રહ્યું છે, બીજું તેની આજુબાજુની દુનિયામાં શું થઇ રહ્યું છે અને ત્રીજું તે આ ઘટનાનું અર્થઘટન કઇ રીતે કરી રહ્યો છે. તેઓ પ્રમાણે પ્રત્યેક જટિલ વ્યવહારનું દરેક પરિબળ માનવીની ક્રિયાશક્તિમાં પરિવર્તન માટે ફાળો આપતું હોય છે. તેથી આજ પરિબળોમાં સમાધાન માટેની પણ એકથી વધુ શક્યતાઓ છે. આ ખ્યાલ માનવીય વર્તણુંક અને સમસ્યાને સમજવાનાં અને તેમાંથી બહાર આવવાના રસ્તા ખૂબ ઉંડાણથી અને એક નવા જ ખ્યાલ સાથે આપે છે.

### 1.4.7 જનરાલિસ્ટ ખ્યાલ :

આ ખ્યાલ માનવક્રિયા વિશે ઘણો વિસ્તૃત ખ્યાલ ધરાવે છે. લોકો અને તેમના વાતાવરણ વચ્ચે રહેલ સંસાધનોને ક્રિયાશીલ કરવાની પ્રક્રિયા તે શોધે છે. મદદકર્તા સંબંધ એ તેનું કેન્દ્રિય સંસાધન છે. સહકાર એ સક્ષમ કરતા વ્યવહારના હૃદયસ્થાને છે. માનવ વ્યવસ્થામાં તેઓ વ્યક્તિની ક્રિયાશક્તિને

ઉત્તેજન આપે છે. સેવાર્થીની શક્તિ સંશાધનો, શક્યતાઓ અને સતત પ્રગતિ સમક્ષ કરનારી વાસ્તવિકતાઓ ઉભી કરવા તે હેતુપૂર્વક ભાષાનો ઉપયોગ કરે છે. તે મૂલ્ય કેન્દ્રિત અભિગમ છે. વ્યક્તિની મહત્તાને માન આપે છે. સામાજિક ન્યાય માટે હિમાયત કરે છે. જનરાલિસ્ટ સમાજકાર્યકર બે દ્રષ્ટિકોણ સાથે કાર્યો કરે છે. એમ, માનવીય ક્રિયાકલ્પોને ઉત્તેજન આપવાને અને બીજો પ્રતિભાવ આપે તેવું સાનુકૂળ સંવેદનશીલ વાતાવરણ ઉભું કરવાનો. આ માટે તે પાંચ કાર્યો કરે છે. લોકોની સમસ્યા સમાધાન અને સમસ્યાનો સામનો કરવાની ક્ષમતાનો બઢાવો આપે છે. લોકો, સંશાધનો અને સેવાઓને જોડી આપે છે. તે સેવાઓની વહેંચણી માટે સંકલન અને અસરકારકતા વધારવાની વાત કરે છે. સામાજિક નિતીના વિકાસ માટે ભાગ લે છે અને છેલ્લે સંશોધનો કરે છે. જેથી સમાજકાર્ય માટે વધુ જ્ઞાન અને કુશળતા ઉભા થાય. આ બાબતને આકૃતિ દ્વારા આ રીતે મુકી શકાય.

**જનરાલિસ્ટ મોડેલ**




જનરાલિસ્ટ અભિગમ એ સંકલિત અને બહુસ્તરીય અભિગમ છે. માનવ વ્યવસ્થાનાં ક્રિયાકલાપને મહત્તમ કરવા તે સમાજ, સમુદાય, પાડોશ, સંગઠનો, વૈચારિક જૂથો, કુટુંબ અને વ્યક્તિ એમ દરેક સ્તરે કાર્ય કરે છે. સેવાર્થીને શક્ય તેટલા બધા જ સંશોધનો મેળવી આપે છે. સંગઠનમાં પણ દરમ્યાનગીરી કરે જેથી સંશાધન વ્યવસ્થા સંવેદનશીલ બને. ન્યાયી સામાજિક નીતિની તે હિમાયત કરે છે અને સાધનોની સમાન વહેંચણી પર ભાર મુકે છે. ન્યાય માટેનું કમિટમેન્ટ રાખે છે અને સ્ટ્રેન્થ ખ્યાલ તરફ અભિમુખતા રાખે છે. તે સમક્ષ કરનારી વાસ્તવિકતાઓને સેવાર્થી સાથે સહકાર દ્વારા રચે છે.

### 1.4.8 વિકાસનું મોડેલ :

1972માં બ્રધરહુડનાં એક ફેમીલી પ્રોજેક્ટના અનુભવના આધારે સમાજકાર્યના વિકાસ મોડેલની સમજ સ્પષ્ટ બની. બ્રધરહુડે ફેમીલી સેન્ટર પ્રોજેક્ટમાં ગરીબી વિરોધી કાર્યક્રમ કર્યો જેનો હેતુ એ બતાવવાનો હતો કે ગરીબી દુર કરવા માળખાગત પરિવર્તનની જરૂર છે. આ પ્રોજેક્ટ દરમ્યાન કેટલીક માળખાગત કમીઓ કુટુંબજીવનમાં દેખાય જેવી કે ઓછું શિક્ષણ, રોજગારીની ઓછી તકો, અપુરતી આવક, ભેદભાવ, શોષણ વગેરે. કેટલાંક કુટુંબોના ભૌતિક પાસાને સીધું સંબોધવાથી તેમની સ્થિતિમાં સુધાર થયો. જેના લીધે બૃહ્દ માળખાગત નિસ્બતને સંબોધવાનું વલણ વિકસ્યું. આ પ્રોજેક્ટનું આખરી તારણ એ હતું કે વ્યક્તિગત ગરીબીને દુર કરવા માટેની આ માટે સીધા દેખાતા અને સીધી રીતે ન દેખાતા પણ ગરીબીમાં ફાળો આપતા માળખાતગત પરિબળો માટે સંવેદનશીલ જરૂરી બને. વિકાસના અભિગમનું પ્રાથમિક ધ્યાન સામાજિક માળખા અને સામાજિક પરિબવર્તન સંબંધી કાર્યો પર છે.

### 1.4.9 નારીવાદનો ખ્યાલ :

ન્યાયી સમાજ માટે મથતા સમાજકાર્ય માટે ફેમીનીઝન એ અગત્યનો ખ્યાલ છે. ઇકોસિસ્ટમ ખ્યાલ સાથે સુસંગત આવતો નારીવાદ ખ્યાલ સઘન રીતે વ્યક્તિગત અનુભવોને સામાજિક પરિબળો સાથે જોડે છે. સ્ત્રીની તાબેદારી સમાજના દરેક સંબંધ અને આંતરક્રિયામાં પ્રતિબિંબિત થાય છે. સમાજકાર્યકર અને સેવાર્થી પણ તેમાં આવી જાય. તેથી સમાજકાર્યકર જાતિ પૂર્વગ્રહના, સમાધાન માટે પરિસ્થિતિને ચકાસતો રહે છે. તેઓ જેન્ડર સમાનતાની વાત કરે છે.

નારીવાદની વ્યવહારનાં ચાવીરૂપ તત્ત્વ એ છે કે તે સેવાર્થીના અનુભવોને ઓળખ મળે તેવા સહકાર પર આધારિત અને સ્તરીકરણ વગરનાં સંબંધો વિકસાવે છે. સંબંધોને માનવીય કરવા માટે કાર્યકર પોતાની જાતને ઉંડાણથી ખુલ્લી કરી જુએ છે. કોઇપણ મુદ્દા પર કાર્ય કરતા સમયે ઇરાદાપૂર્વક જેન્ડર લેન્સ પહેરે છે અને સેવાર્થી વ્યવસ્થાની અંદર સર્વસમતાવાદી સંબંધોને સક્રિય રીતે ઉત્તેજન આપે છે. તે સક્ષમતાના ધ્યેય કાર્ય કરે છે અને પરંપરાગત રીતે જેને સ્ત્રૈણ લક્ષણો ગણ્યા છે. તેને શક્તિશાળી તરીકેની ઓળખ આપે છે. તે એવું સુચવે છે કે સ્ત્રીની દમનકર્તા સ્થિતિ એ વાસ્તવિકતાનું પિતૃસત્તાક નિરૂપણ છે. તેથી સમાજકાર્યકર હંમેશા તેનાથી જાગૃત રહેવા અને દુર કરવા પ્રયત્ન કરે છે. આ ખ્યાલ ન્યાયી સમાજ માટેની લડત આપે છે.

### 1.4.10 લોક કેન્દ્રિત વિકાસનો ખ્યાલ :

ડૉ. મુરલી દેસાઇ કહે છે કે લોક કેન્દ્રિત વિકાસમાં સમાજકાર્યકરની ભૂમિકા પરિવર્તન લાવનાર એજન્ટની છે. લોકકેન્દ્રિત વિકાસ પરિણામની જગ્યાએ પ્રક્રિયા પર ભાર મુકે છે. લોકોમાં ઉંડી શ્રદ્ધા રાખે છે. લોકોની અભિપ્સાઓને અભિવ્યક્તિ આપે છે. આવી લોકોની ચળવળ મુળભૂત માળખાઓમાં રૂપાંતર લાવી શકે તેમ છે. લોકકેન્દ્રિત વિકાસ એ માનવતાવાદ, લોકશાહી, સમાજવાદ, માનવહક્કો અને ગાંધીજી જેવા કેટલાંક સામાજીક-રાજકીય વિચારકોના વિઝનનું પરિણામ છે. તે લોકોની જાગૃતિ અભિપ્સ અને સંઘર્ષની અભિવ્યક્તિ છે. તેવું કહી શકાય.

### 1.4.11 શક્તિનો ખ્યાલ :

વિકી કહે છે કે બધા જ લોકો પાસે પ્રાકૃતિક શક્તિ હોય છે. જેને બહાર લાવી શકાય તેમ હોય છે. જ્યારે સમાજકાર્યકર અંર્તનિહિત શક્તિને અનુમોદન આપે ત્યારે સેવાર્થઈની હકારાત્મક વૃદ્ધિની શક્યતાઓ વધી જાય છે. લોકો પોતોની ક્ષમતા, પોતાના પરનો કાબુ અને આત્મસાક્ષાત્કાર માટે હંમેશા મથે છે. આ માનવીય દ્રષ્ટિકોણ સમાજકાર્યકરને વ્યક્તિમાં રહેલ બહુમુખી ક્ષમતાની ઓળખ કરવા તરફ લઇ જાય છે. આ ખ્યાલ મૂળભૂત રીતે વ્યક્તિના મૂલ્યમાં અને સામાજિક ન્યાયની માન્યતામાં વિશ્વાસ ધરાવે છે. કાઉજર કહે છે કે સ્ટ્રેન્થ ખ્યાલને અપનાવવાથી સમાજકાર્યના મૂલ્યો માનવીય ગૌરવ, સ્વનિર્ણય સેવાર્થીની આંતરિક ક્ષમતાની ઓળખ વગેરે વ્યવહારમાં મુકાય છે. આ ખ્યાલ એ ઓળખ કરે છે કે પ્રત્યેક સેવાર્થી પાસે વૃદ્ધિ અને પરિવર્તનની ક્ષમતા છે. સમસ્યાની વ્યાખ્યા કરતી વખતે તે એવું નથી માનતા કે ક્રિયાકલાપની વ્યવસ્થામાં કશીક કમીને કારણે સમસ્યા ઉદ્ભવે છે. તેઓ એવું માને છે કે વ્યવસ્થા વચ્ચેના વ્યવહારોમાંથી સમસ્યા ઉદ્ભવે છે. તેઓ માને છે કે સેવાર્થી તેની પરિસ્થિતિ અને આપેલા વિકલ્પોને સારી રીતે સમજે છે અને તેમાં પરિવર્તન માટે સૌથી સારું સમાધાન નક્કી કરી શકે છે. તેઓ જે કમી છે તેને સુધારવાની જગ્યાએ સંપન્નતા વધારવાની પ્રક્રિયાને વધુ અનુમોદન આપે છે.

### 1.4.12 દમન અને ભેદભાવ સામેની લડતો :

આ નવી સામાજિક ચળવળનો વિકાસ અને સંચાલન દમનગ્રસ્ત લોકો દ્વારા સમકાલીન વ્યવસ્થાની અપ્રાપ્યતાને પડકારવામાંથી થયો. તેનું મુખ્ય લક્ષણ સામાજિક ન્યાય માટેની તેની પ્રતિબદ્ધતા અને હયાત સામાજિક સંબંધોને પડકારવાનું વલણ છે. ખાસ કરીને જે અન્યાયો સમજવાના વ્યવહારમાં અને તેના દ્વારા ઉભા થયા છે તેને પડકારે છે. મુખ્ય હેતુ સામાજિક અન્યાયોને સુધારવા સામાજિક પરિવર્તન લાવવાનો છે. આ નવી સામાજિક ચળવળ દમન અને ભેદભાવ સામેની લડતો છે. સમાજકાર્યકર માળખાગત અસમાનતાનો ભોગ બનેલ વ્યક્તિઓ સાથે જોડાય છે. દમન વિરોધી પ્રેક્ટિસ ભેદભાવ અને દમન વચ્ચે સંબંધ જુએ છે. તેમના વિશ્લેષણ પ્રમાણે દમનને પડકારતા પહેલા ભેદભાવ પર કામ કરવું જરૂરી છે.

હાલની દમન વિરોધી પ્રેક્ટિસ વૈશ્વિકરણ, ખાનગીકરણ અને ગરીબ-તવંગત વચ્ચે વધતા ભેદભાવ સંદર્ભમાં ઉદ્ભવી છે. આ પ્રેક્ટિસ ન થઇ શકે એવી માન્યતાઓ કારણે તેઓ ચળવળ સાથે જોડાયેલા રહે છે. 1980 પછી નારીવાદની જેમ આ ખ્યાલ વધુ પ્રચલિત થયો. નારીવાદને પણ આ જ વિચારસરણીનો એક ભાગ ગણી શકાય.

### 1.4.13 આધુનિક ખ્યાલ :

છેલ્લા બે દાયકાથી તત્ત્વચિંતકો, લેખકો, કલાકારો, શિક્ષણવિદો અને અન્ય વિચારકો સંસ્કૃતિને સમજવાના નવા રસ્તાઓ પર અને તેઓની જ્ઞાન રચનાની પરંપરા, અર્થઘટન અને પુનઃ રચના પર ચર્ચા કરી રહ્યા છે. ચર્ચાને નેકલીન વૈકલ્પિક પેરાડિઝ્મ અથવા તે કલ્ચરવોર અથવા તો પિટરસે પ્રમાણે મોડર્ન પોસ્ટ મોડર્ન ડીબેટ કહેવામાં આવે છે. આ ખ્યાલે પૂર્વ નિશ્ચિત વૈશ્વિક અર્થોને પડકાર્યા.

ગીરોઉડી કહે છે કે આધુનિકવાદી અને અનુઆધુનિકવાદી વચ્ચે જે કડવી ચર્ચા ચાલી રહી છે તે સમગ્રતા બાબતે છે. દુનિયા માટેના દ્રષ્ટિકોણ માટેની છે. તે સમગ્રતા બાબતે છે. આકસ્મિક રીતે સમાજકાર્યમાં ચાલી રહેલ સમાંતર ચર્ચાનો સાર પણ એ જ પ્રશ્નની આજુબાજુ છે કે સમાજકાર્ય કોઇ એક સત્ય સ્થાપે છે કે અનેક સત્યો ? દુનિયા માટેનો એકાંકી દ્રષ્ટિકોણ રજુ કરે છે કે બહુમુખી ? સમાજકાર્યના વ્યવહાર માટેના અને જાણવા માટેના અનેક રસ્તાઓ છે કે એક જ છે ? આ ચર્ચાના કારણે એ પ્રશ્નો ઉપસ્થિત થયા કે શું ? વ્યવસાય વિજ્ઞાન અને પ્રાયોગિક પુરાવાના એકાંગી અવાજમાં બોલાશે કે જટીલ કળાની પ્રવાહિતા સાથે બોલાશે ? સમાજકાર્ય પ્રત્યક્ષ જ્ઞાનવાદના નિયમ અને વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓથી જ સિમિત રહેવું કે બંધાયેલા રહેવું તે યોગ્ય છે ? આવું કરવું શક્ય છે ? અથવા તો તેણે અન્ય વિકલ્પોનો સમાવેશ કરવો જોઇએ ? જાણવાના ઓછા રૂઢિચુસ્ત અભિગમોનો સમાવેશ કરવો જોઇએ ? સમાજકાર્યનો વ્યવસાય નિકટતાથી, સંસ્કૃતિ અને ભાષા સાથે બંધાયેલો છે તેવે વખતે આવું કરવું શક્ય છે ? તેવું પિટર્સે કહે છે. વધુમાં તેઓ કહે છે કે શૈક્ષણિક સમાજકાર્યમાં ચાલતી આધુનિક/અનુઆધિનિક વચ્ચેની ચર્ચા વ્યવસાયિક શિક્ષણને ગંભીરતાથી અસર કરી શકે તેમ છે.

## 1.5 ઉપસંહાર :

અનુઆધુનિક વિચારોની ત્રણ બાબતોની બહુ મોટી અસર સમાજકાર્ય પર થઇ છે. એક તેઓનો ભેદ અને વિવિધતા પરને ભાર, બીજું ભાષા અને ડિસ્કોર્સ પરનો ભાર અને ત્રીજું સત્તા અને જ્ઞાનનાં ખ્યાલ પર ફેર વિચારણા. આ અભિગમો જ્ઞાનના વૈશ્વિક ખ્યાલને પડકાર્યો. પરિણામે એવા જ્ઞાનનાં દરવાજા ખુલ્યા જે બહુમુખી સામાજિક અને રાજકીય ખ્યાલોને વર્ગ, વંશ, રાષ્ટ્રીયતા, જાતીયતા અને અપંગતાને ધ્યાનમાં રાખીને જુએ છે. દરેક વ્યક્તિ સમાન નથી. તે વિશેની જાગૃતિએ ભેદન મહત્ત્વને

ઓળખી આપી. ભાષા અને ડિસ્કોર્સની સમજ મેળવવી તે અનુઆધુનિક અભિગમમાં મુળભૂત છે. ડીસ્કોર્સ એટલે મેસી કહે છે કે, એવું કશું પણ બોલાયેલું જેમાં બોલનાર અને સાંભળનાર સામેલ હોય. બોલનારનો ઇરાદો સાંભળનાર પર પ્રભાવ નાંખવાનો હોય. ભાષા એ બોલનારનાં પક્ષે સાંભળનારને પ્રભાવિત કરવાનું પ્રત્યાયનનું સાધન છે. અનુઆધુનિક પ્રમાણે વ્યક્તિનાં વિચારો અને આત્મલક્ષિતાની રચનાને સમજવા માટે ભાષાની ભૂમિકા સમજવી ઘણી જરૂરી છે. અનુઆધુનિક સંસ્કૃતિ એવું ધારી લે છે કે પ્રત્યેક ડીસ્કોર્સ આપણી જાત અને સમાજને બનાવવામાં સામેલ છે. આ ડિસ્કોર્સ મૂલ્યો અને સામાજિક હિત ધારણ કરતા હોવાથી તેને પડકારી શકાય તેમ છે. તેનું સ્વરૂપ બદલી આપણે પોતાને અને સમાજને બદલી શકીએ છીએ.

## 1.6 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. કઈ સાલમાં યુનાઈટેડ નેશનની સ્થાપના કરવામાં આવી હતી ?

   (A) ઈ.સ. 1945 (B) ઈ.સ. 1948

   (C) ઈ.સ. 1946 (D) ઈ.સ. 1951

2. ડૉ. મુરલી દેસાઈએ કિનારીએ મુકેલા જૂથમાં કોનો સમાવેશ કર્યો છે ?

   (A) સ્ત્રી અને બાળકો (B) અપંગ

   (C) દલિત (D) ઉપરોક્ત તમામ

3. કોના સંશોધનના આધારે કહ્યું હતું કે મોટા ભાગના સમાજકાર્યનો વ્યવહાર અને સાહિત્ય ઉદારમતવાદી ધારણાથી પ્રભાવિત છે ?

   (A) ઈફરોસ અને રીસ્ચએ (B) પર્લમેન

   (C) મેરી રિચમન્ડ (D) વૉટસન

4. વિકાસ મોડેલની સમજ કોણે કરી ?

   (A) બ્રધર હુડ (B) મેરી રીચમન્ડ

   (C) કારેલ જરમેઈન (D) પર્લમેન

5. જર્નાલિસ્ટ મોડલ સાનુકુળ પ્રતિભાવ આપે તેવું સંવેદનશીલ વાતાવરણ કેવા પ્રકારનું ઉભું કરવા માંગે છે ?

   (A) લોકો સંશોધનો અને સેવાઓને જોડી આપે

   (B) સામાજિક નિતીના વિકાસ માટે કાર્ય કરે

   (C) સેવાઓની વહેંચણીની અસરકારકતા વધારે

   (D) ઉપરોક્ત તમામ

## 1.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) ઈ.સ. 1945
2. (D) ઉપરોક્ત તમામ
3. (A) ઈફરોસ અને રીસ્ચએ
4. (A) બ્રધર હુડ
5. (D) ઉપરોક્ત તમામ

## 1.8 ચાવીરૂપ શબ્દો :

- **વ્યવસાય :** જરૂરી જ્ઞાન, કુશળતા, તાલીમ પામેલ વ્યક્તિ કાર્ય કરે.
- **પૂર્વાગ્રહ :** કોઇપણ બાબતને લઇને મનમાં દાયરો બાંધી લેવો.
- **દમન :** અશક્ત વ્યક્તિ પર શક્તિશાળી વ્યક્તિ દ્વારા અત્યાચાર કરવા.
- **ભેદભાવ :** વ્યક્તિના દેખાવ, જાતિ, રંગ, આર્થિક બાબતને લઇને અલગ વર્તન વ્યવહાર કરવો.

## 1.9 સ્વાધ્યાય લેખન (Assignment)

**1. વિચારસરણી એટલે શું ? સમજાવો.**

..................................................................

..................................................................

..................................................................

**2. અભ્યાસમાં દર્શાવેલ કોઈપણ બે ખ્યાલ સમજાવો.**

..................................................................

..................................................................

..................................................................

**3. સમાજકાર્ય અને વિચારસરણીની તુલના કરો.**

..................................................................

..................................................................

..................................................................

## 1.10 પ્રવૃત્તિ (Activities)

- જર્નાલિસ્ટ મોડેલ ચાર્ટમાં તૈયાર કરો.
- ડૉ. મુરલી દેસાઈએ પૂર્વગ્રહ ઉભો કરનારી વિચારસરણી પૂર્વગ્રહ અને કિનારીએ મુકાયેલ જુથ વિશેની સમજૂતી ટેબલ દ્વારા આપો. (ચાર્ટ આલેખો)

## 1.11 કેસસ્ટડી (Case Study)

- સમાજકાર્યકરમાં કેવા ગુણો હોવા જોઈએ ? મુદ્દાસર સમજાવો.
- લોકકેન્દ્રિત વિકાસનો ખ્યાલ સ્પષ્ટ કરો.

## 1.12 સંદર્ભગ્રંથ


1. બાળ મનોવિજ્ઞાન : કઠિયારા મોહમંદ હુફીજ એ.
અક્ષર પબ્લિકેશન

1. વ્યાવસાયિક સમાજકાર્ય : ગીતા ચાવડા
લોક પ્રકાશન, લોકનિકેતન - રતનપુર
આવૃત્તિ : 2008

2. વ્યાવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો : ડૉ. આનંદી પટેલ
વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન - અમદાવાદ
આવૃત્તિ : 2010

3. સમાજકાર્ય ઈતિહાસ, દર્શન એવમ્ પ્રણાલિયા (હિન્દી ભાષા)
: ડૉ. સુરેન્દ્રસિંહ, ડૉ. પી. ડી. મિશ્ર
ન્યુ રોયલ બુક કંપની - લખનઉ
આવૃત્તિ : 2005

4. સમાજકાર્ય એક સમગ્ર દ્રષ્ટિ (હિન્દી ભાષા) : ડૉ. બાલેશ્વર પાંડેય, ડૉ. ભારતી શુક્લા
ઉત્તર પ્રદેશન હિન્દી સંસ્થાન - લખનઉ
આવૃત્તિ : 2011

# એકમ–2 ભારતીય બંધારણની વિચારધારા - ગાંધીવાદી અને દલીત

## : એકમનું માળખું :


2.0 એકમના હેતુઓ

2.1 પ્રસ્તાવના

2.2 ગાંધીજી

2.3 દલિત

2.4 ઉપસંહાર

2.5 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

2.7 ચાવીરૂપ શબ્દો (Glossary)

2.8 સ્વાધ્યાય લેખન (Assignment)

2.9 પ્રવૃત્તિ (Activities)

2.10 કેસસ્ટડી (Case Study)

2.11 સંદર્ભગ્રંથ (Further Readings)


## 2.0 એકમના હેતુઓ

પ્રસ્તુત એકમના હેતુઓ નીચે મુજબ છે.

- ભારતીય બંધારણની વિચારધારાના સંદર્ભમાં ગાંધીવાદી વિચારધારા વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી પ્રાપ્ત થશે.
- ગાંધીજીના જુદા જુદા અભિગમો વિશે વિદ્યાર્થીઓને માહિતી પ્રાપ્ત થશે.
- દલિત સમાજની સ્થિતિ, સમસ્યા અને થયેલ ચળવળો વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી પ્રાપ્ત થશે.

## 2.1 પ્રસ્તાવના

વ્યાવસાયિક સમાજકાર્યનો ઉદ્ભવ અને વિકાસ ઇંગ્લેન્ડ-અમેરીકામાં થયો છે. ત્યારબાદ 19મી સદીમાં દુનિયાના મોટાભાગના દેશોએ તેને અપનાવ્યો છે. શરૂઆતમાં તમામ દેશોએ વ્યવસાયિક સમાજકાર્યના સૈદ્ધાંતિક જ્ઞાન અને પ્રેક્ટીસનો તે જ સ્વરૂપે સ્વીકાર કર્યો હતો. આખા દેશમાં ત્રણ-ચાર એવી યુનિવર્સિટીઓ છે જ્યાં વ્યાવસાયિક સમાજકાર્યના અભ્યાસક્રમમાં શરૂઆતથી જ વ્યાવસાયિક સમાજકાર્યની વિચારધારાની સાથે ગાંધી વિચારધારાનો સમાવેશ થયો છે. ગુજરાતમાં ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસક્રમમાં શરૂઆતથી જ ગાંધી વિચારધારા શીખવવામાં આવે છે.

## 2.2 ગાંધીજી

ગાંધીજીની દ્રષ્ટિએ ધર્મ એટલે નીતિધર્મ, તેઓ ઇશ્વરમાં માનતા હતા. તેમને મન ઇશ્વર એટલે નૈતિક/ધર્મ. આથી તેઓ માનતા કે જે કોઇ નીતિ નિયમમાં માને છે તે બધા આધ્યાત્મિક ગણાય. ગાંધીજીની

દ્રષ્ટિએ આધ્યાત્મિકતા એટલે શાશ્વત મૂલ્યોની શોધ અને સત્યની પ્રાપ્તિ અર્થે આત્મબળને જાગૃત કરવું. તેઓ મોક્ષ પ્રાપ્તિ કે ઈશ્વર સાક્ષાત્કાર માટે આત્મજ્ઞાન મેળવવા ઇચ્છે છે. આ આત્મજ્ઞાન એટલે સત્યને પામવું અને આ સત્યની પ્રતિતિ અહિંસાથી જ થઇ શકે. ગાંધીજી માને છે કે હિંસા અને અસત્ય વ્યક્તિના વિકાસમાં અવરોધક પરબળ છે. તેમના મત મુજબ મોક્ષ એટલે અશુદ્ધ વિચારોમાંથી મુક્તિ. ગાંધીજી માનતા હતા કે અનાસક્તભાવે કર્મ કરવાથી જીવનનું સર્વશ્રેષ્ઠ ફળ-મોક્ષ અથવા હિંદુ ધર્મમાં જેને 'આત્મસાક્ષાત્મકાર' કહે છે તે પ્રાપ્ત થાય છે. એમણે કહ્યું છે કે માણસનું અંતિમ ધ્યેય ઈશ્વરનો સાક્ષાત્કાર છે. તેથી એની સામાજિક, રાજકીય, ધાર્મિક બધી પ્રવૃત્તિઓ ઈશ્વરદર્શનના અંતિમ ધ્યેયને અનુલક્ષીને થવી જોઇએ. મોક્ષ વિશેની આ માન્યતા જ ગાંધીજીને સમાજસેવાના વિવિધ ક્ષેત્રોમાં ખેંચી ગઇ અને એવી સમાજસેવા કરતા કરતા જ આત્મશુદ્ધિ સાધીને મોક્ષમાર્ગે આગળ વધવાની એમની નિરંતર કામના રહી.

ગાંધીજીએ વ્યક્તિની આત્મશુદ્ધિ માટે એકાદશ વ્રત આપ્યાં અને ભારતનાં સાત લાખ ગામડાના પુનઃનિર્માણ માટે અઢાર રચનાત્મક કાર્યક્રમો આપ્યાં. એમણે એ કાર્યક્રમોને કાર્યાન્વિત કરવા હજારો રચનાત્મક કાર્યકરો તૈયાર કર્યા. આ કાર્યકરો માટે એમણે જે આચરણના નિયમો આપ્યા હતા તે અગિયાર વ્રતો હતા. અહીં સમાજસેવા પ્રત્યેનો ગાંધીજીનો અભિગમ કેવો હતો તેના અભિગમો નીચે પ્રમાણે છે.

### 2.2.1 અભિગમ

#### 2.2.1.1 ક્રાંતિકારી અભિગમ (Revolutionary Approach)

ગાંધીજીની એકએક પ્રવૃત્તિ પાછળનો અભિગમ ક્રાંતિકારી હતો. એમના રચનાત્મક કાર્યક્રમો એ ક્રાંતિના સાધનો હતા. અસ્પૃશ્યતા નિવારણ પાછળનો ઉદ્દેશ તમામ પ્રકારના ઉંચનીચના ભેદભાવ નાબૂદ કરવાનો, હિંદુ-મુસ્લિમ એકતા પાછળનો ઉદ્દેશ, સાંસ્કૃતિક સમન્વયનો, ખાદી ગ્રામોદ્યોગ પાછળ તેમનો ઉદ્દેશ, શોષણરહિત સમાજની રચનાનો અને સ્ત્રી ઉન્નતિ આંદોલન પાછળ સ્ત્રીઓનો સમાન દરજ્જાની સ્થાપનાનો હતો. પોતાના જીવનકાળ દરમ્યાન ગાંધીજી આ સમસ્યાઓમાં ક્રાંતિકારી પરિવર્તનો માટે મથ્યા અને તેનાં ચમત્કારિક પરિણામ આવ્યાં. એમના પુરુષાર્થને પરિણામે જ આપણાં બંધારણમાં અસ્પૃશ્યતાનું પાલન એ ગુનાહિત પાપ મનાયું અને એના પર કાયદેસર પ્રતિબંધ મુકાયો. આઝાદી પ્રાપ્તિ બાદ સ્ત્રીઓને સમાન મતાધિકાર મળ્યો. એટલું જ નહીં અનેક સ્ત્રીઓએ ઉંચ પદો પર રહી દેશ સેવા કરી. ભારત બિનમજહબી સેક્યુલર રાજ્ય બન્યું અને તમામ ધર્મના લોકોને પોતાનો ધર્મ પાળવાની અને એનો પ્રચાર કરવાની છૂટ મળી. દારૂ તથા કેફી પીણાં પર પ્રતિબંધ મૂકાયો. દેશના ગરીબ અને પછાત લોકોને આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે એમને વિશેષ સવલતો આપવાની જોગવાઇ થઇ. ગાંધીજીએ હાથ ધરેલા સામાજિક સવાલોના કાયમી ઉકેલ માટે થયેલ આ કાયદાઓ ઉપરોક્ત સમસ્યાઓ પરત્વેના એમના ક્રાંતિકારી અભિગમનું જ પરિણામ ગણાય.

#### 2.2.1.2 લાગણીશીલ અભિગમ

ગાંધીજીને ભારતીય સમાજના જે પ્રશ્નો હલ કરવાના હતા એમાં આ લાગણીપ્રધાન અપીલને કારણે પણ મોટા પરિવર્તન આવ્યા છે. અસ્પૃશ્યતા વિશે તેઓ કહે છે, ''ઉંચનીચના ભેદભાવ અને અસ્પૃશ્યતા નાબુદ કરવામાં નહીં આવે તો હિંદુ સમાજ અને હિંદુ ધર્મનો નાશ અનિવાર્ય છે '' ''અસ્પૃશ્યતા નિવારણ માટે આ શીશ સમર્પણ છે'' ભારતની આઝાદીના સંદર્ભમાં તેઓ કહેતા, ''કાગડા કૂતરાના મોતે મરીશ પણ સ્વરાજ્ય લીધા વિના આશ્રમમાં પાછો નહીં આવું'' એમની આવી લાગણીસભર

અપીલો લોકહૃદયને સ્પર્શી જતી. જ્યાં આવી હૃદયસ્પર્શી અપીલ અધૂરી લાગતી ત્યાં ગાંધીજી ઉપવાસનો આશરો લેતા. એમનાં ઉપવાસ દેશના કરોડો લોકોના દિલને અસર કરતા. એમને અસ્પૃશ્યો સાથે સહભોજન કરવા પ્રેરતા. તેનાથી દેશના મંદિરો હરિજનો માટે ખુલી જતા. માત્ર દેશમાં જ નહીં દુનિયામાં એમના ઉપવાસનો પ્રભાવ પડતો.

### 2.2.1.3 અહિંસક અભિગમ (Non-violent Approach)

સાધ્યની પ્રાપ્તિ માટે સઘન શુદ્ધ જ જોઇએ અને એ સાધન અહિંસા જ હોઇ શકે, એ વાત પર ગાંધીજીએ જેટલો ભાર મુક્યો છે એટલો દુનિયાના કોઇ સુધારકે મુક્યો નથી. ગાંધીજી માનતા હતા કે સાધ્યની ચિંતા કરવાની જરૂર નથી. સાધનની જ ચિંતા કરવી જોઇએ. સાધન સારું હશે તો સાધ્ય આપોઆપ સારું જ આવશે. જેવું બી તેવું વૃક્ષ, તેમ જેવું સાધન તેવું સાધ્ય. તેથી દેશની ગુલામી, ગરીબી, અસ્પૃશ્યતા, કોમવાદ, શોષણ જેવી સમસ્યાઓનાં હલ માટે એમણે અહિંસક અભિગમ જ અપનાવ્યો. ભારતમાં અનેક ક્ષેત્રોમાં જે ક્રાંતિ તેઓ સર્જી શક્યા તેનું કારણ આ અહિંસક અભિગમ છે.

### 2.2.1.4 અંત્યોદય અભિગમ (Unto this last Approach)

ગાંધીજીનો આદર્શ સમાજના તમામ વર્ગોના સમુચિત ઉદય કે કલ્યાણનો હતો. પણ એમણે જોયું કે સમાજમાં જેઓ છેવાડે પડેલા છે એ લોકોના ઉદ્ધાર વગર સર્વોદયનો આદર્શ ક્યારેય સિદ્ધ થઇ શકશે નહીં. એટલે સમાજ પુનઃનિર્માણના એમના કાર્યનો અભિગમ અંત્યોદય રહ્યો. એમણે પાયામાંથી જ ચણતરની પદ્ધતિ અપનાવી. અસ્પૃશ્યતા નિવારણ, સ્ત્રી ઉન્નતિ, આદિવાસીકલ્યાણ, રક્તપિત્તસેવા, ગ્રામોદ્ધાર વગેરે રચનાત્મક કાર્યક્રમો એમના અંત્યોદયના અભિગમના સૂચક છે. ગાંધીજીનું મંતવ્ય હતું કે દેશના પુનઃ નિર્માણ માટેના તમામ આયોજનો દેશના સૌથી વધારે ગરીબ અને પીડીત લોકોને લક્ષ્યમાં રાખીને જ ઝવા જોઇએ. એક પત્રમાં તેમણે પંડિત નહેરૂને લખ્યું હતું કે, ''દેશના આર્થિક વિકાસનું કોઇ આયોજન કરતી વખતે તમે તમારી નજર સમક્ષ દેશના કોઇ ગરીબમાં ગરીબ અને દીનહિનનું ચિત્ર રાખીને તમારી જાતને પૂછજો કે હું જે આયોજન કરી રહ્યો છું એથી આ ગરીબને કંઇ ફાયદો થશે ? એનાથી એની ગરીબી દુર થઇ શકશે ? જો આ પ્રશ્નનો જવાબ હકારમાં મળે તો તમારું આયોજન સાચું, નહીં તો ખોટું માનશો.''

### 2.2.1.5 સામુહિક અભિગમ

ગાંધીજીએ જે રચનાત્મક કાર્યક્રમો આપ્યા તે દેશની મોટા જનસમુહની સમસ્યાઓના ઉકેલ માટેના હતા. કારણ કે ભારતની મોટા ભાગની પ્રજાના પ્રશ્નો અન્ન, વસ્ત્ર અને કપડાંનો હતો. ગાંધીજી તેમની સાથે કામ કરતા લોકો પ્રત્યે ખુબ લાગણી રાખતા. પરંતુ તેમના કાર્યક્રમો જે સમુદાયો કે જૂથો વિવિધ ભેદભાવયુક્ત વ્યવહારોના ભોગ બનેલા છે. તેવા જૂથો, સમુદાયોની સમસ્યાઓને અગ્રતા આપતા હતા. ગાંધીજી કોઇપણ પ્રશ્ન હાથ ધરતા એ પ્રશ્નને રાષ્ટ્રીય રૂપ આપતા. પરિણામે તેઓ જે સમસ્યા હાથ ધરતા એને રાષ્ટ્રની સમસ્યા બનાવી દેતા અને આખા રાષ્ટ્રને એ સમસ્યા ઉકેલવા અપીલ કરતા અને એમાં દરેકનો સાથ માંગતા. રાષ્ટ્રીય પ્રશ્નોમાં આવો સામુહિક અભિગમ અને સામુહિક ભાગીદારી એ ગાંધીજીની કાર્ય પદ્ધતિની આગવી લાક્ષણિકતા હતી.

### 2.2.1.6 ગાંધીજીનો સમાજકાર્ય માટેનો અભિગમ

ગાંધીજીને મુખ્યત્વે સ્વતંત્રતા લડત સાથે જોડીને જ મૂલવવામાં આવે છે. ખરેખર ગાંધીજી માત્ર સ્વતંત્રતા સેનાની નહોતા, તેમનો અમૂલ્ય ફાળો સ્વતંત્રતાની પ્રાપ્તિ માટે જ નહોતા પરંતુ તેઓ એક સમાજકાર્યકર હતા. એવા સમાજકાર્યકર જેમણે ભારતીય સમાજની નાડીને ઓળખી તેનો એવો

ઉપચાર કર્યો કે જે સામાજિક પરિવર્તનના હેતુ માટે સૌથી વધુ અસરકારક રહ્યો. ગાંધીજીના જીવનકાર્યમાંથી વ્યવસાયિક સમાજકાર્ય માટે ઘણું શીખવાનું છે. ડૉ. પી. દયાલે વિષય પર ઉંડુ સંશોધન કરેલું છે. તેઓના સંશોધન પુસ્તક ગાંધીયન એપ્રોચ ટુ સોશ્યલવર્કમાં તેઓએ વિસ્તૃત રીતે ગાંધીજીના સમાજકાર્ય માટેના અભિગમને સ્પષ્ટ કર્યો છે.

ગાંધીજીનો અભિગમ સમાજકાર્યના ક્ષેત્રમાં માનવ વ્યક્તિત્વના આધ્યાત્મિક પાસાને ઓળખ આપવાનો રહ્યો છે. ગાંધીજીએ વ્યક્તિના જીવનમાં આત્માની શક્તિ તથા ઇચ્છાશક્તિના મહત્ત્વને સારી રીતે ઓળખ્યું હતું. તેઓએ માનવજીવનમાં સ્વાર્થ અને નિઃસ્વાર્થની રમતને પણ ઓળખી હતી. ગાંધીજીનો અભિગમ માનવ વર્તણૂંકને પુરી રીતે સમજવા માનવ વ્યક્તિત્વના આધ્યાત્મિક પાસાને સાથે જોડે છએ. તેઓનો પ્રયત્ન આધુનિક સમાજકાર્ય પરના વૈજ્ઞાનિક વલણ સાથે ભારતની આધ્યાત્મિક પરંપરાને જોડવાનો છે. સમાજકાર્યની પદ્ધતિ અને તત્ત્વદર્શનમાં નિષ્ક્રિયતા વ્યાપેલી છે. પરંતુ ગાંધીજી તેનાથી કોસો દૂર છે. સમાજકાર્યમાં રહેલ નિષ્ક્રિયતાનું ઉદાહરણ જોઇએ તો જ્યારે સેવાર્થી સંકટપૂર્ણ સ્થિતિમાં આવી જાય તે પછી જ સમાજકાર્યકર તેની મૂળભૂત સ્થિતિમાં આવી જાય તે પછી જ સમાજકાર્યકર તેની મૂળભૂત જરૂરિયાતો ખોરાક, કપડાં, રહેઠાણ, શિક્ષણ, દવા વગેરે સંતોષવા જાગે છે. સમાજકાર્યકર સામાજિક દૂષણોને નાબૂદ કરવા પર ભાર નથી આપતા પરંતુ આ સામાજિક દૂષણોને લીધે ઉત્પન્ન થયેલ સમસ્યાઓનું સમાધાન કરવા પર ભાર મૂકે છે.

આધુનિક સમાજકાર્ય સમાજનું સ્વાસ્થ્ય જાળવી રાખવા માટે અટકાયતી પ્રવૃત્તિઓનું મહત્ત્વ પુરતા પ્રમાણમાં હજી સમજાયું નથી. આધુનિક સમાજકાર્યની અસરકારકતા માટે કેટલીક શંકાઓ પશ્ચિમમાં થઇ છે. પરંતુ ભારત જેવા પછાત દેશમાં હજી સુધી પુરતું કાર્ય થયું નથી. ચિકિત્સા તથા અટકાયતી સમાજકાર્ય હાલની પરિસ્થિતિનો સામનો કરવા માટે વધુ આશાવાદી દેખાય છે. કારણ કે જ્યારે કોઇ સમસ્યા તેની તિવ્રતામાં હોય ત્યારે દુર કરવા કરતા શરૂઆતથી જ તેને દુર કરવી વધુ હિતાવહ તથા આર્થિક રીતે પરવડી શકે તેવું હોય છે. આધુનિક સમાજકાર્ય તેના ઉપચારાત્મક અભિગમ સાથે સામનો કરવા અશક્તિમાન દેખાય છે.

ગાંધીજીના અભિગમમાં દૂષણોનાં પ્રતિકારની વાત એ મહત્ત્વનો ભાગ છે. આધુનિક સમાજકાર્ય ત્રણ પાયાની પદ્ધતિઓ વિકસાવી છે. સામાજિક વૈયક્તિક કાર્યપદ્ધતિ, સામાજિક જૂથ કાર્યપદ્ધતિ અને સામુદાયિક સંગઠન પદ્ધતિ. ગાંધીજીના સમાજકાર્યનો અભિગમ વ્યક્તિની ક્ષમતાઓનો વિકાસ, માત્ર વ્યક્તિ પોતાના જીવનની સમસ્યાઓનો હલ કરી શકે તે માટે જ નથી કરવા માંગતા પરંતુ તેઓ વ્યક્તિની ક્ષમતાનો વિકાસ એટલા માટે કરવા માંગે છે જેથી વ્યક્તિ સમાજના એક જવાબદાર સભ્ય તરીકે સમાજની સેવા કરે. ગાંધીજીનો સમાજકલ્યાણનો અભિગમ સામાજિક મૂલ્યોમાં, સામાજિક રિવાજો તથા તેના ઉપયોગમાં અને સમાજના સામાન્ય માળખામાં પાયાનું પરિવર્તન લાવવાની ઇચ્છા રાખે છે. સામાન્ય રીતે આવા પરિવર્તનને સામાજિક સુધારણા કહે છે.

ગાંધીજીએ સમાજકાર્યના પ્રત્યેક ક્ષેત્રમાં પોતાની ગહન છાપ ઉભી કરી છે. જો કે કેટલાંક ક્ષેત્રોમાં આ છાપ અપ્રત્યક્ષ રહી છે. પરંતુ તેઓએ કેટલાક ક્ષેત્રો એવા પસંદ કર્યા જેવા કે હરિજન કલ્યાણ, આદિવાસી કલ્યાણ, સ્ત્રી કલ્યાણ તથા શ્રમિક કલ્યાણ જેની ઉપર તેઓએ ઉંડાણથી અને વિસ્તૃત કાર્ય કર્યું છે. હરિજન કલ્યાણનાં ક્ષેત્રે ગાંધીજીએ 1932ના સપ્ટેમ્બરમાં બ્રિટીશ સરકાર દ્વારા મળતા કોમ્યુનલ એવોર્ડને અવગણી અસ્પૃશ્યતા કેન્સરને શક્તિશાળી ધક્કો આપ્યો. ગાંધીજીએ હરિજનોના નાગરિક હક્કોને પાછા મેળવવા સત્યાગ્રહ પદ્ધતિનો ઉપયોગ કર્યો. હરિજનોની સ્થિતિમાં સુધાર માટે અનેક કલ્યાણકારી કાર્યક્રમો શરૂ કર્યા.

આદિવાસી કલ્યાણનાં ક્ષેત્રમાં ગાંધીજીએ માનવીય તથા રાજકીય દ્રષ્ટિથી રસ લીધો. આજ સુધી જેઓની અવગણના થઇ તેવા આદિવાસીઓની સમસ્યા તરફ ગાંધીજીએ રાષ્ટ્રનું ધ્યાન દોર્યું. ગાંધીજીએ બાળવિવાહ, પડદાપ્રથા, વિધવાની સ્થિતિ, વૈશ્યાવૃત્તિ જેવા સામાજિક દૂષણો પર પણ પ્રહાર કર્યો. ગાંધીજીએ શ્રમિક કલ્યાણની સમસ્યા તરફ પણ ધ્યાન આપ્યું હતું. તેમણે વર્ગ સહકાર તથા પારસ્પરિક સહકારના પરિપ્રેક્ષ્યમાં રચાયેલા મજુર કલ્યાણના ખ્યાલનો પ્રચાર કર્યો. તેઓએ ટ્રેડ યુનિયન માટે કુટુંબનું મોડલ સ્વીકારવા કહ્યું. મજુર સમસ્યા માટે અહિંસક હડતાળ તથા સ્વૈચ્છિક લવાદ નીમવાની સલાહ આપી. ગાંધીજીએ નઇ તાલીમના ખ્યાલનો પ્રચાર કર્યો. જેમાં વ્યક્તિનાં જન્મથી લઇ મૃત્યુ પર્યંતના શિક્ષણનો સમાવેશ થાય છે. ગાંધીજીના મતે બાળકો અને યુવાનોના શિક્ષણ પાછળ ધ્યાન આપીને કાર્ય કર્યું છે.

## 2.3 દલિત

પ્રાચીન સમયમાં વર્ણવ્યવસ્થાનું પ્રભુત્વ હતું. વર્ણવ્યવસ્થા જ્ઞાતિ વ્યવસ્થાથી ભિન્ન છે. જ્ઞાતિવ્યવસ્થાના વિષયમાં એવો વિશ્વાસ પ્રગટ કરવામાં આવ્યો છે કે આ બાબત ભારતીય સંસ્કૃતિ પર મોટો દાગ છે. કારણ કે તેના દ્વારા સમાજનાં સંઘર્ષની પરિસ્થિતિ ઉદ્‌ભવે છે અને સમાજને વિભાજીત કરે છે. ભારતીય સમાજના લોકોને આ બાબતે નાના-મોટા કષ્ટો અને પીડા આપી છે અને સામાજીક ન્યાયને મુશ્કેલ બનાવી દીધો છે. જ્ઞાતિ વ્યવસ્થા સામાજીક રૂપથી હાનિકારક છે. રાજનૈતિક રૂપથી આત્મઘાતી છે. નૈતિક રૂપથી ધૃણા ઉપજાવનાર છે અને આર્થિક રૂપથી વિનાશકારી સાબિત થઇ છે. પરંતુ વર્ણવ્યવસ્થાના પોતાના કામ કરવાના પ્રકાર યોગ્યતા અને સંપતિના આધાર પર સમુહોમાં વિભાજન જોવા મળે છે.

ભારતીય સમાજમાં સદીઓથી દબાયેલા, કચડાયેલા પીડીત લોકોને દલિત તરીકે ઓળખવામાં આવે છે. સમાજનો આ વર્ગ અસ્પૃશ્યતાનો ભોગ બન્યો હતો. તેઓ ધાર્મિક, રાજકીય, સામાજિક કે સામાન્ય નાગરીક અધિકારોથી વંચિત હતા. બ્રિટીશ સરકારે ભારતીય સમાજમાં દબાયેલા, કચડાયેલા, પીડીત લોકો માટે Depressed Classes તરીકે ઓળખવામાં આવતા હતા. આ શબ્દ અસ્પૃશ્ય લોકો માટે પણ ઉપયોગમાં લેવાતો. દલિતો તરીકે ઓળખાતા લોકોનું બંધારણીય નામ અનુસૂચિત જાતિ છે. અનુસૂચિત જાતિઓમાં સમાવિષ્ટ થતા લોકો પોતાને દલિત તરીકે ઓળખવાનું વધારે પસંદ કરે છે. તેઓ પોતાની ઓળખ દલિત તરીકે આપે છે અને તેઓએ પોતાનું દલિત સાહિત્ય પણ વિકસાવ્યું છે.

ટી.કે. ઓમેન નોંધ છે કે પરંપરાગત ભારતીય હિન્દુ સમાજ 5 વિભાગોમાં વિભાજીત થયેલો હતો. આ 5 વિભાગોમાં બ્રાહ્મણો, ક્ષત્રિય વૈશ્યો અને શુદ્રો ઉપરાંત 5 માં વિભાગ પંચમના કે પધ્યમ તરીકે ઓળખવામાં આવતો. આ પંચમને સમાજમાં અસ્પૃશ્યો ગણવામાં આવતા હતા. શ્રીનિવાસ કહે છે તેમ વર્ણવ્યવસ્થામાં ચાર વિભાગો જ હતા. અસ્પૃશ્યો કે પંચમને ચાર વર્ણોની વ્યવસ્થામાં સ્થાન આપ્યું ન હતું. તેઓ વર્ણવ્યવસ્થા બહારના અને તિરસ્કૃત હશે એવું તેમનું મંતવ્ય છે. ધુર્યના મતે અસ્પૃશ્યોને ચારેય વર્ણોથી અલગ ગણવામાં આવ્યા હતા. જે પાછળથી સમયની પરંપરામાં પંચમના તરીકે ઓળખાયા.

19 મી સદીમાં બ્રિટીશ અધિકારીઓએ દલિત વર્ગ એવો શબ્દ પ્રયોજ્યો હતો અને આ શબ્દ જ અસ્પૃશ્ય જાતિઓ માટે ઉપયોગમાં લેવાતો. 1935માં ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટમાં બાહ્ય જ્ઞાતિઓ માટે કે અસ્પૃશ્યો માટે અનુસૂચિત જાતિ શબ્દ પ્રયોજ્યો અને આવી જાતિઓની એક યાદી તૈયાર કરવામાં આવી હતી. તેવું હટ્ટએ નોંધ્યું છે. સ્વાતંત્ર્ય બાદ ભારત સરકારે આ શબ્દનો ઉપયોગ કરવાનું ચાલું રાખ્યું.

દલિત શબ્દ તો થોડા સમયથી જ પ્રચલિત બન્યો છે. પણ શુદ્રમાંથી ઉદ્‌ભવેલ આ સમુદાય આજે વિવિધ જ્ઞાતિગત નામોથી ઓળખાય છે. સમયાંતરે આ સમુદાયો જુદા-જુદા નામોથી ઓળખાતા જોવા મળે છે. જેવા કે અસ્પૃશ્યો, હરિજન, અંત્યજ, વિકસતા સમુદાય, પછાત સમુદાય, અનુસૂચિત જાતિ અને દલિત વગેરે આ દરેકના જે તે ઇતિહાસ અને સ્થિતિમાંથી જન્મ્યા છે. 19મી સદીમાં મહ્દ અંશે હરિજન શબ્દ ગાંધીજી દ્વારા વધારે પ્રચલિત બન્યો હતો. મુળમાં આ શબ્દ સૌ પ્રથમ નરસિંહ મહેતાએ આપ્યો છે. લગભગ 1970ની સામાજીક ન્યાય માટેની જે લડતો ઉભી થઇ તેમાંથી આ હરિજન શબ્દ પ્રત્યે વિરોધ ઉભો થયેલો જોવા મળ્યો હતો. કારણ કે દક્ષિણ ભારતમાં દેવદાસીના બાળકોને હરિજન કહેવામાં આવે છે. જેના કારણે વિરોધ થયો હતો. તે જ સમયમાં પહેલા વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે આ જાતિના લોકો માટે અભંત શબ્દ વાપર્યો હોવાનું જોવા મળે છે. એ પછી દલિત શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ 1931માં કેટલાક પત્રકારોના લખાણમાં અસ્પૃશ્ય લોકો માટે ઉપયોગમાં લેવાયેલો જોવા મળે છે. ત્યાર પછી તે વધુ પ્રચલિત બની શક્યો નથી.

આમ જોઇએ તો દલિતો એટેલ દબાયેલા, કચડાયેલા, શોષિત અને પિડીત લોકો જેમાં આવા લોકો તરીકે આદિવાસીઓ, સ્ત્રીઓ, પછાતવર્ગો વગેરે માટે તે શબ્દોનો ઉપયોગ થતો. પરંતુ છેલ્લા બે એક દાયકાથી આ શબ્દોનો ઉપયોગ કર્મશીલો, પત્રકારો અને ખાસ કરીને દલિત સાહિત્યમાં અનુસૂચિત જાતિ માટે વધુ થતો જોવા મળે છે અને હવે તો અનુસૂચિત જાતિ એ સરકારી શબ્દ ગણાય છે. જ્યારે સમુદાય દ્વારા ઉપયોગમાં લેવાતો શબ્દ દલિત છે. બન્ને શબ્દોમાં આ સમુદાય માટે સમાજમાં ભેદભાવો છે. તેના માટે સમાનતાની માંગ જોવા મળે છે. માણસને માણસ તરીકે સ્વીકારવાની માંગ ઉભી થઇ છે. બીજી રીતે કહીએ તો હરીજન એ જ્ઞાતિનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે દલિત શબ્દમાં જ્ઞાતિ અને વર્ગ બન્નેનું પ્રતિનિધિત્ત્વ જોવા મળે છે.

અનુસૂચિત જાતિ એ સંજ્ઞા બંધારણે પ્રમાણિત કરી છે. બંધારણમાં અનુસૂચિત જાતિની કોઇ ચોક્કસ વ્યાખ્યા આપવામાં આવી નથી. પરંતુ બંધારણનાં અનુચ્છેદ 341માં ભારતના રાષ્ટ્રપતિને એવી સત્તા આપવામાં આવી છે કે તેઓ અમુક જાતિને અનુસૂચિત જાતિ ઘોષિત કરે છે અને હવે પ્રચલિત પરિભાષામાં અનુસૂચિત જાતિ તરીકે ઓળખવામાં આવે છે. બીજી રીતે કહીએ તો ભારતમાં પરંપરાગત રીતે અસ્પૃશ્ય ગણાતા જાતિ સમુહોને કે જેઓની બંધારણની અનુસુચિમાં સ્થાન આપવામાં આવ્યું છે.

### 2.3.1 વ્યાખ્યા

''આત્મશુદ્ધિના આ મહાઆંદોલનમાં આપણે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ પણ ઇશ્વરે બનાવેલા માનવીઓને આપણે માનવ અધિકારોથી વંચિત રાખેલ છે. તેવા સમૂહોના માનવીઓ''

**— મહાત્મા ગાંધીજી**

''હરિજન એટલે ઇશ્વરના સંતાનો અથવા ભગવાનનો લોકો''

''સ્પર્શ માત્રથી અપવિત્ર બની જતો અને સમાજના સામાન્ય માણસથી અલગ નીતિ નિયમો બનાવી હલકા ચિતર્યા છે એવો સમુહ''

**— ડૉ. રામનાથન શર્મા**

''દલિત એ છે કે જે સામાજિક અને રાજનૈતિક એવી અનેક સમસ્યાઓથી ઘેરાયેલા હોય, ઉચ્ચ જાતિઓ દ્વારા પરંપરાગત માન્યતા અને રૂઢીઓના આધારે જેમનું નીચું સ્તર રાખેલ હોય તે સમુદાય''


**— આર. કે. મજમૂદાર**

### 2.3.2 સમસ્યાઓ

1. નીચો સામાજિક દરજ્જો અને જ્ઞાતિગત પૂર્વગ્રહોમાંથી પેદા થતી સમસ્યા
2. સત્તા અને સંપત્તિની વંચિતતા
3. દલિતોમાં સામાજિક સ્તરીકરણ અને ભેદભાવ
4. પરંપરાગત મલિન વ્યવસાય સંબંધી સમસ્યા
5. દલિતોનું આર્થિક પરાવલંબન અને શોષણ
6. દલિતો પર થતા અત્યાચાર
7. અસ્પૃશ્યતા અને પ્રતિબંધોની વિકાસ સંબંધી સમસ્યાઓ
8. દલિતોની હિજરતની  સમસ્યા
9. ધર્મ કે જ્ઞાતિ પરિવર્તન અને દલિત અસ્મિતા સંબંધી સમસ્યાઓ
10. દલિતોના માનવ અધિકા ભંગની સમસ્યા
11. ગરીબ અને સીમાંતીકરણની સમસ્યા

### 2.3.3 અનુસૂચિત જાતિ માટેની થયેલ ચળવળો

#### 2.3.3.1 ગાંધીજીના પ્રયત્નો



અસ્પૃશ્યતા નિવારણ અંગે ગાંધીજીનો અભિગમ રચનાત્મક હતો. ભારતમાંથી અસ્પૃશ્યતાની નાબુદી માટેના કાર્યમાં સૌથી નોંધપાત્ર ફાળો મહાત્માં ગાંધીજીનો ગણી શકાય તેમ છે. ગાંધીજીએ સ્પૃશ્યતા નાબુદીને પોતાનું જીવનકાળ ગણીને સ્વરાજ્ય પ્રાપ્તિની ચળવળ સાથે સાંકળી લીધું હતું. ગાંધીજીએ કહ્યું છે કે ''એ અસ્પૃશ્યતાને હિંદુ ધર્મ પરનું મોટામાં મોટું કલંક ગણું છું.'' સ્વરાજ્ય પ્રાપ્તિ 2બાદ તેમના સ્થાન વિશે ગાંધીજીએ કહ્યું છે કે મારી કલ્પનાના સ્વરાજ્યમાં અસ્પૃશ્યતાનું સ્થાન કહેવાતા સવર્ણ હિંદુના જેવું જ બધી રીતે હશે. સ્વરાજ્ય જેટલું સ્પૃશ્ય માટે છે તેટલું જ અસ્પૃશ્ય માટે છે.

અસ્પૃશ્યોની સેવા અને કલ્યાણ માટે ગાંધીજી રાત-દિવસ પ્રવૃત્ત રહેતા. અસ્પૃશ્યોના નિવાસની મુલાકાત લેવા, તેમની સાથે ભોજન કરતા. હરિજનવાસની સફાઇ કરતા. તેમના કલ્યાણ માટે ગામે ગામ ફંડફાળો એકત્ર કરવાની પણ કામરીગી કરતા. ગાંધીજીએ અસ્પૃશ્યો માટે 'હરિજન' શબ્દનો પ્રયોગ કરીને અસ્પૃશ્યો પ્રત્યેની સુગ હળવી કરવાનો પ્રયત્ન કર્યો. ગાંધીજીએ હરિજન બાળાને દત્તક લીધી હતી. સવર્ણ યુવકોને હરિજન કન્યા સાથે લગ્ન કરવા તેઓ સમજાવતા. હરિજન કુટુંબને પોતાના આશ્રમમાં વસવાટ માટે સ્થાન આપ્યું છે. હરિજનોમાં શિક્ષણ પ્રચાર પર ભાર મૂક્યો.

**2.3.3.2 ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રયત્નો**



ડૉ. બી. આર. આંબેડકર અનુસૂચિત જાતિના મહાન નેતા હતા. તેમણે ત્રણ વર્ષ રહીને અમેરીકામાં અર્થશાસ્ત્ર વિષયમાં અનુસ્નાતક અને પીએચ.ડી. ની પદવી મેળવી હતી. ભારતનું બંધારણ ઘડવામાં તેમનું અગત્યનું સ્થાન છે. તેમના લખાણો, ભાષણો, તેમજ સામાજીક, રાજકીય પ્રવૃત્તિ દ્વારા વિચારો સ્પષ્ટ કર્યા છે. લખાણો દ્વારા તેમણે શુદ્રો અને અસ્પૃશ્યોનો ઉદ્ભવ તેમની હાડમારીઓ, તેમનું સામાજીક સાંસ્કૃતિક પછાતપણું, તેમના પ્રત્યે સવર્ણોના વ્યવહાર, તેઓનું વંચિતપણું વગેરે અંગે વિચારો રજુ કર્યા છે. તેમણે અસ્પૃશ્યતા દૂર કરવા અનુસૂચિત જાતિઓને સંગઠિત કરવા તેમજ સામાજિક પરિસ્થિતિ અને દરજ્જો ઉંચો લઇ જવા તેમજ તેઓની રાજકીય સત્તામાં ભાગીદારી બનવા પ્રયાસો કર્યા છે. તેમણે શીડ્યુલ કાસ્ટ ફેડરેશનની સ્થાપના કરી હતી.

ડૉ. બાબાસાહેબ મહારાષ્ટ્રની મહર જ્ઞાતિના હતાં. તેઓ મહર જ્ઞાતિના નેતા કહેવાતા. તેમણે મહર લોકોના સુધાર માટે ઘણાં પગલાંઓ લીધા છે. તેમણે મહર લોકો ઉપરાંત અન્ય લોકો, ગામમાંથી મરેલા ઢોર ઢસડી જવાનું કાર્ય બંધ કરવાની અપીલ કરી હતી. ભીખ માંગવાનો, મદ્યપાન કરવાનો, મરેલા ઢોરનું માંસ ખાવાનું બંધ કરવા જણાવ્યું હતું. તેમણે શિક્ષણ મેળવવા અને બાળકોને શાળામાં મોકલવા, સ્વચ્છ પોષાક પહેરવા, તેમજ સ્વમાન જાળવવા સુચવ્યું. આમ, તેઓ અસ્પૃશ્યોની જીવનશૈલી અને આકાંક્ષાઓમાં ક્રાંતિ લાવવાનો ધ્યેય ધરાવતા હતા. ડૉ. બાબાસાહેબના મતે અસ્પૃશ્યોનો બૌદ્ધ ધર્મમાં ધર્માંતર કરાવવાથી તેમની સમસ્યાઓ નિવારી શકાશે. આથી પોતે બૌદ્ધ પસંદગી પાછળથી તેમની દ્રષ્ટિ એવી હતી કે ભારતમાં ઉદ્ભવેલો બૌદ્ધધર્મ સમાનતાવાદી છે.

1917માં ડૉ. બાબાસાહેબ અમેરીકાથી અભ્યાસ કરીને ભારત આવ્યા ત્યારે મતાધિકાર સમિતિ તેનો અહેવાલ તૈયાર કરાવતી હતી. બાબાસાહેબ મતાધિકાર સમિતિને મળ્યા અને મુંબઇ વિધાનસભામાં વસ્તીના ધોરણે દલિતવર્ગના અલગ મતદાર મંડળ દ્વારા સીધા પ્રતિનિધિત્વની જોરદાર રજુઆત કરી. મહાત્મા ગાંધીજી દ્વારા અસ્પૃશ્યતા વિરોધી ચળવળો શરૂ થઇ હતી તે ડૉ. આંબેડકરના નૈતૃત્વ હેઠળ વધુ ધારદાર બની. ડૉ. આંબેડકર અનુસૂચિત જાતિઓની અલગ ઓળખના હિમાયતી હતા. તેમણે 1930માં ગોળમેજી પરિષદમાં દલિતજ્ઞાતિઓ એક અલગ જૂથ છે અને હિંદુ સમાજના સભ્યો તરીકે ન જોવા જોઇએ એવી રજુઆત કરી. મહાત્મા ગાંધીજીએ અનુચૂચિત જાતિઓ માટે અલગ મતદાર મંડળની માંગણીના વિરોધમાં ઉપવાસ કર્યો. આથી ડૉ. આંબડકરે પોતાની માંગણી પડતી મુકી.

તેમણે 1920માં 'મૂક નાયક' નામનું સામયિક શરૂ કર્યું. તેમાં લેખો દ્વારા અસ્પૃશ્યોમાં જાગૃતિ લાવવાના પ્રયાસો કર્યા. તેમણે અસ્પૃશ્યોનાં શિક્ષણનું ધોરણ સુધારણ અને તેમનો રાજકીય દરજ્જો સુધારવા ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. બ્રીટીશ અમલ દરમિયાન જ્ઞાતિપ્રથા વિરોધી ઘણાં પ્રયત્નો થયાં. તેમાં ડૉ. આંબડકરની આગેવાની હેઠળ દલિતોની ચળવળ અને દક્ષિણ ભારતની સ્વમાન રક્ષણ ચળવળ મુખ્ય છે. ડૉ. આંબેડકરે દલિત વર્ગો ઉપર ગુજારાતા કેટલાંક મૂળભૂત અત્યાચારો અને દલિત વર્ગના લોકો વચ્ચેનો ભેદ સ્પષ્ટ દેસાઇ આવે છે. તેઓ દલિતોમાં સામાજીક સુધારણાનું અને રાજકીય શિક્ષણની પ્રવૃત્તિનું સંચાલન અને નૈતૃત્વ કરતા હતા.

સામાજીક, ધાર્મિક સુધારણા પ્રવૃત્તિના લીધે દલિત વર્ગમાં ડૉ. આંબડકર જેવા મનિષિઓનું જૂથ ઉભું થવા પામ્યું હતું. ડૉ. આંબડકર દલિતવર્ગની યાતનાઓ અને અસમર્થતાઓનું નિદર્શન કરનારા સમર્થ પ્રવક્તા અને પ્રાથમિક માનવ અધિકાર માટે અવિરત લડત આપતા રહ્યા હતા.

1935 ના ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયન એક્ટ દ્વારા બાહ્ય જ્ઞાતિઓને અનુસૂચિત જાતિઓ નામ આપવામાં આવ્યું. ડૉ. બાબાસાહેબે અનુસૂચિત જાતિઓનું સામાજિક, આર્થિક, રાજકીય, શિક્ષણ વગેરેમાં સ્થાન સુધારવા ઘણા પ્રયત્નો કર્યા છે. તકની સમાનતા અને શોષણનાબુદી માટે લડત આપતા એ તેનો મુખ્ય હેતુ હતો. કચડાયેલા અને બૌદ્ધો, અનુસૂચિત જાતિઓ, અન્ય પછાતવર્ગને સંગઠિત કરવા ઉપર ભાર મુક્યો છે. દલિતો પ્રત્યેના ધૃણાસ્પદ વર્તન માટે લડવું અને તેમની નિયોગ્યતા નાબુદ કરવા ઘણી કામગીરી કરી છે. નાગપુર ખાતે યોજાયેલ દલિતવર્ગીય અખીલ ભારતીય પરિષદમાં તેમણે બધા દલિત વર્ગોને એક જૂથ તરીકે એક કરવાનો પણ પ્રયત્ન કર્યો છે.

### 2.3.3.3 સંત કબીર



કબીર સાહેબ મધ્યકાલીન યુગનાં મહાન પુરુષ છે. આત્મતત્ત્વના આ મહાન સિદ્ધ વિચારકના ઉપદેશથી ભારતની સંસ્કૃતિએ એક યુગ પલટો માર્યો તે સમયે ઇસ્લામી શાસકોનાં પ્રભાવથી ધર્માધતાને લીધે માનવ-માનવનાં ભેદ વધતા જતા હતા. આ સમયે બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શુદ્રો એવી વ્યવસ્થા સમાજમાં પ્રવર્તતી હતી. લોકોમાં અંધશ્રદ્ધા, જાતિભેદ પ્રત્યે ધૃણા, નિમ્નજ્ઞાતિ પ્રત્યે અસ્પૃશ્યતા, હિંસા, અન્યાય વગેરે જોવા મળતા હતા. સંત કબીરે આ સમાજની દુર્દશાને અનુભવી હતી અને તેના નિરાકરણ માટે મંથન પણ કર્યું હતું. આ બધી બાબતોને પોતાની વાણીમાં વણી લઇને લોકોને જાગૃત કરવા તેમની સમક્ષ મુકી હતી.

કબીરસાહેબે પોતાની ભાવનાથી ઉછેર કરી માનવધર્મની એક્યતાને સમાજમાં દઢ કરી અને ચારેય વર્ણોમાં સાચા વૈષ્ણવજનની સર્વશ્રેષ્ઠ પદમાં સ્થિતિને કાયમ કરી અને તેમણે વિશ્વબંધુત્વની ભાવનાને વિસ્તારથી આમ જનતાના હૃદયમાં પ્રજ્વલિત કરી.

### 2.3.3.4 નરસિંહ મહેતા



નરસિંહ મહેતા કુળે બ્રાહ્મણ હતા. તેમણે પોતાના કાર્યો દ્વારા સમાજને સુધારવાનો વ્યક્તિગત પ્રયત્ન કર્યો છે. નરસિંહ મહેતાએ જ્ઞાતિપ્રથા નાબુદી, અસ્પૃશ્યતા નિવારણ તથા પછાત વર્ગના લોકોની સામાજીક, ધાર્મિક નિમ્નતા દૂર કરવાના પ્રયત્નો કર્યા છે. તેમણે અસ્પૃશ્યતા નિવારણ માટે પછાતવર્ગના લોકોનો હરિજન જેવો શબ્દ આપીને સવર્ણ લોકોની તેમના તરફથી સુગ હળવી કરવાનો પ્રયત્ન કર્યો છે.

તેઓ હરિજનવાસમાં જઇને રાત્રી દરમિયાન પછાતવર્ગના લોકોને જાગૃત કરવા ભજનભક્તિ પણ કરતા અને સાચો માન્ય ધર્મ કયો છે તે બાબતનું ઉંડાણથી તેમને જ્ઞાન આપતા.

### 2.3.3.5 રાજારામ મોહનરાય



રાજારામ મોહનરાય ભારતના મહાન સમાજ સુધારક ગણાય છે. 19મી સદીમાં જ્ઞાતિપ્રથાનું ખૂબ જ પ્રભુત્વ જોવા મળતું. જ્ઞાતિ પ્રથામાં પછાતવર્ગના લોકો માટે અમુક બાબતોમાં પ્રતિબંધો પ્રવર્તતા હતાં. ત્યારપછી તેમણે જ્ઞાતિપ્રથા વિરુદ્ધ વિવિધ પ્રવૃત્તિઓ ચલાવી. પછાતવર્ગના લોકોને જાગૃત કરી સ્ત્રી-પુરુષોના જીવનની સુધારણા માટેના પણ પ્રયત્નો હાથ ધર્યા. 1828માં બ્રહ્મોસમાજની સ્થાપના કરી. આ સમાજે પછાતવર્ગના લોકો માટે ધાર્મિક ચળવળો ચલાવી તેના દ્વારા સમાજમાં નવજાગૃતિ આવી.

### 2.3.3.6 સ્વામી દયાનંદ સરસ્વતી



સ્વામી દયાનંદ સરસ્વતી બ્રાહ્મણ હતા. તેમને પિતા સાથે મતભેદ થતાં કુટુંબ છોડ્યું. તેઓ કહેતા કે છુતાછુત હિંદુ સમાજનું કલંક છે. તેને નાબુદ કરવા સૌથી વધારે સંઘર્ષનો અનુભવ પણ કર્યો હતો. તેઓએ જ્ઞાતિઓને દુર કરી હિન્દુનું એકીકરણ કરવાનો પ્રયાસ કર્યો. તેમણે 1875માં મુંબઈમાં આર્યસમાજની સ્થાપના કરી અને આર્યસમાજની શિક્ષણપ્રથાઓનું અછુતોને સવર્ણ કરતા વધુ પ્રોત્સાહન અને સગવડતાઓ આપવામાં આવી છે.

### 2.3.3.7 એની બેસન્ટ



એની બેસન્ટ 1875માં ન્યૂયોર્કમાં સ્થપાયેલ થીયેસોફીકલ સોસાયટીના 1917માં સેક્રેટરી બન્યાં. તેમણે કહ્યું કે, ''ભારતીયો જાગો અને પ્રાચીન વર્ણ વ્યવસ્થાને પુનઃ ઉત્થાન કરવા સખત પરિશ્રમ કરો.'' તેમણે જ્ઞાતિ વ્યવસ્થાને સ્થાને ચાર વર્ણોની વ્યવસ્થા સ્થાપવા અને અસ્પૃશ્યતાને દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે. અસ્પૃશ્યતા દૂર કરવા અને પછાતવર્ગોને ઉત્કૃષ્ટ કરવા માટે શાળાઓ સ્થાપી તેમને સમકક્ષા નાગરિકો બનાવવા ઉપર ભાર મુક્યો. પછાતવર્ગની મહિલાઓ માટે સ્ત્રી ઉત્થાન, સ્ત્રી શિક્ષણ માટે પણ ચળવળો ચલાવી અને દલિતોના ઉત્થાનનું કાર્ય કર્યું.

## 2.4 ઉપસંહાર

આમ અહીં ઉપરોક્ત ગાંધીવાદી અને દલીતની બંધારણીય વિચારધારામાં સમાજમાં ઉદ્ભવેલ સમસ્યાઓ અને મુશ્કેલીઓમાં પરિવર્તન લાવી સમાજને વિકસિત બનવા તરફનું કાર્ય થયું છે. ઐતિહાસિક રીતે જે તે સમાજની સામાજિક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને રાજકીય વ્યવસ્થામાં ઉદ્ભવેલ પરિસ્થિતિને યોગ્ય માર્ગે વાળી સામાજિક પરિવર્તનનું કાર્ય કરવામાં આવ્યું છે. જે સમાજકાર્યને આજે એક વિષયવસ્તુ સ્વરૂપે મળી રહ્યું છે.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. ગાંધીબાપુ એ સાત લાખ ભારતના ગામડાઓ માટે પુનઃ નિર્માણ માટે કેટલા રચનાત્મક કાર્યક્રમ આપ્યા હતા ?

(A) અઢાર (B) દસ

(C) વીસ (D) સાત

2. રચનાત્મક કાર્યક્રમો શું હતા ?

(A) ક્રાંતિના સાધન (B) સમાનતાના સાધન

(C) વિકાસના સાધન (D) ઉપરોક્ત તમામ

3. ''કાગડા કૂતરાના મોતે મરીશ પણ સ્વરાજ્ય લીધા વિના આશ્રમમાં પાછો નહિ આવું'' — આ વાક્ય કયા અભિગમનો નિર્દેશ કરે છે ?

(A) ક્રાંતિકારી અભિગમ (B) અહિંસક અભિગમ

(C) લાગણીશીલ અભિગમ (D) અંત્યદિપ અભિગમ

4. 'મૂક નાયક' સામાયિક કોણે શરૂ કરેલું હતું ?

(A) ગાંધીબાપુ (B) ડૉ. બાબાસાહેબ આંબેડકર

(C) વિનાબા ભાવે (D) જવાહરલાલ નહેરું

5. પછાત વર્ગના લોકો પ્રત્યેની સૂગ દૂર કરવા અને અસ્પૃશ્યતા નિવારણ માટે 'હરિજન' શબ્દ કોણે આપ્યો ?

(A) રાજારામ મોહનરાય (B) સ્વામી દયાનંદ સરસ્વતી

(C) નરસિંહ મહેતા (D) ગાંધીજી

## 2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) અઢાર
2. (A) ક્રાંતિના સાધન
3. (C) લાગણીશીલ અભિગમ
4. (B) ડૉ. બાબાસાહેબ આંબેડકર
5. (C) નરસિંહ મહેતા

## 2.7 ચાવીરૂપ શબ્દો :

- **અંત્યોદય :** છેવાડાના ગરીબ, અશક્ત, નિર્બળ વ્યક્તિનો વિકાસ કરવો, સર્વનો વિકાસ.
- **અહિંસા :** કોઈપણ વ્યક્તિની લાગણી, માન-સન્માનને દુઃખ ન પહોંચાડવું, હિંસા ન થાય.
- **દલિત :** અસ્પૃશ્ય જાતિ માટે ઉપયોગમાં લેવાય છે.
- **અસ્પૃશ્યતા :** ઉંચ નીચના ભેદભાવ - આભડછેટ.
- **હરિજન :** હરિના જન, ભગવાનના વ્યક્તિ.

## 2.8 સ્વાધ્યાય લેખન (Assignment)

**1. ગાંધીવાદી વિચારધારા અને સમાજકાર્ય તમારા વિચારો વર્ણવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**2. દલિત સમાજ માટે ગાંધીબાપુ અને ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રયત્નો વર્ણવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 2.9 પ્રવૃત્તિ (Activities)

- ગાંધીબાપુના અભિગમો ઉદાહરણ સાથે જણાવી શીખવા મળેલ બાબતો વર્ણવો.
- દલીત ચળવળો વિસ્તૃતમાં વર્ણવો.
- પ્રવર્તમાન સમયમાં અસ્પૃશ્યતા નિવારણ માટેના કાયદાકીય જોગવાઈઓ વર્ણવો.

## 2.10 કેસસ્ટડી (Case Study)

- સ્વામી દયાનંદ સરસ્વતીના દલીતો માટેના કરેલા કાર્યો વર્ણવો.
- ગાંધીબાપુ એ કરેલ સમાજકાર્ય અને તેને પ્રસ્તુત પ્રવર્તમાન સમયના સંદર્ભમાં જણાવો.

## 2.11 સંદર્ભગ્રંથ


1. ભારતમાં સમાજ - માળખું અને પરિવર્તન : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે
   અનડા પ્રકાશન - અમદાવાદ
   આવૃત્તિ : 2005
2. ભારતીય સમાજનો પરિચય : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે
   અનડા પ્રકાશન - અમદાવાદ
   આવૃત્તિ : 2005
3. સમાજશાસ્ત્રનો પરિચય : ડૉ. અનિલ એસ. વાઘેલા
   યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત
   આવૃત્તિ : 2005
4. Research Zone India : Vo. : 3, June-2015
   ISSN : 2319-8168
5. Research Zone India : Vo. : 3, March-2015
   ISSN : 2319-8168

# એકમ–3 ગાંધીજીની વિચારસરણી - મુક્ત અર્થતંત્ર, માનવતાવાદી, સમાજવાદી અને લોકતાંત્રિક વિચારધારા

: એકમનું માળખું :


3.0 હેતુઓ

3.1 પ્રસ્તાવના

3.2 ગાંધીજીની મુક્ત અર્થતંત્રની વિચારધારા

3.3 ગાંધીજી અને સમાજવાદ

3.4 ગાંધીજી અને લોકતંત્ર

3.5 ગાંધીજી અને માનવતાવાદ

3.6 ઉપસંહાર

3.7 તમારી પ્રગતિ ચકાસો

3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

3.9 ચાવીરૂપ શબ્દો (Glossary)

3.10 સ્વાધ્યાય લેખન (Assignment)

3.11 પ્રવૃત્તિ (Activities)

3.12 કેસસ્ટડી (Case Study)

3.13 સંદર્ભગ્રંથ (Further Readings)


## 3.0 હેતુઓ

આ એકમના અભ્યાસ પછી,

1. ગાંધીજીની મુક્ત અર્થતંત્રની નીતિને સમજી શકાય છે.
2. ગાંધીજીના માનવતાવાદ, સમાજવાદ અને લોકતાંત્રિક વિચારધારાને સમજી શકાય છે.

## 3.1 પ્રસ્તાવના

ગાંધી અને તેમના અનુયાયીઓના આર્થિક વિચારોને સામૂહિક રીતે ગાંધીવાદી અર્થશાસ્ત્ર કહી શકાય. ગાંધી પોતે વ્યાવસાયિક અર્થશાસ્ત્રી નહોતા. તે એક મહાન રાજકીય અને આધ્યાત્મિક નેતા હતા. પરંતુ તેમના સત્ય અને અહિંસાના દર્શન સાથે સુસંગત, તેમણે આર્થિક વિચારોનો સમૂહ આપ્યો જે પશ્ચિમના પરંપરાગત અર્થશાસ્ત્રની વિરુદ્ધ છે. આ એકમમાં આપણે ગાંધીજીની આર્થિક વિચારધારા તથા માનવતાવાદ, સમાજવાદ અને લોકતાંત્રિક વિચારધારા સમજીશું.

## 3.2 ગાંધીજીની મુક્ત અર્થતંત્રની વિચારધારા

**પ્રસ્તાવના :**

મૂળભૂત આર્થિક પ્રશ્નોના ઉકેલ માટે દરેક દેશે તેના રાજકીય માળખાને અનુકૂળ નીવડે તેમજ તેની ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ અને જરૂરિયાતને અનુરૂપ તેવી આર્થિક પદ્ધતિ અને આર્થિકવાદ અસ્તિત્વમાં આવ્યાં છે. આ વાદ દેશ અને કાળની પરિસ્થિતિ મુજબ આકાર લેતા હોય છે. મૂડીવાદી આર્થિક પદ્ધતિના અને અનિષ્ટોમાંથી સમાજને બચાવવા સમાજવાદનો વિકાસ થયો, પરંતુ સમાજવાદમાં પણ અનેક મર્યાદાઓ રહેલી હોવાથી વ્યક્તિ અને સમાજમાં હિતોની જે રીતે જાળવણી થવી જોઈએ તે રીતે થતી નથી. ભારત જેવા દેશમાં સમાજવાદી આર્થિક પદ્ધતિ તેના

યોગ્ય સ્વરૂપમાં અમલમાં મૂકી ન શકાય તેવી માન્યતા ગાંધીજી ધરાવતા હતા. તેથી ગાંધીજીએ ભારતની આર્થિક સમસ્યાનું નિદાન પોતાની આગવી રીતે કરીને તેનો ઉકેલ સૂચવ્યો હતો. પરંતુ આમ કરવા પાછળ તેમનો હેતુ કોઈ આર્થિક પદ્ધતિ ઊભી કરવાનો ન હતો. આમ છતાં જે.સી.કુમારપ્પા, બિપીન બિહારી, એમ.એલ.દાંતાવાલા, શ્રીમન્નનારાયણ અગ્રવાલ જેવા ગાંધીજીના વિચારોના અભ્યાસીઓએ ગાંધીજીના આર્થિક વિચારોને ગાંધીવાદ નામે ઓળખવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ ગાંધીજીએ આની સામે અણગમો વ્યક્ત કરતાં સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે, ''મેં કંઈ નવું તત્વ કે નવો સિદ્ધાંત શોધી કાઢ્યો છે એવો મારો દાવો નથી. મેં તો માત્ર શાશ્વત સત્યો છે તેને આપણા નિત્ય જીવનના પ્રશ્નને લાગુ પાડવાની મારી ઢબે પ્રયાસ કર્યો છે. હું જે નિર્ણયો પર આવ્યો છું. તે છેવટના નથી. હું તો કાલે એ બદલું. તમે તેને ગાંધીવાદ ન કહેશો એમાં 'વાદ' જેવું કશું જ નથી.''

### 3.2.1 નીતિપ્રધાન માનવી :

ગાંધીજીના આર્થિક વિચારોને નીતિશાસ્ત્ર સાથે ગાઢ સંબંધ છે, એડમ સ્મિથના આર્થિક માનવી તરીકેના અનુમાનો તેમજ ઓબિસ્નનના અર્થશાસ્ત્રને વાસ્તવિક વિજ્ઞાન દર્શાવતા વિચારોનો ઉગ્ર વિરોધ કરતા ગાંધીજી જણાવે છે કે, ''જે અર્થશાસ્ત્ર કોઈપણ વ્યક્તિ કે રાષ્ટ્રના વિકાસ અથવા કલ્યાણમાં અવરોધરૂપ નિવડે અને જે અર્થશાસ્ત્ર એક દેશને બીજા દેશની લૂંટ ચલાવવાની છૂટ આપે તે અર્થસાસ્ત્ર અનીતિમય અને પાપરૂપ છે.''

ગાંધીજીના મત પ્રમાણે જે સમાજમાં નીતિવાન માનવીઓ હોય ત્યાં ગળાકાપ હરીફાઈ, ઈર્ષા, સંઘર્ષ, સંગ્રહવૃત્તિ, છેતરપિંડી, શોષણ વગેરે જોવા મળતા નથી. પરિણામે માનવીનો સમાજ એ એક આદર્શ વ્યવસ્થા છે. આમ, ઈર્ષા, સંઘર્ષ, શોષણ, સ્વાર્થને બદલે પ્રેમ, સદ્‌ભાવના, અહિંસક માર્ગે આર્થિક ક્રાંતિ કરવા જણાવ્યું છે. અર્થતંત્રની સાચી સંપત્તિ ભવ્ય મકાનો, કારખાના અને ઈમારતો નથી, પરંતુ માનવસંપત્તિ છે. આમ, નીતિના પાયા પર રચાયેલી અર્થવ્યવસ્થા જ ઉત્તમ હોઈ શકે છે.

### 3.2.2 વિકેન્દ્રીકરણ

સર્વોદય આદર્શને સિદ્ધ કરવા માટે ગાંધીવાદી આર્થિક વિચારધારામાંથી જે વૈકલ્પિક આર્થિક વ્યવસ્થા ઉદ્‌ભવે છે. તે સ્વાવલંબી ગ્રામ સમૂહો ઉપર આધારિત છે. જે વિકેન્દ્રિત વ્યવસ્થા છે. મૂડીવાદી અને સમાજવાદી વ્યવસ્થામાં અનુક્રમે થોડાંક લોકો અને રાજ્ય પાસે આર્થિક સત્તાની જમાવટ ન થાય તે માટે ગાંધીજી સ્વાવલંબી ગ્રામસમૂહો પર આધારીત વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા ઊભી કરવા માંગે છે. ગાંધીવાદી આયોજનમાં પાયાનું ઘટક ગામડું છે. ખેતી અને ગ્રામોદ્યોગ દ્વારા ગામડાઓને સ્વાવલંબી બનાવવા જોઇએ. પંચાયત રાજ દ્વારા ગામડા રાજકીય રીતે પ્રજાસત્તાક એકમોમાં રૂપાંતરિત થવા જોઇએ.

### 3.2.3 અહિંસક અર્થવ્યવસ્થા

ગાંધીજીના વિચારોમાં અહિંસક અર્થરચનાનો આદર્શ રહેલો છે. આર્થિક પરિવર્તનો લોહિયાળ ક્રાંતિ દ્વારા સિદ્ધ કરી શકાય છે, પરંતુ તે કાયમી ટકતા નથી. આર્થિક પરિવર્તન આદર્શ સમાજરચના કરવા અહિંસક ક્રાંતિનો માર્ગ અપનાવવો જોઇએ. હિંસા અનેક પ્રશ્નો અને સમસ્યાઓનું સર્જન કરે છે. ત્યાગીને ભોગવવાનો સિદ્ધાંત આ ક્રાંતિમાં જોવા મળે છે.

### 3.2.4 નૈતિકતા

ગાંધીજી આધ્યાત્મિકતાના પૂજારી હતા. જડ જાહોજલાલી નહીં, પરંતુ આધ્યાત્મિક સંપત્તિ જ આર્થિક પદ્ધતિનું ધ્યેય હોવું જોઇએ. અઢળક સંપત્તિ જ માનવ અનીતિનું પરિણામ છે. એમ ગાંધીજી માનતા હતા. તેઓ અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્રને કદી જૂદા પાડતા નહી. તેમના માટે સાચું અર્થશાસ્ત્ર કદી પણ નૈતિક મૂલ્યોની અવગણના કરતું નથી. આમ, ગાંધીજીના નૈતિકતાના વિચારો પૂર્વના અર્થશાસ્ત્ર તરીકે ઓળખાય છે. આમ, ગાંધીજી દરેક આર્થિક પ્રશ્નમાં નીતિને વધારે મહત્ત્વ આપે છે.

ગાંધીજીના આર્થિક વિચારોમાં આર્થિક પસંદગી અને વર્તમાનમાં નીતિમતા, માનવીય દ્રષ્ટિકોણ રહેલો છે. આર્થિક સમાનતા અને શોષણવિહીન સમાજરચના માટે જરૂરિયાતો પર કામ, આર્થિક,

સ્વતંત્રતા, સ્વદેશી ચળવળ અને સ્વાવલંબન, યંત્રોની મર્યાદા, વિકેન્દ્રીકરણ, વાલીપણાનો સિદ્ધાંત, અહિંસક અર્થવ્યવસ્થા, નૈતિકતા પર વિશેષ ભાર મૂકીને આદર્શ સમાજ વ્યવસ્થા ઊભી કરવા માંગે છે.

### 3.2.5 જરૂરિયાતોની વૃદ્ધિ પર અંકુશ

ગાંધીજીના અહિંસક અર્થરચનામાં મર્યાદિત જરૂરિયાતો અને મર્યાદિત સાધનોના પ્રશ્નો-અછતના પ્રશ્નોના ઉકેલ માટે જરૂરિયાતો પર અંકુશ મૂકીને સાદુ જીવન અપનાવવા પર ભાર મૂકવામાં આવે છે. ગાંધીજીના મતે જો જરૂરિયાતો ઓછી કરવામાં આવે અને લોકો સુખસગવડોવાળા જીવનને બદલે સાદુ જીવન જીવવાનું રાખે તો ઘણા દુઃખો દૂર થઇ જાય. આ સાથે બજારની દૃષ્ટિએ નહીં પરંતુ સમાજની દૃષ્ટિએ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતાં ઓછી વસ્તુઓ વાપરે તેવો ગાંધીજી અનુરોધ કરે છે. આમ, ગાંધીજી 'સાદા જીવન અને ઉચ્ચ વિચારો' પર વજન મૂકતાં હતાં. વધુમાં તેઓ જણાવે છે કે અંતર અને સમયને ટૂંકવવાની શારીરિક હાજતો વધારવાની અને તેની તૃપ્તિ માટે ધરતીના છેડા સુધી જવાની આ ઘેલછા વિશે મને ખરા જાગરથી અણગમો છે. ટૂંકમાં જીવન સુખી સગવડતાવાળું બને એવી અને એટલી જરૂરિયાતો સહુ કોઇએ રાખવી અને સંતોષવી જોઇએ.

### 3.2.6 આર્થિક સ્વતંત્રતા

ગાંધીજી રાજકીય સ્વતંત્રતા કરતા આર્થિક સ્વતંત્રતાને વધુ મહત્ત્વ આપતા હતા. આર્થિક સ્વતંત્રતા વગર રાજકીય સ્વતંત્રતા માત્ર નામની જ રહે છે. આર્થિક પરતંત્રતા એ રાજકીય પરતંત્રતા લાવે છે. ગાંધીજી કહેતા હતાં કે સાચા સ્વરાજ્યમાં રાજા અને રંક બન્નેને જીવનની જરૂરિયાતો સંતોષવાની પૂરી અને સમાન તક હોવી જોઇએ. ગાંધીજીના મતે દેશમાં કોઇપણ વ્યક્તિ અન્ન વસ્ત્રના અભાવથી પીડાતી ન રહે તેવી આર્થિક સમાજરચના સ્થાપવી જોઇએ. ગાંધીજી હૃદયપરિવર્તન, સંવાદ, સહકા, અહિંસા વગેરે દ્વારા આદર્શ સમાજ રચનાનો ધ્યેય ધરાવે છે અને તે દ્વારા સમાન બને તેવી ઉમદા ભાવના ગાંધીજી રાખતા હતા.

### 3.2.7 સ્વદેશી અને સ્વાવલંબન

ગાંધીજી 'સાદુ જીવન અને ઉચ્ચ વિચારો' ના આદર્શના હિમાયતી હતા. જરૂરિયાતો પર અંકુશ મૂકીને જીવનમાં સાદગી અપનાવવાનું સૂચવે છે. સાદાઇના સિદ્ધાંત ઉપરાંત 'સ્વાવલંબન' ને મહત્ત્વનું સ્થાન આપે છે. ગાંધીજી સહયોગ, એકતા, સહકાર પર પરસ્પરાવલંબન અને એકબીજાને સુખી કરવા માટે કરવાની ભાવના જેમાં વિકસી શકે એમ હોય એવી અર્થવ્યવસ્થા રચવા ઈચ્છતા હતા. ગાંધીજી ગામ સ્વાવલંબનના પાયા પર અર્થવ્યવસ્થાનું માળખું ઊભું કરવા માંગતા હતા. દરેક ગામ એની આર્થિક જરૂરિયાતોને પૂર્ણ કરવાની બાબતમાં સ્વાવલંબી હોવું જોઇએ, એવું એમનું દૃષ્ટિબિંદુ છે. કૌટુંબિક ભાવના પર રચાયેલો આત્મનિર્ભર ગ્રામસમાજ એ એમનો આદર્શ છે. ગામ સ્વાવલંબનના આદર્શ સાથે ગ્રામ પોતાની પ્રારંભિક જરૂરિયાતો પોતે જ પેદા કરે તે હેતુથી સ્વદેશી ભાવના જાગૃત કરવાનો છે. ગાંધીજી સ્વદેશીને આ યુગના મહારોગનું મહાઔષધ ગણતા. સ્વદેશીનું વિસ્મરણ એ આપણી આજની દુર્દશાનું મોટું કારણ છે. સ્વદેશી તેઓને યુગધર્મ તરીકે નવાજતા હતા. રેડિયો અને ખાદીને ગાંધીજીની સ્વદેશી યોજનાના આધારસ્તંભો છે. ભારત જેવા દેશમાં ગરીબી, બેકારી, દૂર કરવા દેશના સાધનો ખાસ કરીને મજૂરોનો ઉપયોગ કરવા સ્વદેશી અને સ્વાવલંબ આર્થિક આત્મનિર્ભરતાના વિચારો ખૂબ જ આવકારદાયક છે.

### 3.2.8 વાલીપણોનો સિદ્ધાંત

ગાંધીજીના આર્થિક વિચારોમાં વાલીપણાનો સિદ્ધાંત વધુ ધ્યાન ખેંચે તેવો અને ક્રાંતિકારી છે, જે ઉત્પાદનના સાધનોની માલિકી સાથે સંકળાયેલો છે. મૂડીવાદમાં ઉત્પાદનના સાધનોની માલિકી ખાનગી હોવાથી આર્થિક સત્તા અને સંપત્તિનું કેન્દ્રિકરણ સર્જાય છે. જ્યારે સમાજવાદમાં ઉત્પાદનના સાધનોની માલિકી સરકારની હોવાથી અમલદારશાહીના અનિષ્ટો દૂર કરી શકાય તેવા ખ્યાલથી વાલીપણાનો સિદ્ધાંત રજૂ કર્યો હતો. શ્રી પ્યારેલાલના શબ્દોમાં, ''વાલીપણાનો સિદ્ધાંત આધુનિક મૂડીવાદની

સમાજવ્યવસ્થાને સમાનતાવાળી સમાજવ્યવસ્થામાં પરિવર્તન કરવા માટેનું સાધન છે. તે મૂડીવાદને સુધારવાની તક પૂરી પાડે છે.'' આમ, માલિકીપણાના હક સાથે માલિકીપણાની ફરજો બજાવવાની હિમાયત કરવામાં આવી છે.

### 3.2.9 યંત્રોની વપરાશ અને મર્યાદા

લગભગ બધા જ પ્રકારની આર્થિક પદ્ધતિઓમાં આર્થિક વિકાસ અને આધુનિક સંસ્કૃતિના આધાર તરીકે યંત્રના સ્વીકાર અને વપરાશ પર ભાર મૂકવામાં આવ્યો છે. ઔદ્યોગિક ક્રાંતિના અનિષ્ટોથી જાણકાર કાર્લમાર્ક્સ પણ યંત્રોની મર્યાદા સમજી શક્યા ન હતાં. પરંતુ ગાંધીજી યંત્રોની મર્યાદાઓ અને તેમના ભયસ્થાનો જોઇ શક્યા હતા. તેઓના મતે યંત્રો માનવી માટે છે, માનવી યંત્રો માટે નથી. યંત્રો જનસમાજના સંપર્કો તરીકે રહેવા જોઇએ, શેઠ બનવા જોઇએ નહીં. શ્રમના ભોગે યંત્રો વપરાતા હોય તો તેવા યંત્રોની વપરાશ પર મર્યાદા મુકવાનો ગાંધીજીએ અનુરોધ કર્યો હતો.

## 3.3 ગાંધીજી અને સમાજવાદ

સામાન્ય વિચારધારા કે જે સમાજના અલગ અલગ વિચારોને ધારાધોરણોને તાર્કીક રીતે તથા જુદા જુદા વિભાગોમાં વિભાજીત કરી તેના નિયમો હેતુઓના રક્ષણના વિકાસ માટે ઉદારલક્ષી વિચાર શૈલીને સમાજવાદ કહેવામાં આવે છે.

સમાજને વિવિધ વિભાગોમાં વિભાજીત કરવામાં અલગ અલગ પ્રકારની લાક્ષણિકતાનો ઉપયોગ કરી અને તે મુજબનું અનુકૂલન સાધવાનું અને સમાજમાં દરેકનું સ્તરની મૌલિક પ્રાથમિકતા સચવાય અને જળવાઈ રહે તે રીતનું બંધારણીય ઢાંચામાં ગોઠવવું એટલે સમાજવાદ.

ગાંધીજીએ દરેક ક્ષેત્રમાં પોતાના વિચારોનું યોગદાન આપ્યું છે. આપણે આગળ જોયું તેમ અર્થતંત્ર, માનવતાવાદી તે જ પ્રકારે સમાજવાદ અને ગાંધી વિચારધારાને પણ જોડવામાં આવ્યું છે. જેની વિસ્તૃત સમજ આ રીતે આપી શકાય.

મૂડીવાદની મર્યાદાઓને ઘટાડવા એક નવીન પ્રયોગ થયો જે સમાજવાદ તરીકે ઓળખવામાં આવ્યો. બ્રિટનની ઔદ્યોગિક ક્રાંતિના માઠા પરિણામોએ શ્રમિકો અને ગરીબોની સ્થિતિ દયાજનક બનાવી. મૂડીપતિઓએ શ્રમિકોનું શોષણ કરવામાં કોઇ મર્યાદા સ્વીકારી નહીં. આ પરિસ્થિતિને નિયંત્રિત કરવા લોકશાહી સરકારે સમાજવાદી નવી આર્થિક રીત અપનાવી.

આ નીતિ મુજબ મહત્તમ લોકોનું કલ્યાણ કરવાનો ધ્યેય સ્વીકારાયો. સરકારે મૂડીવાદને સ્વીકાર્યો, પરંતુ ખાનગી મિલ્કત ઉપર, બજારની અનિયંત્રિત રીતિનીતિઓ ઉપર કાયદાઓ દ્વારા મર્યાદા મૂકી આવકની અસમાન વહેંચણીના ઉપાય સ્વરૂપે મદદો આપવા માંડી. તેમની જીવનની પાયાની જરૂરિયાતો માંદગીની જરૂરિયાતો સંતોષવા વ્યવસ્થા ઉભી કરી. મૂડી અને શ્રમ વચ્ચેના વર્ગ વિગ્રહના ઉપાયરૂપે કાયદાઓ પસાર કરાવ્યાં.

અર્થતંત્રમાં મોટા અને નાના પાયાના ઉદ્યોગો સરકાર હસ્તક કર્યા. સરકાર દ્વારા આયોજન અસ્તિત્વમાં આવ્યું. ખાનગીક્ષેત્રના ઉદ્યોગો અને સરકાર હસ્તક ઉદ્યોગો એ રીતે મિશ્ર અર્થતંત્ર સર્જાયું.

માણસને સામાન્ય વ્યક્તિ તરીકેનો દરજ્જો આપી મતાધિકાર આપી લોકશાહી વ્યવસ્થાનું સર્જન થયું. પ્રજાને તેમનો ધર્મ અપનાવવાની પસંદગી આપી. સરકાર ધર્મ પ્રતિ નિર્લેપ બની રહી.

સરકાર વહીવટ ચલાવવા માટે જરૂરિયાત ઊભી થતા હિંસાનો આધાર લેવો સહજ માનતી થઈ. આમ સમાજવાદને મૂડીવાદ અને સામ્યવાદ વિચારધારા વચ્ચેનો મધ્યમવર્ગ કહી શકાય.

શોષિતોને સગવડો આપીને સાથ આપવો. મતાધિકારનો હક આપી વાણી સ્વાતંત્ર્ય આપવું. વર્ગવિગ્રહો ઘટાડવા કાયદાઓનું રક્ષણ અને વિશેષ લાભ આપવા મૂડીપતિઓ ઉપર આંશિક મર્યાદાઓ મૂકી, બજારતંત્ર ઉપર નિયંત્રણો મૂકી તેમને અંકુશમાં લાવવા, સરકારી આયોજન દ્વારા મહત્ત્વના ઉદ્યોગો સરકાર હસ્તક રાખવા જેવા ઉપાયો સમાજવાદની આગવી ઓળખ આપે છે.

ગાંધીજી મહત્તમ પ્રજાનું નહીં પરંતુ સમગ્ર પ્રજાનું કલ્યાણ ઈચ્છે છે. પ્રજાના કલ્યાણ માટે સમાજવાદમાં

અપનાવાયેલી સગવડોની વહેંચણી ઘોડીયાથી કબર સુધીની મદદ આપવાની રીતે ગાંધી વિચાર સાથે સુસંગત થતી નથી. ગાંધીવિચાર મુજબ અનાથાલયો નહી, પરંતુ પરિશ્રમાલયો ચલાવો, મદદ આપી પ્રજાના એ વર્ગને પાંગળા બનાવવાને બદલે તેમને સ્વપાર્જિત આવક મળે તેવી વ્યવસ્થા સર્જી સ્વાવલંબી બનાવવા.

વર્ગ વિગ્રહની નાબૂદી, અન્યાયની નાબૂદી, કાયદા ઉપરાંત મૂડીપતિના અભિગમના પરિવર્તનથી શક્ય બની શકશે. આ માટે ગાંધીવિચારમાં વાલીપણાના સિદ્ધાંતનું મહત્ત્વ છે.

સમાજવાદમાં મોટા ઉદ્યોગો, કેન્દ્રિત ઉદ્યોગો શહેરીકરણ યથાવત રહે છે. ગાંધી વિચાર મૂળભૂત રીતે જ વિકેન્દ્રીય આયોજન, ઉત્પાદનના સાધનોની વહેંચણી, સ્થાનિક શ્રમપ્રધાન ઉત્પાદનો અને ગ્રામ્ય અર્થતંત્રને ટકાવી વિકસાવવાની વાતને મહત્તમ મહત્ત્વ આપે છે. નાના ઉદ્યોગો અને ગૃહ ઉદ્યોગોને વિકસાવી સાધનોની મહત્તમ વિકેન્દ્રીકરણને મહત્ત્વ આપે છે.

સમાજવાદી લોકશાહીમાં મૂડીપતિઓનું વર્ચસ્વ જળવાય છે. રાજકારણમાં મૂડીપતિઓનું વર્ચસ્વ આવતા મૂડી અને બજાર ઉપર મૂકાતાં નિયંત્રણો પાંગળા બની જાય છે. એ ઉપરાંત મૂડીપતિઓને લાભ થાય તેવી કાનૂની વ્યવસ્થા અને અર્થવ્યવસ્થા રચાતી જાય છે. વંચિતોને મદદનો સધિયારો આપી સંતોષ માની લેવાય છે. લોકશાહી સાચી લોકશાહી રહી શકતી નથી.

ગાંધી વિચારમાં સમગ્ર પ્રજાના કલ્યાણ માટે પાયામાંથી જ પરિવર્તનની અપેક્ષા છે. અભિગમના પરિવર્તનની અપેક્ષા છે. સ્વાવલંબી પ્રજાની અપેક્ષા છે. સંપૂર્ણ રોજગારીની અપેક્ષા છે. આ હેતુઓ સિદ્ધ કરવા.

- સ્વદેશી વસ્તુઓ વાપરવાનો ખાસ આગ્રહ છે.
- શહેરો નહીં, ગ્રામ્ય ક્ષેત્રોને પ્રાધાન્ય આપવાનો આગ્રહ છે.
- સગવડો નહીં, રોજી આપી સ્વસ્થ બનાવવા ઈચ્છે છે.
- વિકેન્દ્રિત આર્થિક પ્રવૃત્તિથી સત્તા અને આવકની સમાનતા વધારે છે.
- અનિવાર્ય મોટા કારખાનાઓ માટે 'વાલીપણા' ની રીત સમજાવે છે.

ગાંધી વિચાર સમગ્ર પ્રજાના વિકાસને સમગ્ર પ્રજાના કલ્યાણને મહત્ત્વ આપે છે. પ્રજાનો કોઈ એક વર્ગ ગમે તેટલો મોટો હોય તો પણ કલ્યાણ પામે અને બીજો વર્ગ કચડાય તે ગાંધીવિચારમાં સ્વીકાર્ય નથી. ધનિકોના ભોગે ગરીબોને રક્ષવા નથી અને ગરીબોની પરવા કર્યા વગર ધનિકોને વિકસવા દેવા નથી. બંને વર્ગને એક સાથે રાખી સહકારથી પ્રત્યેક પરિસ્થિતિ સુધારવી છે.

ગાંધી વિચાર સમગ્રનું કલ્યાણ દાનધર્મથી કરાવવા નથી માંગતો, પરંતુ પ્રજામાં શ્રમનું ગૌરવ કરાવી, પ્રજાને ઉદ્યમી બનાવી, પૂર્ણ રોજગારીની સ્થિતિ સર્જી, ધનિકોનો જીવન તરફનો અભિગમ બદલી, મૂળભૂત પરિવર્તન દ્વારા કાયમી સમૃદ્ધિ સ્થાપવા ઈચ્છે છે.

ગાંધી વિચાર માનવધનને વિકસાવવાના હેતુથી અન્ય સાધનોનું વિકેન્દ્રીકરણ, સ્થાનિક ધોરણે આયોજન, શ્રમપ્રધાન ઉત્પાદન રીતો, શ્રમિકોને કાર્યક્ષમ બનાવતા સંશોધનો, પ્રજાના વિકેન્દ્રીકરણથી સારી જીવન વ્યવસ્થા જેવા અનેક વ્યવહારુ ઊપાયો યોજે છે.

ગાંધી વિચાર માત્ર ઉત્પાદન વધારા દ્વારા વિકાસને મહત્ત્વ આપવા નથી માંગતો. પ્રજાના એક વર્ગને અતિસમૃદ્ધ જીવન આપી બીજાને મદદો આપી સંતોષ લેવા નથી માંગતો, પરંતુ ગાંધીવિચાર માણસની માનવતાને ઉજાગર કરવા માંગે છે. સત્ય, ન્યાય અને વ્યાજબી આવક દ્વારા સાચી જરૂરિયાતો સંતોષ સમગ્ર સૃષ્ટિને જાળવી રાખવાનું શીખવવા માંગે છે. પાયાની વિકાસની અને મનોરંજનની વાજબી જરૂરિયાતોને સંતોષી ભાવિ પેઢીને પણ સલામતી આપવા ઈચ્છે છે. કુદરતી સાધનોને સાચવવાની અને વિકસાવવાની જીવનરીત ઈચ્છે છે. ગાંધી વિચાર આર્થિક જીવન સાથે નૈતિક જીવન અને પરાસ્પરાવલંબી જીવનને વિકસાવવા માંગે છે. આમ, ગાંધી વિચાર સાચા અર્થમાં સમગ્ર સમાજનો વિકાસ ઈચ્છે છે.

## 3.4 ગાંધીજી અને લોકતંત્ર

આ વિચારધારામાં માનવીને પોતાના માટે પોતાની પસંદગીનું અને પોતાની બંધારણીય વ્યવસ્થા બનાવવાનું તથા તેનો નિભાવ કરવાનો સંપૂર્ણ અધિકાર આપવામાં આવે છે.

અહીં સમાજના કોઈપણ વિભાગનું એક બીજા સાથે વિભાજન થતું નથી. દરેક સ્તરોને એક સમાન ગણીને દરેકને એક સમાન અધિકાર તથા બંધારણીય નિર્ણય લેવાનો અધિકાર આપવામાં આવે છે.

ગાંધીજી એ પોતાના સાર્વજનિક જીવનના લગભગ 55 વર્ષોમાં શાસન વ્યવસ્થાની અનેક ખામીઓને જોઇ. જેણે તેમના વિચારોને પ્રચલિત શાસન વ્યવસ્થાની વિપરીત બનાવી દીધી અને તેઓ વિચારવા લાગ્યા કે રાજનૈતિક સમાજની રચના થાય. જે સરકારી કાનૂનોથી નહીં, પરંતુ સ્વયં અનુશાસનથી સંચાલિત થાશે. તેમણે જે શાસનની કલ્પના કરી તેમાં તેમનો મૂળ આગ્રહ એ હતો કે જે સેવકોના હાથમાં શાસનની જવાબદારી છે, તેમણે બે બાબતોને ધ્યાનમાં રાખવી જોઇએ. સર્વપ્રથમ તેમણે એક ગરીબ દેશની રાજનૈતિક વ્યવસ્થા ચલાવવાની છે અને બીજું તેને ચલાવતા સમયે તેમને ભારતના પછાત અને ગરીબ જનસમુદાયનો પહેલો વિચાર કરવાનો છે.

લોકતંત્ર અંતર્ગત ગાંધીજી વ્યક્તિની સ્વતંત્રતાને વધારે મહત્ત્વ આપતા હતા. તેઓએ કહ્યું હતું કે જ્યાં સુધી પોતાની આત્માનો પ્રશ્ન છે તેની આગળ બહુમતનો કાનૂનની કોઇ જગ્યા નથી.

ગાંધીજી પ્રચલિત સંસદીય લોકતંત્રમાં વિશ્વાસ રાખતા ન હતા. લોકતંત્ર જે રૂપથી પશ્ચિમમાં સ્વીકૃત છે અને જેમાં સંસદીય પ્રતિનિધિત્વ માટે સર્વભૌમ વયસ્ક મતદાન થાય છે, તેનાથી ગાંધીજી સહમત નથી. તેમનું માનવું હતું કે આ પ્રકારના શાસનમાં ઈમાનદારી અને જનકલ્યાણની ભાવનાથી કામ ન થતા ઢોંગ અને પ્રદર્શનની બોલબાલા વધારે જોવા મળે છે. તેમણે કહ્યું હતું કે અહિંસા અને નૈતિક શુદ્ધતામાં વિશ્વાસ ન હોવાને કારણે પશ્ચિમમાં લોકતંત્ર નામ પૂરતું જ બની ગયું છે. લોકતંત્રના મૂળ સિદ્ધાંતો પ્રત્યે વાસ્તવિક લગાવ જોવા મળતો નથી.

સન્ 1908થી ગાંધીજીએ ઈંગ્લૅન્ડમાં પ્રચલિત સંસદીય તંત્રની આલોચના કરી. પરંતુ 1917માં ગુજરાતની પહેલી રાજનૈતિક કોન્ફરન્સમાં સભાપતિની હેસિયતથી તેમણે સંસદીય તંત્રને આ દેશ માટે આવશ્યક બતાવ્યું.

ગાંધીજીએ માન્યું કે જો મતદાતા સમજદાર હોય અને સારામાં સારા સદસ્ય ચૂંટીને સંસદમાં મોકલે તો આવી સંસદોને પ્રાર્થના પત્રો અને દબાવની આવશ્યકતા રહેતી નથી. સંસદનું કામ એટલું સારું હોવું જોઇએ કે લોકોનો વિશ્વાસ દિનપ્રતિદિન વધતો જાય. પરંતુ વર્તમાન પરિસ્થિતિ આનાથી વિરૂદ્ધ છે. આ સંસદમાં જવાનો અર્થ એ પોતાની આર્થિક સ્થિતિને મજબૂત કરવાનો છે. બધાં લોકો જાણે છે કે મહત્તમ સંસદ સભ્યો ઢોંગી સ્વાર્થી હોય છે. જો સંસદ કોઈ સારું કામ કરે છે તો સ્વેચ્છાથી નહિ પણ ભયથી કરે છે. મંત્રીઓ પ્રત્યે સંસદની નિષ્ઠામાં કોઈ સ્થિરતા જોવા મળતી નથી.

ગાંધીજી માનતા હતા કે પશ્ચિમના દેશોમાં લોકતંત્ર સફળ ન હોવાનું કારણ સંસ્થાની અપૂર્ણતા એટલી નથી જેટલી સિદ્ધાંતોની અપૂર્ણતા છે. વિશેષ રૂપે હિંસા અને અસત્યની ઉપયોગિતા ઉપર વિશ્વાર છે. લોકતંત્ર તેવા ખોટા વિચારો અને આદર્શોથી વિકૃત હોય છે. મનુષ્યોનું સંચાલન કરે છે. જો જનતાએ શુદ્ધ અહિંસાના માર્ગને અપનાવે તો લોકતંત્રવાદી રાજ્યના બધાં જ દોષો ખૂબ ઓછા થઇ જશે. ગાંધીજીએ વિશ્વાસ પ્રગટ કર્યો કે લોકતંત્રનો વિકાસ પ્રયોગથી થઇ શકતો નથી.

ગાંધીજી લોકતંત્રના દોષોને દૂર કરવા માટે ઠોસ બાબતો રજૂ કરે છે. તેમના મતાનુસાર ચૂંટણીને એ જ અધિકારી થઈ શકે જે સ્વાર્થરહિત થઈને સમાજસેવાની ભાવનાથી ચૂંટણી લડે. ગાંધીજી સંસદ સભ્યોને વેતન આપવાની પણ વિરુદ્ધમાં હતાં. તેઓ માનતા હતાં કે તેમણે પોતાની આજીવિકા પોતાના પરસેવાની કમાણીથી કરવી જોઇએ. તેમનું માનવું હતું કે કોઇ પોતાના સાધારણ જીવનમાં 25 રૂપિયા પ્રતિમાસથી સંતૃષ્ટ હોય તો તેને એક મંત્રી બની ગયા પછી વધારે મેળવવાનો અધિકાર નથી.

### 3.4.1 શ્રમ આધારિત મતાધિકાર

ગાંધીજી માનતા હતાં કે વયસ્ક મતાધિકારને વ્યાપક બનાવવો જોઇએ. મતાધિકાર માટેની યોગ્યતા સંપત્તિ અને સામાજિક સ્થિતિના રૂપમાં હોવી જોઇએ નહિ, પરંતુ તે શ્રમ આધારિત હોવી જોઇએ. કેમ કે સંપત્તિ અને સામાજિક માન્યતાઓ ખોટી સાબિત થઈ ચૂકી છે. શારીરિક શ્રમ જ એવી વસ્તુ છે જે દરેક વ્યક્તિને એ અવસર પ્રદાન કરે છે કે જે શાસનતંત્ર અને રાજ્યના કલ્યાણમાં ભાગ લઈ શકે.

ગાંધીજી માનતા હતાં કે શારીરિક શ્રમનો આધાર બનાવી જે વ્યક્તિ રાષ્ટ્રના કલ્યાણ માટે શ્રમદાનમાં ભાગ લેશે તેને જ મતદાન દેવાનો અધિકાર પ્રાપ્ત થવો જોઇએ. જો આવા શારીરિક શ્રમ કરવાવાળા લોકો મતદાતા બનશે તો તે રાજકારણીઓના હાથની કઠપૂતળી બની શકશે નહિ. આવા મહેનતુ લોકો રાષ્ટ્રને બે વિભાગોમાં વહેંચવાથી રોકી શકશે. જો બે વર્ગો પડશે તો એક બાજુ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાવાળા લોકોનો એક નાનો વર્ગ હશે અને બીજી બાજુ બહુ બહોળા પ્રમાણમાં શોષિત જનતા હશે.

આમ, ગાંધીજી લોકતંત્રને એક રાજકીય દૃષ્ટિકોણથી ન જોતાં સત્ય, અહિંસા, માનવતા અને મહેનતના રૂપમાં પારિભાષિત કરે છે.

## 3.5 ગાંધીજી અને માનવતાવાદ

માનવતાબાદ એક મૂળભૂત વિચારધારા છે કે જે જ્ઞાન, ધાર્મિકતાનું સત્ય અને અસત્ય ઉપર તથા જીવનનું સાતત્ય, સ્વાભાવિકતાઓ સાથે સંકળાયેલી વિચારધારાને માનવતાવાદ કહેવામાં આવે છે. વાસ્તવિકતાનું જ્ઞાન તથા નિયમ આધારિત તાર્કિક કારણો સાથેના અભ્યાસને કે વિચારધારાને માનવતાવાદ કહે છે.

માનવતાવાદ એ માણસની સ્વતંત્રતા અને પ્રતિષ્ઠા ઉપર મૂકી તૈયાર કરવામાં આવેલ વિચારધારા છે. જે એક બૌદ્ધિક ચળવળ હતી. 14મી સદીમાં ઈટાલીમાં અને 15મી તથા 16મી સદીમાં યુરોપ પર તેનો ફેલાવો થયો. પ્રખ્યાત ઇંગ્લીશ માનવતાવાદી સર થોમર્સ દ્વારા પ્રકાશિત ગ્રંથ 'યુતોપીઆ' આ બાબત માટે ખૂબ જ પ્રચલિત છે.

આપણે અહીં ગાંધીજીના માનવતાવાદી અભિગમ વિશે વાત કરીએ તો માનવતા માટે ગાંધીજીની લાગણીની કોઇ સીમા ન હતી. તેઓને માવતાવાદી તરીકે ઓળખવામાં આવતા. ગાંધીજીએ સત્ય જેવા સિદ્ધાંતો દ્વારા વંચિત જાતિના વર્ગોને સામાજીક ક્રમમાં લાવવા માટેના પ્રયત્ન કર્યા છે. 12 વર્ષની નાની ઉંમરે ગાંધીજીને અસ્પશ્યતા સંબંધિત સંપૂર્ણ જાણકારી હતી.

ગાંધીજીએ ચોક્કસ હિન્દુ ગ્રંથોનો અભ્યાસ કર્યા બાદ એવા તારણ પર આવ્યા હતાં કે અસ્પૃશ્યતા એક પાપ છે. આનો અનુભવ ગાંધીજીને પણ સાઉથ આફ્રિકામાં તેમના વસવાટ દરમ્યાન રંગભેદની નીતિનો ભોગ બન્યા ત્યારે થયો. કોઇપણ ધર્મ એ મનુષ્યના બહિષ્કારની ભલામણ નથી કરી. ભગવાનની આંખોમાં બધા મનુષ્યો એક સમાન છે. તેમના માટેકોઇપણ માનવ અન્ય લોકો કરતાં નીચો કે હલકી ગુણવત્તાવાળો નથી.

ભારત પાછા ફર્યા બાદ ગાંધીજીએ એક સામાજિક ક્રાંતિના વિચાર તરફ આગળ વધ્યા. તેમણે ન્યાય, સમાનતા અને શાંતિ માટેના પ્રયત્ન કર્યા. ગાંધીજીએ દલિત સમુદાયને સામાજીક સુધારણાના એક ભાગ ગમી અછૂત શબ્દમાંથી હરીજન શબ્દ આપ્યો. હરિજન એટલે 'ઇશ્વરના સંતાનો'.

ગાંધીજી માનતા હતાં કે અસ્પૃશ્યતા નાબૂદી એ દરેક હિન્દુની પવિત્ર ફરજ છે. તેમણે તમામ ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં સામેલ કરવી જોઇએ. અસ્પૃશ્યતાના મદ્દા તરફ ગાંધીજીના માનવતાવાદી અભિગમે ગાંધીજીને તેઓના ધાર્મિક, આર્થિક, રાજકીય અધિકાર માટે લડવાની પ્રેરણા આપી. તેઓને હિન્દુઓ કરતાં અલગ વર્ગમાં ગણવામાં આવતા ગાંધીજી સંમત ન થયા.

ગાંધીજી સામાજીક પરિવર્તન લાવવા માટે બળના ઉપયોગની તરફેણમાં ન હતાં. તેમના મતાનુસાર સામાજિક સુધારણા માટે માનવના હૃદયને પરિવર્તન કરવું એ જરૂરી છે. ગાંધીજીએ દરેક વ્યક્તિની

ક્ષમતા અનુસાર સમાજ તરફની તેમની ફરજોની સલાહ આપી છે. સામાજીક સુધારણા માટે માનવતાવાદ જેવા અલગ જ પ્રકારના અહિંસક અભિગમ દ્વારા નવા યુગના પુનઃ નિર્માણની શરૂઆત કરી.

ગાંધીજીએ હિન્દુ-મુસ્લિમના ઝઘડાઓના નિરાકરણ માટેવારંવાર વિનંતી કરી છે. તેમણે કાયમી શાંતિ લાવવા માટેના પ્રયત્નો કર્યા છે. તેમણે સમાજને અપીલ કરી કે આ સમગ્ર મુદ્દામાં શંકાને વેગ આપવો નહિ, પરંતુ સમજદારીથી સમગ્ર મુદ્દા તરફ માનવીય અભિગમ સાથે કામ કરવા માટે લોકોને જણાવ્યું. ગાંધીજી કોમી ઝઘડાઓ દૂર કરવા અને હિન્દુ મુસ્લિમો વચ્ચે કોમી સંવાદિતા ઉભી થાય તેવી બિનસાંપ્રદાયિક રાજ્ય વ્યવસ્થા સ્થાપિત કરવા ઈચ્છતા હતા. ભારતના વિભાજનની પૂર્વ સંધ્યાએ જે કોમી રમખાણો મોટા પ્રમાણમાં થયા તેણે ગાંધીજીને ખૂબ વ્યાકુળ કરી દીધા. આ માટેતેમને અગાઉ પણ ભૂખ હડતાળ કરી હતી. ગાંધીજી કહેતાં કે કોમી શાંતિ લાવવી એ મારા જીવનનો એક હિસ્સો છે. ગાંધીજી છેલ્લા શ્વાસ સુધી કોમવાદ સામે લડત ચાલુ રાખી હતી. તેમના મતે રાષ્ટ્રીય એકતા પર ભાર મૂક્યો. તેઓ ભારપૂર્વક કહેતા કે ધર્મ અને રાષ્ટ્રીયતા પર્યાય ન હોઈ શકે. તેમને લડત એ કોઈ સારા કામ માટે કરવી જોઇએ એ જણાવ્યું. અથડામણોમાં વિવિધ સમુદાયોને તેમની આપસી સમજદારી અને સહનશીલતા ઉપર વધુ ભાર મુક્યો હતો.

**ગાંધીજીના વિચાર અનુસાર માનવી કેવો હોવો જોઇએ ?**

1. પહેલા જાતને બદલો.
2. જે નથી તે દેખાવોનો પ્રયત્ન ના કરો.
3. રચનાત્મક પ્રોત્સાહન આપો.
4. શું કરવાનું છે ? કેવી રીતે કરવાનું છે ? તે સમજાવો.
5. હેતુ અને નીતિની સ્પષ્ટ સમજ આપો.
6. પ્રેરણાદાયી બનો.
7. મદદરૂપ બનો, મિત્ર બનીને રહો.
8. યોગ્ય માણસોની પસંદગી કરો.
9. કુશળતા વધે તે કામ સોંપો.
10. તેમને જવાબદારી સોંપો અને સ્વતંત્રતા આપો.
11. સમગ્રનું ધ્યાન રાખી યોજના કરો.

## 3.6 ઉપસંહાર

આમ, ઉપરોક્ત દરેક મુદ્દાનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થી ગાંધીજીના સમાજકાર્ય અંગેના ગાંધીજીના વિચારો, તેમની આર્થિક વિચારધારા તથા માનવતાવાદ, સમાજવાદ અને લોકતાંત્રિક વિચારધારા સમાજકાર્યનો અલગ દૃષ્ટિકોણથી ચકાસી શકે છે.

## 3.7 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. ગાંધીજીએ મુક્ત અર્થતંત્રની વિચારધારાઓ કેટલી આપેલી છે ?

   (A) 4 (B) 6

   (C) 5 (D) 9

2. સ્વદેશી વસ્તુઓ વાપરવાનો આગ્રહ રાખવો આ વિધાન કોનું છે ?

   (A) ગાંધીજી (B) સુભાષચંદ્ર બોઝ

   (C) સરદાર પટેલ (D) જવાબહરલાલ નહેરું

3. કઈ સાલમાં ગાંધીજીએ ઈંગ્લેન્ડની પ્રચલિત સંસદીય તંત્રની આલોચના કર હતી ?

(A) 1908 (B) 1909

(C) 1907 (D) 1910

4. ………. વિચારધારામાં માનવીને પોતાના માટે પોતાની પસંદગીનું અને પોતાની બંધારણીય વ્યવસ્થા બનાવવાનું તથા તેનો નિભાવ કરવાનો સંપૂર્ણ અધિકાર આપવામાં આવે છે.

(A) સમાજવાદ (B) માનવતાવાદ

(C) A, B બંને (D) એકેય નહિ

5. ગાંધીજીના વિચાર અનુસાર માનો હોવો જોઈએ ?

(A) જે નથી તે દાખાવોનો પ્રયત્ન ના કરે (B) પહેલા જાતને બદલે

(C) સમગ્રનું ધ્યાન રાખી યોજના કરે (D) ઉપરોક્ત તમામ

## 3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (D) 9
2. (A) ગાંધીજી
3. (A) 1908
4. (D) એકેય નહિ
5. (D) ઉપરોક્ત તમામ

## 3.9 ચાવીરૂપ શબ્દો :

- **અર્થશાસ્ત્ર :** સંપત્તિના ઉત્પાદન, વપરાશ અને સ્થાનાંતરણ સાથે સંબધિત જ્ઞાનની શાખા.
- **સમાજવાદ :** સામાજિક સંગઠનનો રાજકીય અને આર્થિક સિદ્ધાંત જે હિમાયત કરે છે કે ઉત્પાદન, વિતરણ અને વિનિમયના માધ્યમો સમગ્ર સમુદાય દ્વારા માલિકીની અથવા નિયંત્રિત થવી જોઈએ.
- **માનવતાવાદ :** જે જ્ઞાન, ધાર્મિકતાનું સત્ય અને અસત્ય ઉપર તથા જીવનનું સાતત્ય, સ્વાભાવિકતાઓ સાથે સંકળાયેલી વિચારધારા.

## 3.10 સ્વાધ્યાય લેખન (Assignment)

1. ગાંધીજીની મુક્ત અર્થતંત્ર એટલે શું સમજાવો ?

………………………………………………………………………

………………………………………………………………………

………………………………………………………………………

2. વાલીપણાનો સિદ્ધાંત એટલે શું ?

………………………………………………………………………

………………………………………………………………………

………………………………………………………………………

3. ગાંધીજીના મતે સમાજવાદ કોને કહેવાય છે ?

………………………………………………………………………

………………………………………………………………………

.....................................................................

4. શ્રમ આધારિત મતાધિકાર એટલે શું ?

.....................................................................

.....................................................................

.....................................................................

5. માનવતાવાદ એટલે શું ?

.....................................................................

.....................................................................

.....................................................................

6. ગાંધીજી અને માનવતાવાદ સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

## 3.11 પ્રવૃત્તિ (Activities)

- ઔદ્યોગિકર અને મશીનરી સામે ગાંધીજીના મંતવ્ય શું છે – સમજાવો.
- ગાંધીજીએ આપેલી સ્વદેશીની વિભાવના વિગતમાં સમજાવો.

## 3.12 કેસસ્ટડી (Case Study)

- આધુનિક ભારતમાં ગાંધીવાદી અર્થશાસ્ત્રની સુસંગતતા પર કેસ સ્ટડી તૈયાર કરો.

## 3.13 સંદર્ભગ્રંથ


1. Gandhian Studies & Peace Research Series-4 : The Social Philosophy of Mahatma Gandhi K. S. Bharathi, Concept Publishing Company, New Delhi - 110059
2. મેનેજમેન્ટના મસીહા (મહાત્મા ગાંધી) : ડૉ. ઉષા અરૂણ ચતુર્વેદી (M.A.,Ph.D.) પ્રકાશન : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય - રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમવાદાદ - 380001
3. ગાંધી દર્શન : પ્રો. સી. એમ. ગાંધી (સુહાસી) ઈદ પ્રકાશન : અમૃત એ. મોદી, રાષ્ટ્રભાષા પુસ્તક મંદિર 4/773, ટાવર રોડ-સુરત.
4. गांधीमार्ग : अहिंसा संस्कृति का दैमासिक
वर्ष : ४३ अंक ६ जनवरी–फरवरी १९९९
संपादक : राजीव वोरा
संपादक : अनुपम मिश्र महेन्द्रभाई
सत्येन्द्रकुमार आशा बोधरा
गांधी शांति प्रतिष्ठान, नई दिल्ली–११०००२.

**BSWR-101**

# સમાજકાર્યનો ઈતિહાસ અને દર્શન

વિભાગ

# 3

## સામાજિક પરિવર્તન અને સમાજકાર્ય માટે પશ્ચિમી ઈતિહાસની વિચારધારા

એકમ-1 સામાજિક પરિવર્તન માટે પશ્ચિમી ઈતિહાસની વિચારધારાઓ-1

એકમ-2 સામાજિક પરિવર્તન માટે ભારતમાં પોર્ટુગીઝોની વસાહતોનો ઈતિહાસ વિચારધારાઓ

એકમ-3 સમાજકાર્યની શરૂઆત

એકમ-4 સંગઠિત અને વૈજ્ઞાનિક ધર્માદા : વૈદ્યકિય સમાજકાર્ય ધ્યેયો, મૂલ્યો, ભૂમિકાઓ અને પ્રક્રિયા

**લેખક**

| | |
|---|---|
| **ડૉ. નેહલકુમાર બી. ત્રિવેદી** | સંયોજકશ્રી,<br>પી. જી. સેન્ટર ઑફ સોશ્યલ વર્ક,<br>એમ. પી. નંદકુંવરબા મહિલા કૉલેજ<br>ભાવનગર. |
| **શ્રી રઘાભાઈ એ. બારૈયા** | વ્યાખ્યાતા,<br>શ્રી સહજાનંદ પી.જી.સેન્ટર ઑફ સોશ્યલ વર્ક, ઘોઘા રોડ, ભાવનગર. |

**પરામર્શક (વિષય)**

| | |
|---|---|
| **ડૉ. જગદીશ ડી. સોલંકી** | એસોસિએટ પ્રોફેસર,<br>ડિપાર્ટમેન્ટ ઑફ સોશ્યલ વર્ક,<br>એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા. |

**પરામર્શક (ભાષા)**

| | |
|---|---|
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, મહેસાણા |


**Edition : 2021**

**Copyright©2021 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

''સમાજના દુઃખી, જરૂરિયાતમંદ લોકોની મદદ કરવી'' એટલે સમાજકાર્ય એવો સીધો સાદો અર્થ સમાજકાર્યનો સમજી શકાય. 'મદદ' શબ્દનો ઉપયોગ જ્યારે કરવામાં આવે ત્યારે સમાજકાર્ય ભાવપ્રેરિત મદદકર્તા પ્રવૃત્તિ થઇ જાય છે. બીજા શબ્દોમાં અન્યની તકલીફ, સમસ્યા કે જરૂરિયાતોથી દ્રવીને દયા અને કરુણાના ભાવ સાથે વ્યક્તિએ અન્ય વ્યક્તિને મદદ કરવાનું શરૂ કર્યું હશે. આ અર્થમાં સમાજકાર્યનો ઈતિહાસ માનવ ઈતિહાસ જેટલો જુનો કહી શકાય છે.

આ વિભાગમાં સમાજકાર્યની શરૂઆત તેમજ સામાજિક પરિવર્તન માટે પશ્ચિમી ઈતિહાસની વિચારધારા તથા વૈધકિય સમાજકાર્ય વિશેનું વર્ણન કરવામાં આવ્યું છે. વ્યક્તિમાં દયા, પ્રેમ, કરુણા, ભાઈચારો જેવાં સદ્‌ભાવો જ્યારથી ઉદ્‌ભવ્યા હશે ત્યારથી તેણે અન્યની તકલીફમાં સહાયક થવાનું શરૂ કર્યું હશે.

પશ્ચિમના દેશોમાં અને પશ્ચિમી સંસ્કૃતિ આ ભાવપ્રેરિત મદદકર્તા પ્રવૃત્તિએ વ્યવસાયનું સ્વરૂપ લીધું. સમસ્યાગ્રસ્ત વ્યક્તિ પોતે પોતાની સમસ્યાનું સમાધાન કરી શકે તે માટે તેને સક્ષમ કરવાની, વૈજ્ઞાનિક જ્ઞાન આધારિત પદ્ધતિસરની અને વૈજ્ઞાનિક પ્રવૃત્તિ તરીકે તેનો વિકાસ શરૂ થયો છે. સમાજકાર્યકર માટે શિક્ષણ અને તાલીમ જરૂરી બન્યા. વ્યક્તિ, સમાજ અને સમસ્યા વિશેના જ્ઞાનમાં જેમ જેમ વધારો થતો ગયો તેમ તેમ વ્યાવસાયિક સમાજકાર્ય વિકસતું ગયું. પરંપરાથી આવી બાબતો સમાજકાર્યની ભાવપ્રેરિત સરળ પ્રવૃત્તિ જ્યારે વ્યક્તિ પોતે આત્મનિર્ભર બન્યો ત્યારે નવું વિજ્ઞાનનું સ્વરૂપ મળ્યું છે.

**ઘટકના હેતુઓ :**

1. પશ્ચિમી સંસ્કૃતિનો પરિચય મેળવી શકશો.
2. આ સમયમાં કામ કરવાની રીત તેમજ કાર્યનો ખ્યાલ આવી શકશે.
3. પશ્ચિમી સંસ્કૃતિના સમયમાં લોકજીવનને વર્તમાન સમયના લોકજીવન સાથે સરખાવી શકશો.
4. સમાજકાર્યના કાર્યમાં ઉકેલ મેળવવામાં મદદ મળી શકશે.
5. સમાજકાર્યના અભ્યાસમાં ઉપયોગી બની રહેશે.
6. વિદ્યાર્થી કાર્યકર્તાને અન્ય દેશની કાર્ય સ્થિતિ સમજી શકશે.
7. ભવિષ્યમાં સમાજકાર્ય કરવામાં ઉપયોગી બની શકશે.
8. વિશેષ જ્ઞાનમાં વધારો થઇ શકશે.
9. બે દેશો વચ્ચેની પ્રવૃત્તિઓનું સમાયોજન કરી શકશો.
10. પરિસ્થિતિને ઓળખવામાં ઉપયોગી બની શકશે.
11. આરોગ્યમાં સમાજકાર્યની જરૂરિયાતનું જ્ઞાન મેળવી શકશો.
12. દર્દી અને ડોક્ટર વચ્ચેની કાર્યપ્રણાલી દ્વારા માનસિક તણાવ દૂર કરી શકશો.
13. દર્દી વિશે સમાજને સાંત્વના આપી શકશો.
14. હોસ્પિટલની ટીમને દર્દી વિશેની સાચી સમજણ આપી શકશો.
15. સમાજમાં કે આજુબાજુ બનતી ઘટનાઓનું સમાધાન કરી શકશો.

| એકમ–1 | સામાજિક પરિવર્તન માટે પશ્ચિમી સંસ્કૃતિની વિચારધારા અને ઈતિહાસ-1 |
|---|---|

## : એકમનું માળખું :

**1.0 એકમના હેતુઓ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 પશ્ચિમી સંસ્કૃતિ**

**1.3 ઉપસંહાર**

**1.4 તમારી પ્રગતિ ચકાસો (MCQs)**

**1.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**1.6 ચાવીરૂપ શબ્દો (Glossary)**

**1.7 સ્વાધ્યાય લેખન (Assignment)**

**1.8 પ્રવૃત્તિ (Activities)**

**1.9 કેસસ્ટડી (Case Study)**

**1.10 સંદર્ભગ્રંથ (Further Readings)**

## 1.0 એકમના હેતુઓ

પ્રસ્તુત એકમના હેતુઓ નીચે મુજબ છે.

- આ એકમ દ્વારા વિદ્યાર્થીઓના પશ્ચિમી સંસ્કૃતિનો વિસ્તૃત ખ્યાલ પ્રાપ્ત થશે.
- નવા નગરો અને વેપારી ધર્મનો ઉદય જેવી પશ્ચિમી સંસ્કૃતિનો વિદ્યાર્થીઓ પરિચય મેળવશે.
- ધર્મયુદ્ધોની અસર, વિશે વિદ્યાર્થીઓને જાણકારી પ્રાપ્ત થશે.
- શિક્ષણ સંસ્થાઓનું પ્રદાન અને ભાષાસાહિત્ય દ્વારા નવજાગૃતિનો ખ્યાલ વિદ્યાર્થીઓને મળશે.
- આ એકમ દ્વારા યુરોપની નવજાગૃતિ, યુરોપમાં ધર્મસુધારણા, ભૌગોલિક શોધખોળ વિશે વિસ્તૃત પરિચય વિદ્યાર્થીઓ મેળવશે.

## 1.1 પ્રસ્તાવના

પ્રસ્તુત એકમમાં સામાજિક પરિવર્તન માટે પશ્ચિમી સંસ્કૃતિની વિચારધારાઓ વિશે વિસ્તૃતમાં પરિચય મેળવીશું. કોઈપણ દેશના ઇતિહાસના બનાવોને ખાસ કરીને પ્રાચીન, મધ્યકાલીન તથા આધુનિક યુગ એવા ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવે છે. પરંપરાગત રાજાશાહીના પૂરેપૂરા પ્રભુત્વના કાળને સામાન્યતઃ પ્રાચીન યુગ કહેવામાં આવે છે. આ યુગમાં અનેક લડાઈઓ થઇ હતી. યુરોપમાં પાંચમી સદીની આખરે પશ્ચિમના રોમન સામ્રાજ્યનો હૂણ, ગૉથ અને વેન્જાલ લોકોના હુમલાથી નાશ થયો ; પરંતુ પૂર્વીય રોમન સામ્રાજ્ય ટકી રહ્યું હતું. ઇ.સ. 1453માં ઑટોમન તુર્કોએ કોન્સ્ટન્ટિનોપલ કબજે કરી, પૂર્વીય રોમન સામ્રાજ્યનો નાશ કર્યો હતો.

વિશ્વના દેશોમાં સામંતશાહીનો ઉદય તથા સમાજ અને રાજ્ય પરના તેના અંકુશ સાથે મધ્યયુગ શરૂ થયો. યુરોપના દેશોમાં 11મી થી 13 મી સદી પર્યન્ત સામંતશાહી ઘણી પ્રબળ હતી અને ખ્રિસ્તી દેવળ તથા પોપનું રાજ્ય અને લોકો ઉપર વર્ચસ્વ હતું. તેથી આ સમયગાળો યુરોપનો મધ્યયુગ કહેવાય છે.

ભારત તથા મોટાભાગના એશિયાના રાષ્ટ્રોમાં 18માં સૈકાની આખર સુધી રાજ્ય અને લોકો ઉપર સામંતોનો અંકુશ રહ્યો હોવાથી ભારત 18માં સૈકા સુધી મધ્યયુગની પરિસ્થિતિમાં હતું.

પ્રસ્તુત પ્રકરણમાં પશ્ચિમી સંસ્કૃતિ, નવાનગરો, ધર્મયુદ્ધોની અસર, શિક્ષણ સંસ્થાઓનું પ્રદાન, ભાષા-સાહિત્ય, યુરોપની નવજાગૃતિ, યુરોપમાં ધર્મ સુધારણા, ભૌગોલિક શોધખોળ, આર્થિક કારણો, રાજકીય કારણો, હેન્રી ધ નેવી ગેટર વગેરેનો વિસ્તૃત અભ્યાસ કરી ઈતિહાસની માહિતી મેળવી જ્ઞાનમાં વધારો કરીશું.

## 1.2 પશ્ચિમી સંસ્કૃતિ

યુરોપ અને દુનિયાના બીજા દેશોમાં છઠ્ઠીથી દસમી સદી દરમિયાન હૂણ, વેન્ડાલ, ગૉથ વગેરે જંગલી લોકોના હુમલા થયાં. તેથી રાજાશાહી નિર્બળ બની, રાજકીય અસ્થિરતા આવી અને સમાજમાં સલામતી રહી નહીં. પરિણામે અનેક દેશોમાં અંધકાર યુગ જેવી સ્થિતિ પેદા થઇ. કેન્દ્રસત્તા નામની જ રહી. ખેતી, વેપાર, ઉદ્યોગ વગેરેનો વિકાસ અટકી ગયો. સાહિત્ય-કલાની પ્રગતિ ન થઇ. ફક્ત પૂર્વીય રોમન સામ્રાજ્ય અને તેની રાજધાની કૉન્સ્ટન્ટિનોપલમાં ખ્રિસ્તી સત્તા તથા સંસ્કૃતિ ટકી રહી હતી. બાકીના દેશોમાં ઘણીખરી અરાજકતા પ્રવર્તતી હતી. આ સ્થિતિમાંથી સામંતશાહી ઉદ્ભવી. સામંતોએ નાના રાજ્યો સ્થાપ્યા અને લોકોને શાંતિ અને સલામતી આપી. તેમની જાગીરો તથા કિલ્લોબંધ રહેઠાણોની આજુબાજુ નવાં નગરો વસ્યાં. તેમાં લોકજીવન વિકસ્યું અને તે સલામત બન્યું. આ સામંતો વારંવાર પરસ્પર લડાઇઓ કરી અશાંતિ ફેલાવતા. તેમના વહીવટમાં ખેતમજૂરો ગુલામોનું જીવન ઘણું વિકટ અને દયાજનક હતું. તેથી તેઓ સામંતશાહીના વિરોધી થયા. નવાં નગરોમાં ઉદ્ભવેલો વેપારી શ્રીમંત અને વગદાર બનવાં લાગ્યો. તેથી સમાજ તથા સરકારમાં તેમનો પ્રભાવ વધ્યો અને સામંતપ્રથા નબળી બની. સામંતો ખર્ચાળ અને ઉડાઉ બનવાંથી તેમણે વેપારીઓ પાસેથી મોટી રકમો ઉધાર લેવી પડતી. જે પાછી આપી શકાતી નહીં અને તેથી જમીન વેચીને દેવાં ભરવા પડતાં.

આ ઉપરાંત 11 મી થી 13 મી સદી સુધી ધર્મયુદ્ધો થયાં. તેમાં સામંતો આર્થિક અને વ્યક્તિગત રીતે બરબાદ થઇ ગયા ; પરંતુ આ યુદ્ધો દરમિયાન વેપારીઓ શ્રીમંત થયા. તેના ફળસ્વરૂપે સામંતો વેપારીઓના દેવાદાર બન્યા અને તેઓએ પોતાની ઘણીખરી જાગીરો ગુમાવી. આ દરમિયાન દારૂગોળાની શોધ થઇ. સામંતો તેને અનુરૂપ થઇ શક્યા નહીં અને લોકોને રક્ષણ આપી શક્યા નહીં. હવે લડાઇઓમાં તલવારો, ભાલા તથા એવાં બીજાં શસ્ત્રોને બદલે દારૂગોળો તથા બંદૂકોનો ઉપયોગ થવા લાગ્યો. તેમાં કેન્દ્રિય સત્તા જરૂરી લાગી અને સામંતશાહી બિનઉપયોગી બની. ધર્મયુદ્ધોને કારણે ખ્રિસ્તી દેવળની સત્તા નબળી થઇ અને સામંતોએ પોપનો ટેકો ગુમાવ્યો અને તેઓ નબળા થયા.

વેપાર-રોજગાર તથા ઉદ્યોગ-ધંધાના વિકાસથી ધનિક બનેલા વેપારીઓને રાજાશાહીની સ્થાપના કરવામાં સલામતી જણાઇ. તેથી તેઓએ સામંતોને બદલે રાજાઓને સમર્થન આપ્યું. વળી સમૃદ્ધ બનેલા આ વેપારીઓએ શિક્ષણ, સાહિત્ય, સ્થાપત્યકલા, સંશોધન વગેરેને ઉત્તેજન આપ્યું. તેનાથી નવજાગૃતિ, ધર્મસુધારણા, ભૌગોલિક શોધખોળો તથા વૈજ્ઞાનિક સંશોધનોના પ્રવાહો શરૂ થયા. આમ, વેપારી વર્ગે પણ સામંતશાહી દૂર કરીને આધુનિક યુગની ઉષા પ્રગટાવવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો. સામંતશાહીનો અસ્ત એ આધુનિકકાળનું પહેલું સોપાન માનવાંમાં આવે છે.

### 1.2.1 નવાં નગરો અને વેપારી ધર્મનો ઉદય :

મધ્યયુગમાં શરૂઆતમાં પ્રસરેલી અરાજકતા તથા અવ્યવસ્થાને લીધે કેટલાંક જૂના નગરોનો નાશ થયો. અરાજકતાને કારણે લૂંટફાટ વધી અને વેપાર-રોજગાર તથા ધંધા-ઉદ્યોગો નાશ પામ્યા. તેને કારણે કેટલાંક પૂરાંણાં શહેરો નાશ પામ્યાં. જંગલી લોકોના વખતોવખતના હુમાલાઓએ પણ મધ્યયુગની

શરૂઆતમાં અસ્થિરતા બક્ષી. તેથી સામંતોના કિલ્લાઓની આસપાસ નવાં નગરો વસ્યાં, પાટનગરોની આજુબાજુ પણ નવાં નગરો સ્થપાયાં. નદીઓ અને દરિયાકાંઠે પ્રાપ્ત થતી સુવિધાઓને લીધે ત્યાં પણ નવાં નગરોનું નિર્માણ થયું. આવાં નગરોમાં પશ્ચિમ યુરોપમાં ઇટાલીમાં રોમ, જર્મનીમાં ફ્રેન્કફર્ટ, મ્યુનિક હેમ્બર્ગ વગેરે મુખ્ય હતાં. પૂર્વ યુરોપમાં હંગેરી, પોલેન્ડ, ચેકોસ્લોવેકિયામાં પણ નવાં નગરો વસ્યાં. ભારતમાં આગ્રા, દિલ્હી, જોધપુર, મથુરા, અમદાવાદ, સુરત, વિજયનગર, મદૂરા વગેરે નગરોનો વિકાસ થયો. કુબલાઇનખાનના વહીવટ હેઠળ ચીન સમૃદ્ધ થયું અને ત્યાં પણ નવાં નગરો વસ્યાં. આ નગરોએ વેપારીઓના દેશવિદેશના સંપર્કને લીધે નવાં યુગના આવિર્ભાવમાં મહત્ત્વનું પ્રદાન કર્યું.

ધર્મયુદ્ધો પછી, નવાં નગરોમાં વસતાં વેપારીઓએ પૂર્વના દેશો સાથેના વેપારમાં નોંધપાત્ર વધારો કર્યો. યુરોપના દેશોમાં વેપારીઓ પૂર્વના દેશોમાંથી રેશમી અને ઊંચી જાતનું કાપડ, કિંમતી ધાતુઓ, ઝવેરાત, કેસર, હાથીદાંતની વસ્તુઓ, તેજાના, ચામડું, અત્તરો વગેરે સસ્તા ભાવે ખરીદી ઘણાં વધારે ભાવે યુરોપના બજારોમાં વેચતા હતાં. ઇટાલીના જીનોઆ તથા વૅનિસ નગરો આવા વેપારનાં જાણીતા મથકો બન્યાં. આ નગરોમાંથી આ બધો માલ યુરોપના જુદાં જુદાં વિસ્તારોમાં મોકલવામાં આવતો. આ રીતના વેપારથી યુરોપના દેશો પૂર્વના ભોગે સમૃદ્ધ થયાં. તેમની સમૃદ્ધિ અને પૂર્વના દેશો સાથેના સંપર્કે આધુનિક યુગના ઉદયમાં મુખ્ય ભાગ ભજવ્યો.

પૂર્વના દેશો સાથેનો યુરોપના દેશોનો વેપાર વધવાથી વેપારીઓના તથા કારીગરોના સંઘો સ્થાપવામાં આવ્યાં. તેઓ પોતાના વહીવટીતંત્ર દ્વારા છેતરપીંડી કે સંગ્રહખોરી કરનાર, ભેળસેળ કરનાર કે ઓછું તોલનાર વેપારીને પોતે સ્થાપેલી અદાલતો દ્વારા સજા કરતાં. કારીગરોના સંઘો તેમની રોજીના દર, કામના કલાકો, તેમની લઘુતમ સગવડો વગેરે બાબતે માલિકો તથા વેપારીઓ સાથે સમજૂતી કરતાં. માલિકો તથા કારીગરો વચ્ચેના સંબંધો ઘણાં સારા રહેતા. મહાજનો કારીગરો અને તેમના પરિવારને જરૂર પડે આર્થિક મદદ પણ કરતાં.

ધર્મયુદ્ધો પછી સામંતશાહી ઘણી નબળી થઇ ગઇ અને વેપારીઓ દેશ પરદેશ સાથેના વેપારથી ઘણાં સમૃદ્ધ બન્યા. તેથી સામંતોની મોટાભાગની જમીનો વેપારીઓએ ખરીદી લીધી. વળી, પુનઃ સ્થાપિત થયેલ રાજાશાહીને પણ ધનિક વેપારીઓનું સમર્થન આવશ્યક લાગ્યું. રાજ્યના તથા પોતાના મહેલના ખર્ચને માટે રાજાઓએ શ્રીમંતો પાસેથી મોટી રકમો ઉધાર લીધી અને તેના બદલામાં તેમને પોતાના દરબારમાં સ્થાન આપ્યું, તેથી સરકાર અને સમાજ ઉપર શ્રીમંતોનું વર્ચસ્વ વધ્યું. તેમને મળેલ પુષ્કળ સંપત્તિને કારણે તેમણે શિક્ષણ, સાહિત્ય, કલા, સ્થાપત્ય વગેરેના વિકાસમાં પ્રદાન કર્યું. તેનાથી યુરોપમાં નવજાગૃતિ, ધર્મસુધારણા, તથા ભૌગોલિક શોધખોળોના આધુનિક પ્રવાહોને વેગ મળ્યો.

### 1.2.2 ધર્મયુદ્ધોની અસરો :

ખ્રિસ્તીઓના ધાર્મિક સ્થળો જેરુસલેમ અને પેલેસ્ટાઇન તુર્ક-મુસ્લિમોએ કબજે કર્યા. તેથી તે સ્થળો પાછાં મેળવવા માટે ખ્રિસ્તીઓએ તુર્કો સામે કરેલાં યુદ્ધો Crusades એટલે ધર્મ યુદ્ધો કહેવાય છે. ખ્રિસ્તી દેવળ અને પોપે તેને માટે દુનિયાભરના ખ્રિસ્તીઓને ઉશ્કેર્યા હતાં. તેથી 11 મી થી 13 મી સદીની વચ્ચે ખ્રિસ્તીઓ તથા તુર્કો વચ્ચે મુખ્ય આઠ ધર્મયુદ્ધો થયાં. તેમાં ખ્રિસ્તીઓ પોતાના ધાર્મિક સ્થળોનો કબજો લઇ શક્યા નહીં અને તેમની ઘણી મોટી માનવખુવારી થઇ. આ યુદ્ધોમાં મોટાભાગનાં સામંતો ખપી ગયાં અને બાકીના આર્થિક રીતે ખલાસ થઇ જતાં તેઓએ પોતાની જાગીરો ગુમાવી. આમ, ધર્મયુદ્ધોએ સામંતશાહીને જીવલેણ ઘા મારીને અર્વાચીન કાળના ઉદ્ભવનો માર્ગ સરળ કરી આપ્યો.

આ યુદ્ધોમાં ખ્રિસ્તીઓ મોટી સંખ્યામાં માર્યા ગયા. આ માટે તેઓએ ખ્રિસ્તી દેવળ તથા પોપની ઉશ્કેરણી જવાબદાર માની. તેથી ચર્ચ તથા પોપમાંથી લોકોની શ્રદ્ધા ઘટી અને દેવળ તથા પોપે લોકો

અને સરકારો પરનો પોતાનો અંકુશ ગુમાવ્યો. તેથી લોકો સ્વતંત્ર રીતે વિચારતા થયા અને તેમની રૂઢિચુસ્તતા ઓછી થઇ. તેમની શ્રદ્ધા રાજસત્તામાં પુનઃ જાગૃત થઇ અને તેમનામાં રાષ્ટ્રીય ભાવના પેદા થઇ. ધર્મયુદ્ધોના ફલસ્વરૂપે રાજ્ય અને સમાજ ઉપરથી પોપનું વર્ચસ્વ દૂર થતાં નવજાગૃતિ અને ધર્મસુધારણાના પ્રવાહો વહેતાં થયાં.

નવાં વેપારી વર્ગે ધર્મયુદ્ધોનો લાભ લીધો. પૂર્વના દેશો સાથેના તેનાં વેપાર-રોજગારમાં નોંધપાત્ર વધારો થયો. ધર્મયુદ્ધોના સૈનિકોને લઇ જતાં વહાણો જેરુસલેમ, પેલેસ્ટાઇલ તથા પૂર્વના પ્રદેશોમાંથી પાછા વળતાં ત્યારે વેપારીઓ તેમાં દવાઓ, કાચનો સામાન, કાપડ, સુગંધી પદાર્થો, તેજાના, ખાંડ, અનાજ વગેરે ઓછા ભાવે ખરીદી લાવીને તે યુરોપના બીજા બજારોમાં મોંઘા અભાવે વેચતાં અને તેમાંથી પુષ્કળ નફો કરતાં. તેના ફલસ્વરૂપે જીનોઆ, વેનિસ જેવાં વેપારનાં કેન્દ્રો સમૃદ્ધ બન્યાં અને નવજાગૃતિના પ્રવાહો ત્યાં શરૂ થયા. વેપારીઓની આવી અવરજવરના પરિણામે કેટલાંક જળમાર્ગો અને જમીન માર્ગો ખુલ્યાં, જેમાં આધુનિક યુગના પ્રાગટ્યમાં ગણનાપાત્ર ભાગ ભજવનાર ભૌગોલિક શોધખોળોની પૂર્વભૂમિકા તૈયાર કરી.

ધર્મયુદ્ધોને કારણે પૂર્વ અને પશ્ચિમના લોકોનો સંપર્ક ખૂબ વધ્યો. પશ્ચિમના લોકોને જીવનની કેટલીક બાબતોમાં તેમની પછાત સ્થિતિનો ખ્યાલ આવ્યો. તેથી પશ્ચિમના વિદ્વાનો પૂર્વની સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, ધાતુવિદ્યા, ગણિતશાસ્ત્ર વગેરેનો અભ્યાસ કરવા લાગ્યાં. તેનાથી પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનો સમન્વય થયો. નવાં યુગનો પ્રારંભ કરવામાં તેણે મહત્ત્વનો ફાળો આપ્યો.

### 1.3.3 શિક્ષણ સંસ્થાઓનું પ્રદાન :

આ સમય દરમિયાનની શિક્ષણ, સાહિત્ય તથા કલાની પ્રગતિએ નવજાગૃતિ અને ધર્મ સુધારણાની ભૂમિકા તૈયાર કરી. સામંતોના કિલ્લાઓ અને ધર્મગુરુઓના મઠોમાં પ્રાથમિક શિક્ષણ અપાતું. તેમાં વાંચન-લેખન, ગણિત, વ્યાકરણની સાથે ધાર્મિક શિક્ષણ પણ અપાતું હતું. મહાજન સંઘો પણ શાળાઓ ચલાવતાં.

સ્પેનમાં કોર્ડોવામાં સ્થપાયેલી આરબ વિદ્યાપીઠ મધ્યયુગની પ્રથમ યુનિવર્સિટી હતી. ત્યારબાદ બારમી સદીમાં પૅરિસમાં વિદ્યાપીઠ અને ઇંગ્લેન્ડની 'કેમ્બ્રિજ યુનિવર્સિટી' તથા 13મી સદીમાં 'ઓક્સફર્ડ યુનિવર્સિટી' સ્થપાઇ. 14મી સદીમાં ઇટાલી, સ્પેન, જર્મની વગેરે દેશોમાં પણ વિદ્યાપીઠો સ્થપાઇ હતી. આ બધી વિદ્યાપીઠોએ ઉચ્ચ શિક્ષણ દ્વારા નૂતન સ્વતંત્ર વિચારો ફેલાવ્યા અને નવજાગૃતિ તથા ધર્મસુધારણાના પ્રવાહો શરૂ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

### 1.2.4 ભાષા - સાહિત્ય :

મધ્યયુગને અંતે લૅટિનમાંથી અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મની, ડચ સ્પૅનિશ વગેરે ભાષાઓના આધુનિક સ્વરૂપ ઘડાયાં. પ્રાચીન યુરોપનાં સાહિત્યના સુવર્ણયુગ સમા ગ્રીક અને રોમન સાહિત્યનાં પ્રાદેશિક ભાષાઓમાં ભાષાંતર થયાં. વળી જાણીતાં અરબી ગ્રંથોના પણ યુરોપીય ભાષાઓમાં અનુવાદો થયાં. તેમાંથી નવજાગૃતિના પ્રવાહો વિકસ્યા. નવાં લેખકોને પ્રેરણા મળી.

12મી અને 13મી સદીમાં ધાર્મિક સાહિત્ય સારા પ્રમાણમાં લખાયું. ફ્રેન્ચ પાદરી સુગેર અને જર્મન બિશપ ઑટોએ તેમના લખાણોમાં રાજસત્તા પર ધર્મસત્તાની સર્વોપરિતા સિદ્ધ કરવાના પ્રયાસો કર્યા. પાછળથી ધર્મસુધારકો અને રાજસત્તાઓ તરફથી તેમનાં લખાણો સામે પડકાર થયો. તેમાંથી ધર્મસુધારણાનો પાયો નંખાયો.

13મી સદીના મહાન લેખકો થોમસ એક્વિનાસ અને રોજન બૅકન નવજાગૃતિના પ્રવાહો શરૂ કરવાના અગ્રણી બન્યા. આમ, મધ્યયુગ દરમિયાનના સામાજિક પરિવર્તનો અને સાંસ્કૃતિક વિકાસે નવજાગૃતિ અને ધાર્મિક સુધારણાનાં આંદોલનોને પ્રગટાવી આધુનિક યુગનો આરંભ કર્યો.

### 1.2.5 યુરોપની નવજાગૃતિ :

યુરોપમાં મધ્યકાલીન યુગના અંત અર્વાચીન યુગની શરૂઆત વચ્ચેના સંક્રાંતિકાળને નવજાગૃતિના સમય તરીકે ઓળખવામાં આવે છે. આધુનિક યુરોપનો આ ઉષ્માકાળ છે. આદિમાનવના જીવનની શરૂઆતથી નૂતન યુગ સુધી ચાલી આવતી માનવીની વણથંભી મંજિલમાં યુરોપની નવજાગૃતિ એક મહાન ઘટના છે. વહેમ, અંધશ્રદ્ધા અને જડતાથી સ્થગિત થયેલ માનવજીવનને એક નૂતન ચેતનાના દર્શન થયાં. વહેમ તથા અજ્ઞાનનાં અંધકારમાંથી બહાર આવી યુરોપનો સમાજ આત્મવિશ્વાસ તથા સાહસવૃત્તિથી નવી સિદ્ધિઓ હાંસલ કરવા આગળ વધ્યો. જૂની માન્યતાઓનો ત્યાગ કરીને યુરોપના સમાજે વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુ અપનાવ્યું. વાસ્તવમાં નવજાગૃતિનું આંદોલન એ માનવજીવનનાં વિવિધ પાસાંઓને સ્પર્શતું એક વ્યાપક આંદલોન હતું. તેમાં પ્રાચીન સાહિત્ય અને કલાના પુનઃ જન્મની સાથે પ્રાચીન સંસ્કૃતિઓએ પોષેલી અને આત્મસાત્ કરેલી ચાર બાબતો (1) બુદ્ધિવાદ (2) માનવતાવાદ (3) ભૌતિકવાદ અને (4) ઉદારતાવાદનો સમાવેશ થયો હતો.

### 1.2.6 યુરોપમાં ધર્મ સુધારણા :

રોમન સામ્રાજ્યના પતન પછી પણ ખ્રિસ્તી દેવળની ધર્મસંસ્થા જીવંત રહી અને વિકાસ પામી હતી. તેનું મુખ્ય મથક રોમ હતું અને તેના વડા પોપ હતાં. માનવધર્મની આ સંસ્થાને પોતાનું આંતરાષ્ટ્રીય ધાર્મિક સામ્રાજ્ય હતું. પોપ અને તેમના પાદરીઓ લોકોની અંધશ્રદ્ધા અને અજ્ઞાનનો ગેરલાભ ઉઠાવતા અને ધર્મના ક્રિયાકાંડો માટે નિશ્ચિત કર ઉઘરાવતા. જેના લીધે દેવળોનો વૈભવ વધ્યો હતો. ખ્રિસ્તી પાદરીઓ વૈભવ અને વિલાસ તરફ વળવાથી ધર્મમાં અનેક સડા પ્રવેશ્યા.

ધર્મસુધારણાનું આંદોલન તે મુખ્યત્વે દેવળની આપખુદી તથા દૂરાચાર સામેનો પડકાર હતો. પોપની નિરંકુશ સત્તામાંથી જન્મેલ તાબેદારી સામેનો તે સ્વાતંત્ર્ય સંગ્રામ હતો. અંધશ્રદ્ધા અને અજ્ઞાનની જડ શ્રૃંખલામાં પૂરાંયેલ ખ્રિસ્તી ધર્મ અને માન્યાતાઓને મુક્ત કરીને; સાચો ધર્મ સમજાવવા માટેનો આ એક પ્રયાસ હતો.

### 1.2.7 ભૌગોલિક શોધખોળો :

ભૌગોલિક શોધખોળો થવાથી માનવપ્રગતિની ક્ષિતિજો વિશાળ બની તથા મધ્યયુગના અંતે દુનિયાના નકશામાં પણ સુધારો થયો. અનેક અજ્ઞાત પ્રદેશો પૃથ્વી પર હતાં તેનો ખ્યાલ 15મી તથા 16મી સદીમાં થયેલી ભૌગોલિક શોધખોળોથી આવ્યો. નકશામાં નવાં દેશો ઉમેરાયાં, નવાં નકશા વધારે ચોક્કસ બન્યા. દુનિયાના નવાં દેશો સાથેના તથા ખાસ કરીને પૂર્વ અને પશ્ચિમના દેશોના સંપર્ક માટેના જમીનમાર્ગો અને નવાં જલમાર્ગોનો વિકાસ થયો. આમ, ભૌગોલિક શોધખોળોને વિશ્વના ઈતિહાસમાં માનવપ્રગતિની સિદ્ધિના મહત્ત્વના સોપાન તરીકે માનવાંમાં આવે છે.

મધ્યયુગમાં એશિયા તથા યુરોપ વચ્ચે વેપારના સંબંધો ચાલુ હતાં. એશિયાના દેશોમાંથી મરીમસાલા, તેજાના, હાથીદાંત તથા મૂલ્યવાન વસ્તુઓ યુરોપના દેશોમાં નિકાસ થતી. આ વેપારનું મહત્ત્વનું કેન્દ્ર કૉન્સ્ટન્ટિનોપલ (ઇસ્તંબૂલ) હતું. ત્યાંથી એશિયાના દેશોની સમૃદ્ધિ યુરોપના દેશોમાં ઠલવાતી હતી. ઇટાલિમાં વેનિસ, જિનોઆ વગેરે વેપારના સમૃદ્ધ નગરો હતાં અને તે સૌંદર્યના મથકો પણ બન્યાં હતાં. અહીંના વેપારીઓના ધંધા એટલા મોટાં પ્રમાણમાં વધ્યાં હતાં કે આ નગરોની જાહોજલાલી પુષ્કળ વધી હતી. જિનોઆનો વેપાર કૉન્સ્ટન્ટિનોપલ તથા કાળા સમુદ્ર સુધી અને વૅનિસનો વેપાર છેક અગ્નિએશિયાના દેશો સુધી ચાલતો હતો. આ વેપાર મોટેભાગે જમીનમાર્ગે ચાલતો. તે વખતે પણ ભૂમધ્ય સમુદ્ર અને રાતા સમુદ્ર દ્વારા વહાણોની અવરજવર ચાલુ હતી. પરંતુ દરિયામાં વહાણો દ્વારા ટૂંકા અંતરોમાં જ માલની હેરફેર થતી હતી; પરંતુ 15મી અને 16મી સદીમાં સાહસિક નાવિકોએ નવાં દરિયાઇ માર્ગો શોધ્યા; તેનાં મુખ્ય પરિબળો આ પ્રમાણે હતાં :

### 1.2.8 આર્થિક કારણો :

કૉન્સ્ટન્ટિનોપલ પર ઇ.સ. 1453માં તુર્કોની સત્તા સ્થપાઇ. તુર્કો આરબોની જેમ વેપારને ઉત્તેજન આપતા ન હતાં. તેઓ અસહિષ્ણુ હતાં. તેથી યુરોપના વેપારીઓનો એશિયાના દેશો સાથેનો વેપાર મુશ્કેલ બન્યો. પૂર્વમાંથી આયાત થતી મોજશોખની ચીજો વિના યુરોપના લોકોને ચાલતું નહીં. યુરોપના લોકોને ખોરાક સાચવવા માટે તથા ખોરાકને સ્વાદિષ્ટ બનાવવા માટે મરીમસાલાની આવશ્યકતા હતી. તે મેળવવા માટે પૂર્વમાં જવાનો જળમાર્ગ શોધવા માટે શ્રીમંત વેપારીઓએ સાહસિક નાવિકોને પ્રોત્સાહન તથા આર્થિક સહાય આપી. આમ, સાહસિકો, નાવિકો તથા વેપારીઓના સંયુક્ત અને હિંમતભર્યા પ્રયાસોથી જળમાર્ગો શોધાયા.

સ્પેનની રાણી ઇઝાબેલાએ ક્રિસ્ટોફર કોલંબસને પૂર્વનો જળમાર્ગ શોધવા મોકલ્યો ત્યારે તેની પાછળ ધર્મપ્રચાર તથા ધનપ્રાપ્તિ એમ બંને હેતુનો સમાવેશ થતો હતો. નવાં જળમાર્ગો શોધાયા ત્યારે વેપારીઓની સાથે ખ્રિસ્તી મિશનરીઓએ નવાં પ્રદેશોમાં જઇને ધર્મનો પ્રચાર કરવા માંડ્યો હતો. આમ, ભૌગોલિક શોધખોળોમાં નેતૃત્વ કરનાર પોર્ટુગલ અને સ્પેન એ બંને દેશોએ ખ્રિસ્તી ધર્મના પ્રચારનો પણ આદર્શ સેવ્યો હતો.

### 1.2.9 રાજકીય કારણો :

પશ્ચિમી યુરોપના કેટલાંક રાજાઓએ પણ નવાં જળમાર્ગો શોધવામાં રસ લીધો હતો. તેમણે આ મહાન કાર્યમાં આવશ્યક સહાય ન કરી હોત તો; આ શોધળોખો આટલી ઝડપથી થઇ શકી ન હોત. યુરોપના રાજાઓનું સોનું તથા મૂલ્યવાન ચીજોની ભૂખ હતી. વળી તેઓને કીર્તિ મેળવવાની તથા વિજયો દ્વારા વૈભવ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની મહાત્ત્વાકાંક્ષા હતી. તેથી તેઓએ ભૌગોલિક શોધખોળોને પ્રોત્સાહન આપ્યું. તેઓ દર વર્ષે વેપારીઓ, સૈનિકો અને સાહસિક નાવિકોના નૌકાકાફલાને મહાસાગરો ખૂંદવા મોકલી આપતા.

### 1.2.10 હેન્રી ધ નેવીગેટર :

સોનું કીર્તિ અને ધર્મપ્રચારને માટે, યુરોપિયનો એક ધ્રુવથી બીજા ધ્રુવ સુધીના ખંડોને અને સમુદ્રોને ખૂંદી વળ્યાં હતાં. પોર્ટુગલના રાજકુંવર હેન્રીએ નૌકાયાત્રાને ઉત્તેજન આપવા માટે શાળાઓ અને સંસ્થાઓ સ્થાપી હતી. આ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ રસને કારણે તેને 'હેન્રી ધ નેવીગેટર' નું બિરુદ લોકોએ આપ્યું હતું. તેનાં તાલીમબદ્ધ શ્રેષ્ઠ નાવિકોએ પશ્ચિમના તથા આફ્રિકાના સમુદ્રકાંઠે આશરે 2000 માઇલ સમુદ્ર ખેડ્યો હતો.

### 1.2.11 બાર્થોલોમ્યુ ડાયઝ :

પોર્ટુગીઝ નાવિકો માનતા હતાં કે આફ્રિકાની પ્રદક્ષિણા કરીને તેઓ પૂર્વના દેશોમાં જઇ શકશે. તેથી ઇ.સ. 1486માં હેન્રીના નાવિક બાર્થોલોમ્યુ ડાયઝ આફ્રિકાના દક્ષિણ કાંઠે પ્રવાસ કરીને 'કેપ ઓફ ગુડ હોપ' આવી પહોંચ્યો. તેણે આ ભૂશિરને 'કેપ ઓફ ગુડ હોપ' નામ આપ્યું.

### 1.2.12 કોલંબસ :

ઇટાલીના જિનોઆ નગરના વતની ક્રિસ્ટોફર કોલંબસે રાજા ફર્ડિનાન્ડની મદદ લઇને ઇ.સ. 1492માં પૂર્વના દેશોના જળમાર્ગ શોધવા એટલેન્ટિક મહાસાગરમાં ઝંપલાવ્યું. તે હાલના વેસ્ટ ઇન્ડિઝના ટાપુઓના કિનારે પહોંચ્યો અને ભારતના પશ્ચિમ કિનારે આવ્યો છે એવો ભ્રમ થયો. તેણે તે ટાપુઓનું નામ વેસ્ટ ઇન્ડિઝ રાખ્યું. કોલંબસને એવો ખ્યાલ પણ ન હતો કે તેણે અમેરિકા ખંડની શોધ કરી હતી. ત્યારબાદ 1483, 1498 અને 1502 માં સોનું લાવવા તેને પાછો મોકલવામાં આવ્યો, પણ તે સોનું લાવી શક્યો નહીં. ઇ.સ. 1506માં તે અવસાન પામ્યો; ત્યાં સુધી તેને ખબર ન હતી કે તે ભારતને કિનારે નહીં પણ નવી દુનિયાના ટાપુ પર પહોંચ્યો હતો.

### 1.2.13 વાસ્કો-દ-ગામા :

પોર્ટુગીઝ નાવિક વાસ્કો-દ-ગામા (1469-1524) યુગ પ્રવર્તક શોધ કરવાને સર્જાયો હતો. ઇ.સ. 1497માં તે પૂર્વના દેશોનો દરિયાઇ માર્ગ શોધવા નીકળ્યો. 'કેપ ઓફ ગુડ હોપ' થઇને તે મોઝાંબિક ગયો. ત્યાંથી એક આરબ વેપારીએ તેને આફ્રિકાના પૂર્વ કિનારાના મલિન્દી બંદરે પહોંચાડ્યો. ત્યાં ગુજરાતી કચ્છી નાવિક કાનજી માલમનો ભેટો થયો. કાનજી માલમે વાસ્કો-દ-ગામાને કાલિકટનો દરિયાઇ માર્ગ બતાવ્યો. ઇ.સ. 1498માં તે ભારતના પશ્ચિમ કિનારે કાલિકટ બંદરે ઉતર્યો. ત્યાંના રાજા ઝામોરિને તેને વેપાર કરવાની સગવડો આપી. તેનાં પ્રવાસના ખર્ચ કરતાં 60 ગણી કિંમતનો માલ લઇને તે 1499માં લિસ્બન બંદરે પાછો ફર્યો. આ મહાન શોધ બદલ તેનું સન્માન કરવામાં આવ્યું. પોર્ટુગલના રાજાએ આ ઘટનાને વિશ્વના ઇતિહાસમાં સીમાચિહ્ન સમાન લેખી.

### 1.2.14 જોન કેબટ :

ઇંગ્લેન્ડના રાજા હેન્રી સાતમાએ એક ઇટાલિયન ખલાસી જૉન કેબટને નવાં માર્ગે પ્રદેશોની શોધ કરવા મોકલ્યો. તે ઉત્તર અમેરિકાને કિનારે પહોંચ્યો. તેથી ઇંગ્લેન્ડે ત્યાં પોતાનો અધિકાર રજૂ કર્યો. આ શોધ બદલ રાજા હેન્રીએ કેબટને 'ગ્રાંડ એડમિરલ'નો ખિતાબ અને 10 પાઉન્ડની ભેટ આપી.

### 1.2.15 એમેરિગો :

અમેરિગો વેસ્પુચી નામના ઇટાલિયન ખલાસીએ ઇ.સ.1497, 1499, 1501 અને 1503 એમ ચાર વખત સમુદ્રની સફરો ખેડી. તે પોર્ટુગલના રાજાની સેવામાં હતો ત્યારે દક્ષિણ અમેરિકાના પૂર્વ કિનારાના વિશાળ પ્રદેશોની તેણે શોધ કરી હતી. એશિયા જવાના માર્ગમાં એક મોટો વિશાળ ખંડ હોવાની જગતને સૌ પ્રથમ જાણ તેણે કરી હતી. ઇ.સ.1507માં જે નકશો તૈયાર કરવામાં આવ્યો; તેમાં આ પ્રદેશોને અમેરિગો નામ પરથી અમેરિકા નામ આપવામાં આવ્યું હતું.

### 1.2.16 પરિણામો :

15 મી અને 16 મી સદીમાં થયેલી ભૌગોલિક શોધખોળોએ આંતરરાષ્ટ્રીય વેપારના વિકાસમાં સૌથી મહત્ત્વનો ફાળો આપ્યો. યુરોપના શાહસોદાગરો અમેરિકા, આફ્રિકા અને એશિયાના દેશો સાથે વેપાર કરવા લાગ્યા. ભૌગોલિક શોધખોળોની સૌથી વધુ અસર સંસ્થાનવાંદના ઉદ્ભવમાં જોઇ શકાય છે. પોતાના દેશમાં ઉત્પન્ન થયેલા માલને યુરોપના દેશોને પણ પરદેશમાંથી વિશાળ પાયા ઉપર માલ મેળવવા માટે સ્થાનો આપવાની જરૂર જણાઇ. પરિણામે વેપાર માટે ગયેલા યુરોપિયનોએ જુદાં જુદાં દેશમાં પોતાની કોઠીઓ સ્થાપી અને ધીરે ધીરે તે દેશોમાં પોતાની સત્તા જમાવી.

ભૌગોલિક શોધખોળોના ફળસ્વરૂપે આફ્રિકા જેવા વિશાળ ખંડમાં યુરોપના વેપારીઓએ ગુલામો મેળવવા માટેનો એક શ્રેષ્ઠ વિસ્તાર મેળવી લીધો. યુરોપિયનો તેમનાં વેપારના મથકો પરથી ગુલામોને નિર્દયતાપૂર્વક પકડી જતાં અને તેમને વેચી દેતાં. ગુલામોના વેપારના મોટા બજારો ભરાતા. તેમાં અનેક હબસી ગુલામોને પકડીને અમેરિકા મોકલી ત્યાં વેચી દેવામાં આવતા.

યુરોપના રાજાઓએ ભૌગોલિક શોધખોળોને ઉત્તેજન આપતી વખતે ધર્મપ્રચારનો મનસૂબો સેવ્યો હતો. રાણી ઇઝાબેલાએ કોલંબસને પ્રવાસે મોકલ્યો ત્યારે ધર્મપ્રચારની ખાસ સૂચના આપી હતી. આફ્રિકા તથા એશિયા ખંડના દેશોમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવામાં ભૌગોલિક શોધખોળોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

ભૌગોલિક શોધખોળોની અસર ખાસ કરીને સાંસ્કૃતિક સમન્વયમાં વિશેષ જણાય છે. આ શોધખોળોના પરિણામે પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિઓનો સુભગ સમન્વય થયો. યુરોપના દેશોના લોકો પૂર્વના દેશોમાં જઇને વસ્યા અને પોતાના દેશની સંસ્કૃતિનો ત્યાંના લોકોને પરિચય કરાવ્યો. આમ, ભૌગોલિક શોધખોળોનાં વ્યાપક પરિણામો જોતાં કહી શકાય કે ભૌગોલિક શોધખોળો દ્વારા માનવજાતે એક મહાન સિદ્ધિ મેળવી હતી.

## 1.3 ઉપસંહાર

પ્રસ્તુત એકમમાં સામાજિક પરિવર્તન માટે પશ્ચિમી ઇતિહાસની વિચારધારાઓનો વિસ્તૃતમાં પરિચય મેળવ્યો. જેમાં છઠ્ઠી દસમી સદી સુધી હૂણ, વેન્ડાલ, ગોથ વગેરે વિશે તેમજ મધ્યયુગમાં પ્રસરેલી અરાજકતાં તથા અવ્યવસ્થાને લીધે કેટલા જૂનો નગરોનો નાશ થયો ત્યારબાદ સામંતોના કિલ્લાની આસપાસ નવા નગરો વસ્યા. ધર્મયુદ્ધો થયા, ખ્રિસ્તીઓ મોટી સંખ્યામાં મર્યા. વેપારીઓએ એનો લાભ લઈ પૂર્વના દેશોમાં નોંધપાત્ર વધારો કર્યો. શિક્ષણક્ષેત્રે નવજાગૃતિ આવી, ધર્મ સુધારણાની ભૂમિકા તૈયાર કરવામાં આવી. ભાષા સાહિત્યનો વિકાસ, યુરોપની નવજાગૃતિ, યુરોપમાં ધર્મ સુધારણા, ભૌગોલિક શોધખોળો શરૂ થઈ. દરિયાઈ માર્ગોની શોધ થઇ. નવા વ્યાપારની શરૂઆત કરવા માટે હેન્રી, બાર્થોલોમ્પ ડાયઝ, કોલંબસ, વાસ્કો-દ-ગામા, જોન કેબટ, એમેરિગોનું વિશેષ યોગદાન રહ્યું છે.

## 1.4 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. કઈ સાલમાં ઑટોમન તુર્કોએ કોન્ટન્ટન્ટિનોયલ કબજે કરી પૂર્વીય રોમલ સામ્રાજ્યનો નાશ કર્યા હતો ?

   (A) 1458 (B) 1460

   (C) 1453 (D) 1475

2. મધ્યયુગની પ્રથમ યુનિવર્સિટીનું નામ આપો.

   (A) આરબ વિદ્યાપીઠ

   (B) ટાટા સ્કુલ ઑફ સોશ્યલ સાયન્સ

   (C) ગૂજરાત વિદ્યાપીઠ

   (D) ઉપરમાંથી એકપણ નહીં.

3. તુર્કોની સત્તા કોન્સ્ટન્ટિનોયલ ક્યારે સ્થપાઈ હતી ?

   (A) 1453 (B) 1416

   (C) 1448 (D) 1460

4. સ્પેનની રાણી ઇઝાબેલાએ ક્રિસ્ટારેટ કોલંબસને પૂર્વના જળમાર્ગ શોધવા શા માટે મોકલ્યો હતો.

   (A) ધર્મપ્રચાર (B) નવા દેશો સાથે વ્યાપાર

   (C) ધન પ્રાપ્તિ (D) 1 અને 2 બન્ને

5. 'ટેની ધ નેવીગેટર' નું બિરુદ પોર્ટુગલમાં કોને આપવામાં આવ્યું હતું ?

   (A) રાજકુમાર હેન્રીએ (B) વાસ્કો-દ-ગામા

   (C) કોલંબસ (D) ઉપરોક્ત તમામ

## 1.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (C) 1453
2. (A) આરબ વિદ્યાપીઠ
3. (A) 1453
4. (D) 1 અને 2 બન્ને
5. (A) રાજકુમાર હેન્રીએ

## 1.6 ચાવીરૂપ શબ્દો :

- **ધર્મયુદ્ધ :** ધાર્મિક બાબતોને લઈ બે અલગ જ્ઞાતિ ધર્મના કારણે થતાં યુદ્ધ.
- **પશ્ચિમી સંસ્કૃતિ :** પશ્ચિમના દેશના લોકોના રીત-રિવાજ, રહેણી-કરણી વગેરેને કહેવામાં આવે છે.

## 1.7 સ્વાધ્યાય લેખન (Assignment)

1. પશ્ચિમી સંસ્કૃતિમાં ધર્મયુદ્ધની અસરો વર્ણવો.

.................................................................................

.................................................................................

.................................................................................

2. યુરોપની નવજાગૃતિ, યુરોપમાં ધર્મ સુધારણા, શિક્ષણ સંસ્થાનું પ્રદાન વિસ્તૃતમાં વર્ણવો.

.................................................................................

.................................................................................

.................................................................................

3. બાર્થાલોમ્પુ ડાયઝ, કોલંબસ, વાસ્કો-દ-ગામા વગેરેનો ટૂંકમાં પરિચય આપો.

.................................................................................

.................................................................................

.................................................................................

## 1.8 પ્રવૃત્તિ (Activities)

- ભૌગોલિક શોધખોળો વિશે વિસ્તૃત નોંધ તૈયાર કરો.
- યુરોપની નવજાગૃતિ વિસ્તૃતમાં વર્ણવો.

## 1.9 કેસસ્ટડી (Case Study)

- કોલંબસ વિશે વિસ્તૃત નોંધ તૈયાર કરો.
- વાસ્કો-દ-ગામા વિશે વિસ્તૃત નોંધ તૈયાર કરો.

## 1.10 સંદર્ભગ્રંથ


1. સમાજશાસ્ત્રનો પરિચય : ડૉ. અનિલ એસ. વાઘેલા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત, આવૃત્તિ : 2005
2. ભારતીય સમાજનો પરિચય : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન - અમદાવાદ, આવૃત્તિ : 2007
3. પશ્ચિમી દુનિયા : ડૉ. આર. કે. ધારૈયા, ડૉ. એસ. વી. જાની, ડૉ. પી. જી. કોરાટ, ડૉ. સલીમ એન. કાઝી, ડૉ. ડી. વી. ભટ્ટ, ડૉ. એમ. બી. શાહ, સી. જમનાદાસ કંપની - અમદાવાદ, આવૃત્તિ : 2006

# એકમ–2 સામાજિક પરિવર્તન માટે ભારતમાં પોર્ટુગીઝોની વસાહતોનો ઈતિહાસ અને વિચારધારાઓ-2

## : એકમનું માળખું :


**2.0 એકમના હેતુઓ**

**2.1 પ્રસ્તાવના**

**2.2 ભારતમાં પોર્ટુગીઝોની વસાહતો**

**2.3 ઉપસંહાર**

**2.4 તમારી પ્રગતિ ચકાસો (MCQs)**

**2.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**2.6 ચાવીરૂપ શબ્દો (Glossary)**

**2.7 સ્વાધ્યાય લેખન (Assignment)**

**2.8 પ્રવૃત્તિ (Activities)**

**2.9 કેસસ્ટડી (Case Study)**

**2.10 સંદર્ભગ્રંથ (Further Readings)**


## 2.0 એકમના હેતુઓ

પ્રસ્તુત એકમના હેતુઓ નીચે મુજબ છે.

- વિદ્યાર્થીઓને પશ્ચિમી સંસ્કૃતિનો પરિચય મેળવી શકાશે.
- ભારતમાં પોર્ટુગીઝોનું આગમન અને તેની વસાહતો વિશે વિસ્તૃતમાં પરિચય મળશે.
- ભારતમાં અંગ્રેજોના આગમન અંગે વિશેષ માહિતી મળશે.
- ભારતમાં બ્રિટીશ સત્તાઓનો ઉદય, પ્લાસીની લડાઈ વગેરે બાબતોનો વિસ્તૃત પરિચય મળશે.
- અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામ, ફ્રાંસની ક્રાંતિ જેવી ઐતિહાસિક બાબતોનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવા મળશે.

## 2.1 પ્રસ્તાવના

પ્રસ્તુત એકમમાં સામાજીક પરિવર્તન માટે પશ્ચિમી ઈતિહાસની વિચારધારા જોઈએ તો તેની ભારત પર પણ ઘણી અસર પડી છે. ભારતમાં પોર્ટુગીઝોનું આગમન ૧૪૯૯-૧૫૨૪ દરમ્યાન પોર્ટુગીઝ નાવિક વાસ્કો-દ-ગામા એ કર્યું. આફ્રિકાના પૂર્વ કિનારાના માલિન્દી બંદરે વાસ્કો-દ-ગામાને ગુજરાતી કચ્છી નાવિક કાનજી માલમનો ભેટો થયો. તેણે કાલિકટને દરિયામાર્ગ બનાવી કાલીકા પહોંચ્યો. રાજા ઝામોરિને તેને વેપાર અંગે જરૂરી સગવડો કરી આપી. ત્યારબાદ અંગ્રેજી ફીરંગીઓ વેપાર નામે રાજ્ય હથીયાવતા થઈ ગયા. જેમાં આલ્બુ કર્ક ૧૫૧૦માં ગોવા જીતી લઈ ફિરંગીનું મુખ્ય મથક બનાવ્યું. ફિરંગીની વસ્તી વધારવા ભારતીય સ્ત્રી સાથે લગ્ન કરવાને ઉત્તેજન આપ્યું. ત્યારપછી એક પછી એક અનેક અંગ્રેજી હકુમતોએ ભારતનાં રાજ્યો પર રાજ કર્યું. ભારતમાં ફ્રેંચો, ભારતમાં બ્રિટીશ સત્તાઓનો ઉદય, પ્લાસીની લડાઈ (ક્લાઈવનું કાવતરું, અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામ, ફ્રાંસની રાજ્યક્રાંતી, નેપોલિયન બોનાપાર્ટ, સૈનિકમાંથી સમ્રાટ, ઔદ્યોગિક ક્રાંતિ વગેરેનો વિસ્તૃત પરિચય આ એકમમાં આવ્યો છે. જેથી વિદ્યાર્થીઓને ભારત અને પશ્ચિમી સંસ્કૃતિના ઈતિહાસ અને તેની અસરો વિશે વિસ્તૃત માહિતી મળી રહે.

## 2.2 ભારતમાં પોર્ટુગીઝોની વસાહતો

પ્રસ્તુત એકમમાં સામાજિક પરિવર્તન માટે પશ્ચિમી ઈતિહાસની વિચારધારા જોઈએ તો તેની ભારત પર પણ ઘણી અસર પડી છે. ભારતમાં પોર્ટુગીઝોનું આગમન 1469-1524 દરમ્યાન પોર્ટુગીઝ નાવિક વાસ્કો-દ-ગામા એ કર્યું. આફ્રિકાના પૂર્વ કિનારાના માલિન્દી બંદરે વાસ્કો-દ-ગામાને ગુજરાતી કચ્છી નાવિક કાનજી માલમનો ભેટો થયો. તેને કાલીકટનો દરિયાઈ માર્ગ બતાવ્યો. કાલિકટ પહોંચ્યો. રાજા જા મોરિને તેને વેપાર અંગે જરૂરી સગવડો કરી આપી. ત્યારબાદ અંગ્રેજી ફીરંગીઓ વેપાર નામે રાજ્ય હથીયાવત થઈ ગયા. જેમાં આલ્બું કર્ક 1510માં ગોવા જીતી લઈ. ફીરંગીનું મુખ્ય મથક બનાવ્યું. ફીરંગીની વસ્તી વધારવા ભારતીય સ્ત્રી સાથે લગ્ન કરવાને ઉત્તેજન આપ્યું. ત્યારબાદ એકપછી એક અનેક અંગ્રેજી હકુમતોએ ભારતના અન્ય રાજ્યો પર રાજ કર્યું. ભારતમાં ફ્રેંચો, ભારતમાં બ્રિટીશ સત્તાઓનો ઉદય, પ્લાસીની લડાઈ, કલાઘ્યનું કાવતરું, અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામ, ફ્રાંસની રાજ્યક્રાંતિ, નેપોલિયન બોનાપાર્ટ, સૈનિકમાંથી સમ્રાટ, ઔદ્યોગિક ક્રાંતિ વગેરેનો વિસ્તૃત પરિચય આ એકમમાં આપવામાં આવ્યો છે. જેથી વિદ્યાર્થીઓને ભારત અને પશ્ચિમી સંસ્કૃતિનાં ઇતિહાસ અને તેની અસરો વિશે વિસ્તૃતમાં માહિતી મળી રહે.

### 2.2.1 આલ્બુ કર્ક (ઈ.સ.1509-15) :

ભારતમાં ફિરંગીઓનો તે બીજો ગવર્નર હતો. તે વેપાર માટે કેટલાંક મહત્ત્વના સ્થળો કબ્જે કરીને તેનાં ઉપર રાજ્ય કરવા ઇચ્છતો હતો. ભારતના વતનીઓ સાથે લગ્નો કરાવીને તે ચોક્કસ પ્રદેશોમાં વસાહતો વધારવા માંગતો હતો. આલ્બુ કર્કે બિજાપુરના સુલતાન પાસેથી ગોવા જીતી લઇને ઇ.સ.1510માં તેને ફિરંગીઓનું મુખ્ય મથક બનાવ્યું. તેણે દૂર પૂર્વમાં મલાક્કા તથા ઇરાની અખાતમાં આવેલ ઓર્મુઝ (હોરમઝ) ટાપુ 1515માં જીતી લીધો રાજાની પરવાનગી લઇને તેણે કોચિનમાં કિલ્લો બાંધ્યો.

ભારતમાં ફિરંગીઓની વસ્તી વધારવા તેણે ફિરંગીઓને ભારતીય સ્ત્રીઓ સાથે લગ્ન કરવા ઉત્તેજન આપ્યું તથા ખ્રિસ્તી ધર્મ ફરજિયાત સ્વીકારવાની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું. તેણે તેના વહીવટનું કામ કરવા મોટી સંખ્યામાં ફિરંગી અધિકારીઓ નિમ્યા. તેણે વહીવટની વિવિધ શાખાઓમાં હિંદુઓને જોડવા નિમંત્ર્યા. તેણે શાળાઓ શરૂ કરી અને હિંદુઓની પંચાયતો ચાલુ રાખી. આલ્બુકર્ક મહાન હતો. તેણે ભારતમાં પોર્ટુગીઝ સામ્રાજ્યનો સ્થાપક કહી શકાય. તે શૂરવીરતા, સચ્ચાઇ, પ્રમાણિકતા અને ઉદારતાના ગુણો ધરાવતો હતો. તે કુશળ વહીવટદાર અને બહાદૂર લડવૈયો હતો. નિષ્ફળતાથી નિરાશ થયા વિના, સરળતા મળે ત્યાં સુધી પોતાના ધ્યેયને વળગી રહેવામાં તે માનતો હતો. તેના દેશમાં તે ‘મહાન આલ્બુ કર્ક’ કહેવાતો હતો. ઇ.સ. 1515માં ગોવામાં તે અવસાન પામ્યો.

આલ્બુ કર્કના અવસાન પછી પણ ભારતમાં પોર્ટુગીઝોની સંખ્યા સતત વધતી રહી. ફિરંગી ગવર્નર નુનો-દ-કુન્હા (1529-38) ને દીવ કબજે કરવાની સૂચના મળી હતી. તેણે 1529માં આવતામાં જ ખંભાત, સુરત-રાંદેર અને દમણનાં બંદરો પર હુમલા કરાવી, આગ ચંપાવીને લોકોની ઘાતકી કતલ કરાવી. તેથી આ સ્થળો નજીકના લોકોમાં ફિરંગીઓ ત્રાસ વર્તાવનાર લોકો તરીકે જાણીતાં થયા. તેણે ગોવાથી નીકળી મુંબઇ થઇ, (જાન્યુ. 1531) દમણ પહોંચી એ કબજે કર્યું. દીવ પાસેના શીયાળ બેટ પાસે મુકામ કરી, બેટ પરની તમામ વસ્તીને રહેંસી નાંખી, ભયંકર હત્યાકાંડ સર્જ્યો ; પરંતુ દીવ જીતવામાં નિષ્ફળ ગયો. ઇ.સ. 1534માં નુનોએ વસઇનો કિલ્લો જીતી, ત્યાં રહેલા ગુજરાતના સુલતાન બહાદૂરશાહના લશ્કરને નસાડી મૂક્યું. ત્યારબાદ તેણે થાણા, માહિમ, મુંબઇ વગેરે ગામો કબજે કર્યાં.

ફિરંગીઓને ભારતમાં દીવ, દમણ, વસઇ, સાલસેટ, મુંબઇ, હુગલી વગેરે સ્થળે વસાહતો સ્થાપીને ભારતમાં ફિરંગી સત્તા ફેલાવી હતી. આશરે એક સદી સુધી ભારત સાથે એકતરફી વેપાર ખેડીને

ફિરંગીઓ શ્રીમંત બન્યા ; પરંતુ ઇ.સ. 1580માં પોર્ટુગલ સ્પેનની સત્તા હેઠળ ગયા બાદ મુઘલ, મરાઠા, ડચ (વલંદા), અંગ્રેજો વગેરે સામેની લડાઇઓમાં તેઓ ટકી શક્યા નહીં અને તેમનું પતન થયું. તેમની પાસે ફક્ત દીવ, દમણ અને ગોવાના મથકો જ રહ્યાં, જે ઇ.સ. 1962માં ભારતની સરકારે કબજે કરી લીધાં.

### 2.2.2 ડચ (વલંદા) :

હોલેન્ડ (નેધરલેન્ડ)ના લોકો 'ડચ' કહેવાય છે. ભારતમાં તેઓ 'વલંદા' તરીકે ઓળખાતા હતાં. ઇ.સ. 1592માં એમ્સ્ટરડેમના કેટલાંક વેપારીઓએ ડચ કંપનીની સ્થાપના કરી. તેના ત્રણ વર્ષ પછી કોર્નિલિયસ હાઉટમન ભારત જવા નીકળ્યો અને ઇ.સ. 1597માં પુષ્કળ માલસામાન લઇને પાછો ફર્યો. આમ, ભારતનો દરિયાઇ માર્ગ ડચ લોકો માટે ખુલ્યો. આ ડચ કંપનીને એટલી બધી સફળતા મળી કે ત્યાં બીજી ડચ કંપનીઓ પણ સ્થાપવામાં આવી. તે પછી ઇ.સ. 1602માં બધી ડચ કંપનીઓ ભેગી કરીને 'ડચ ઇસ્ટ ઇન્ડિયા કંપની' સ્થાપવામાં આવી. ત્યાંની સરકારે તેને સનદ પણ આપી. તે મુજબ તે કંપનીને પૂર્વના દેશો સાથે વેપાર કરવાનો ઇજારો આપવામાં આવ્યો તથા તે કંપનીને લડાઇ કરવી, સંધિ કરવી, પ્રદેશો કબજે કરવા અને કિલ્લા બાંધવાની સત્તા પણ આપવામાં આવી.

ડચ કંપનીનો મુખ્ય હેતુ વેપાર કરવાનો હતો. ડચ લોકોએ દૂર પૂર્વમાં આવેલા જાવા, સુમાત્રા, મલાયા વગેરે મસાલાના ટાપુઓ ઉપર તેમનું ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમણે તેમનો ઇજારો સ્થાપવા પ્રયાસ કર્યો. તેમણે તે ટાપુઓના શાસકો પાસે હોલેન્ડની સર્વોપરિતા સ્વીકારી અને બીજા બધા યુરોપીયન દેશોને તે ટાપુ સાથે વેપાર કરવાની મનાઇ ફરમાવી. 'ઇસ્ટ ઇન્ડિયા' નામથી જાણીતાં આ ટાપુઓમાં તેમણે પોતાના વેપારના મથકો સ્થાપ્યાં અને જાવાના બટેવિયા નગરમાં પોતાનું મુખ્ય મથક રાખ્યું. તે પછી તેઓએ ચેન્નાઇ કિનારાના નેગાપટ્ટમ, મછલીપટ્ટમ, સુરત, ચિનસુરા કોચિન વગેરે સ્થળે વેપારી થાણાં સ્થાપ્યાં. તેથી તેમને ફિરંગીઓ અને પછી અંગ્રેજો સાથે લડાઇઓ થઇ.

ડચ વલંદા લોકોનો હેતુ પૂર્વના દેશોમાં માત્ર વેપાર કરીને પુષ્કળ કમાણી કરવાનો હતો. તેથી તેમણે ભારતમાં રાજસત્તા સ્થાપી નહી. વળી તેમના સાધનો પણ મર્યાદિત હતાં. તેથી અંગ્રેજો તથા ફ્રેન્ચો સામેની લડાઇઓમાં તેમનો પરાજય થયો અને તેમણે પોતાનાં બધાં મથકો ગુમાવતાં ભારત છોડીને ચાલ્યા જવાની ફરજ પડી.

### 2.2.3 ડેન્માર્કના ડેનિસ લોકો :

યુરોપના અન્ય દેશોના વેપારીઓને પુષ્કળ કમાતા જોઇને ડેન્માર્કના ડેનિસ લોકો પણ ભારત સાથે વેપાર કરવા પ્રોત્સાહિત થયાં. તે માટે તેઓએ તાંજોર જિલ્લામાં ટ્રાંકવીબરમાં ઇ.સ. 1620માં વસાહત સ્થાપી. ઇ.સ. 1678માં તેમણે સિરામપોર કબજે કર્યું અને ત્યાં વેપારનું મથક સ્થાપ્યું. છતા તેઓ ભારતમાં પગદંડો જમાવી શક્યા નહીં. આખરે ઇ.સ.1845 માં તેઓએ તેમની વસાહતો બ્રિટીશ સરકારને વેચી દઇને ભારતની કાયમી વિદાય લીધી.

### 2.2.4 ભારતમાં અંગ્રેજોનું આગમન :

યુરોપના અન્ય લોકોની જેમ અંગ્રેજો પણ દૂર પૂર્વ અને ભારતમાં પેદા કરેલો માલ મેળવવાની ઇચ્છા ધરાવતાં હતાં. ઇ.સ. 1588માં સ્પેનના નૌકા કાફલા પર વિજય મેળવ્યા પછી સીધો વેપાર કરવાની તેમની ઇચ્છા વધી હતી. સપ્ટેમ્બર 1599માં ભારત સાથે સીધો વેપાર કરવા એક મંડળ રચવાનો લૉર્ડ મેયરના અધ્યક્ષપદે એક ઠરાવ કરવામાં આવ્યો. 31 ડિસેમ્બર, 1600 ના રોજ રાણી એલિઝાબેથે (1558-1603) ઇસ્ટ ઇન્ડિયા સાથે વેપાર કરવાની 'કંપની ઓફ મરચન્ટ્સ ઓફ લંડન' ને સનદ આપી. આ સનદ દ્વારા લંડન કંપનીને એશિયા, આફ્રિકા અને અમેરિકાના દેશોના નગરો, બંદરો, ટાપુઓ અને પ્રદેશો સાથે વેપાર કરવાની સત્તા મળી. તે પછી રાજા જેમ્સ પહેલાંએ નવી સનદ

આપીને અગાઉની સનદને કાયમી સ્વરૂપ આપ્યું. તેને પણ ત્રણ વર્ષની નોટિસ આપીને રદ કરી શકાતી હતી.

શરૂઆતના વર્ષોમાં લંડન કંપનીને અલગ અલગ કાફલા મોકલ્યા. મોટી સંખ્યામાં લોકો સફર માટે નાણાં રોકવા લાગ્યા અને તેમાં નફો તેઓ વહેંચી લેતા હતાં. કંપની ઘણો વધારે નફો કરતી તેથી નાણાં રોકનાર ઘણાં મળતાં હતાં. કેટલીક સફરોમાં 500 થી 600 ટકા નફો થતો હતો. પ્રથમ બે સફર મસાલાના ટાપુઓની કરવામાં આવી. ઇંગ્લિશ કંપનીએ બેન્ટમમાં પ્રથમ કોઠી (વેપારી પેઢી, વખાર અને થાણું) સ્થાપીને વેપાર કરવા માંડ્યો. તેમાં ડચ (વલંદા) લોકોએ સખત વિરોધ કર્યો. ત્રીજી સફર સાથે કૅપ્ટન હૉકિન્સને મોકલવામાં આવ્યો. તે સુરત બંદરે ઉતરીને ત્યાંથી મુઘલ શહેનશાહ જહાંગીરના દરબારમાં અંગ્રેજોને વેપાર કરવાનો પરવાનો મેળવવા ગયો. ઇ.સ.1608માં જહાંગીરે તેને વેપાર કરવાની પરવાનગી આપી; પરંતુ પોર્ટુગીઝોના વિરોધને કારણે જહાંગીરે પરવાનગી રદ કરી.

ઇ.સ. 1612માં અગ્રંજે રેપ્ટન બેસ્ટે પોર્ટુગીઝોને સુરત પાસે સ્વાલી મુકામે પરાજય આપ્યો. તેના પરિણામે પોર્ટુગીઝોની લાગવગ ઘટી અને અંગ્રેજોને સુરતમાં કોઠી સ્થાપવાની પરવાનગી મળી. ઇંગ્લેન્ડના રાજા જેમ્સ પહેલાના પ્રતિનિધિ તરીકે સર ટોમસ રો 1615માં ભારત આવ્યો. તેણે જહાંગીરની મુલાકાત લઇને બ્રિટીશ 'ઇસ્ટ ઇન્ડિયા કંપની' માટે વધારે હકો મેળવ્યા. ઇ.સ.1622માં અગ્રંજોએ ફિરંગીઓ પાસેથી ઓર્મુઝ જીતી લઇ પૂર્વ કિનારે તેમણે મછલીપટ્ટમમાં થાણું નાંખ્યું. ચંદ્રગિરિના શાસક પાસેથી કંપનીએ ઇ.સ. 1639માં ચેન્નઇ (મદ્રાસ) મુકામે કોઠી સાથપવાનો અધિકાર મેળવ્યો. આ મથક પાછળથી ફોર્ટ સેંટ જ્યોર્જ તરીકે જાણીતું થયું. ઇ.સ.1651માં હુગલીમાં અંગ્રેજોએ વેપારનું મથક સ્થાપ્યું. તે પછી, 1661માં રાજા ચાર્લ્સ બીજાએ મુંબઇ બેટ કંપનીને વાર્ષિક માત્ર 10 પાઉન્ડના ભાડેથી વધારવા આપ્યો. કંપનીએ સત્તરમી સદીની આખર સુધીમાં ચેન્નઇ, કોલકાતા અને મુંબઇ- ત્રણ મુખ્ય મથકો સ્થાપ્યાં હતાં.

### 2.2.5 ભારતમાં ફ્રેંચોનું આગમન :

ભારતમાં વેપાર કરવા માટે આવનાર યુરોપના લોકોમાં સૌથી છેલ્લા ફ્રેન્ચો હતાં. યુરોપીય પ્રજાના વેપારમાં થતાં અઢળક નફાથી લલચાઇને ફ્રેન્ચોને પણ તેમાં ભાગ પડાવવાની તીવ્ર ઇચ્છા થઇ. ફ્રાન્સના રાજા લુઇ 12માં એ પૂર્વ દેશો સાથે વેપાર કરવાનો પરવાનો ઇ.સ. 1611માં ત્યાંની એક કંપનીને આપ્યો. પરંતુ તે પ્રયાસ નિષ્ફળ ગયો. તેથી રાજા લુઇ 14 મે તખા કોલ્બર્ટની સૂચના મુજબ ઇ.સ. 1664માં 'ફ્રેન્ચ ઇસ્ટ ઇન્ડિયા કંપની' સ્થાપવામાં આવી અને ફ્રાન્સિસ કેરોને ડિસેમ્બર 1667માં સુરત મુકામે ફ્રેન્ચ કોઠી સ્થાપી. તે પછી ગોલકોંડાના સુલતાનની મંજૂરી મેળવીને મછલીપટ્ટમમાં માર્કેરાએ વેપારની બીજી કોઠી સ્થાપી. તેણે આ ફ્રેન્ચ કંપનીને આયાત-નિકાસ વેરાની મુક્તિ આપી. ઇ.સ.1672માં કેરોનને પાછો બોલાવી લઇને તેને સ્થાને ફ્રાન્સિસ માર્ટિનને ભારતમાં મુખ્ય સંચાલક તરીકે મોકલવામાં આવ્યો. બિજાપુરના સુલતાન શેરખાનની મદદથી તેણે ચેન્નાઇની દક્ષિણે પોંડીચેરીનો ફ્રેન્ચોના મુખ્ય મથક તરીકે વિકાસ કર્યો. 1690-92 દરમિયાન ચંદ્રનગરની ફ્રેન્ચ કોઠી વિકસાવવામાં આવી. ત્યારબાદ ફ્રેન્ચોએ બાલાસોર, કાસિમ બજાર, માહેમાં પણ ફ્રેન્ચ વેપારી મથકો સ્થાપ્યાં. અંગ્રેજોના મથકો ફ્રેન્ચોનાં મથકોની પાસે હોવાથી તેમની વચ્ચે વેપારી અને રાજકીય હિતો અંગે સંઘર્ષો શરૂ થયા. કેરોમંડલ કાંઠે ચેન્નાઇ પાસે ઇ.સ. 1739માં કરાઇકલમાં ફ્રેન્ચોએ મથક સ્થાપતા અંગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચે લડાઇ થઇ.

### 2.2.6 કર્ણાટક વિગ્રહો અને ફ્રેન્ચોનું પતન :

ભારતમાં અંગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચે ઇ.સ.1746 થી 1763 દરમિયાન ત્રણ કર્ણાટક વિગ્રહો થયા. તેના અંતે ભારતમાંથી ફ્રેન્ચ સત્તા નાબૂદ થઇ. ફ્રેન્ચો તથા અંગ્રેજો વચ્ચે વેપારી હિતો અંગે સંઘર્ષ ચાલતો હતો. એવામાં યુરોપમાં ઓસ્ટ્રિયાના વારસાવિગ્રહની શરૂઆત થઇ. તેમાં ઇંગ્લેન્ડ અને ફ્રાંસે સામસામી

બાજુ લીધી. ભારતમાં તેના પડઘા પડ્યા. ભારતમાં અંગ્રેજ અને ફ્રેન્ચ કંપનીઓ એકબીજા સામે લડવા તૈયાર થઇ. અંગ્રેજોએ કેટલાંક ફ્રેન્ચ વહાણો કબજે કર્યા. મદ્રાસ-ચેન્નાઇ ફ્રેન્ચો હસ્તક ગયું. ફ્રેન્ચોએ અડયાર મુકામે નવાંબ અન્વરૂદ્દીનને હરાવ્યો. ઇ.સ. 1748માં સંધી થઇ. ચેન્નાઇ અંગ્રેજોને પાછું મળ્યું. આમ, પ્રથમ કર્ણાટક વિગ્રહનો અંત આવ્યો. બીજો કર્ણાટક વિગ્રહ ઇ.સ. 1748 થી 1754 ને ત્રીજો કર્ણાટક વિગ્રહ 1756 થી 1763 દરમિયાન થયો. આ બંનેમાં અંગ્રેજોનો વિજય થયો. તે સાથે ફ્રેન્ચોએ ભારતમાંથી રાજકીય સત્તા ગુમાવી. તેમની પાસે માત્ર થોડા બંદરો રહ્યા. ફ્રેન્ચ કંપની ત્યાંના સરકારી તંત્રના એક વિભાગરૂમ હતી. તેની પાસે પૂરતા સાધનો ન હતાં, તેનું તંત્ર ખામી ભરેલું હતું અને તેનામાં નેતાગીરીનો અભાવ હતો. ફ્રેન્ચ કંપનીને સરકાર તરફથી જરૂરી મદદ મળતી નહિ. 18મી સદીની ફ્રેન્ચ સરકાર નિર્બળ, આપખુદ અને રુશ્વતખોર હતી. ફ્રેન્ચ સરકારને ભારતની બાબતોમાં ખાસ રસ ન હતો. તેથી તેનો પરાજય થયો. ફ્રેન્ચ સત્તા નાબૂદ થતાં અંગ્રેજો ભરતમાં બિનહરીફ બની ગયા. તેમની સત્તા ઝડપથી વિકસવા લાગી.

### 2.2.7 ભારતમાં બ્રિટીશ સત્તાનો ઉદય :

બંગાળમાં અંગ્રેજોએ વેપારનાં મથકો સ્થાપ્યાં હતાં. બંગાળ ફળદ્રુપ અને સમૃદ્ધ પ્રાંત હતો. વળી, આ સમયે મુઘલ સત્તા નબળી પડી હતી. તે બંને બાબતો અંગ્રેજોના લાભમાં હતી. ઇ.સ.1716માં અંગ્રેજોએ નિશ્ચિત રકમ આપીને મલની આયાત-નિકાસ કરવાનો પરવાનો તે સમયના મુઘલ શહેનશાહ પાસેથી મેળવી લીધો હતો. બંગાળ મુઘલ સામ્રાજ્યનો દૂરનો એક પ્રાંત હતો. તેના શાસન માટે મુઘલ બાદશાહે સૂબો (ગવર્નર) નિમતો હતો. તે નઝિમ કે નવાંબ કહેવાતો હતો. ઔરંગઝેબના અવસાન 1707 પછીના બાદશાહો નબળા આવવાથી; એ દૂરના પ્રાંતમાં નવાંબની સત્તાઓ વધવા લાગી. મુર્શિદ કુલિખાન નામના બાહોશ સૂબાના શાસન દરમિયાન આ હોદ્દો વારસાગત બન્યો. ઇ.સ.1740માં અલિવર્દિખાન બંગાળનો નવાંબ બન્યો. તે બહાદૂર લડવૈયો અને કાર્યદક્ષ શાસક હતો. તે ફ્રેન્ચો, ડચ તથા અંગ્રેજ વેપારીઓ પાસેથી મોટી રકમો લઇને તેઓને રક્ષણ આપતો, તેઓની વચ્ચેના ઝઘડા પતાવી આપતો અને કાયદો તથા વ્યવસ્થા જાળવતો હતો.

અલીવર્દીખાન ઇ.સ.1756 માં મરણ પામ્યો. તે અપુત્ર હોવાથી તેની પસંદગી પ્રમાણે તેનો દોહિત્ર સિરાજુદૌલા બંગાળનો નવાંબ બન્યો.

### 2.2.8 પ્લાસીની લડાઇ (ઇ.સ. 1957) :

અલીવર્દીખાનના શાસન દરમિયાન અંગ્રેજોને બંગાળના નવાંબ વચ્ચેના સંબંધો સુમેળભર્યા હતાં, પરંતુ ફ્રેન્ચો સામે રક્ષણ મેળવવાના હેતુથી અંગ્રેજોએ કોલકાતામાં વિશેષ કિલ્લેબંધી કરી. જૂના કિલ્લા ઉપર તોપો મૂકી તથા વધારાની કિલ્લેબંધી માટે નવાંબની રજા લીધી નહીં. તેથી નવાંબ સિરાજુદૌલાએ કોલકાતા પાસેના કાસીમ બજારના અંગ્રેજોના વેપારી મથકના વડા વૉટ્સનને જણાવ્યું કે તેમણે વધારાની કિલ્લેબંધી કરી અને તેના હરીફ તથા વિરોધી રાજાવલ્લભના કુંટુંબીજનોને પોતાને સોંપી દેવા. અંગ્રેજોએ તે સંદેશા તરફ ધ્યાન આપ્યું નહીં.

અંગ્રેજોના તુમાખીભર્યા વર્તનથી યુવાન નવાંબ સિરાજુદૌલા ગુસ્સે થયો. તેણે કાસિમ બજારની કોઠી તથા કોલકાતા નગર કબજે કર્યા. તેથી સલામતી માટે ગવર્નર ડ્રેઇક, અંગ્રેજ સેનાપતિ અને કેટલાંક જાણીતા અંગ્રેજોએ કિલ્લો છોડીને વહાણોમાં આશ્રય લીધો. હોલવેલ નામના એક અંગ્રેજે જણાવ્યું કે 146 અંગ્રેજોને પકડીને એક રાત્રે એક નાની ઓરડીમાં પૂરી દેવામાં આવ્યા. ઘણી ઓછી જગ્યા તથા ગરમીને કારણે તેમાંના 123 જણા શ્વાસ રૂંધાવાથી મરણ પામ્યા. તેમાંથી ફક્ત 23 જણા જીવી શક્યા. આ બનાવ 'કાળી કોટડીના બનાવ' તરીકે ઓળખાય છે.

આ બનાવ અંગ્રેજોને લડાઇ કરવા ઉશ્કેરવાના હેતુથી ઉપજાવી કાઢવામાં આવ્યો હતો. ફક્ત 22 ફૂટ

લાંબી અને 14 ફૂટ પહોળી ઓરડીમાં 146 માણસોને પૂરી રાખવાનું અશક્ય છે. વળી સમકાલીન મુસ્લિમ તવરીખકારોએ તેને ઉલ્લેખ પણ કર્યો નથી. હોલવેલે બઢતી મેળવવા માટે આખી વાત ઉપજાવી કાઢી હતી.

### 2.2.9 ક્લાઈવનું કાવતરું :

કાળી કોટડીના બનાવના સમાચાર ચેન્નાઇ (મદ્રાસ) પહોંચતાં; ત્યાંના અધિકારીઓ ઉશ્કેરાયા અને વેર વાળવા ઉત્સુક થયાં. તેથી ચેન્નાઇના અંગ્રેજ ગવર્નરે બંગાળના અંગ્રેજોને સહાય કરવા રોબર્ટ ક્લાઇવ તથા નૌકા સેનાપતિ વૉટ્સનની આગેવાની હેઠળ સેનાની એક ટુકડી મોકલી ; પરંતુ નવાંબના વિશાળ લશ્કર સામે અંગ્રેજો ટકી શકે એમ ન હતાં. તેથી લડાઇમાં વિજય મેળવવા રોબર્ટ ક્લાઇવે કાવતરું કર્યું. તદ્નુસાર તેણે કોલકાતાનો કબજો ધરાવતા સેનાપતિ માણેકચંદ્ર, ત્યાંના શ્રીમંત શીખ શેઠ અમીચંદ અને ધનિક શરાફ જગત શેઠને કાવતરામાં સામેલ કરી નવાંબ સિરાજુદૌલાના સેનાપતિ મીરજાફરને નવાંબ બનાવવાની લાલચ આપીને ફોડ્યો. પાછળથી અમીચંદે 30 લાખ રૂપિયા માંગ્યા. તે રકમ ન આપવામાં આવે તો કાવતરૂ જાહેર કરી દેવાની ધમકી ઉચ્ચારી. તેથી ક્લાઈવે વૉટ્સનની બનાવટી સહીવાળા ખોટા દસ્તાવેજો બનાવીને અમીચંદને શાંત કર્યો. અમીચંદને તેનાથી સખત આઘાત લાગ્યો. ત્યારથી નાણાં માટે દેશદ્રોહ કરનારને અમીચંદ કહેવાનું રૂઢ બની ગયું છે.

આ રીતે સર્વે પૂર્વતૈયારી કર્યા પછી ક્લાઈવે નવાંબ સિરાજુદૌલા વિરુદ્ધ તે અંગ્રેજ વેપારીને પજવે છે, એવો આક્ષેપ મૂકીને તેની વિરુદ્ધ લડાઇ જાહેર કરી. મુર્શિદાબાદથી 38 કિ.મી. દૂર આવેલા પ્લાસીના મેદાનમાં સિરાજુદૌલાની 50,000 ની સેના સામે અંગ્રેજોની માત્ર 3,200 ની સેના મૂકવામાં આવી. નવાંબનો સેપાપતિ મીરજાફર લડાઇનો દેખાવ કરી, તેના સૈન્ય સાથે લડાઇના મેદાનમાં જતો રહ્યો અને ક્લાઈવના પક્ષે ગયો. લડાઇ ખાસ થઇ નહીં. ક્લાઇવને કાવતરાથી સસ્તી અને નિર્ણાયક જીત મળી. દગો થયો છે એમ જાણી સિરાજુદૌલા લડાઇના મેદાનમાંથી મુર્શિદાબાદ થઇ પટણા નાસી ગયો. તેને ત્યાંથી પકડી લાવીને મીરજાફરના પુત્ર મિરાનની આજ્ઞાથી વધ કરવામાં આવ્યો.

### 2.2.10 મીર જાફર :

પ્લાસીની લડાઇ બાદ મીરજાફરને બંગાળનો નવાબ બનાવવામાં આવ્યો. તેણે બ્રિટીશ કંપનીને ચોવીસ પરગણાનો પ્રદેશ અને એક કરોડ રૂપિયા, કાવતરાખોર ક્લાઇવને 3,34,000 પાઉન્ડ તથા બીજા અધિકારીઓને મોટી રકમો ભેટ આપી. આમ ભારતમાં 1608માં આવ્યા પછી 149 વર્ષે કંપનીએ પ્રથમવાર નાનો પ્રદેશ મેળવ્યો.

પ્લાસીની લડાઇ વાસ્તવમાં લડાઇ નહિ; પરંતુ અંગ્રેજોનું કાવતરું હતું. તેમાં પોતાના લાભ માટે અંગ્રેજો દગો કેવા હિતપતભર્યા કાર્યો કરવાની અધમ કક્ષાએ જતાં; તેનું ઉદાહરણ જોવા મળે છે. પરિણામની દ્રષ્ટિએ પ્લાસીની લડાઇ ઘણી વધારે મહત્ત્વની ગણાય છે. તેના પરિણામે ભારતમાં અંગ્રેજ સત્તાનો પાયો નંખાયો હતો.

### 2.211 મીર કાસિમ :

મીરજાફર કંપનીને ઠરાવેલા હપ્તાની રકમ ચુકવવામાં નિષ્ફળ જતાં અને તેણે ડચ સાથે મળીને અંગ્રેજોને દૂર કરવાનો પ્રયાસ કર્યો. તેથી અંગ્રેજોએ તેના જમાઇ મીરકાસિમને બંગાળનો નવાંબ બનાવી તેની પાસે મદિનાપુર, ચિત્તાગોંગ તથા બર્દવાન પરગણા ભેટ લીધાં. તે સ્વતંત્ર સ્વભાવનો હોવાથી વહીવટમાં અંગ્રેજોની દરમિયાનગીરી ચલાવી લેતો નહીં. અંગ્રેજો જકાત ભર્યા વગર બંગાળમાં માલ લાવવાની પરવાનગી મુઘલ બાદશાહ સાથે સમજૂતી કરીને લાવ્યા હતાં. તેથી દેશી વેપારીઓને નુકશાન થતું. દેશી વેપારીઓને થતો અન્યાય દૂર કરવા મીરકાસિમે બંગાળમાં આયાત થતા બધાં માલ ઉપરની જકાત નાબૂદ કરી. હવે દેશી વેપારીઓ અંગ્રેજોની સ્પર્ધા કરવા લાગ્યા. અંગ્રેજોના નફામાં ઘટાડો

થયો. તેથી નવાંબ પર ગુસ્સે થઇ જૂન 1763માં અંગ્રેજોએ લડાઇ કરી, મીરકાસિમને હરાવી, ભગાડી મૂક્યો.

**2.2.12 બક્સરની લડાઇ (1764) :**

આ અરસામાં મુઘલ બાદશાહ શાહઆલમ બીજો, ઔંધનો નવાંબ સિરાજુદૌલા અને બંગાળનો નવાંબ મીરકાસિમે ભેગા મળીને અંગ્રેજોને હરાવવા સંયુક્ત લશ્કર તૈયાર કર્યું. ઓક્ટોબર 1764 માં બક્સરની લડાઇમાં અંગ્રેજ સેનાપતિ મનરોએ મીરકાસિમ અને ઔંધના નવાંબને હરાવ્યા. સિરાજુદૌલાને 1765માં આખરી પરાજય આપી ઔંધ અંગ્રેજોએ કબજે કર્યું. મુઘલ બાદશાહ અંગ્રેજો સાથે ભળી ગયો. તે સમયના ભારતના સૌથી સમૃદ્ધ પ્રાંત બંગાળમાં અંગ્રેજોની સત્તા સ્થપાઇ. શરૂઆત અંગ્રેજો માટે લાભદાયી સાબિત થઇ.

**2.2.13 અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામ :**

આ દરમિયાન સ્પેને મધ્ય અને દક્ષિણ અમેરિકામાં, ફ્રેન્ચોએ કેનેડામાં, ડચ પ્રજાએ ન્યુ આમ્સ્ટર્ડમમાં અને સ્વિડને ન્યૂજર્સીમાં પોતાની વસાહતો સ્થાપી હતી. અંગ્રેજોએ અમેરિકાના પૂર્વ કિનારે ઉત્તરમાં મેઇનથી દક્ષિણમાં કેરોલીના અને જ્યોર્જિયા સુધીના પ્રદેશો પર બ્રિટીશ વસાહતો સ્થાપી હતી. અમેરિકામાં ઇંગ્લેન્ડનાં કુલ તેર સંસ્થાનો હતાં. તેમાં ઇંગ્લેન્ડના રાજા દ્વારા ગવર્નર નીમવામાં આવતો. ઘણુંખરું પ્રત્યેક સંસ્થાન રાજકીય દ્રષ્ટિએ સ્વાયત્ત એકમ હતું. પ્રત્યેક સંસ્થાનને પોતાની ચૂંટાયેલી ધારાસભા હતી. આ રીતે હકીકતમાં તો સંસ્થાનોનો આંતરિક વહીવટ લોકશાહી સ્વરૂપનો જ હતો. સંસ્થાનો વાસ્તવિક સ્વતંત્રતા ભોગવતાં હોવા છતાં પણ તેમના ઉપર બ્રિટીશ પાર્લામેન્ટ વેપારી અંકુશો મુક્યા હતાં. આ સંસ્થાનોમાંથી આયાત-નિકાસ થતો માલ સંસ્થાનોના અથવા ઇંગ્લેન્ડના વહાણો દ્વારા જ હેરફેર કરી શકાય. વળી, ખાંડ, કોફી, તમાકુ, લોખંડ વગેરે સંસ્થાનોમાં થતો માલ ફક્ત ઇંગ્લેન્ડને જ વેચી શકાતો. તેથી સંસ્થાનોના આર્થિક વિકાસને રૂંધનારા આવા અંકુશો સામે વિરોધ કરવામાં આવ્યો.

બ્રિટીશ પાર્લામેન્ટે અનેક કાયદા ઘડીને વસાહતોની સ્વતંત્રતા પર તરાપ મારી હતી. 5મી સપ્ટેમ્બર, 1773 ના રોજ ફિલાડેલ્ફિયામાં સંસ્થાનોના પ્રતિનિધિઓની મળેલી સભામાં સેમ્યુઅલ એડમ અને જ્યોર્જ વૉશિંગ્ટને પણ હાજરી આપી. આ સભાને હકનું એક જાહેરનામું તૈયાર કર્યું અને સંસ્થાઓના સંઘની સ્થાપના કરી. 10મી મે, 1775ના રોજ બીજી કોન્ટિનેન્ટલ કોંગ્રેસ ફિલાડેલ્ફિયામાં મળી. બધાં સંસ્થાનનું સંયુક્ત સૈન્ય તૈયાર કરવામાં આવ્યું. તેના સરસેનાપતિ તરીકે કર્નલ જ્યોર્જ વોશિંગ્ટનને નીમવામાં આવ્યો. 4 જુલાઇ, 1776ના દિવસે સંસ્થાઓના પ્રતિનિધિઓની સભાએ સ્વતંત્રતાની જાહેરાત કરી.

અમેરિકા સંસ્થાનો તથા ઇંગ્લેન્ડની સરકાર વચ્ચે છ વર્ષ યુદ્ધ ચાલ્યું. (1776-81) ફ્રાંસે અમેરિકાને લશ્કરની મદદ કરી. 18મી ઓક્ટોબર, 1781ના રોજ બ્રિટીશ સેનાપતિ કોર્નવૉલિસે શરણાગતિ સ્વીકારી. 1783માં થયેલ સંધિથી ઇંગ્લેન્ડે અમેરિકાની સ્વતંત્રતાનો સ્વીકાર કર્યો. અમેરિકાનાં 13 બ્રિટીશ સંસ્થાનો સ્વતંત્ર થયાં. આર્થિક વિકાસ કરીને તે નવોદિત રાષ્ટ્ર, કેટલાંક વર્ષો પછી દુનિયાની મહાસત્તા બન્યું. અમેરિકાની આ ક્રાંતિએ વિશ્વની દબાયેલી, કચડાયેલી પ્રજાઓને ક્રાંતિ માટે પ્રેરણા આપી. વળી તેમણે સ્વાતંત્ર્યના જાહેરનામાં દ્વારા દરેક વ્યક્તિની સ્વતંત્રતા અને સમાનતાનો સિદ્ધાંત સ્થાપિત કર્યો.

**2.2.14 ફ્રાંસની રાજ્યક્રાંતિ (1789) :**

અઢારમાં સૈકામાં ફ્રાન્સમાં આપખુદ રાજાશાહી પ્રવર્તતી હતી. તેને લોકહિતની લેશમાત્ર પરવા ન હતી. રાજાઓના વૈભવ-વિલાસનો બેસુમાર ખર્ચનો બોજો આમ જનતા ઉપર પડતો હતો. અનેક

જાતના કરવેરાને લીધે લોકો બેહાલ બની ગયા હતાં. રાજકીય, આર્થિક, તથા સામાજિક અસમાનતાને લીધે નીચલા વર્ગના લોકોનું જીવન પશુ સમાન બન્યું હતું. વિસાલમાં રહેતાં રાજાઓ શાસન તરફ બેદરકાર રહેતાં હતાં. તેને લીધે વહીવટીતંત્રમાં શિથિલતા આવી હતી. સંક્ષિપ્તમાં આપખુદ, સર્વસત્તાધીશ તથા અનિયંત્રિત રાજાશાહી ઉદ્ધત, વિલાસી અને વિશેષાધિકારો ભોગવતી ઉમરાવશાહી ભ્રષ્ટાચારી અને બિનકાર્યક્ષમ વહીવટીતંત્ર તથા અતિશય કરભારણ હેઠળ દબાયેલી અર્ધભૂખમરામાં સબડતી હતી. આમ, જનતા કોઇપણ દેશમાં ક્રાંતિને નોતરવા માટે આ બધી પરિસ્થિતિ પૂરતી હતી.

ફ્રાંસની ક્રાંતિ માટે પ્રેરણા આપવામાં મોન્તેસ્ક, રૂસો અને ડિડેરોનો ફાળો નોંધપાત્ર હતો. યુદ્ધો પાછળ કરવામાં આવેલા પુષ્કળ ખર્ચના પરિણામે અને રાજાના વૈભવી ખર્ચના પરિણામે ફ્રાંસની આર્થિક સ્થિતિ કથળી ગઇ હતી. રૂસો ઉગ્ર સ્વભાવનો, બુદ્ધિશાળી તથા ક્રાંતિકારી વિચારો ધરાવતો લેખક હતો. તેણે સામાજિકકરાર નામનાં પુસ્તકમાં જણાવ્યું કે, ''રાજા જો આપખુદ અને જુલમી બને તો તેને દૂર કરવાનો હક લોકો પાસે છે.''

ફ્રાન્સના રાજા લુઇ 16માં એ સાંસદ બોલાવી 20 જૂન, 1789ના રોજ મળેલ થર્ડ એસ્ટેટના સભ્યોને બંધારણની માંગણી કરી; રાજાએ બંધારણ ઘડવાની રજા આપી. પૅરિસમાં લશ્કરી ટૂકડીઓ મૂકવાથી લોકો ઉશ્કેરાયા. 14 જુલાઇના રોજ લોકોના ટોળાં બેસ્ટાઇલની જેલ પર ધસી ગયા અને કેદીઓને છોડી મૂક્યા. બેસ્ટાઇલનું પતન એ ક્રાંતિનો શકવર્તી બનાવ હતો.

નેશનલ એસેમ્બલીએ સ્વતંત્રતા, સમાનતા અને બંધુતના પાયા પર રચાયેલા માનવહકોનું જાહેરનામું ઘડી તેને કાયદાનું સ્વરૂપ આપ્યું. તેનાથી ઉમરાવો અને ધર્મગુરુઓના વિશેષાધિકારો નાબૂદ થયાં. 'રોટી' ની માગણી કરતાં હજારો સ્ત્રી-પુરુષો અને બાળકોના ટોળા રાજાના વર્સાઇલ્સના મહેલ પર ગયાં અને રાજાને પૅરિસ લઇ આવ્યા. પૅરિસથી ભાગી નીકળેલ રાજા તથા રાણીને ફ્રાંસની સરહદ ઓળંગે તે પહેલાં રાષ્ટ્રિય ચોકિયાતોએ તેમને ઓળખી કાઢ્યા ને પૅરિસ પાછાં બોલાવ્યા. 21 મી જાન્યુઆરી, 1793ના રોજ રાજાને દેહાંતદંડ આપવામાં આવ્યો. તે પહેલા રાષ્ટ્રિય સંમેલને રાજાશાહી નાબૂદ કરી ફ્રાંસને પ્રજાસત્તાક જાહેર કર્યું.

સપ્ટેમ્બર 1793માં પસાર કરેલ એક દાયકા મુજબ; શંકા પરથી જ કોઇપણ વ્યક્તિને પકડીને ગુનો સાબિત કર્યા વગર ક્રાંતિકારી અદાવત તેને ગિલોટીન (દેહાંતદંડ) કરવાનો હુકમ કરી શકતી. દરરોજ શક પરથી પકડીને હતભાગી લોકોને પેરિસની શેરીઓમાંથી લઇ જઇને કતલ કરવામાં આવતી. રાજકીય નેતાઓ પણ કતલમાંથી બાકી ન રહ્યાં. બેસ્ટાઇલના કિલ્લા પર હુમલો કરવામાં આગેવાની લેનાર શ્મૂરિન, ક્રાંતિના મહાન નેતા મેરટ, લોકપ્રિય વક્તા ડેન્ટલ તથા આ કેર વર્તાવવામાં મુખ્ય ભાગ ભજવનાર રોબસ્પિયરને પણ દેહાંતદંડની સજા કરવામાં આવી.

ઇ.સ. 1795 માં રાષ્ટ્રીય સંમેલનનું પતન થયું અને પાંચ સભ્યોની 'ડાયરેક્ટરી' સરકાર અસ્તિત્ત્વમાં આવી. પૅરિસના લોકોનાં ટોળાં પર ગોળીબાર કરીને અનેક માણસોનો સંહાર કરવામાં આવ્યો. ક્રાંતિમાંથી પેદા થયેલી અરાજકતા, સંહારલીલા વગેરેમાંથી ફ્રાંસની પ્રજાને બહાર લાવવા એક યુવાન સેનાપતિ તૈયાર થયો તે હતો નેપોલિયન બોનાપાર્ટ. ક્રાંતિનો અંત આવ્યો અને નેપોલિયન જેવાં સરમુખત્યારે સત્તા હસ્તગત કરી લીધી.

### 2.2.15 નેપોલિયન બોનાપાર્ટ :

ફ્રાંસની રાજ્યક્રાંતિએ નેપોલિયન બોનાપાર્ટનું સર્જન કર્યું હતું. ફ્રેન્ચ ક્રાંતિએ નેપોલિયનને ત્રણ તકો પૂરી પાડી હતી. (1) ઝડપી બઢતી, (2) યુરોપિયન યુદ્ધો તથા (3) અસાધારણ રાજકીય પરિસ્થિતિ. આ બધા સંજોગોનો ઉપયોગ કરીને તે પોતાની અસાધારણ શક્તિઓ વડે એક સામાન્ય સૈનિકના દરજ્જામાંથી ફ્રાન્સના મહાન સમ્રાટના સ્થાન સુધી પહોંચી શક્યો. આ પ્રતિભાશાળી સેનાપતિએ

પંદર વર્ષ (ઇ.સ.1800-1815) સુધી આખા યુરોપને તેના સૈન્યના સામર્થ્ય વડે ધ્રૂજાવ્યું હતું. આ પંદર વર્ષના સમયગાળામાં નેપોલિયન યુરોપના કેન્દ્રસ્થાને રહ્યો હતો. તેથી યુરોપના ઇતિહાસમાં આ સમયને 'નેપોલિયન યુગ' કહે છે.

**2.2.16 સૈનિકમાંથી સમ્રાટ :**

ફ્રાંસના તાબાના કોર્શિકા ટાપુમાં ઇ.સ. 1769માં નેપોલિયનનો જન્મ એક સાધારણ પરિવારમાં થયો હતો. બ્રોને અને પૅરિસની લશ્કરી શાળામાં શિક્ષણ પૂરું કરીને તે તોપખાનામાં અધિકારી તરીકે જોડાયો. ઇ.સ.1795 માં પૅરિસના હુલ્લડ કરતાં ટોળાંને ભગાડી મૂકીને તેણે ક્રાંતિકારી નેતાઓનો વિશ્વાસ સંપાદન કર્યો. તેના ફળસ્વરૂપે ઇ.સ.1796માં તેને ફ્રાંસના લશ્કરના સર્વોચ્ચ વડા તરીકે નીમવામાં આવ્યો. તે પછી તેણે જુદાં જુદાં દેશો સાથેના યુદ્ધોમાં ફ્રાંસને જીત અપાવીને દેશની પ્રતિષ્ઠા વધારી. ઇટાલી પરના હુમલાથી અને ઇજિપ્તમાં મેળવેલી જીતથી નેપોલિયન ત્યાંના લોકોમાં પ્રિય બન્યો. ક્રાંતિ પછી ફ્રાંસમાં અવ્યવસ્થા પ્રવર્તતી ત્યારે ઇ.સ.1799માં નવાં બંધારણ મુજબ તે વહીવટીતંત્રનો પ્રથમ સલાહકાર બન્યો. તેણે ધીરેધીરે દેશની સર્વોપરિ સત્તા હસ્તગત કરી લીધી. ઇ.સ. 1804માં તે ફ્રાંસનો સમ્રાટ બન્યો. રાજાશાહી નાબૂદ કરનાર ફ્રાંસની પ્રજાએ થોડાં વર્ષ પછી સમ્રાટપદને પુનર્જિવિત કર્યું. પોપે પણ નેપોલિયનના સમ્રાટપદને માન્ય રાખ્યું તથા તાજ અને રાજદંડ તેને અર્પણ કર્યાં. નેપોલિયને ઇ.સ. 1804 થી 1814 સુધી ફ્રાંસનું સમ્રાટપદ ભોગવ્યું.

**2.2.17 રાજ્ય વિસ્તાર અને પરાજય :**

નેપોલિયને ફ્રાંસના સમ્રાટ બન્યા પછી; પોતાની મહાત્ત્વાકાંક્ષાને સંતોષવા માટે યુરોપના જુદાં જુદાં દેશો પર ચડાઇઓ કરી. તેણે ઓસ્ટ્રિયાને ત્રણ વાર પરાજય આપ્યો. પશ્ચિમી યુરોપના ઘણાંખરા દેશો પર ચડાઇઓ કરીને તેણે વિજય મેળવ્યાં ને તે દેશમાં પોતાની સત્તા સ્થાપી. રશિયા પર ચડાઇ કરવાનો નિર્ણય કરીને નેપોલિયનને તેના જીવનની ઘણી મોટી ભૂલ કરી ! પરંતુ ભાવિ ભૂલાવે છે. રશિયા પર આક્રમણ કર્યા બાદ મોસ્કોના લોકોએ ધીકતી ધરાની નીતિનો અમલ કર્યો. ત્યાંની સખત ઠંડી અને ભૂખમરો વગેરેના કારણે તેનું સૈન્ય છિન્ન ભિન્ન થઇ ગયું. ઇ.સ. 1815 માં વોટરલૂના યુદ્ધમાં તેનો પરાજય થયો. તેને કેદ કરીને સેન્ટ હેલીના ટાપુમાં રાખવામાં આવ્યો. ત્યાં 1821 માં મૃત્યુ પામ્યો.

**2.2.18 ઔદ્યોગિક ક્રાંતિ :**

છેલ્લા બસો વર્ષથી માનવીની જીવન પદ્ધતિમાં જે નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે; તેનો યશ વૈજ્ઞાનિક શોધખોળને ફાળે જાય છે. આજના યંત્રયુગમાં આપણે ખેતી, ઉદ્યોગ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર અને સંરક્ષણ માટે યંત્રોનો ઉપયોગ કરીએ છીએ. માનવીના જીવનના દરેક પાસામાં, જીવનની જરૂરિયાતો તથા ગૃહોપયોગી વસ્તુઓમાં યંત્રોનો ઉપયોગ થાય છે. આપણે યંત્રયુગમાં જીવીએ છીએ. આ બધાં લાભ ઔદ્યોગિક ક્રાંતિને આભારી છે.

વિજ્ઞાને ઔદ્યોગિક ક્રાંતિને નોતરી એમ કહી શકાય. 18મી સદીના ઉત્તરાર્ધમાં અનેક વૈજ્ઞાનિક અને યાંત્રિક શોધખોળો થઇ. તેમાં ફ્લાઇંગ શટલ, વોટરફ્રેમ, સ્ટીમ એન્જીન, સ્ટીમર વગેરે ક્રાંતિના સર્જકો કહેવાય છે. વિજ્ઞાનની સહાય વગર આ ક્રાંતિ થઇ ન હોત. વૈજ્ઞાનિક શોધખોળોનો ઉપયોગ ઔદ્યોગિક ઉત્પાદન વધારવા માટે અને યાંત્રિક પદ્ધતિઓ અપનાવવા માટે થવા લાગ્યો. આ શોધોએ દુનિયાના દેશોની અવરજવર સરળ બનાવી દીધી.

**કાપડ ઉદ્યોગ :**

ઇ.સ.1760 ના અરસામાં ઇંગ્લેન્ડમાં યાંત્રિક શોધળોળોનો આરંભ કાપડ ઉદ્યોગથી થયો. માણસ આખા દિવસમાં જેટલું કાંતિ શકતો; તેનાં કરતાં ઘણું વધારે જૉન કેની ફ્લાઇંગ શટલ અને જેમ્સ હારગ્રીવ્સની સ્પિનિંગ જેનીની શોધથી કાંતવા લાગ્યો. ઇ.સ. 1769 માં રિચાર્ડ આર્કરાઇટે 'સ્પિનિંગ મશીન'ની શોધ કરી, તેને 'વોટરફ્રેમ' કહે છે. ઇ.સ. 1779માં સેમ્યુઅલ કોમ્પટને સ્પિનિંગ મ્યૂલની શોધ કરી. તેનાથી ઝીણા અને મજબૂત તાર ઝડપથી ઓછા ખર્ચે કાંતવાનું શક્ય બન્યું. ઇ.સ. 1785માં

એડમંડ કાર્ટરાઈટે પાવરલુમ-યાંત્રિકશાળાની શોધ કરી. એલિ વ્હિટનીએ રૂમાંથી કપાસિયા છૂટાં પાડે એવા કોટન જિનની શોધ કરી. આ બધી શોધોએ કાપડ ઉદ્યોગમાં ક્રાંતિ કરી.

### 2.2.19 વાહન વ્યવહાર :

ઉદ્યોગોના વિકાસ માટે વાહનવ્યવહારની સુધારણા થવી જોઈએ. સારા રસ્તાઓ, નહેરો, પુલો, રેલવે તથા સ્ટીમરની શોધથી ઔદ્યોગિક ક્રાંતિને વેગ મળ્યો. સ્કોટલેન્ડના વતની મેકડોમે ગ્રેનાઈટ જેવાં પથ્થરોનો ઉપયોગ રસ્તા બાંધવામાં કર્યો અને ટેલફોર્ડે આ પથ્થરોનો ઉપયોગ પુલ બાંધવામાં કર્યો. ઇ.સ. 1830 સુધીમાં આંતરિક જળમાર્ગ માટે ઇંગ્લેન્ડમાં બે હજાર માઈલના નહેરમાર્ગો બાંધવામાં આવ્યાં.

વાહનવ્યવહારમાં સ્ટીમ એન્જિનની શોધ મહત્ત્વની ગણાય છે. તેની બનાવટમાં પ્રથમ ફાળો આપનાર રિચાર્ડ ટ્રિવિથિક હતો ; પરંતુ તેનો યશ જ્યોર્જ સ્ટીવન્સનને મળ્યો. ઇ.સ. 1830 માં તેણે લોકોમોટિવ રેવલે એન્જિનનો ઉપયોગ કર્યો. વિશ્વની સૌ પ્રથમ રેલવે લિવરપુલ અને માંચેસ્ટર વચ્ચે દોડાવવામાં આવી. ઇ.સ. 1807 માં રોબર્ટ ફલ્ટને સ્ટીમબોટની શોધ કરી. તેના પરિણામે રેલવે અને સ્ટીમરનો વિકાસ થયો અને ઔદ્યોગિક ક્રાંતિને વેગ મળ્યો. ઇ.સ. 1855 માં લોખંડમાંથી પોલાદ બનાવવાની શોધ થઈ. ઇ.સ. 1765 માં જેમ્સ વોટે વરાળયંત્રની શોધ કરી. તેનો ઉપયોગ રેલવે, સ્ટીમર અને છાપખાનામાં થવા લાગ્યો.

ગાલ્વેની અને વૉલ્ટા નામના વૈજ્ઞાનિકોએ વીજળીના તમામ શક્તિ અંગેના જ્ઞાનનો વિકાસ કર્યો. તે પછી સેમ્યુઅલ મોર્સે ઇલેક્ટ્રિક ટેલિગ્રાફ, એલેક્ઝાંડર ગ્રેહામબેલે ટેલિફોન અને માર્કોનીએ વાયરલેસ ટેલિગ્રાફની શોધ કરી. આ બધાં સાધનો ઔદ્યોગિક ક્રાંતિ માટે ઉપકારક થયાં.

### 2.2.20 પરિણામો :

ઔદ્યોગિક ક્રાંતિના પરિણામો સારા તથા અનિષ્ટ એમ બંને પ્રકારના આવ્યાં છે. તેનાથી માનવીનું જીવન વધારે સમૃદ્ધ, સુવિધાયુક્ત, ફુરસદપ્રદાન અને સુગમ બન્યું. વધુ ફુરસદનો ઉપયોગ સાહિત્ય, કલા, ચિંતન તથા વિજ્ઞાનના વિકાસ માટે કરવામાં આવ્યો. ઔદ્યોગિક ક્રાંતિથી સ્વતંત્ર કારીગરો બેકાર બન્યા અથવા તેઓ કારખાનામાં મજૂર બન્યાં. તેથી સમાજમાં માલિકો અને મજૂરોના બે નવાં વર્ગો અસ્તિત્વમાં આવ્યાં. તેનાથી મૂડીવાદી અર્થવ્યવસ્થાનું સર્જન થવાથી શ્રીમંતો વધુ શ્રીમંત અને ગરીબો વધારે ગરીબ બન્યાં. આ ક્રાંતિથી ગૃહઉદ્યોગો નાશ પામ્યાં. તેઓ રોજીની શોધમાં શહેરોમાં જવાથી ગામડાં ઉજ્જડ બન્યાં. સંયુક્ત કુટુંબવ્યવસ્થા તૂટી અને કુટુંબો વિભક્ત થયાં. શહેરોમાં વસ્તીનો વધારો થવાથી મકાનોની તંગી પેદા થઇ. તેથી લોકોએ ગંદી ચાલીઓમાં વસવાટ કરવો પડ્યો. તેનાથી આરોગ્યની સમસ્યાઓ પેદા થઇ.

આ ક્રાંતિને લીધે સમાજમાં માલિકો અને મજૂરોના નવાં વર્ગો પેદા થયા. માલિકો સોળ કલાક કામ કરાવીને મજૂરોનું શોષણ કરતાં. ધીમે ધીમે મજૂરોમાં જાગૃતિ આવી. તેઓ સંગઠિત થયા. તેમણે મજૂર સંઘો સ્થાપીને યોગ્ય વેતન, કામના કલાકોમાં ઘટાડો, વૈદકીય સેવા વગેરે માટે આંદલનો કર્યાં. પોતાની માંગણીઓ સ્વીકારવા સભા, સરઘસ, હડતાળ વગેરેનો આશરો લીધો. તેથી કામદાર કલ્યાણના કાયદા કરવામાં આવ્યા. આ પરિસ્થિતિનો ઉકેલ શોધવા જર્મન ચિંતક કાર્લ માર્કસે સમાજવાદનો રાહ ચીંધ્યો. તેણે શ્રમજીવીઓની સરમુખત્યારશાહી સ્થાપવા જણાવ્યું.

## 2.3 ઉપસંહાર

સામાજિક પરિવર્તન માટે પશ્ચિમી ઇતિહાસની વિચારધારાની ઘણી જ અસર પડી છે. ભારતમાં પોર્ટુગીઝોનું આગમન તેમની વસાહતો તેમજ ભારતમાં અંગ્રેજોના આગમન બાદ, ભારતમાં ફ્રેંચોનું આગમન અને ભારતમાં બ્રિટીશ સત્તાનો ઉદય, અમેરિકન સ્વતંત્ર સંગ્રામ, ફ્રાંસની વાજક્રાંતિ, ઔદ્યોગિક ક્રાંતિ વગેરેની ખૂબ જ સારી અને ખરાબ અસર આપણને જોવા મળી છે. સમાજકાર્યનો પરિચય મેળવતા પહેલાં આ ઇતિહાસ જાણવો ખૂબ જ જરૂરી છે. જેના દ્વારા વિદ્યાર્થીઓને પશ્ચિમી સંસ્કૃતિની અસર કઈ રીતે થઈ તેનો વિશેષ પરીચય મેળવ્યો છે. ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે

ઔદ્યોગિકરણ શહેરીકરણના કારણે અનેક સામાજિક અને માનસિક, કૌટુંબિક સમસ્યાનો ઉદ્‌ભવ થયો. મેરીરિચમન્ડ એ સમાજકાર્યનો વ્યવસાય દુઃખો ઘટાડવાનો અને વ્યક્તિઓ, કુટુંબો, જૂથો અને સમુદાયોના જીવનની ગુણવત્તા સુધારવાનો પ્રયત્ન કરે છે. પશ્ચિમના દેશોમાં આ ભાવપ્રેરિત મદદકર્તા પ્રવૃત્તિએ વ્યવસાયનું સ્વરૂપ લીધું છે. સમસ્યાગ્રસ્ત વ્યક્તિ પોતે પોતાની સમસ્યાનું સમાધાન કરી શકે તે માટે તેને સક્ષમ કરવાની વૈજ્ઞાનિક પ્રવૃત્તિ તરીકે તેનો વિકાસ શરૂ થયો. અહીં સમાજકાર્યની શરૂઆત પશ્ચિમના દેશોમાંથી આજે વિશ્વના દેશોને લાભ થયો છે.

## 2.4 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. ફારસી ભાષામાં ફિરંગીનો અર્થ શું થાય છે ?
   - (A) ફીરંગી  (B) પોર્ટુગીઝો
   - (C) યુરોપના લોકો  (D) ઉપરોક્ત તમામ
2. ભારતમાં પોર્ટુગીઝોના પ્રદેશનો પ્રથમ ગવર્નર કોણ હતો ?
   - (A) આલ્મેડા  (B) વાસ્કો-દ-ગામા
   - (C) આલ્બુકર્ક  (D) ડચ
3. ફ્રેન્ચ ક્રાંતિએ નેપોલિયનને કઈ ત્રણ તકો પુરી પાડી હતી ?
   - (A) ઝડપી બઢતી
   - (B) અસાધારણ રાજકીય પરિસ્થિતિ
   - (C) યુરોપિન યુદ્ધો
   - (D) ઉપરોક્ત તમામ
4. કાપડ ઉદ્યોગની શરૂઆતમાં ઇંગ્લેન્ડમાં કઈ સાલથી થઈ ?
   - (A) 1760  (B) 1670
   - (C) 1860  (D) 1685
5. જેમ્સ વોટે શેની શોધ કરી હતી ?
   - (A) વરાળયંત્ર  (B) સ્ટીમબોટ
   - (C) સ્ટીમર  (D) ટેલિગ્રામ

## 2.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (C) યુરોપના લોકો
2. (A) આલ્મેડા
3. (D) ઉપરોક્ત તમામ
4. (A) 1760
5. (A) વરાળયંત્ર

## 2.6 ચાવીરૂપ શબ્દો :

- **આલ્બુ કર્ક :** ભારતમાં ફિરંગીઓનો બીજો ગવર્નર હતો.
- **ડચ :** હેલેન્ડના લોકો 'ડચ' કહેવાય છે.
- **નેપોલિયન બોનાપાર્ટ :** સામાન્ય સૈનિકના દરજ્જામાંથી ફ્રાન્સના મહાન સમ્રાટ બન્યા.
- **ઔદ્યોગિક ક્રાંતિ :** વૈજ્ઞાનિક અને યાંત્રિક શોધખોળ જેનો ઉપયોગ ઉત્પાદન વધારવા અને યાંત્રિક પદ્ધતિની અપનાવવા માટે થાય છે.

## 2.7 સ્વાધ્યાય લેખન (Assignment)

1. આલ્બુ કર્કનો પરિચય આપો વિસ્તૃતમાં વર્ણવો.

.................................................................................

.................................................................................

.................................................................................

2. ફ્રાંસની રાજક્રાંતિ વિસ્તૃતમાં વર્ણવો.

.................................................................................

.................................................................................

.................................................................................

3. અમેરિકન સ્વાતંત્ર સંગ્રામ વિસ્તૃતમાં વર્ણવો ?

.................................................................................

.................................................................................

.................................................................................

## 2.8 પ્રવૃત્તિ (Activities)

- ઔદ્યોગિક ક્રાંતિ, વાહનવ્યવહાર, કાપડ ઉદ્યોગ વગેરેની શરૂઆત સાલ, થયેલ શોધ, વૈજ્ઞાનિકનું નામ દર્શાવતું કોષ્ટક તૈયાર કરો.
- ભારતમાં અંગ્રેજોનું આગમન સાલ પ્રમાણે વર્ણવો.

## 2.9 કેસસ્ટડી (Case Study)

- મીર જાફર વિશે વિસ્તૃત પરિચય આપો.
- મીર કાસિમવિશે વિસ્તૃત પરિચય આપો.
- નેપોલિયન બોનાપાર્ટનો વિસ્તૃત પરિચય આપો.

## 2.10 સંદર્ભગ્રંથ


1. સમાજશાસ્ત્રનો પરિચય : ડૉ. અનિલ એસ. વાઘેલા,
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત,
આવૃત્તિ : 2005

2. ભારતીય સમાજનો પરિચય : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે,
અનડા પ્રકાશન - અમદાવાદ,
આવૃત્તિ : 2007

3. પશ્ચિમી દુનિયા : ડૉ. આર. કે. ધારૈયા, ડૉ. એસ. વી. જાની, ડૉ. પી. જી. કોરાટ, ડૉ. સલીમ એન. કાઝી, ડૉ. ડી. વી. ભટ્ટ, ડૉ. એમ. બી. શાહ,
સી. જમનાદાસ કંપની - અમદાવાદ,
આવૃત્તિ : 2006

4. જગતના ઇતિહાસના વિવિધ પ્રવાહો : ડૉ. જયકુમાર શુક્લ,
ગૂર્જર પ્રકાશન - અમદાવાદ,
આવૃત્તિ : 2006

| એકમ-3 | સમાજકાર્યની શરૂઆત |
|---|---|

## : એકમનું માળખું :


3.0 એકમના હેતુઓ

3.1 પ્રસ્તાવના

3.2 ઇંગ્લેન્ડમાં સમાજકાર્ય

3.3 અમેરિકામાં સમાજકાર્ય

3.4 ભારતમાં સમાજકાર્ય

3.5 ભારતમાં સમાજ સુધારકોનો સમાજકલ્યાણ પ્રત્યે ફાળો અને સામાજિક ચળવળ

3.6 સ્વાતંત્રોત્તર સમયગાળો અને રાજ્યની પ્રવૃત્તિઓ ભારતના સંદર્ભમાં

3.7 ઉપસંહાર

3.8 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

3.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

3.10 ચાવીરૂપ શબ્દો (Glossary)

3.11 સ્વાધ્યાય લેખન (Assignment)

3.12 પ્રવૃત્તિ (Activities)

3.13 કેસસ્ટડી (Case Study)

3.14 સંદર્ભગ્રંથ (Further Readings)


### 3.0 એકમના હેતુઓ

પ્રસ્તુત એકમના હેતુઓ નીચે મુજબ છે.

- વિદ્યાર્થીઓને સમાજકાર્યની શરૂઆતનો ઐતિહાસિક પરિચય મળશે.
- ઇંગ્લેન્ડ, અમેરિકા અને ભારતમાં સમાજકાર્યનો ઐતિહાસિક પરિચય વિદ્યાર્થીઓને મળશે.
- ભારતમાં સમાજ સુધારકોનો સમાજકલ્યામાં ફાળો અને સામાજિક ચળવળ વિશે વિદ્યાર્થીઓને જ્ઞાન પ્રાપ્ત થશે.
- વિદ્યાર્થીઓને સ્વાતંત્ર્યોત્તર સમયગાળો અને રાજ્યની પ્રવૃત્તિની પ્રવૃત્તિઓ ભારતનાં સંદર્ભમાં જાણવા મળશે.

### 3.1 પ્રસ્તાવના

પ્રાચીનકાળમાં અપંગો, અશક્તો, વૃદ્ધો, નિઃસહાયો તથા ગરીબોની જવાબદારી કુટુંબ, જ્ઞાતિ, સમૂદાય અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા ઉઠાવવામાં આવતી હતી. પરંતુ આધુનિક યુગમાં ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને વિકાસની પ્રક્રિયાએ અનેક નવી જટીલ સમસ્યાઓ ઉભી કરી. જેમનો ઉકેલ પ્રાચીન સામાજિક સંસ્થાઓ દ્વારા અશક્ય બન્યો. પરિણામે આ સમસ્યાઓના યથાર્થ ઉકેલ માટે વિવિધ પ્રકારનાં સમાજવિજ્ઞાનોનાં જ્ઞાન તથા વૈજ્ઞાનિક પદ્ધતિઓની આવશ્યકતા ઉભી થઇ. વ્યક્તિ, જૂથ કે સમૂદાયને તેમની સમસ્યાઓના ઉકેલમાં મદદરૂપ થવામાં ઉપકાર, પરમાર્થ કે ઋણ અદા કરવાની ભાવનાને બદલે તેને એક સામાજિક જવાબદારી સમજવામાં આવી. એટલું જ નહીં, દરેક વ્યક્તિને સમાજમાં તેનું ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત થાય એ નાગરિક તરીકેનો તેનો મૂળભુત અધિકાર છે એવું

માનવાંની શરૂઆત થઇ. તેમાંથી જ કાળક્રમે મદદ કરવાની માનવીની સાહજિક વૃત્તિએ વ્યવસાયનું રૂપ લીધું. ઔદ્યોગિક ક્રાંતિથી સર્જાયેલી સમસ્યાઓના ઉકેલ માટે ઇંગ્લેન્ડમાં સમાજકાર્યની શરૂઆત થઇ. ત્યારબાદ અમેરિકામાં તેનો વધુ વિકાસ થયો છે. વ્યાવસાયિક સમાજકાર્યને સમજવા 1936થી ભારતમાં શરૂઆત થઇ છે. આધુનિક સમાજકાર્યનો ઉદ્ભવ અને વિકાસ ઇંગ્લેન્ડ અમેરિકામાં થયો છે. એટલે તેના ધ્યેયો અને ઉદ્દેશોનો વિચાર, એના પાયાના મૂલ્યો અને માન્યતાઓ, વ્યક્તિના વ્યક્તિત્વનું સન્માન, આત્મનિર્ણયનો અધિકાર, સર્વ માટે સમાન તકો, તથા સમાજકલ્યાણમાં વ્યક્તિ-સમાજની પરસ્પરની જવાબદારીના માળખામાં જ વિચારી શકાય છે.

## 3.2 ઇંગ્લેન્ડમાં સમાજકાર્ય

ઇંગ્લેન્ડમાં સમાજકાર્યના ઇતિહાસને ચાર ભાગમાં વહેંચવામાં આવે છે.

1. અવિવેકપૂર્ણ દાનનો યુગ.

2. યોગ્ય ગરીબો માટે સહાયતા તથા શારીરિક સ્વસ્થ વ્યક્તિઓને સહાયતાનો યુગ

3. સમન્વય તથા નિયંત્રણનો યુગ.

4. આવક અનુરક્ષણ યુગ.

ઉપરોક્ત ચાર ભાગોની વિસ્તૃત માહિતી આ પ્રમાણે દર્શાવી શકાય છે.

### 3.2.1 અવિવેકપૂર્ણ દાનનો યુગ :

14 મી સદી સુધી ગરીબો, અપંગો તથા અનાથોને ભિક્ષા આપવી એ એક પુણ્યનું કામ માનવાંમાં આવતું. ચર્ચનું મુખ્ય કામ ગરીબોને કામ આપવાનું તથા સહાયતા કરવાનું હતું. આ સહાયતા સંબંધી કાર્યની જવાબદારી મુખ્યત્વે પાદરીઓ, સ્થાનિક પાદરીઓ, તથા પાદરીઓની નીચેના સ્તરના ડેકન્સના નામે ઓળખાતા અધિકારીઓની હતી. ખ્રિસ્તી ધર્મને રાજધર્મનો દરજ્જો મળ્યો હોવાથી ચર્ચમાં ગરીબો માટે સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી. જે અનાથો, વૃદ્ધો, રોગીઓ અને અપંગોની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરતી હતી. સાથે સાથે બેઘર લોકોને આશ્રય પણ આપતી. જેનાથી ભિક્ષાવૃત્તિમાં વધારો થયો. રાજ્યને આ બાબત સારી ન લાગી. એક ઐતિહાસિક ઉલ્લેખ અનુસાર ઇ.સ. 1839 માં ગરીબોની સહાયતા માટે ઇંગ્લેન્ડમાં તથા વર્લ્સની 1.53 લાખ 57 હજારની વસ્તીમાં ગરીબો પાછળ આટલો બધો ખર્ચ કરવા છતાં તેનાથી કોઇ ફાયદો થયો નહીં.

### 3.2.2 યોગ્ય ગરીબો માટે સહાયતા તથા શારીરિક સ્વાસ્થ્ય

ઇ.સ. 1349 માં કિંગ એડર્વ દ્વારા આદેશ આપવામાં આવ્યો કે શારીરિક રીતે હૃષ્ટપૃષ્ટ દરેક વ્યક્તિ કોઇને કોઇ કામ ફરજીયાત રીતે અવશ્ય કરે. પોતાના ઘર સિવાય અન્યના ઘરે કામ કરે. આ એક એવો પ્રથમ પ્રયાસ હતો જેમાં ગરીબો માટે ગરીબ વ્યક્તિને જવાબદાર માનવાંમાં આવી. શારીરિક રીતે સક્ષમ વ્યક્તિઓને ભિક્ષા પર આધારિત રહેવાને બદલે કામ કરવા માટે ફરજીયાત ગણવામાં આવ્યા. ઇ.સ.1531માં હેનરી કાયદા દ્વારા ભિખારીઓ માટે નોંધણી જરૂરી માનવાંમાં આવી અને તેઓને ચોક્કસ ક્ષેત્રઘર ભિક્ષા માંગવા માટેનું લાયસન્સ આપવામાં આવ્યું. આ કાયદા અનુસાર નગર પ્રમુખ તથા જ્ઞાતિ ન્યાયાધીશોને આદેશ આપવામાં આવ્યો કે તેઓ કામ કરવા માટે અસમર્થ તથા વૃદ્ધો ગરીબોના પ્રાર્થના પત્રોની ઓળખ કરે, તેની નોંધણી કરે અને તેમને એક નિર્ધારિત ક્ષેત્રમાં ભિક્ષા માંગવા માટેનું લાયસન્સ આપવામાં આવે. હેનરી દ્વારા ચર્ચની સંપતિ જપ્ત કરવામાં આવતાં ભિખારીઓની સહાયતા માટે બીજી પદ્ધતિ અપનાવવાની આવશ્યકતા પેદા થઇ. જેમાં ઇ.સ.1532માં કારીગરોના કાનુન દ્વારા મજૂરો તથા કામ કરનારાઓનો સમય નિશ્ચિત કરવામાં આવ્યો. ઇ.સ.1536માં પ્રથમવાર ઇંગ્લેન્ડ સરકાર દ્વારા ગરીબોની સહાયતા માટે એક યોજના બનાવવમાં આવી. એવાં ગરીબો કે જેઓ 3 વર્ષની કાઉન્ટમાં રહે છે તેમના નિવાંસ સ્થાનોની નોંધણી કરવામાં આવી. ચર્ચ દ્વારા નિવાંસીઓ દ્વારા ધન એકત્રિત કરી નિવાંસમાં વસવાટ કરતાં અન્ય અસમર્થ ગરીબોના પાલન પોષણ માટે ધનની વ્યવસ્થા કરવામાં આવી. 5 થી 14 વર્ષના રખડતાં આળસુ બાળકોને તેમનાં માતા-પિતા પાસેથી લઇ પ્રશિક્ષણ માટે શિક્ષકોને સોંપવામાં આવ્યા. આ ઉપરાંત દાનના ઉપયોગ અંગેનો કાયદો બનાવવામાં આવ્યો. જેમાં જેલના કેદીઓને મુક્તિ, ગરીબોને સહાયતા, શિક્ષણની વ્યવસ્થા, અનાથોની દેખભાળ તથા પ્રશિક્ષણ જેવી બાબતોને પ્રાધાન્ય આપવામાં આવ્યું. ઇ.સ. 1576માં સુધારગૃહ સ્થાપિત કરવામાં આવ્યા. જેમાં ખાસ કરીને તંદૂરસ્ત ગરીબો તથા યુવકો પાસે ફરજીયાત કામ કરાવવામાં

આવતું. ગરીબો માટે ઈ.સ. 1607માં એલીઝાબેથ Law ઘડવામાં આવ્યો જેને '43-એલીઝાબેથ' તરીકે ઓળખવામાં આવે છે. આ કાયદાની મુખ્ય જોગવાઈ આ પ્રમાણે છે.

પૂઅર લો દ્વારા ત્રણ પ્રકારના ગરીબોને સહાયતા કરવાની વ્યવસ્થા કરવામાં આવી; જે નીચે મુજબ છે.

**(1) સ્વસ્થ શરીરવાળા ગરીબો :** સ્વસ્થ શરીરવાળા ગરીબો તથા ભીખારીઓને સુધારગૃહ તથા કાર્યગૃહોમાં કામ કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું.

**(2) શક્તિહિન ગરીબો :** કાર્ય કરવા માટે અસમર્થ, રોગી, વૃદ્ધ, અપંગ, બહેરા, મૂંગા બાળકો, નાની ઉંમરે માતા બનતી સ્ત્રીઓ વગેરેને જીવનજરૂરી પ્રાથમિક સુવિધા, અન્ન, વસ્ત્ર, રહેઠાણ આપવામાં આવ્યું અને તેમના માટે સુધારગૃહની વ્યવસ્થા કરવામાં આવી.

**(3) આશ્રિત બાળકો :** અનાથ, માતા-પિતા દ્વારા ત્યજાયેલ અને ગરીબ માતા-પિતાના બાળકોનો સમાવેશ આ શ્રેણીમાં થાય છે. તેમને એવા નાગરિકો સાથે રહેવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે કે જેઓ સરકાર પાસેથી તેમના પાલન પોષણ માટે ઓછામાં ઓછા પૈસાની માંગણી કરે.

ઈ.સ. 1662માં વસ્તી માટે કાનુન બનાવવામાં આવ્યો. (સેટલમેન્ટ એક્ટ). આ કાયદા દ્વારા શાંતિના ન્યાયાધીશોને અધિકાર આપવામાં આવ્યો કે તેઓ સ્થળાંતર કરીને નવી જગ્યા પર આવેલ વ્યક્તિને તેના મૂળ સ્થાને મોકલી શકતાં, પરંતુ આવા ગરીબો નિરીક્ષકો માટે ભવિષ્યમાં બોજરૂપ બનતા.

1696માં કાર્યઘર કાનુન (વર્ક હાઉસ એક્ટ) બનાવવાથી બ્રિસ્ટલ તથા અન્ય શહેરોમાં કાર્યઘરોની સ્થાપના કરવામાં આવી.

1712માં નિરીક્ષકોને ઉત્પાદનકર્તાઓ સાથે કામ કરવા માટે ઈચ્છુક ગરીબો વચ્ચે સંકલન કરવાનો અધિકાર આપવામાં આવ્યો.

1782 માં નિર્ધન કાનુન સંશોધન અધિનિયમ બનાવવામાં આવ્યો. જેને ગિલબર્ટ કાનુન તરીકે પણ ઓળખવામાં આવે છે. એ અંતર્ગત કાર્યગૃહોની ઠેકેદારી વ્યવસ્થા નાબૂદ કરવામાં આવી. ગરીબોના નિરીક્ષકોના સ્થાને વેતન મેળવતા નિરીક્ષકોની નિમણૂંક કરવામાં આવી.

### 3.2.3 સમન્વય તથા નિયંત્રણનો યુગ

ઈ.સ. 1832માં પુઅર લૉ વહીવટ તથા વ્યવહારિક કાર્ય વિધિની દેખભાળ માટે શાહી આયોગની નિયુક્તિ કરવામાં આવી. આ આયોગના સચિવ એડવિન હતાં. આ આયોગે એવું જણાવ્યું કે ગરીબોને સહાયતા દ્વારા બાળકે તથા સ્વસ્થ શરીરવાળા વ્યક્તિઓને પ્રેરણા મળવાથી ભિક્ષાવૃત્તિને પ્રોત્સાહન મળે છે. જેથી આ આયોગ દ્વારા નીચે પ્રમાણેના સૂચનો કરવામાં આવ્યાં.

- આંશિક સહાયતા નાબૂદ કરવામાં આવે.
- સહાયતા પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવનાર તમામ સક્ષમ લોકોને કાર્યઘરમાં મૂકવામાં આવે.
- માત્ર રોગી, વૃદ્ધ, અશક્ત, નવજાત શિશુઓની માતાઓના ઘરે સહાયતા આપવામાં આવે.
- વિવિધ નિવાંસોમાં સહાયતા સંબંધી કાર્યો એકત્રિત કરી નિર્ધન કાનુન સંગ અંતર્ગત સંગઠન બનાવવામાં આવે.
- સહાયતા મેળવનાર વ્યક્તિઓની પાત્રતા કામ કરનાર લોકોની સરખામણીએ નીચે આપવામાં આવે.
- નિયંત્રણ સ્થાપિત કરવા માટે એક કેન્દ્રિય પરિષદની સ્થાપના કરવામાં આવે.

દર્શાવેલ સૂચનોના આધાર પર ઈ.સ. 1834માં નવોં પૂઅર લૉ બનાવવામાં આવ્યો. જેમાં શારીરિક રીતે સ્વસ્થ શરીરવાળા લોકોને રાખવા સહરક્ષક પરિષદ દ્વારા પ્રસારિત ગરીબ કાનુન સંઘોનું નિર્માણ કરવું. ઉપરાંત ગરીબોની સહાયતાના ક્ષેત્રમાં એકરૂપતા પૂર્ણ નિતિના નિર્ધારણ માટે સ્થાયી શાહી નિર્ધન કાનુન આયોગ બનાવવાની જોગવાઈઓ હતી. ઈ.સ. 1869માં દાનસહાયતા સંગઠન અને ભિક્ષાવૃત્તિ દમન સમિતિની રચના લંડનમાં થઈ. જેનું નામ કેટલાંક વર્ષો બાદ બદલાવીને 'દાન સંગઠન સમિતિ' એવું રાખવામાં આવ્યું.

### 3.2.4 આવક અનુરક્ષણ યુગ

આ યુગનું વિવરણ બે ભાગમાં કરવામાં આવે છે જે આ પ્રમાણે છે.

**બેવરીજ રિપોર્ટ પહેલા :**

ઇ.સ. 1905 માં લોર્ડ હેમિલ્ટનની અધ્યક્ષતામાં નિર્ધન કાનુન તથા દુ:ખ નિવારણ શાહી આયોગની રચના કરવામાં આવી. આ આયોગના સૂચનો અનુસરણમાં 1905 માં બેકાર કારીગર અધિનિયમ પસાર કરવામાં આવ્યો. જેના આધારે સ્થાનિક દુ:ખ નિવારણ સમિતિ દ્વારા બેકારોને સહાયતા કરવાની જોગવાઇ હતી. 1911માં રાષ્ટ્રીય વિમા કાયદો બનાવવામાં આવ્યો. જેમાં નીચી આવક ધરાવતા સમુહના શ્રમિકોને અનિવાંર્યપણે સ્વાસ્થ્ય વિમા અંતર્ગત સમાવવામાં આવ્યાં. 1925માં વિધવા, અનાથ, વૃદ્ધાવસ્થા, પેન્શન અધિનિયમ પસાર કરવામાં આવ્યો. જે અંતર્ગત 65 વર્ષની ઉંમર કરતાં વધુ ઉંમરના પુરુષો તથા 60 વર્ષની ઉંમર કરતાં વધુ ઉંમરની સ્ત્રીઓ, વિધવાઓ તથા 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો. જેની નાણાંકીય વ્યવસ્થા માલિકો તથા શ્રમિકો દ્વારા ભાગીદારી કરવામાં આવી. આ રકમનો સંગ્રહ અને વહીવટ માન્યતાપ્રાપ્ત સમિતિ દ્વારા કરવામાં આવ્યો. વિમા યોજનાનો લાભ દરેકને સમાન રીતે પોસ્ટના માધ્યમથી આપવામાં આવતો. 1925માં સ્થાનીય શાસન અધિનિયમ પસાર કરવામાં આવ્યો. જેમાં નિર્ધન કાનુન સંઘો તથા સંરક્ષક પરિષદોને નાબૂદ કરી ગરીબોની સહાયતા માટે વહીવટી જવાબદારી કાઉન્ટી કાઉન્સિલ અને બ્યૂરો કાઉન્સિલને સોંપવામાં આવી. 1931 માં રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા અધિનિયમ બનાવવામાં આવ્યો; જે અંતર્ગત રાજયની એવી બેકાર વ્યક્તિઓને સહાય પૂરી પાડવામાં આવી કે જેઓએ બેકારી વિમા અંતર્ગત તમામ લાભો મેળવ્યા છે અથવા મેળવવા પાત્ર ન હોય. 1934માં બેકારી અધિનિયમ પસાર કરવામાં આવ્યો. જે અંતર્ગત બેકારી સહાયતાની વહીવટી જવાબદારી બેકારી સહાયતા બોર્ડને સોંપવામાં આવી. 1939માં બોર્ડ દ્વારા યુદ્ધમાં શિકાર બનેલ વ્યક્તિઓના ભથ્થાની જવાબદારી સ્વીકારી 1940માં 'વૃદ્ધાસ્થા પેન્સન અધિનિયમ' બનાવવામાં આવ્યો.

**બેવરીજ રીપોર્ટ અને તેના પછી :**

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જૂન 1941 માં ઇંગ્લેન્ડે તમામ કલ્યાણકારી કાર્યક્રમોમાં સુધારા કરવાનો પ્રારંભ કર્યો. લોર્ડ વિલિયમ બેવેરીજની અધ્યક્ષતામાં એક સામાજિક વીમા તથા સંબંધી સેવાઓ પર આંતર વિભાજન આયોગની રચના કરવામાં આવી. આ આયોગના રિપોર્ટમાં પાંચ કાર્યક્રમો પર આધારિત સામાજિક સુરક્ષા માટેની એક યોજના રજૂ કરવામાં આવી. આ યોજના આ પ્રમાણે છે.

– સામાજિક વીમો

– જન સહાયતા

– બાળકો માટે ભથ્થુ

– વ્યાપક સ્તરે નિ:શુક્લ સ્વાસ્થ્ય તથા પુન: વસન સેવાઓ

– પૂર્ણ રોજગારીની ખાતરી

1975 માં સામાજિક સુરક્ષા લાભ અધિનિયમ બનાવવામાં આવ્યો. જે ઇંગ્લેન્ડના નિવાંસીઓને વ્યાપક સામાજિક સુરક્ષા પૂરી પાડી વર્તમાન સમયમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા, વૈયક્તિક સમાજસેવા તથા સામાજિક સુરક્ષા ઇંગ્લેન્ડમાં પૂરી પાડવામાં આવતી. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા અંતર્ગત વ્યાપક રૂપે ચિકિત્સકીય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. સ્થાનિક વ્યવસ્થા, વૈયક્તિક સમાજસેવા તથા સ્વૈચ્છિક સંગઠનો, વૃદ્ધો, અસમર્થો તથા દેખભાળની આવશ્યકતા ધરાવતા બાળકોને સહાયતા તથા પરામર્શ દ્વારા પૂરાં પાડે છે. સામાજિક સુરક્ષા વ્યવસ્થા નાણાંની જરૂરિયાત ધરાવનાર વ્યક્તિઓને એક મૂળભુત જીવનસ્તર માટે આશ્વાસન પૂરું પાડે છે. તેના માટે આ વ્યવસ્થા અંતર્ગત રોજીરોટી કમાવવાની અસમર્થતાના સમયમાં આવક પૂરી પાડવામાં આવે છે અને પરિવારોને સહાયતા પૂરી પાડવામાં આવે છે.

## 3.3 અમેરિકામાં સમાજકાર્ય

અમેરિકામાં વિભિન્ન યુગોમાં નિર્બળ અને શોષિતવર્ગને આપવામાં આવતી સહાયતાની પ્રમુખ વિશેષતાના આધાર પર અમેરિકામાં સમાજકાર્યના ઇતિહાસને નીચે દર્શાવેલ કાળ પરથી જાણી શકાય છે.

1. દાનકાળ.

2. સ્થાનિક સહાયતા કાળ.

3. રાજ્ય સહાયતા કાળ.

4. વ્યવસ્થાપન, સમન્વય અને પ્રશિક્ષણ કાળ.

5. યુવાનો સાથેનો કાર્યકાળ.

6. જરૂરિયાતવાળા વ્યક્તિઓ સાથેનો કાર્યકાળ.

7. સામાજિક સુરક્ષા કાળ.

8. ગરીબી નિવારણ કાળ.

ઉપરોક્ત દર્શાવેલ વિવિધ કાળની વિસ્તૃત સમજૂતી આ પ્રમાણે આપી શકાય છે.

**3.3.1 દાનકાળ :**

17 મી સદીના પ્રારંભથી જ ઇંગ્લેન્ડથી આવેલા અમેરિકામાં આવીને વસવાટ કરનાર લોકો ત્યાંની પ્રથાઓ, પરંપરાઓ અને કાનુનને પણ પોતાની સાથે સાથે લાવ્યા. તે પોતાના અનુભવોના આધાર પર બેકારી, ગરીબી તથા કામચોરીથી એટલા ડરતા હતાં કે બેકારી અને કામચોરીનો એક પાપ અને અપરાધ માનતા પરંતુ; દરેક સમાજની જેમ અમેરિકામાં પણ એવો વર્ગ હતો જે અનાથ, વિધવા, બિમાર, નિરાશ્રિત, વૃદ્ધો, અશક્ત વ્યક્તિ વગેરે જેમને સહાયતાની આવશ્યકતા હતી તે લોકોને સહાય પરંપરાગત રીતે કરવામાં આવતી. ચિકિત્સાલય ખોલવામાં આવ્યા. આ ચિકિત્સાલયોમાં શારીરિક અને માનસિક રોગોનો ઉપચાર કરવામાં આવતો.

**3.3.2 સ્થાનિક સહાયતા કાળ :**

ગણરાજ્યો દ્વારા સૈદ્ધાંતિક રીતે 'એલિઝાબેથ નિર્ધન કાનૂન' સ્વીકારી લેવામાં આવ્યો અને તે રીતે ભરણપોષણની જવાબદારી ગામડાઓને સોંપી દીધી. ન્યુયોર્કનાં સેલસર્વિકમાં ભીક્ષાગૃહ 1657માં સ્થપાયું અને 'પ્લાઉ માઇથ કોલોની' દ્વારા સ્વસ્થ શરીરવાળા ગરીબો માટે પ્રથમ કાર્યશાળા નિર્માણનો આદેશ 1657 માં આપવામાં આવ્યો. સમયાંતરે આવા ભિક્ષાગૃહો અને કાર્યશાળાઓ નાના વિસ્તારે અને મોટાં શહેરોમાં અશકતોની જવાબદારી સામાન્ય રીતે સ્થાનિક ગામડાના લોકોએ સ્વયં સ્વીકારી. મૈસાચ્યુસેટસનાં વિધાનમંડળમાં 1699માં એક કાયદો બનાવવામાં આવ્યો. જેનાથી રખડુ ભિખારીઓ અને અવ્યવસ્થિત લોકોને સુધારગૃહોમાં રાખી કામ કરવા માટેની જોગવાઇ થઇ.

1823 માં ન્યુયોર્કમાં જે. વી. એન. પેટસન નિર્ધન કાનુનોની પ્રક્રિયાની તપાસ કરવાની જવાબદારી સોંપાઇ તેઓના પ્રસ્તાવમાં બે વર્ગોનો ઉલ્લેખ કર્યો જેમાં

1. એવા ગરીબો જેમને સ્થાયી સહાયતાની આવશ્યતા છે.

2. અસ્થાયી ગરીબો

પેટસના ગરીબના રીપોર્ટની વિગતો નીચે મૂજબ આપવામાં આવી.

– પ્રત્યેક કાઉન્ટીમાં (શહેર/ગામડું) એક યોજનાગૃહની સ્થાપના કરવામાં આવે જેના દ્વારા બાળકોને શિક્ષા અને કૃષિકાર્યો માટે જમીન આપવામાં આવે.

– અશક્ત ગરીબો અને અનાથો માટે કાર્યગૃહ બનાવવામાં આવે જેમાં ફરજિયાત પણે કામ સોંપવામાં આવે.

– ગરીબ કલ્યાણ માટે દાન ભંડોળ એકઠું કરવાના ઉદ્દેશ્યથી દારૂ બનાવવાના કારીગરો ઉપર ઉત્પાદન કર નાંખવામાં આવે.

– ન્યુયોર્કની એક કાઉન્ટીમાં 1 વર્ષ નિવાંસનાં આધાર પર કાયદાકીય વ્યવસ્થા કરવા માટેના નિયમ બનાવવામાં આવે.

– નિશ્ચિત કરેલા આદેશો તથા નિર્ધન કાનુનોનાં સંબંધિત મુકદમાઓમાં આપવામાં આવેલ નિર્ણયો વિરૂદ્ધ અપીલ કરવામાં સ્વીકારવાનું બંધ કરવામાં આવે.

– 18 થી 50 વર્ષની વચ્ચેની ઉંમરવાળા તથા સ્વસ્થ શરીરવાળા કોઇપણ વ્યક્તિને અશક્તની શ્રેણીમાં રાખવામાં ન આવે.

– શેરીઓમાં ભીખ માંગવાવાળા વ્યક્તિઓ તથા રાજ્યની અંદર અશક્ત ગરીબોને લાવવાવાળા લોકોને દંડ આપવામાં આવે.

**3.2.3 રાજ્ય સહાયતા કાળ :**

સૌ પ્રથમ 1675 માં મેસાચ્યુસેટ્સ રાજ્યએ ભિખારીઓની આવશ્યક ખર્ચ વળતરની જરૂરિયાતોની જવાબદારી સ્વીકારી આ જવાબદારીને આધિન એવી વ્યક્તિઓને સહાયતા પ્રદાન કરવામાં આવતી. જે થોડા સમય પૂર્વ આ રાજ્યમાં આવેલા હોય અથવા જેના બહાર જવા માટેની સૂચના મળી હોય, ત્યારબાદ અન્ય રાજ્યોએ પણ આવી જવાબદારી લેવાનું સ્વીકાર્યું. બહેરાઓ માટે પહેલી સરકારી આવાસીય સ્કૂલ 1823માં ખોલવામાં આવી. 1854માં પેન્સલવેનિયા રાજ્ય દ્વારા મૂર્ખાઓ માટે એક ખાનગી શાળાની સહાયતા પ્રદાન કરવામાં આવી. 1876 માં ન્યાયાલયથી દોષિત થયેલા ગુનેગાર યુવકોને ન્યુયોર્કમાં સુધારગૃહ સ્થાપિત કરી રાખવામાં આવ્યાં. તથા મહિલાઓની પ્રથમ જેલની સ્થાપના મેસાચ્યુસેટના શેરબોર્નમાં કરવામાં આવી.

**3.2.4 વ્યવસ્થાપન, સમન્વય અને પ્રશિક્ષણ કાળ (વ્યવસ્થાપૂર્ણ સંકલન અને શિક્ષણકાળ)**

મેસાચ્યુસેટ્સ રાજ્યમાં 1863 માં બધી દાન સંસ્થાઓ માટે સ્ટેટ બોર્ડ ચેરિટીની સ્થાપના કરવામાં આવી જેની સફળતા જોઇ બીજા રાજ્યોએ પણ તેનું અનુકરણ કર્યું. વધારેમાં વધારે નિયંત્રણ સંબંધી જવાબદારી 1925 માં લોકકલ્યાણ વિભાગને સોંપવામાં આવી. જેનું નામ ત્યારબાદ 1927 માં 'રાજ્ય કલ્યાણ વિભાગ' રાખવામાં આવ્યું.

1870-73 માં મંદીના પરિણામે ઘણી ખામી સર્જાઇ જેમાં રેવરેન્ડ ગૂર્ટીન નામના પાદરીએ 'બફેલો ચેરિટી ઓર્ગેનાઇઝેશન'ની સ્થાપના કરી. તેઓના મતે સહાય આપવાથી ગરીબોને વધારે હાની થાય છે તેવું તેમનું માનવું હતું. 1913 બાદ દાન મેળવવાના કારણે સામૂહિક તિજોરીની વિચારધારા અમલમાં આવી. જેના દ્વારા લોકોને દાન આપવામાં આવતું.

**3.2.5 યુવાનો સાથેનો કાર્યકાળ :**

1844 માં જ્યોર્જ વિલિયમ દ્વારા 'યંગ મેન ક્રિશ્ચિયન એસોસિએશન' ની સફળતાના આધારે બોસ્ટનમાં પણ આવું એસોસિએશન બન્યું. જેનું કાર્ય યુવાનોને અલગ-અલગ આવશ્યકતાઓ પૂર્ણ કરવાનું પણ હતું. 1910માં 'બોયઝ સ્કાઉટ' ને સંગઠિત બનાવ્યું અને 'ગર્લ્સ ગાઇડ'ની સ્થાપના 1912માં કરવામાં આવી.

**3.2.6 જરૂરિયાતવાળા વ્યક્તિઓ સાથેનો કાર્યકાળ :**

પ્રારંભ કાળમાં અમેરિકા જવાવાળા પ્રવાસીઓની સ્થિતિ ખરાબ અને દુઃખદ હતી. આ લોકો અલગ-અલગ વંશ, દેશના તથા ભાષાના વ્યક્તિઓ હતાં. તેમનાં આંતરિક વ્યવહારો વધે તે માટે સેમ્યુઅલ બોનેટ દ્વારા ટોયમ્બિલ કાર્લની ભાઇચારાની ભાવના આધારિત 1887 માં Neighbourhood Guild of Newyork Cityની સ્થાપના કરી. તેની સફળતા વધતા બોસ્ટર્ન, શિકાગો, સાનફ્રાન્સિસ્કોમાં 20 જેટલી આવી સંસ્થાઓની સમયાંતરે શરૂઆત કરવામાં આવી. જે બાદમાં અલગ અલગ નામે ઓળખાઇ.

**3.2.7 સામાજિક સુરક્ષા કાળ :**

અમેરિકાના સંવિધાનમાં સમાજ કલ્યાણનું કોઇ સ્થાન ન હતું. મંદીની સ્થિતિમાં ખૂબ મોટી સ્થિતિમાં બેકાર વ્યક્તિઓએ ખાનગી કલ્યાણ સંસ્થાઓ પાસે સહાયની અપેક્ષા કરવા લાગ્યાં. આથી સ્થાનિક સંસ્થાઓએ સહાયતાઓ આપી; પરંતુ તે પૂરતી ન હતી અને નાણાંનો પણ ખૂબ વ્યય થયો. આ પરિસ્થિતિમાં અમેરિકન કોંગ્રેસે 1922 માં આપાતકાલીન સહાયતા અને નિર્માણ અધિનિયમ પસાર કર્યો. જેનાથી પુનઃ નિર્માણ નાણાં નિગમ દ્વારા રાજ્યો, વિભાગો અને શહેરોને નાણાં આપવાનો અધિકાર બન્યો.

1933 માં સંઘિ આપાતકાલીન સહાયતા અધિનિયમ પસાર કર્યો. જેનાં અંતર્ગત થોડા સમય માટે નાણાં ચૂકવતાં તે બંધ કરીને તેના સ્થાને સંઘ દ્વારા સમાજકલ્યાણ કરવા 'હેરીએલ હોકિન્સ' ની અધ્યક્ષતામાં 'સંઘીય આપાતકાલીન સહાયતા પ્રશાસન'ની સ્થાપના કરી. જેની જોગવાઇમાં આવશ્યકતાગ્રસ્ત વ્યક્તિઓને ઓછામાં ઓછી ભૌતિક જરૂરિયાતોની પૂર્તિ અને મૂશ્કેલીઓને રોકવા

સંપૂર્ણ સહાય આપવી અને તેને અમલી બનાવવા તેના માટે પ્રશિક્ષિત કાર્યકરો પણ નિયુક્ત કરવા અને તેઓ માટે સેવા દરમિયાન તાલીમની વ્યવસ્થા કરી.

1935 માં રાષ્ટ્રપતિ 'રુઝવેલ્ટ' દ્વારા બેકારો હતાં તેમના માટે કાર્ય કરવાં માટેની સહાય કરવાં કાર્યપ્રગતિ પ્રશાસનની સ્થાપના કરી. જેને કેન્દ્રિય સંઘના નિયંત્રણમાં પસાર કરી તેના માટે યોગ્ય નાણાંની વ્યવસ્થા કરવામાં આવી. જેનું નામ બદલીને 'પરિયોજના પ્રશાસન' રાખવામાં આવ્યું.

**3.2.8 ગરીબી નિવારંણ કાળ :**

1961 બાદ પ્રારંભ થતા કાળની મુખ્ય વિશેષતા નિર્ધનતા નિવાંરણ કાર્યક્રમ છે. સમાજવૈજ્ઞાનિકો દ્વારા એ વાતને મહત્ત્વ અપાયું છે કે અમેરિકામાં ગરીબી છે. આથી સંઘીય સરકાર ગરીબી નિવાંરણ કાર્યક્રમ શરૂ કરવા આગળ આવી અને સમયાંતરે તેના નવાં કાયદાઓ વધતાં ગયા. 1961 માં ક્ષેત્ર વિકાસ અધિનિયમ, 1962 માં 'જનશક્તિ વિકાસ અને પ્રશિક્ષણ અધિનિયમ' તથા 1964 માં 'આર્થિક અવસર અધિનિયમ' પસાર કરવામાં આવ્યો. જે ગરીબી નિવાંરણ માટે ખૂબ જરૂરી હતો. જેનાથી યુવા કાર્યકરો નગર અને ગ્રામીણ સામુદાયિક ક્રિયા જેવા કાર્યક્રમો ચલાવવામાં આવ્યાં.

ગરીબી નિવાંરણના વિવિધ કાર્યક્રમોની સાથે સાથે કાળા લોકોને પણ સંરક્ષણ અપાયું. તે લોકો માટે આર્થિક અને થોડા વિશેષ નિયમો આધારિત સહાયતા આપવામાં આવી.

## 3.4 ભારતમાં સમાજકાર્ય

સમાજકાર્ય ભારતમાં એટલું જ પ્રાચીન છે જેટલું જગતના અન્ય ભાગોની અંદર છે. ઈંગ્લેન્ડ અને અમેરિકામાં સમાજકાર્યનો વિકાસ સંસ્થાગત સેવા, સામાજિક સુરક્ષા કે સાધનોના રૂપમાં થયો; પરંતુ ભારતમાં અંગ્રેજોના સમયમાં એટલે કે 19 મી સદીથી સ્વતંત્રતા પ્રાપ્તિ સુધી સમાજકાર્યનો વિકાસ રાજનૈતિક આધિનતા અને અન્ય સામાજિક આર્થિક કારણોથી થઇ શક્યો નથી.

સ્વતંત્રતા બાદ ભારતમાં સમાજકાર્યના ક્ષેત્રમાં નવીન યુગનો આરંભ થયો. પરંતુ એક વ્યાવસાયિક રૂપે તેને પૂર્ણપણે મહત્ત્વ આજે પણ મળ્યું નથી. ભારતની અંદર સમાજકાર્યનું ઉલ્લેખન અને વિવેચન ચાર વિભાગમાં થાય છે.

1. સામુદાયિક જીવનકાળ
2. દાનકાળ
3. ધાર્મિક સુધારકાળ અને ધર્મ નિરપેક્ષ કાળ
4. વ્યાવસાયિક પ્રશિક્ષણ અને સંગઠન કાળ

ઉપરોક્ત દર્શાવેલ કાર્યકાળને વિગતે સમજૂતી આ રીતે આપી શકાય.

**3.4.1 સામુદાયિક જીવનકાળ :**

સિંધુ ઘાટીની સભ્યતાના મોહેંજો-દડો તથા હડપ્પામાંથી પ્રાપ્ત અવશેષોથી એ ખ્યાલ આવે છે કે આ સમયમાં નગર વ્યવસ્થા ખૂબ જ સારી હતી. જેમાં દાસ પ્રથા પણ અસ્તિત્ત્વમાં હતી. પરંતુ દાસોની જરૂરિયાત તેમજ તેમના કલ્યાણની પણ વ્યવસ્થા કરવામાં આવતી. વૈદિક કાળમાં સમાજકાર્ય શાસન, સુરક્ષા તથા વ્યાપાર સંબંધિત હતું. આ યુગમાં યજ્ઞ, હવન તથા દાનનું પ્રચલન છે. સમાજના બધાં જ સભ્યો એક સાથે કાર્ય કરતાં અને તેમના સામૂહિક શ્રમના ફળને બધાં જ સદસ્યોમાં વહેંચવામાં આવતું. દાન અને પ્રસન્નતા અવસરો પર સમૂદાયના લોકો યુદ્ધમાંથી મળેલી વસ્તુઓ અંદરો અંદર વિતરણ કરતાં. આ વ્યવસ્થામાં સમૂદાયના દરેક વ્યક્તિની જરૂરિયાતને પૂર્ણ કરવાની જવાબદારી અન્ય દરેક વ્યક્તિઓ પર હતી.

વૈદિક કાળમાં સહાયતા અને આવશ્યકતા પૂર્તિની જવાબદારી શાસકો અને ધનિક વ્યક્તિઓ વચ્ચે વહેંચી લેવામાં આવતી હતી. આ કાર્યમાં મંદિર તથા આશ્રમોની સ્થાપના, તેની માટે સંપત્તિની વ્યવસ્થા તથા તેના સંતો અને મહાત્માઓના મઠોનું નિર્માણ તથા તેમાં રહેવાવાળા લોકો માટે ભોજન તથા બીજી જરૂરિયાતની ચીજવસ્તુઓની વ્યવસ્થા કરવામાં આવતી.

બૌદ્ધકાળમાં પણ લોકોના કલ્યાણ માટે ભગવાન બુદ્ધે રસ્તાઓ બનાવ્યા, બંધો બંધાવ્યા, પુલો બનાવ્યા, તળાવો બનાવ્યા તથા સમાજમાં જોવા મળતી પરંપરાગત અને કુશતીઓનો વિરોધ કર્યો.

### 3.4.2 દાનકાળ :

આ કાળમાં ધાર્મિક પ્રેરણાથી સમાજ સેવાઓ શરૂ થઈ. અનેક પ્રકારના સામાજિક કલ્યાણકારી કાર્યો જેવાં કે મંદિરો, તળાવો, કૂવા બનાવવા, વૃક્ષો વાવવા, મંદિર બનાવવા, ધર્મ શાળા, આશ્રમશાળા, કે દવાખાનાઓ બનાવવા વગેરે કાર્યો સામાજિક મોભો, સન્માન તેમજ મોક્ષ મેળવવા માટે કરવામાં આવતાં.

મુસ્લિમો ભારતમાં આવ્યા પછી તેઓ દ્વારા ભારતીય સામાજિક વ્યવસ્થાને ઇસ્લામના સિદ્ધાંતો અનુસાર ચલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. ઇસ્લામના જકાત અને ખેરાતને સામાજિક સ્વીકૃતિ મળી. ભારતીય મુસલમાન પોતાની આવકના 25% ભાગ ચોક્કસ રૂપથી નિર્ધન તથા જરૂરિયાતમંદ વ્યક્તિઓને આપે છે. અનેક મુસલમાન રાજા અને શાસકોએ આવશ્યકતાગ્રસ્ત વ્યક્તિઓ માટે સમયે સમયે અનેક પ્રકારની સમાજસેવાઓ જેવી કે રોગીઓ માટે દવાખાના, બાળકોના શિક્ષણ માટે શાળાઓ, યાત્રીઓ માટે મુસાફર ખાનાઓ વગેરે બનાવ્યા. મદ્રેસાના મુસલમાન સમૂદાયમાં ખૂબ જ પ્રગતિ થઈ અને પ્રચલિત બન્યાં.

અકબરના શાસનકાળ દરમિયાન અનેક પ્રકારના સમાજ સુધારના કાર્યો થયાં. તેમણે 'દિન-એ-ઈલાહી ધર્મ'ની સ્થાપના કરી પોતાના રાજ્યને એક ધર્મ નિરપેક્ષ રાજ્ય જાહેર કર્યું. દાસ પ્રથા સમાપ્ત કરી; તેમણે દ્વિપત્ની વિવાહ પર રોક લગાવી. વિવાહની ઉંમર સીમા વધારી તથા એવો આદેશ આપ્યો કે જો કોઈ વિધવા સતી થવા ન ઇચ્છે તો તેમ કરવા માટે તેનાં પર દબાણ કરવામાં ન આવે.

### 3.5.3 ધાર્મિક સુધારકાળ અને ધર્મ નિરપેક્ષ કાળ

ધાર્મિક પ્રચારકોએ ભારતનાં લોકોમાં એવો પ્રચાર કરવાનો શરૂ કર્યો કે હિંદુ સામાજિક વ્યવસ્થામાં અલગ અલગ ક્ષેત્રોમાં બાળ-વિવાહ, બહુપત્નીત્વ, બાલિકા હત્યા, સતીપ્રથા, વિધવા વિવાહ વગેરે રૂઢિઓમાં સુધાર કરવાની ખૂબ જ આવશ્યકતા છે. ખ્રિસ્તી મીશનરીઓએ પાશ્ચાત્ય શિક્ષણ પર ભાર મૂક્યો. તેઓની સેવાઓ તથા ખ્રિસ્તી ધર્મના વધતા પ્રભાવોને કારણે ભારતીયોની મનોવૃત્તિમાં પણ પરિવર્તન આવવા લાગ્યું. રાજારામ મોહનરાયે જાતિય ભેદભાવ પ્રથા તથા જ્ઞાતિ પ્રથા નાબૂદ કરવા માટે આંદોલન કર્યા. જેના પ્રયાસોના કારણે 1829 માં લોર્ડ વિલીયમ બેન્ટિકે જ્ઞાતિપ્રથા નાબૂદીનો કાયદો પસાર કર્યો. રાજારામ મોહનરાયે 'બ્રહ્મસમાજ'ની સ્થાપના કરી. 1828 માં જેના દ્વારા દુષ્કાળગ્રસ્ત લોકોના કલ્યાણ, બાલિકાના શિક્ષણ, વિધવાઓની સ્થિતિમાં સુધાર, જાતિભેદ દૂર કરવાના કાર્યો સારી રીતે ચલાવ્યા. જેમાં દલિતવર્ગના વિકાસ માટે પણ કાર્યો કરવામાં આવ્યાં. 1872 માં લગ્ન અધિનિયમ પસાર કરવામાં આવ્યો. જેમાં વિધવા પુનઃ વિવાહ તથા આંતરજ્ઞાતિય વિવાહોને મંજૂરી આપવામાં આવી તથા વિવાહ માટેની ઉંમર થયા બાદ જ વિવાહ કરવા માટે ભાર મૂકવામાં આવ્યો.

આ ઉપરાંત વિવિધ સમાજ સુધારકોએ પણ આ કાળ દરમિયાન સુધારવાદી પ્રવૃત્તિ કરી જેની ટૂંકમાં સમજૂતી આ પ્રમાણે છે.

### 3.5.4 વ્યાવસાયિક પ્રશિક્ષણ અને સંગઠન કાળ :

- 1936 માં દોહરાબથી ટાટા મુંબઈ દ્વારા સમાજસેવા સંસ્થાની સ્થાપના થઈ.
- 1946 માં ટાટા ઇન્સ્ટિટ્યુટ ઓફ સોશ્યલ સાયન્સની મુંબઈમાં સ્થાપના થઈ.
- 1947 માં કાશી વિદ્યાપીઠ વારાણસીમાં સમાજસેવા કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.
- 1968 માં એમ.એ.એસ.ના રૂપમાં સમાજ વિજ્ઞાન સંસ્થામાં આ ડીગ્રીને એમ.એ. સમાજકાર્ય તરીકે ગણાવામાં આવી. જેનું નામ બદલીને સમાજસેવા વિદ્યાલય અપાયું.
- 1950 ના વડોદરામાં સ્કુલ ઓફ સોશ્યલ વર્કની સ્થાપના થઈ.
- 1952 માં 'જે. કે. સ્કૂલ ઓફ સોશ્યલ વર્ક લખનઉ'ની સ્થાપના કરવામાં આવી.
- 1954 માં રાજ્ય સરકારે સમાજકલ્યાણ વિભાગની સ્થાપના કરી.

આમ, ઉપરોક્ત દર્શાવેલ તમામ કાળમાં ભારતમાં સમાજકાર્યનો દિન-પ્રતિદિન પ્રચાર થતો રહ્યો છે.

## 3.5 ભારતમાં સમાજ સુધારકોનો સમાજકલ્યાણ પ્રત્યે ફાળો અને સામાજિક ચળવળ

- **પરિચય :**

19 મી સદીમાં એક બાજું ભારતની રાજકીય સત્તા વિદેશીઓના હાથમાં પહોંચી ગઇ હતી તો બીજી બાજુ ભારતીય સમાજ પરંપરાગત વર્ણ વ્યવસ્થામાં વહેંચાયેલો હતો. આ સમયે સમગ્ર સમાજમાં ધર્મના નામે અસ્પૃશ્યતા, બાળલગ્નો, સતીપ્રથા, બાળકીને દૂધ પીતી કરવી, બહુપત્નીપ્રથા, ગરીબી, સામાજિક કૂરિવાજો ફેલાયેલા હતાં. સમાજમાં ચારેય બાજુ ધર્મના નામે વહેમ, અંધશ્રદ્ધા, ઉંચનીચના ભેદભાવ અને અજ્ઞાનતાનું વાતાવરણ હતું.

ઉપરોક્ત દર્શાવેલ પરિસ્થિતિને સમાજમાંથી દૂર કરવા અને સુસમાયોજિત સમાજની રચના કરવાના હેતુથી ભારતમાં કેટલાંક એવા વ્યક્તિઓ થયા જેવાં કે ન્યાયમૂર્તિ રાનડે, ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર, દયાનંદ સરસ્વતી, રાજા રામ મોહનરાય, જ્યોતિબા ફૂલે, વગેરે સમાજસુધારકો તરીકે બહાર આવ્યાં અને સમાજને પરિવર્તિત કરવાનાં પ્રયાસો કર્યા. તેમની પ્રવૃત્તિઓ (Reformist Movement) સુધારણા ચળવળ તરીકે ઓળખાય છે. જેની વિગતે ચર્ચા આ પ્રમાણે કરી શકાય છે.

- **સમાજ સુધારણા એટલે શું ?**

પ્રત્યેક સમાજમાં કોઇ સમયે કેટલીક સભાન વ્યક્તિઓ હોય છે. તેઓ પોતાના સમાજની પરિસ્થિતિની ચિંતા સેવે છે અને તેમાં પરિવર્તન લાવવા ઝંખે છે અને તેઓને સમાજ પ્રવર્તક તરીકે ઓળખવામાં આવે છે. તેઓની સમાજમાં પરિવર્તન લાવવાની પ્રવૃત્તિને સમાજ સુધારણા કહેવાય છે. સમાજ સુધારણાના મુખ્ય ત્રણ લક્ષણો છે. જે આ પ્રમાણે છે.

સમાજ સુધારણાના લક્ષણો :

1. નવી વિચારસરણી સ્થાપન કરવાનો વિચાર.
2. સંસ્થાકીય પરિવર્તનનો હેતુ.
3. મૂલ્ય પ્રેરિત પ્રવૃત્તિ.

ઉપરોક્ત ત્રણ લક્ષણોને હવે વિસ્તૃત સમજીએ.

- **નવી વિચારસરણી સ્થાપન કરવાનો વિચાર :**

સમાજસુધારણાને સમાજના વિકાસની સાથે સાથે એક નવી વિચારસરણીનો વિકાસ થયો છે. પહેલો વિકાસ નવાં ઉદ્યોગોની સ્થાપના કરી બેકારી દૂર થાય અને આવકમાં વધારો થાય. જેથી દેશનો વિકાસ થાય.

- **સંસ્થાકીય પરિવર્તનનો હેતુ :**

સમાજની સંસ્થાઓ, પરિવર્તન લાવવાની પ્રવૃત્તિ કરે છે. કુટુંબ, જ્ઞાતિ, સમાજ, રાજ્ય, જેલ સંસ્થાઓમાં બદલાવ લાવવાનો પ્રયત્ન કરે છે. નવાં પ્રશ્નોને બદલવાની જ નહિ, પણ નવી સંસ્થાઓને સ્થાપવાનો પણ પ્રયત્ન કરે છે.

- **મૂલ્ય પ્રેરિત પ્રવૃત્તિ :**

નવાં વિચારોની જેમ પ્રવર્તમાન મૂલ્યો દ્વારા સંસ્થાઓનું સતત મૂલ્યાંકન કરવામાં આવે છે. આવા મૂલ્યોમાં તર્ક અને બુદ્ધિ દ્વારા યોગ્ય લાગે તો તેને ઓળખવાનો પ્રયત્ન કરવામાં આવે છે. બૌદ્ધિક અભિગમથી જીવવાના પ્રયત્નો કરવામાં સમાજ સુધારણાનો ચોક્કસ દ્રષ્ટિકોણ હતો.

સમાજસુધારણાનું સર્વપ્રથમ કામ રાજારામ મોહનરાયે કર્યું. તો હવે આપણે આવા સમાજ સુધારકોના જીવનનો ક્રમાનુસાર અભ્યાસ કરીએ.

### 3.5.1 રાજારામ મોહનરાય :

રાજારામ મોહનરાયનો જન્મ 22 મે 1772 માં બંગાળના પ્રાંતમાં આવેલ રાધાસાગર ગામમાં થયો હતો. બાળપણની અવસ્થામાં જ તેમના ત્રણ વાર લગ્ન થયા હતાં. હિન્દુ સમાજના આવા રિવાજો સામે તેઓને અણગમો પેદા થયો અને તેમના પિતા સાથે મતભેદો સર્જાયા અને તેઓ 13 વર્ષની કુમળી વયે જ ગૃહત્યાગ કર્યો અને ત્યારબાદ તેઓએ પોતાની ઇચ્છા પ્રમાણે કેળવણી લીધી. તેમણે ઇસ્લામ અને સંસ્કૃત સાહિત્ય પર પ્રભુત્ત્વ મેળવ્યું. આ બન્નેના અધ્યયનમાંથી તેમને એકેશ્વરવાદનું

મહત્ત્વ જણાયું. તેઓ અંગ્રેજી સરકારની નોકરીમાં જોડાયા અને અંગ્રેજી ભાષા શીખવા માંડ્યા. તેઓએ જૈન અને બોદ્ધ ધર્મનો પણ અભ્યાસ કર્યો. આશરે 40 વર્ષની વયે સરકારી નોકરીમાંથી નિવૃત થયા. રાજારામ મોહનરાયના સાર્વભૌમિક ધર્મનું પાલન કરીને ઇસાઇ બને છે અને મુસલમાન સાચો મુસલમાન બની શકે છે અને આનાથી માનવમાત્રમાં ભાઇચારો અને ઇશ્વર પ્રત્યેની ભાવના જન્મી શકે છે.

હિન્દુ ધર્મમાં મૂર્તિપૂજાનો વિરોધ અને એકેશ્વરવાદની સ્થાપના માટે રાજારામ મોહનરાયે 1815માં એક આત્મીય સભાનું આયોજન કર્યું. જેમાં ધર્મ સિવાય બૌદ્ધિક, સામાજિક, રાજકીય, રાજનૈતિક સમસ્યા પર વિચાર વિમર્શ કર્યા. તેઓએ 'વેઇનત્સર' નામનું પુસ્તક પ્રકાશિત કર્યું. તેઓને વેદ અને હિન્દુ ધર્મમાં રૂઢ થયેલ અતિ આવશ્યક હિન્દુ ધર્મમાં રૂઢ થયેલાં વિધિઓને બદલે એકેશ્વરવાદ અને સરખા ધાર્મિક સ્વરૂપની રજૂઆત કરી અને પોતાના વિચારોને પ્રચાર માટે છાપખાનું ચાલુ કર્યું. તેમણે પ્રજામાં સભાનતા લાવવા માટે પુસ્તકાલય તેમજ સભાખંડનું પણ આયોજન કર્યું. સાથે સાથે તેઓએ વર્તમાનપત્રો પણ શરૂ કર્યા. અંગ્રેજી કેળવણીમાં પ્રચાર માટે શાળા ચાલુ કરી. આ ઉપરાંત તેમની મુખ્ય કામગીરીના રૂપમાં અનેક કામગીરી કરી જે આ પ્રમાણે દર્શાવી શકાય.

રાજારામ મોહનરાય દ્વારા થયેલ સુધારાવાદી પ્રવૃત્તિઓ

1. સતીપ્રથાનો અંત.

2. બ્રહ્મસમાજની સ્થાપના.

- **સતીપ્રથાનો અંત :**

એ વખતના પતિના મૃત્યુ બાદ પછી તેની પત્નીએ પણ તેના જીવનનો અંત લાવવો એવી માન્યતા હતી. આ માન્યતા રાજારામ મોહનરાયને અયોગ્ય લાગી અને આના વિશે રાજારામ મોહનરાયે લખવા માડ્યું. આ પ્રથા અંગ્રેજોના શાસન પહેલા ક્ષત્રિય રાજાઓમાં પણ આના ઉદાહરણ પ્રાપ્ત થાય છે. આ પ્રથાનું એકમાત્ર કારણ ભારતીય વિધવાઓ પુનઃ વિવાહ કરી શકતી નથી. રાજારામ મોહનરાયે આના વિરૂદ્ધ અવાજ ઉઠાવ્યો.

સતીપ્રથાનો અંત લાવવા માટે તેઓએ અનેક આંદલનો કર્યા. જેના પરિણામ સ્વરૂપે 1826 માં વિલિયમ બેન્ટિંગની સરકારે સતીપ્રથાને નાબૂદ કરી. હિન્દુ ધર્મમાં સ્ત્રીઓ ઉપર અત્યાચાર કરવા માટે અનેક પ્રથાઓ છે. જેમાં બાળવિવાહ અને સ્ત્રીઓ માટે આજીવન વિધવા નિર્વાહ માટે અને બાળવિવાહનો વિરોધ કર્યો. મૈક્સમૂલરે કહ્યું કે રાજારામ મોહનરાય પહેલી વ્યક્તિ છે જેમણે ભારતીય સામાજિક સમસ્યા પર પહેલી નજર નાંખી હિન્દુ રૂઢીવાદીઓની સામે ઇંગ્લેન્ડની પૂર્તિ કાઉન્સિલમાં રજૂઆત કરી. રાજારામ મોહનરાય પણ ઇંગ્લેન્ડ ગયા અને આ પ્રથા સામે રજૂઆત કરી. અંગ્રેજ સરકારે સતી પ્રથાનો અંત લાવવા માટે કાયદો ઘડ્યો અને 1930 થી આ અમાનુષી પ્રથાનો અંત આવ્યો.

- **બ્રહ્મોસમાજની સ્થાપના :**

રાજરામ મોહનરાય તેમના વિચારોને અને સિદ્ધાંતોને વ્યક્તિ સુધી પહોંચાડવા માટે એક માધ્યમના રૂપમાં કેટલાંક લોકોના સહયોગથી 20 મી ઓગસ્ટ સને 1828 માં કલકત્તામાં 'બ્રહ્મસમાજ'ની સ્થાપના કરી. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં વ્યાપેલી પ્રાચીન રૂઢિઓ, અંધવિશ્વાસ અને કુપ્રથાઓને સમાપ્ત કરી સામાજિક સુધારો લાવવાનો હતો. બ્રહ્મોસમાજે મૂર્તિ પૂજાનો વિરોધ કર્યો અને પોતાની રૂઢિઓને પહેલા છેદ કરી સતીપ્રથાનો છેદ કર્યો તથા સતીપ્રથાને મૂળમાંથી સમાપ્ત કરી દીધી. આ અભિગમ હિન્દુ સમાજમાં હિન્દુત્ત્વનું એક રૂપ છે અને મૂર્તિપૂજાનો બહિષ્કાર કર્યો. બ્રહ્મોસમાજની સૌથી મોટી વિશેષતા એ છે કે તે બધાં કામો પ્રત્યે સહાનુભૂતિ અને ઉદારતા રાખતી હતી.

રાજારામ મોહનરાયે સમાજ માટે જે ભવન ઉભું કર્યું તેના ટ્રસ્ટીનું દસ્તાવેજીકરણ પર સ્પષ્ટ પ્રતિબંધ રાખ્યો હતો. આ ઉપરાંત બ્રહ્મોસમાજ દ્વારા તેમને જ્ઞાતિપ્રથાનો વિરોધ અને સ્ત્રી જીવનમાં સુધારણા કરવાનાં પ્રયત્નો કર્યા હતાં.

**3.5.2 ગાંધીજી :**

ગાંધીજીનો જન્મ એવા સમયમાં થયો જ્યારે ભારત દેશ ધાર્મિક, રાજનૈતિક તથા સામાજિક દ્રષ્ટિએ ગંભીર સમસ્યાથી ઘેરાયો હતો. 2 ઓક્ટોબર 1869 માં કાઠિયાવાડના બરડા પંથકના પોરબંદર ગામમાં તેમનો જન્મ થયો. તેમના પિતા રાજકોટના દિવાન હતાં અને માતા ધાર્મિક પ્રવૃત્તિમાં માનનાર હતાં. 13 વર્ષની ઉંમરે તેમના લગ્ન થયા હતાં અને 1857 માં બેરિસ્ટરનાં શિક્ષણ માટે ઇંગ્લેન્ડ ગયાં.

ઈંગ્લેન્ડમાં તેમને રસ્કિનના વિચારોનું અધ્યયન કર્યું. ભારતમાં આવી તેમણે વકીલાત ચાલુ કરી. 1913માં મુકદ્દમાના સંબંધમાં દક્ષિણ આફ્રિકા ગયા અને ત્યાં જ ગાંધીજીના સાર્વજનિક જીવનના ઉદય થયો. ત્યાંના ભારતીઓને તેમણે માનવીય અધિકાર અપાવ્યો. ભારતની આઝાદી માટે તેમણે ઘણાં બધા પ્રયત્નો કર્યા અને સાથે સાથે માનવજીવનની વિટંબણાઓ અને સામાજિક દૂષણોને દૂર કરવાના પ્રયત્નો કર્યા. ગાંધીજી એવા સમાજની સ્થાપના કે નિર્માણ કરવા ઇચ્છતાં હતાં જેમાં સર્વત્ર પ્રેમ વ્યાપેલો હોય અને વ્યક્તિના બહુમતિ વિકાસ માટે જરૂરી પરિસ્થિતિની ઉપસ્થિતિ હોય. તેમણે કેટલાંક રચનાત્મક કાર્યક્રમો આપ્યા જે નીચે મુજબ દર્શાવી શકાય.

**ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો**

| | |
|---|---|
| – સાંપ્રદાયિક એકતા. | – આત્માનો વિકાસ. |
| – દારૂબંધી. | – અસ્પૃશ્યતા નિવારણ. |
| – નવી તાલીમ. | – ગ્રામોદ્યોગ. |
| – ગ્રામ સ્વચ્છતા. | – પ્રૌઢ શિક્ષણ. |
| – રાષ્ટ્રભાષાનો પ્રચાર. | – કચડાયેલા માટે અલગ સુધારો. |
| – આર્થિક સમાનતા. | – પ્રાથમિક શિક્ષણ. |
| – સર્વધર્મ સમભાવ. | – શારીરિક શ્રમ. |

– ખેડૂતો, મજૂરો, યુવાનોના સંગઠનની સ્થાપના.

ગાંધીજીએ ઉપરોક્ત દર્શાવેલ રચનાત્મક કાર્યક્રમો દ્વારા સમાજમાં એક ક્રાંતિકારી પરિવર્તન લાવવાનાં પ્રયત્નો કર્યા. ગાંધીજીએ હંમેશા સમાજના વિકાસ માટે લડત આપી હતી અને તેઓ માનતા કે ભારતમાં સામાજિક દૂષણો, કુપ્રથાઓ, કૂરિવાજોને દૂર કરવામાં આવશે ત્યારે જ સાચી રીતે ભારત સ્વતંત્ર થશે.

**3.5.3 મહાદેવ ગોવિંદ રાનડે :**

ન્યાયમૂર્તિ રાનડે એ સમાજ સુધારક તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેમના મત અનુસાર રાજકીય અને સામાજિક સુધારાના સાથે સાથે થવી જોઇએ અને રાષ્ટ્રીય વિકાસમાં રાજકીય અને સામાજિક બન્ને પાસા સંકળાયેલા છે. તેમના મત અનુસાર જ્યાં સુધી સમાજરચના બુદ્ધિ, ન્યાય, વિવેક અને સમાનતા ઉપર રચના નહીં હોય ત્યાં સુધી રાજકીય હક્કો ભોગવવા અસમર્થ બની શકાય નહીં.

- **સમાજસુધારક તરીકે ન્યાયમૂર્તિ રાનડેની પ્રવૃત્તિ :**
- **સ્ત્રી જીવનમાં સુધાર**

ન્યાયમૂર્તિ રાનડેએ સ્ત્રી સ્વાતંત્ર્ય અને સ્ત્રી જીવનની મુશ્કેલી દૂર કરવાનો પ્રયાસ કર્યો. તેમને ધર્મ શાસ્ત્રમાંથી સ્ત્રીના હક્કો અંગેના વિધાનો તારવી પુસ્તક લખ્યું. તેમણે કહ્યું કે જે સ્ત્રી પતિ ભક્તિના કારણે વિધવા જીવન જીવવા ઇચ્છતી હોય તો તે તેમ કરી શકે છે, પણ જે સ્ત્રી વિધવા જીવન ઇચ્છતી ન હોય તે સ્ત્રીને ફરી લગ્ન માટે પ્રોત્સાહિત કરવી જોઇએ.

આ ઉપરાંત રાનડે દહેજ પ્રથા, ખર્ચાળ લગ્નો, ખર્ચાળ મૃત સંસ્કાર, બહુપત્નીપ્રથા, જ્ઞાતિભેદ, અસ્પૃશ્યતા, મદ્યપાન વગેરે પ્રથાનો વિરોધ કરી તે દૂર કરવા લોકમતના ઘડતરનો પ્રયોગ કર્યો.

- **આધુનિક શિક્ષણનો પ્રચાર**

રાનડેના મત મુજબ લોકોમાં રાજકીય જાગૃતિ તથા સામાજિક સુધારણા શિક્ષણ દ્વારા લાવી શકાય. શિક્ષણને તેઓ પ્રાથમિક જરૂરિયાત ગણતા અને અંગ્રેજી ભાષા અને શિક્ષણને મહત્ત્વનાં ગણતાં. શિક્ષણમાં તેમને વિજ્ઞાનના અભ્યાસને પ્રાધાન્ય આપ્યું. શિક્ષિત વ્યક્તિ જ સારું-ખરાબ, ઉચિત-અનુચિત, યોગ્ય-અયોગ્યનો ભેદ પારખી શકે છે તેવું તેઓ માનતા હતાં.

### 3.5.4 સ્વામી વિવેકાનંદ :

સ્વામી વિવેકાનંદનો જન્મ 1863 માં કોલકતામાં થયો હતો. તેમનું મૂળ નામ 'નરેન્દ્રનાથ' હતું. સ્વામી વિવેકાનંદ કહેતાં કે 'માનવસેવા તથા રાષ્ટ્રસેવા એ જ પ્રભુ સેવા' તેઓ આ બન્ને સેવાને જ સાચો ધર્મ કહેતાં. તેમણે માનવ ધર્મ ફેલાવવા દેશ વિદેશની યાત્રા કરી. તેમણે શિક્ષિત યુવાનોને દેશની અજ્ઞાનતા અને ગરીબી દૂર કરવા પ્રયાસો કર્યો છે.

સ્વામી વિવેકાનંદ હેઠળ ચાલતું 'રામકૃષ્ણ મિશન' દ્વારા ભારતમાં શાળાઓ, દવાખાના તથા અનાથ આશ્રમો શરૂ કર્યા. સ્વામી વિવેકાનંદે સ્ત્રીની પરાધિનતા દૂર કરવા માટે તેમજ તેમનો દરજ્જો ઉંચો લઇ જવા માટે તેમણે પશ્ચિમી દ્રષ્ટિ અપનાવવા પર ભાર મૂક્યો હતો. સ્ત્રી શિક્ષણ દ્વારા તેમનું ઘડતર, તેમની આત્મનિર્ભરતા, તેમની બુદ્ધિ વિસ્તૃત બને તે માટેના પ્રયાસો કર્યા. આ ઉપરાંત તેમને રક્તપિત્તનાં દર્દીઓની સારવાર તથા બાળલગ્નોનો વિરોધ કર્યો.

### 3.5.5 ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર :

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર દ્વારા બાળ વિધવા અને યુવાન વિધવાઓને બચાવવાની કામગીરી કરી. આ માટે તેમને 1854 માં વિધવા પુનઃ લગ્નને લગતું પુસ્તક લખ્યું. ત્યારબાદ તેઓએ 1855માં દલિલો રજૂ કરતી પત્રિકાઓ પ્રસિદ્ધ કરી અને વિધવા પુનઃ લગ્નોને શાસ્ત્રો માન્ય છે તેવું સાબિત કર્યું અને આ દ્વારા વિધવા પુનઃ લગ્ન માટેનો કાયદો ઘડવા અંગે માન્યતા મળી. તેમજ આવા લગ્નથી થતાં બાળકોને કાયદેસરનો દરજ્જો મળવા લાગ્યો. રૂઢિચુસ્ત લોકોએ તેનો વિરોધ કર્યો; પરંતુ ધીરે ધીરે અનુકૂળ લોકમત ઘડાવા લાગ્યો અને વિધવા પુનઃ લગ્ન મંડળો રચાવા લાગ્યા. આ ઉપરાંત તેમને વિવિધ કાર્યો કર્યા; જે આ પ્રમાણે દર્શાવી શકાય.

– આરોગ્ય અંગેના કાર્યક્રમો
– ખેતી અને પશુપાલન અંગેના કાર્યક્રમો
– સામાજિક કલંક તેમજ બાળક્રિયા અંતર્ગત કાર્ય
– આગાખાન હેલ્થ સેન્ટર ખાંડુ ઇન્દિરા દ્વારા મંજૂર થયેલ શૌચાલય, બાથરૂમ વગેરે અંગેની તકલીફ જાણી અને તેને હલ કરી.

### 3.5.6 જ્યોતિબા ફુલે :

ભારતીય સમાજને સુધારણાની દિશા તરફ લઇ જવા માટે એક સમાજ સુધારક તરીકે જ્યોતિબા ફુલેનું આગવું પ્રદાન છે. 1857 માં પુનામાં કન્યા શાળાની સ્થાપના કરી વિધવા પુનઃ લગ્ન, બાળલગ્ન, બહુપત્ની પ્રથા નાબૂદ કરવાના પ્રયત્નો કર્યા હતાં. 1873માં 'સત્યશોધક સમાજ'ની સ્થાપના કરી. આના દ્વારા મહારાષ્ટ્રે સુધારણા ચળવળનું કેન્દ્ર બન્યું. આ સંસ્થા દ્વારા જ્ઞાતિવાદને નાબૂદ કરવા પ્રયાસો કર્યા હતાં.

### 3.5.7 દાદાભાઇ નવરોજી :

અંગ્રેજી કેળવણી પામેલા પારસી યુવાનોએ ધર્મ અને સમાજ સુધારણા માટે 1851માં 'રહનુમા ઇ. મઝદયરબન' સભાની સ્થાપના કરી. દાદાભાઇ નવરોજી આ સંસ્થાના અગ્રણી નેતા હતાં. તેમણે શિક્ષણના પ્રચાર ઉપર, સ્ત્રી ઉન્નતિ પર, બાળલગ્ન વગેરે કાર્યો સમાજ સુધારક તરીકે કર્યા. તેમણે સમાજમાં પરિવર્તન લાવવા તેમજ કૂરિવાજો દૂર કરવા સમાજસેવાના સુધારક તરીકે કાર્ય કર્યું.

### 3.5.8 રામકૃષ્ણ ગોપાલ ભંડારકર :

રામકૃષ્ણ ગોપાલ ભંડારકર પ્રાર્થના સભાના આગેવાન હતાં. 1867 માં પ્રાર્થના સમાજની સ્થાપના થઇ હતી. પ્રાર્થના સભા દ્વારા આત્માની ઉન્નતિ સાથે ભાર મૂક્યો, તેઓએ મૂર્તિ પૂજાનો

વિરોધ કર્યો અને અંતઃ કરણની શુદ્ધિ દ્વારા સમાજ સુધારણાથી સામાજિક સુધારણા શક્ય બનશે તેમજ સમાજ સુધારણા કરવા માટે કુરિવાજો જડમૂળથી કાઢી નાંખવા હિમાયત કરી હતી.

**3.5.9 દયાનંદ સરસ્વતી :**

તેમનું મૂળ નામ 'મૂળશંકર' હતું. દયાનંદ સરસ્વતીએ 1875 માં 'આર્યસમાજ'ની સ્થાપના કરી હતી. નાનપણથી જ ઇશ્વર વિશેનું જ્ઞાન પ્રાપ્ત થયું. તેઓએ સરસ્વતી સંપ્રદાયમાં દિક્ષા લીધી અને તેમનું નામ દયાનંદ સરસ્વતી પડ્યું.

દયાનંદ સરસ્વતી એ ધાર્મિક સુધારણાના અનુયાયી હતાં. તેમણે સામાજિક અને શૈક્ષણિક બાબતોમાં સ્ત્રી-પુરુષના સમાન હકની હિમાયત કરી. તેઓએ પરદાપ્રથાનો વિરોધ કર્યો હતો. બાળલગ્ન પ્રથા બંધ થાય તે માટે પ્રયાસો કર્યા અને શિક્ષણનાં પણ તેઓ હિમાયતી હતાં.

**3.5.10 રવિશંકર મહારાજ :**

રવિશંકર મહારાજનો જન્મ 1884 માં થયો હતો. એક સમાજસુધારક તરીકે તેમણે ગુજરાતમાં અગત્યની ભૂમિકા ભજવી છે. ગાંધીજીના સંપર્કમાં આવ્યા બાદ ખાસ કરીને આઝાદીની લડતમાં અગત્યની ભૂમિકા ભજવી હતી. દારૂબંધી, દુકાળ, કોલેરા, અતિવૃષ્ટિ વગેરે ઉપર કાર્યો કર્યા. વિનોબા ભાવે સાથે પણ ભૂદાન ચળવળમાં પોતાનો ફાળો આપ્યો.

**3.5.11 સર સૈયદ અહમદખાન :**

અહમદ ખાનનો જન્મ મુઘલ દરબારમાં ઉમરાવ કુટુંબમાં થયો હતો. 1857ના વિપ્લવના વખતે કંપનીમાં સરકારી નોકરીમાં હતાં. નિવૃતિ પછી ઇંગ્લેન્ડ ગયા અને પાશ્ચાત્ય ઉદારમતવાદથી પ્રભાવિત થયા. મુસલમાનોને અંગ્રેજી કેળવણી આપીને તેમનું પછાતપણું અને રૂઢિચુસ્તતા દૂર કરવાનો આગ્રહ કર્યો. 1870 માં 'તહા જલ ઊલ અખલાક' નામનું સામયિક બહાર પાડ્યું. 1875 માં 'અલીગઢ મુસ્લિમ' કૉલેજની સ્થાપના કરી. જે 'અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી' તરીકે ઓળખાય છે.

આમ, દર્શાવ્યા મુજબ જાણી શકાય કે ભારતીય સમાજ સુધારકોના અથાગ પ્રયત્નો અને તેમના કાર્યો દ્વારા સમાજની સુધારણાનું કાર્ય ખુબ મોટાં પાયે થયું જેમાં લોકજાગૃતિ, બ્રહ્મોસમાજ, આર્યસમાજ, પ્રાર્થનાસમાજ જેવી વિવિધ સંસ્થા દ્વારા સમાજમાં પરિવર્તન લાવવાનાં પ્રયત્નો કરવામાં આવ્યા.

## 3.6 સ્વાતંત્રોત્તર સમયગાળો અને રાજ્યની પ્રવૃત્તિઓ ભારતના સંદર્ભમાં

વિકાસ માટેના કોઇપણ વ્યૂહમાં અમલીકરણનું માળખું અને તંત્ર ખૂબ મહત્ત્વના છે. આખરે તો તે જ નિશ્ચિત કરે છે કે આયોજિત વિકાસ યોજના તેની ગુણવત્તાની દ્રષ્ટિએ કેટલે અંશે સફળ થશે. તેથી જ રાષ્ટ્રીય વ્યવસ્થા તંત્રોની કાર્યક્ષમતા ઘણી અગત્યની છે.

સામાન્ય રીતે ભારતીય આયોજકોના મતે વિકાસની પ્રક્રિયા સમગ્ર સામાજિક વ્યવસ્થાને આવરી લેતી પ્રક્રિયા છે. વધુ ઉત્પાદન, સંપૂર્ણ રોજગાર, આર્થિક અસમાનતા અને સામાજિક ન્યાયની ઉપલબ્ધિ જેવા આદર્શો આયોજનનાં રહ્યા છે. વિકાસ માટેની યોજનામાં આ સર્વ પર ભાર દેવો જરૂરી છે. સમાજજીવનનાં દરેક પાસાંને વિકાસ સ્પર્શે છે. એવું આયોજન પંચ માને છે અને તેથી જ આર્થિક આયોજનનાં ક્ષેત્રને લંબાવીને શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રો સુધી પહોંચાડવા કોશિશ કરાઇ છે.

વિકાસના આ બૃહદ્ દ્રષ્ટિકોણને કારણે ભારત એક કલ્યાણ રાજ્ય બન્યું છે. વિકાસની સમગ્ર પ્રક્રિયાનો લાભ સમાજના દરેક વર્ગને એકસમાન રીતે મળે તેવી અપેક્ષા હતી. સમાજના નબળા વર્ગો તેમજ સ્ત્રીઓની શૈક્ષણિક અને આર્થિક જરૂરિયાતો પર ધ્યાન આપવા માટે બંધારણ વિશેષ પ્રોત્સાહન

આપે છે. કારણ કે સામાજિક રીત રીવાજો અને મૂલ્યોને કારણે તેઓ ક્ષતિગ્રસ્ત રહ્યાં છે. પંચવર્ષીય યોજનાઓ દ્વારા સમાજના પ્રત્યેક વ્યક્તિના વિકાસ માટેનું આયોજન થયું.

ભારતમાં વિકાસના જે જુદાં-જુદાં અભિગમો છે તે જોઇએ તો તેમાં નિમ્નલિખિત અભિગમ મુખ્ય છે.

– કલ્યાણનો અભિગમ.

– સમાનતાનો અભિગમ.

– ગરીબી વિરોધી અભિગમ.

– કાર્યદક્ષતા અભિગમ.

– સશક્તિકરણનો અભિગમ.

ઉપરોક્ત દરેક અભિગમને વિસ્તૃત આ રીતે વર્ણવી શકાય.

### 3.6.1 કલ્યાણનો અભિગમ :

કલ્યાણના અભિગમમાં વ્યક્તિને નિષ્ક્રિય સહાય મેળવનાર તરીકે જોવામાં આવે છે. મુશ્કેલ પરિસ્થિતિમાં તેને કેટલીક રાહત અપાય છે. આ અભિગમની ઘણી લાંબી પરંપરા છે. મુશ્કેલીમાં મૂકાયેલા લોકોને મદદ પૂરી પાડતા ચર્ચ જેવાં વિવિધ સંગઠનોથી તેની શરૂઆત થયેલી છે. આ અભિગમમાં એક પણ યોજના કે કાર્યક્રમ એવા નહોતા; જેમાં સત્તાના પુનઃ વિતરણની જરૂર ઉભી થાય. જેને લીધે આ યોજના રાજકીય રીતે વધુ સરળ હતી. તાંત્રિકી રીતે પણ વધુ સરળ હતી. આથી તેને વધુ લોકપ્રિયતા મળી. મોટા ભાગના સ્વૈચ્છિક સંગઠનો, ચર્ચ, કેટલાંક સ્ત્રી સંગઠનો તથા સરકાર દ્વારા આ અભિગમથી કામ થયા છે અને થાય છે. આ અભિગમની મોટી આલોચના એ છે કે તે ઉપરથી લાદેલો ટોપ ડાઉન અભિગમ છે.

### 3.6.2 સમાનતાનો અભિગમ :

ઇક્વિટીના (સમાનતા) અભિગમ કલ્યાણનાં અભિગમ કરતાં ઘણો જૂદો પડે છે. 1970 ની શરૂઆતમાં અમેરિકામાં વિકાસની પ્રક્રિયા સાથે સંકળાયેલા કેટલાંક સ્ત્રી સંગઠનો દ્વારા આ અભિગમની શરૂઆત થઇ. એક રીતે કહી શકાય કે સમાનતાનો અભિગમ મૂળ નારીવાદ વિચારસરણીમાં રહેલા છે. આ અભિગમના મૂળ 1970 ની શરૂઆતમાં જે ઇક્વિટી રાઇટ મૂવમેન્ટ થઇ તેમાં પડેલા દેખાય છે.

### 3.6.3 ગરીબી વિરોધી અભિગમ :

ગરીબી વિરોધી અભિગમ ગરીબો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે અને પાયાની જરૂરિયાતનાં અભિગમની તરફેણ કરે છે. સમસ્યાને ગરીબી સાથે જોડીને જોવામાં આવે છે.

### 3.6.4 કાર્યક્ષમતા અભિગમ :

કાર્યક્ષમતા અભિગમ 1980ની કટોકટી વખતે ઉદ્ભવેલો છે. ખોરાક, પાણી, વીજળીની જે કટોકટી ઉભી થઇ તેને લીધે સરકારી ખર્ચમાં મોટો કાપ આવ્યો. પરિણામે કાર્ય ક્ષમતા એ ચાવીરૂપ શબ્દ બન્યો. માળખાકીય અનુકૂલન નીતિઓનું જ્વલંત ઉદાહરણ છે. તેની વિપરીત અસરો પણ હવે સ્પષ્ટ થઇ ચૂકી છે.

### 3.6.5 સશક્તિકરણ અભિગમ :

સશક્તિકરણનાં અભિગમના મૂળ પણ નારીવાદી વિચારોના દેખાય છે. નબળા વર્ગોની સશક્તિકરણની વાત આમાં થઇ છે. આ માટે નિમ્નલિખિત ચાર બાબતોને અગત્યની માનવાંમાં આવી છે.

- આંતરિક શક્તિનો વિકાસ કરવો અને જીવનનો સામનો કરવાનો આત્મવિશ્વાસ ઉભો કરવો.
- જીવન માટે પોતાની પસંદગી નક્કી કરવાનો હક્ક આપવો.
- પોતાના જીવનને અસર કરતી સામાજિક પ્રક્રિયાઓને પ્રભાવિત કરવાની શક્તિ આપવી.
- સામાજિક પરિવર્તનની દિશાને પ્રભાવિત કરવી.

આ અભિગમમાં સંબંધોને પડકારવામાં આવ્યા છે અને સત્તાની પુનઃ વહેંચણી પર ભાર મૂકવામાં આવ્યો છે.

સરકારે સમયાંતરે વિવિધ અભિગમો અનુસરી પંચવર્ષીય યોજનાઓ બનાવી. 10 પંચવર્ષીય યોજનાઓ થઇ અને તેમાં વિકાસ અને કલ્યાણનાં અનેક કાર્યો થયાં. સરકાર દ્વારા જે પ્રયત્નો થયા તે મુખ્યત્વે બે દિશામાં થયા. એક કાયદાઓ દ્વારા નિયંત્રણ લાદીને સામાજિક સમસ્યાઓની રોકથામ અને બીજું યોજનાઓ અને કાર્યક્રમો દ્વારા વિકાસ કે કલ્યાણ માટે સહાય. જેઓ મૂશ્કેલીમાં છે તેને સહાય. આ બધાં કાર્યો ઉપચારાત્મક રહ્યાં. સરકારના છેલ્લાં પ્રયત્નો અટકાયતી દિશામાં રહ્યાં છે. રચનાત્મક રીતે વિકાસ સાધી વિકાસની પ્રક્રિયામાં ભાગીદારી દ્વારા સશક્તિકરણની દિશા તરફ જવાનો પ્રયત્ન સરકારનો રહ્યો છે. પરંતુ આ બધા જ પ્રયત્નોની મોટી મર્યાદા રહી હોય તો તે અમલીકરણનાં સ્તરે રહી છે.

સ્વતંત્રતા પછી સરકારી તંત્ર દ્વારા જે સમાજકાર્ય થયું તે મુખ્યત્વે ગાંધી વિચારસરણી અને આગળ દર્શાવેલ અભિગમો દ્વારા પ્રેરિત હતું. બીજી બાજુ સ્વતંત્રતા મળ્યા પછી તુરંત સ્વૈચ્છિક પ્રયત્નોમાં ઢીલાશ આવી ગઈ હતી. પરંતુ તે પછી સ્વૈચ્છિક સંગઠનો દ્વારા મોટા પાયે સમાજકાર્ય થયું. ભારતીય સમાજકાર્યમાં સ્વૈચ્છિક સંગઠનોનો ફાળો નોંધપાત્ર રહ્યો છે.

## 3.7 ઉપસંહાર

વ્યાવસાયિક સમાજકાર્યનો ઉદ્ભવ અને વિકાસ પાશ્ચાત્ય દેશોમાં તે દેશોની વિશિષ્ટ સમસ્યાઓ અને વિશિષ્ટ પરિસ્થિતિના સંદર્ભમાં થયો છે. તેના પાયાનાં મૂલ્યો અને કાર્યો દરેક વ્યક્તિ અને દરેક દેશને લાગુ પડી શકે છે. ભારતમાં આજે અસ્તિત્વમાં છે. ભારતીય સંસ્કૃતિ અને તેની સમસ્યાઓને અનુરૂપ વ્યાવસાયિક સમાજકાર્યનો વિકાસ થયો છે. સમાજકાર્યકર માટે શિક્ષણ અને તાલીમ જરૂરી બન્યાં. વ્યક્તિ, સમાજ અને સમસ્યા વિશેના જ્ઞાનમાં જેમ જેમ વધારો થતો ગયો તેમ તેમ વ્યાવસાયિક સમાજકાર્ય વિકસતું ગયું. સમાજકાર્ય વ્યક્તિ પોતે પોતાની મદદ કરી શકે તે માટે તેને સક્ષમ કરવાની કળા છે.

## 3.8 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. ઈંગ્લેન્ડમાં સમાજકાર્યના ઈતિહાસને કેટલા ભાગમાં વહેંચવામાં આવ્યો છે ?

   (A) ચાર (B) છ

   (C) સાત (D) આઠ

2. કઈ સાલમાં સુધારગ્રહ સ્થાપિત કરવામાં આવેલા.

   (A) 1576 (B) 1560

   (C) 1578 (D) 1590

3. કઈ સાલમાં નવો પૂવર લૉ બનાવવામાં આવ્યો હતો ?

   (A) 1848 (B) 1869

   (C) 1834 (D) 1880

4. અમેરીકામાં આપાતકાલીન સહાયતા અને નિર્માણ અધિનિયમ ક્યારે પસાર કરવામાં આવ્યો હતો ?

(A) 1928 (B) 1920

(C) 1922 (D) 1916

5. દોહરાબજી ટાટા મુંબઈ દ્વારા સમાજસેવા સંસ્થાની શરૂઆત ક્યારે થઈ હતી ?

(A) 1938 (B) 1921

(C) 1936 (D) 1928

## 3.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) ચાર
2. (A) 1576
3. (C) 1834
4. (C) 1922
5. (C) 1936

## 3.10 ચાવીરૂપ શબ્દો :

- **અનાથ બાળકો :** માતા-પિતા દ્વારા ત્યજાયેલાં બાળકો.
- **શક્તિહિન ગરીબો :** કાર્ય કરવા અસમર્થ ગરીબ, રોગીનો સમાવેશ થાય છે.
- **સમાજ સુધારક :** સમાજમાં પરિવર્તન લાવવાની પ્રવૃત્તિ કરવાવાળાં વ્યક્તિ
- **કલ્યાણનો અભિગમ :** મુશ્કેલ પરિસ્થિતિમાં વ્યક્તિને સહાય કરવી.

## 3.11 સ્વાધ્યાય લેખન (Assignment)

1. ઇંગ્લેન્ડમાં સમાજકાર્યની શરૂઆતનું વર્ણન કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

2. અમેરિકામાં સમાજકાર્યની શરૂઆત વર્ણવો.

..........................................................................

..........................................................................

..........................................................................

3. ભારતમાં સમાજકાર્યની શરૂઆત અને ઇતિહાસ વર્ણવો.

..........................................................................

..........................................................................

..........................................................................

## 3.12 પ્રવૃત્તિ (Activities)

- ગાંધીજી દ્વારા કરવામાં આવેલ સમાજકાર્યની પ્રવૃત્તિ તમારા શબ્દોમાં વર્ણવો.
- મહાદેવ ગોવિંદ રાનડે દ્વારા કરેલ પ્રવૃત્તિ તમારા શબ્દોમાં વર્ણવો.

## 3.13 કેસસ્ટડી (Case Study)

- ભારતમાં સમાજસુધારકોના નામ અને કરેલ પ્રવૃત્તિ વિગતવાર જણાવો.
- ભારતમાં વ્યવસાયિક શિક્ષણની શરૂઆત વર્ણવો.

## 3.14 સંદર્ભગ્રંથ


1. વ્યાવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો : ડૉ. આનંદી પટેલ, વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન - અમદાવાદ, આવૃત્તિ : 2010
2. વ્યાવસાયિક સમાજકાર્ય : ગીતા ચાવડા, લોક પ્રકાશન, લોકનિકેતન - રતનપુર, આવૃત્તિ : 2008
3. સમાજકાર્ય એક સમગ્ર દ્રષ્ટિ (હિન્દી ભાષા) : ડૉ. બાલેશ્વર પાંડેય, ડૉ. ભારતી શુક્લા, ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન - લખનઉ, આવૃત્તિ : 2011
4. સમાજકાર્ય (હિન્દી ભાષા) : સંગીતા તેજ, તેજસ્કાર પાન્ડે, જુબલી 'એચ' ફાઉન્ડેશન - લખનઉ, આવૃત્તિ : 2006
5. સમાજકાર્ય (હિન્દી ભાષા) : ડૉ. જી. આર. મદન, વિવેક પ્રકાશન - દિલ્હી, આવૃત્તિ : 2002

| એકમ–4 | સંગઠિત અને વૈજ્ઞાનિક ધર્માદા : વૈદ્યકિય સમાજકાર્ય ધ્યેયો, મૂલ્યો, ભૂમિકાઓ અને પ્રક્રિયા |
|---|---|

## : એકમનું માળખું :


4.0 એકમના હેતુઓ

4.1 પ્રસ્તાવના

4.2 આરોગ્યનો સમાજકાર્ય સાથેનો સંબંધ

4.3 ધ્યેયો

4.4 મૂલ્યો

4.5 ભૂમિકાઓ

4.6 પ્રક્રિયા

4.7 ઉપસંહાર

4.8 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

4.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

4.10 ચાવીરૂપ શબ્દો (Glossary)

4.11 સ્વાધ્યાય લેખન (Assignment)

4.12 પ્રવૃત્તિ (Activities)

4.13 કેસસ્ટડી (Case Study)

4.14 સંદર્ભગ્રંથ (Further Readings)


## 4.0 એકમના હેતુઓ

પ્રસ્તુત એકમના હેતુઓ નીચે મુજબ છે.

- વિદ્યાર્થીઓને સમાજકાર્યના ક્ષેત્રે આરોગ્ય સાથેના સંબંધ વિશે ખ્યાલ વિકસશે.
- વિદ્યાર્થીઓ સમાજકાર્યના ધ્યેયો વિશે જાણકારી પ્રાપ્ત થશે.
- વિદ્યાર્થીઓ સમાજકાર્યના મૂલ્યોથી માહિતગાર થશે.
- વિદ્યાર્થીઓને સમાજકાર્યકર તરીકેની વિવિધ ભૂમિકા જાણવા અને શીખવા મળશે.
- વિદ્યાર્થીઓને સમાજકાર્યની પ્રક્રિયા વિશે વિસ્તૃત જાણકારી પ્રાપ્ત થશે.

## 4.1 પ્રસ્તાવના

સમાજકાર્ય એ એક વ્યાવસાયિક સેવા છે જે વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવસંબંધોની નિપૂણતા પર આધારિત છે. તે વ્યક્તિઓની વ્યક્તિગત કે સમૂહમાં સહાય કરે છે. જેથી તે સામાજિક અને વ્યક્તિગત સંતોષ અને સ્વાવલંબન મેળવી શકે છે. દા.ત. ડૉક્ટર દર્દીની સારવાર કરે છે. તે એક સમાજકાર્યનો ભાગ છે. કારણ કે ડૉક્ટર તેમાં વળતરની ઇચ્છા ધરાવે છે. આવી જ રીતે આરોગ્યમાં આરોગ્ય સમાજકાર્યકરની પણ મહત્ત્વની ભૂમિકા જોવા મળે છે. જેમાં તેનો મુખ્ય ઉદ્દેશ સેવાર્થીને આત્મસંતોષ અને સ્વાવલંબન અપાવવાનો તથા પુનઃ સ્થાપનનો છે.

## 4.2 આરોગ્યનો સમાજકાર્ય સાથેનો સંબંધ

આપણા સમાજમાં પ્રાચીન કાળથી પીડિતો અને રોગીઓની સહાયતા અને સેવા કરવાનું પ્રચલિત રહ્યું છે અને દરેક વ્યક્તિ એક બીજાની સેવા કરવી પોતાનું ઉત્તરદાયિત્વ સમજે છે. પરંપરાગત સમાજ સેવામાં માનવતાના આધાર પર આશ્રમ, વિદ્યાલય, ચિકિત્સાલય વગેરેના માધ્યમથી જન સાધારણની સેવા કરવામાં આવતી. યુગમાં સહાયતા કરવાનું કાર્ય માનવતાવાદી દ્રષ્ટિકોણથી જોવામાં આવે છે અને આ સ્થિતિમાંથી ધીમે ધીમે સમાજ સેવાઓ સમાજકાર્યનું રૂપ ધારણ કર્યું તથા ધર્મ અને માનવતાના સહાયતા પ્રદાન કરવાની વૃત્તિ બળવત્તર બનવાં લાગીને તેમાંથી સમાજકાર્યની શરૂઆત થઇ.

### 4.2.1 હોસ્પિટલમાં સમાજકાર્યની જરૂરિયાત :

ક્યારેક હોસ્પિટલમાં એવા પણ દર્દીઓ આવે છે કે જેમને સારામાં સારી સુવિધા આપવા છતાં તેમના રોગ કે બિમારીમાં ઘટાડો જોવાં મળતો નથી. આવા દર્દીઓને તપાસતાં જ જણાય છે કે તેમને તબીબી સારવાર સાથે પ્રેમ, હૂંફ, સહકાર, હિંમત વગેરેની જરૂર હોય છે. જે મેડીકલ સોશ્યલ વર્કર દ્વારા પૂરું પાડવામાં આવે છે. આવા પ્રેમ, હૂંફ, લાગણી વગેરેથી સંતોષ મળવાથી દર્દીની માનસિકતા મજબૂત બને છે. તબીબી સારવાર સાથે સામાજિક પાસુ પણ સંકળાયેલ હોય છે. હવેની આધુનિક વિચારસરણી અને બદલાયેલા પરિપેક્ષ્યમાં જ્યાં 400 બેડની સુવિધા હોય ત્યાં સમાજકાર્ય વિભાગ શરૂ થઇ રહ્યાં છે.

વ્યક્તિને જ્યારે હોસ્પિટલમાં લાવવામાં આવે છે ત્યારે તે વ્યક્તિ મટીને દર્દીનું સ્વરૂપ ધારણ કરે છે અને દર્દી હોસ્પિટલના નવાં અને વિચિત્ર વાતાવરણમાં જલ્દીથી સમાયોજન સાધી શકતો અને આથી તે મૂંઝવણો અનુભવે છે. આવા સંજોગોમાં ડોક્ટર દરેક દર્દીની બધી બાબતોને સમજી શકતાં નથી. કારણ કે તેમની મર્યાદાઓ નિશ્ચિત હોય છે. આવા સમયે મેડીકલ સોશ્યલ વર્કર દર્દીના વિવિધ પાસાઓને સમજી શકે છે. જે દર્દીની માનસિક, શારીરિક, સામાજિક, કૌટુંબિક પરિસ્થિતિનું અધ્યયન કરી દર્દીના વિષયમાં ડૉક્ટની સાથે ચર્ચા વિચારણા કરે છે. ડૉક્ટરો મોટે ભાગે શારીરિક બાબતોને જ વધુ પ્રાધાન્ય આપે છે અને દર્દીની અન્ય બાબતો ધ્યાન આપી શકતાં નથી. જેથી ઘણી વખત દવાની બધી પ્રયુક્તિ છતાંય દર્દીને સાજો કરવામાં નિષ્ફળ રહે છે. તેમને મેડીકલ સોશ્યલ વર્કરની ભૂમિકાથી ખુબ જ અસરકારક રીતે સારવાર આપી શકાય છે.

## 4.3 ધ્યેયો

મેડીકલ સોશ્યલ વર્કરનું મહત્ત્વનું ધ્યેય રોગીના સામાજિક પર્યાવરણનું પૃથક્કરણ કરી ડૉક્ટરો દ્વારા પર્યાપ્ત સુવિધા અપાવવાનું છે. 1947 ની આસપાસ ડૉક્ટોને એમ.એસ.ડબલ્યુ (મેડીકલ સોશ્યલ વર્કર) ની જરૂરિયાતની અનુભૂતિ થવા લાગી છતાં આજે પણ એમ.એસ.ડબલ્યુ.ની જરૂરિયાત ઘણાં ડૉક્ટરો સ્વીકારતા નથી. સમાજકાર્ય આંતરરાષ્ટ્રીય સંમેલનમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે એમ.એસ.ડબલ્યુનું મુખ્ય ધ્યેય રોગીની ગતિવિધિઓને સમજવાનું છે તથા રોગીના વિવેકને તેની આવશ્યકતા સમજી જાગૃતિ લાવવાનું છે.

### 4.3.1 દર્દીને વ્યક્તિગત રૂપથી અને પરિવારને પરોક્ષ રીતે મદદ :

દર્દી પોતાની માંદગીના કારણે વાતાવરણ, પરિવાર, મિત્રો, સગાસંબંધી વગેરેથી જૂદો પડીને હોસ્પિટલમાં રહે છે. જ્યાંનું વાતાવરણ ઘરના વાતાવરણથી સાવ જૂદું હોવાથી તે જલ્દીથી સમાયોજન સાધી શકતો નથી. દર્દીને આર્થિક, સામાજિક, માનસિક ચિંતા રહ્યા કરે છે અને તેની અસર તેની શારીરિક તકલીફમાં વધારો કરે છે. વળી તેને હોસ્પિટલના નિયમો મુજબ રહેવું પડે છે. જેનાથી તેને ક્યારેક આઘાતની લાગણી જન્મે છે અને તેને સતત એવું લાગે છે કે તે મદદ વગરનો બની ગયો છે.

જેની અસરથી ક્યારેક હોસ્પિટલનાં કર્મચારી જે સૂચન કે સલાહ આપે છે તેનો તે વિરોધ કરી બેસે છે અને આવી બાબતોની અસર શારીરિક પરિસ્થિતિ ઉપર થાય છે. જેનાથી તબીબી સારવારમાં પણ અસર થાય છે.

આવા સમયે સમાજકાર્યકર પોતાની આવડતો અને સમાજકાર્ય તત્ત્વજ્ઞાનનાં ઉપયોગથી દર્દીને તેની પરિસ્થિતિમાં યોગ્ય રીતે સમજી શકે છે અને સાથે સાથે માર્ગદર્શન પણ આપે છે. સમાજકાર્યકર તેને સમજી હોસ્પિટલના સ્ટાફ અને કુટુંબના લોકોની ભાગીદારીથી તે પરિસ્થિતિમાંથી યોગ્ય રસ્તો કાઢવામાં મદદરૂપ થાય છે. સમાજકાર્યકર દર્દીના મિત્રો, પરિવારના સભ્યો તેમજ બીજા અન્ય સભ્યોને મદદરૂપ બને છે. તે કોઇપણ પ્રકારનો નિર્ણય લાદવાનો પ્રયત્ન કરતોં નથી. પરંતુ તે સમજાવવાનો પ્રયત્ન કરે છે. દર્દીને તેની સારવારમાં રહેલાં મહત્ત્વનાં પાસાની ચર્ચા કરવી, તે પૂરી સારવાર મેળવે તે સલાહ આપવી, તેમજ દર્દીને દર્દીની માનસિક સામાજિક મુશ્કેલીઓની તેના કુટુંબના તથા સમાજના બીજા સભ્યોને સમજણ આપવી તથા જરૂર પડે ત્યારે સમાજને તે દર્દીનો સ્વીકાર કરવામાં સમજણ આપવામાં તેમજ દર્દી ફરીથી ધંધો અથવા નોકરી કરી શકે વગેરેની દર્દી તથા કુટુંબના સભ્યો સાથે ચર્ચા પણ કરે છે અને જરૂર જણાય તો દર્દીને સલાહ કેન્દ્રમાં પણ લઇ જવામાં મદદ કરે છે.

ઉપરાંત રોગીની હોસ્પિટલ પ્રત્યેની આશાઓ અને ઇચ્છાઓને પૂર્ણ કરવામાં સહયોગ આપે છે. રોગીની માનસિક સ્થિતિ અને કૌટુંબિક પરિસ્થિતિની જાણકારી, શિક્ષણ સંબંધી જ્ઞાન, કાર્ય સંબંધી જ્ઞાન, મનોરંજન સંબંધી જ્ઞાન, ધાર્મિક જીવન સંબંધી જ્ઞાન વગેરે જાણીને તે દર્દીને મદદ કરે છે. તે હોસ્પિટલ બહારની સુવિધાઓની પણ જાણકારી આપે છે. ક્યારેક રોગીના હોસ્પિટલ પ્રવેશ વખતે જ તેની સમસ્યાથી માહિતગાર થાય છે અને જ્યારે દર્દી ઘરે જવા નીકળે છે ત્યારે પણ તેનું મૂલ્યાંકન કરે છે.

### 4.3.2 હોસ્પિટલની ટીમ સાથે સંપર્ક જાળવી રાખવો અને તેમને દર્દીના સંદર્ભમાં સમજણ પૂરી પાડવાનો ધ્યેય :

મેડીકલ સોશ્યલ વર્કરનો રોલ ટીમવર્ક કામગીરીનો છે અને દર્દીની શું જરૂરિયાત છે તે સમજાવવાનો છે. તેમજ કોઇપણ હોસ્પિટલની નીતિ ઘડતર અથવા નિર્ધારણ સમયે ત્યાં સારવાર લેવા આવતા દર્દીને કેન્દ્રસ્થાને રાખીને સ્વાસ્થ્ય નીતિનું ઘડતર કરવામાં મેડીકલ સોશ્યલ વર્કર કામગીરી કરે છે. ઉપરાંત સ્વાસ્થ્યને લગતા કાર્યક્રમો કે શિબિરોના આયોજનમાં પણ સમાજકાર્યકરની કામગીરી રહેલી છે. કારણ કે મેડીકલ સોશ્યલવર્કર દર્દીની બધી જ જરૂરિયાતો સમજે છે. ઉપરાંત તેની સામાજિક અને માનસિક તથા આર્થિક પરિસ્થિતિની માહિતગાર થયા પછી તે હોસ્પિટલના ડૉક્ટર, સ્ટાફ, નર્સ અથવા અન્ય કર્મચારીઓને દર્દીની પરિસ્થિતિથી વાકેફ કરાવે છે જેથી દર્દીની જ્યારે સારવાર કરવામાં આવે ત્યારે ડૉક્ટર અને નર્સ તથા અન્ય કર્મચારી દર્દીની આ પરિસ્થિતિને સમજીને તેને યોગ્ય સારવાર આપે. આમ, મેડીકલ સોશ્યલ વર્કર હોસ્પિટલના બીજા સ્ટાફને સમજણ આપવાનું કામ પણ કરે છે અને દર્દીને માનવના રૂપમાં સમજવામાં આવે તેવી ટીમના સભ્યોને સમજણ આપે છે. દર્દીના સગા-સંબંધીઓ પણ દર્દીના જલ્દી સાજા થવામાં મદદ કરી શકે છે. જેમને સમાજકાર્યકરણ ઉપયોગમાં લઇને દર્દીની મદદ અને સાંત્વના અપાવે છે. મેડીકલ સોશ્યલ વર્કરનું મહત્ત્વનું કાર્ય હોસ્પિટલનાં કર્મચારીઓની સાથે પરામર્શ કરવાનું છે. જેમાં રોગીને ડૉક્ટરની વાતો સમજાવવી, હોસ્પિટલના કર્મચારીઓને દર્દીની બાબતોથી અવગત કરાવવા વગેરે કામગીરીનો તેમાં સમાવેશ થાય છે.

### 4.3.3 સમૂદાયને દર્દીના સંદર્ભમાં સમજણ આપવી :

કોઇપણ વ્યક્તિ રોગનો ભોગ બને છે તે પહેલા તે એક વ્યક્તિ હોય છે અને સમાજમાં તેનું નિશ્ચિત સ્થાન હોય છે. પણ જ્યારે તે વ્યક્તિ મટીને દર્દી બને છે ત્યારે સમાજનો તેના પ્રત્યેનો

દ્રષ્ટિકોણ બદલાય છે અને ઘણાં કિસ્સામાં દર્દીનો સમાજ તિરસ્કાર કરે છે. આવા સમયે આરોગ્ય સમાજકાર્યકર દર્દીને સાંત્વના આપે છે. સાથે સાથે તે સમૂદાયોમાં પ્રવર્તતી ગેરમાન્યતાઓને દૂર કરવા પ્રયત્ન કરે છે.

દા.ત. એઇડ્સ, રક્તપિત્ત વગેરે જેવા રોગોમાં દર્દીને જવાબદાર ગણવામાં આવે છે. જ્યારે હકીકતમાં દર્દીની પોતાની ભૂલ હોતી નથી. આવા સમયે મેડીકલ સોશ્યલ વર્કર પોતાની આગવી શૈલી અને આવડતોનો ઉપયોગ કરીને દર્દીના પુનઃ વસનમાં મદદ કરે છે. ઉપરાંત સમૂદાયને આવા રોગો વિશે જાગૃત કરે છે. ઉપરાંત સમૂદાયમાં પ્રવર્તતી સામાજિક સમસ્યાઓના સમાધાન અને જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો જેવાં કે આરોગ્ય શિબિરો, જાગૃતિશિબિરો, રેલીઓ, નાટકો, પોસ્ટરો વગેરેના માધ્યમનો ઉપયોગ કરી જાગૃતિ લાવવા પ્રયત્નો કરે છે.

**4.3.4 સંશોધન :**

સંશોધનનો મુખ્ય હેતુ જૂની હકીકતોની ચકાસણી કરવાનો, નવી હકીકતો શોધવાનો, હકીકતો વચ્ચેના કાર્ય કારણની સમજણ મેળવવાનો છે. સામાજિક ક્ષેત્રમાં માંદગીના જૈવિક પાસાની પાસે સામાજિક, સાંસ્કૃતિક પરિબળોને વધારે મહત્ત્વ અપાય છે. મેડીકલ સોશ્યલ વર્કર આવા સંશોધન દરમિયાન દર્દીના સમગ્રજીવનને સમજવા માટે તેની લાગણીઓ, વલણો, શક્તિઓ, નબળાઇઓ, મહાત્ત્વાકાંક્ષાઓ વગેરેની દર્દીની સારવાર પર શું અસર પડે છે તેની માહિતી મેળવે છે. તેમજ સમાજમાં પ્રવર્તમાન અંધશ્રદ્ધાની બાબતમાં જાણકારી પ્રાપ્ત કરીને સમૂદાયમાં આરોગ્ય શિક્ષણને વધુ સક્રિય બનાવવામાં પોતાનું યોગદાન આપે છે. આ ઉપરાંત દર્દીને સમૂદાયના સામાજિક, આર્થિક, મનોવૈજ્ઞાનિક પાસાઓને સંશોધન દ્વારા અભ્યાસ કરીને દર્દીને અથવા સમૂદાયની જરૂરિયાતો અથવા વિકાસને અવરોધક પરિબળોની જાણકારી મેળવી તેમને વિકાસના રસ્તા પર દોરી જવામાં મદદ કરે છે.

મેડીકલ સમાજકાર્યકરના આવા ધ્યેયો સાથે દર્દી, હોસ્પિટલ, સ્ટાફ, સમાજ, કુટુંબ વગેરે દરેકને મદદરૂપ થઇ પુનઃ સ્થાપનનું કાર્ય કરે છે. નવી નીતિઓ ઘડવામાં સહાયરૂપ બને છે.

## 4.4 મૂલ્યો

તમામ શાસ્ત્રો, વિજ્ઞાનો તેમજ વ્યવસાયોને પોતાના સિદ્ધાંતો, વિશેષતાઓ તેમજ મૂલ્યો હોય છે. એવી જ રીતે મેડીકલ સમાજકાર્યને પોતાના મૂલ્યો હોય છે. સામાન્ય રીતે સમાજકાર્ય કોઈપણ ભેદભાવ કે પૂર્વગ્રહ રાખ્યા વિના સમસ્યાગ્રસ્ત વ્યક્તિઓને વ્યાવસાયિક આધાર પર મદદ કરે છે. મદદ તે ફક્ત સમાજકલ્યાણની ભાવના નથી; પરંતુ વ્યક્તિને આત્મનિર્ભર બનાવવાનો છે. જેથી તે સમાજકલ્યાણમાં પણ ઉપયોગી બની શકે છે.

**4.4.1 માણસની યોગ્યતા અને પ્રતિષ્ઠામાં વિશ્વાસ :**

મેડીકલ સમાજકાર્યમાં દરેક વ્યક્તિનું મહત્ત્વ અને પ્રતિષ્ઠાને સમાન રીતે કાર્ય કરવામાં આવે છે. કાર્યકર્તા સમસ્યા સમાધાનમાં મદદ પૂરી પાડે છે અને વ્યક્તિને આત્મનિર્ભર બનાવવાનું કાર્ય કરે છે.

**4.4.2 કોઈ મનુષ્ય દુઃખી ન થાય :**

મેડીકલ સમાજકાર્યકર્તાનું કાર્ય અને મૂલ્ય પ્રમાણે 'સર્વે ભવન્તુ સુખીઃ સર્વે સન્તુ નિરમયા' પ્રમાણે દરેક લોકો સુખી થાય, બધા નિરોગી રહે એવી ભાવનાથી સમાન રીતે દુઃખ દૂર કરવાનું કાર્ય કરે છે અને ભવિષ્યમાં આવા દુઃખોને વ્યક્તિ પોતે હલ કરી શકે એવી ક્ષમતા પ્રદાન કરે છે.

**4.4.3 વ્યક્તિની આંતરિક અને બાહ્ય કાર્ય પરિસ્થિતિથી પ્રભાવિત :**

સમાજકાર્યકર્તા સેવાર્થીની સમસ્યાને અનુરૂપ વૈજ્ઞાનિક પદ્ધતિથી વ્યક્તિ, સમૂહ અને સમૂદાયના આંતરિક અને બાહ્ય પાસા અને પરિસ્થિતિઓની પ્રભાવિત થઇ ગંભીરતાપૂર્વક વિચાર કરીને સમસ્યાનું સમાધાન કરાવે છે. આ કાર્ય માટે સેવાર્થીને વિશ્વાસમાં લે છે. કાર્યને સફળ બનાવે છે.

**4.4.4 ક્રિયાત્મક શક્તિઓનો પૂર્ણ વિકાસ કરે છે :**

કાર્યકર્તા સેવાર્થીના સંપર્કમાં આવ્યા પછી સમગ્ર મૂલ્યાંકન કરે છે. સેવાર્થીમાં રહેલી શક્તિઓ અને આવડતોને બહાર લાવવાનું તેમજ તેને વિકસાવવાનું કાર્ય કરે છે. જેના દ્વારા સેવાર્થી આત્મનિર્ભર બની પોતાની સમસ્યાનું સમાધાન પોતે કરી શકે એવો સક્ષમ બની શકે છે.

**4.4.5 સમગ્ર રીતે સ્વીકાર કરે છે :**

જ્યારે કોઇપણ સેવાર્થી કાર્યકર્તાનાં સંપર્કમાં આવે છે ત્યારે સેવાર્થી સમસ્યાગ્રસ્ત હોય છે. આ સમસ્યાના સમાધાનના હેતુથી કાર્યકર્તાને મળે છે. કાર્યકર્તા ફક્ત સમસ્યાને ધ્યાનમાં રાખતો નથી; પરંતુ તેને અસર કરતી તમામ બાબતોને ધ્યાનમાં રાખીને સમસ્યાને દૂર કરવાનું કાર્ય કરે છે.

**4.4.6 આત્મનિર્ણયનો અધિકાર :**

કાર્યકર્તા સેવાર્થીને સમસ્યામાંથી મુક્ત કરી આત્મનિર્ભર બનાવે છે. જેના આધારે સેવાર્થીને આત્મનિર્ણયનો અધિકાર અપાવે છે. સાથે ભવિષ્યમાં આત્મનિર્ણય માટે પ્રોત્સાહન પૂરું પાડે છે.

**4.4.7 વ્યક્તિ સમાજનું અભિન્ન અંગ છે :**

મનુષ્ય સામાજિક પ્રાણી છે. વ્યક્તિ તેની દરેક જરૂરિયાત સમાજમાં રહીને જ પૂરી કરી શકે છે. સમાજ વિના વ્યક્તિ રહેતો નથી અથવા અટુલો રહી શકતો નથી. એક વ્યક્તિ કલ્યાણથી વંચિત રહી જતો હોય તો સમાજને નુકશાન થાય છે. કાર્યકર્તા સમાજનું ધ્યાન રાખીને વ્યક્તિગત કલ્યાણનું કાર્ય કરે છે. કારણ કે વ્યક્તિ એ સમાજનું અવિભાજ્ય અંગ છે.

**4.4.8 જરૂરિયાત સામાન્ય અને જુદી-જુદી હોય છે :**

વ્યક્તિના કલ્યાણમાં સમાજનું કલ્યાણ સમાયેલું છે. સમાજમાં ક્યારેક કોઇ વ્યક્તિની સમસ્યા સમગ્ર કરતાં અલગ હોય અને તેની અસર સમાજ પર થાય આવા સંજોગોમાં સમાજ કલ્યાણના કાર્યના બદલામાં વ્યક્તિનો અલગથી અભ્યાસ કરવામાં આવે છે અને અગલથી તેની જરૂરિયાતો પૂરી પાડવામાં આવે છે.

**4.4.9 વિકાસ કરવા માટે સમાન તક આપે છે :**

સમાજમાં રહેલા દરેક વ્યક્તિને પોતાની રીતે ક્ષમતા મુજબ વિકાસ કરવાની સમાન તક મળવી જોઇએ. વિકાસશીલતા દરમ્યાન જો વ્યક્તિને કોઇ મુશ્કેલી યા સમસ્યા ઉદ્ભવે તો મેડીકલ સમાજ કાર્યકર્તા તેને સહાયરૂપ બની સમસ્યા દૂર કરીને વિકસીત બનવાંમાં મદદ કરે છે.

**4.4.10 વ્યક્તિનું સમાજ પ્રત્યે કર્તવ્ય :**

મેડીકલ સમાજ કાર્યકર્તા વ્યક્તિ અને સમાજ બન્નેનું મૂલ્યાંકન કરીને સાથે જોડવાનું કાર્ય કરે છે. સમાજની વ્યક્તિ પ્રત્યે ફરજ બને છે અને વ્યક્તિની સમાજ પ્રત્યે ફરજ બને છે. આવા સંજોગોમાં સેવાર્થી દ્વારા સમાજને નુકશાન પહોંચે તેવું કાર્ય ન કરે તેનાથી અવગત કરે છે અને રોકે છે.

**4.4.11 વ્યક્તિની સમસ્યા પ્રત્યે સમાજનું કર્તવ્ય :**

વ્યક્તિ સમાજનું અભિન્ન અંગ છે. વ્યક્તિને વિકસીત બનાવવામાં સમાજનું યોગદાન મહત્ત્વનું રહે છે. સાથે સાથે વ્યક્તિની ઉદ્ભવેલ સમસ્યાઓને દૂર કરવા માટે સમાજ સમાયોજન કરે છે.

વ્યક્તિની સમસ્યા ધીરે ધીરે સમાજને નુકશાન પહોંચાડે છે. એટલે કાર્યકર્તા આવી સ્થિતિમાં સમાજને વ્યક્તિની સમસ્યા વિશે સમજાવે છે.

મેડીકલ સમાજકાર્યકર્તા મૂલ્યોના ઉપયોગ દ્વારા પરિવર્તન અને સમાયોજન તેમજ સમતુલન લાવવા માટે કાર્ય કરે છે. મૂલ્યોના ઉપયોગ એ આદર્શરૂપ છે. તેનાં દ્વારા સેવાર્થીનો વ્યવહાર કે નૈતિકતા પર અસર થતી નથી.

## 4.5 ભૂમિકાઓ

મેડીકલ સોશ્યલ વર્કરનું મહત્ત્વનું કાર્ય રોગીનું સામાજિક પર્યાવરણનું પૃથક્કરણ કરી ડૉક્ટર દ્વારા પર્યાપ્ત સુવિધા અપાવવાનું છે. ઘણી વખત કાર્યો અને ભૂમિકા વચ્ચેનો ભેદ દર્શાવવો મુશ્કેલ લાગે છે. ''ભૂમિકા એટલે વ્યક્તિના કાર્યસ્થાન કે પદને અનુરૂપ તેની પાસેથી કાર્યની પરિપૂર્ણતાની રખાતી અપેક્ષા.'' એ સમાજકાર્યકરની ભૂમિકા છે. જ્યારે કાર્ય એ મેડીકલ સમાજકાર્યકર પોતાની ભૂમિકા પરિપૂર્ણ કરવા માટે જે કંઇ વિવિધ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય તેનું વર્ણન કરવા વપરાય છે.

''ભૂમિકા એટલે કોઇ ચોક્કસ વર્તણૂક કરવી અને કોઇ ખાસ પરિસ્થિતિમાં તે પરિસ્થિતિને અનુરૂપ યોગ્ય પ્રતિભાવ આપવો.'' ભૂમિકા સાથે મનોવૈજ્ઞાનિક પાસું સંકલાયેલું છે. કાર્યકર્તા અને સેવાર્થી વચ્ચેનાં વ્યવહારની પ્રકૃતિ નિશ્ચિત કરે છે અને કયા રસ્તે ધ્યેય પ્રાપ્ત કરાશે તેની રણનીતિ અને અભિગમ નક્કી કરે છે.

### 4.5.1 સમસ્યા ઓળખ કર્તા તરીકેની ભૂમિકા :

આ ભૂમિકા દ્વારા કાર્યકર્તા સમસ્યાગ્રસ્ત સેવાર્થીની સમસ્યાને સંશોધન હાથ ધરીને અને તેના નિષ્કર્ષોનો પોતાના સાથીઓ સાથે સમાજ, કુટુંબ સાથે વિનિમય કરીને પરિણામને વ્યવસાયમાં આપવાનું કાર્ય કરે છે. મેડીકલ સોશ્યલ વર્કર માનવવર્તન, સામાજિક પર્યાવરણ, સેવાઓ પહોંચાડવી, સમાજકલ્યાણ નીતિઓ અને દરમ્યાનગીરીની પદ્ધતિઓ સંબંધિત સમસ્યાઓને ઓળખવામાં મદદ કરે છે. આમ, સમસ્યા ઓળખકર્તા તરીકેની ભૂમિકા નિભાવે છે.

### 4.5.2 સેતુ તરીકેની ભૂમિકા :

આ ભૂમિકામાં કાર્યકર્તાનો પ્રાથમિક હેતુ લોકોને તેમની જરૂરિયાતો પૂરી કરવામાં અને તેમની સમસ્યાઓના નિવારણમાં ઉપયોગી સાધનો મેળવવામાં મદદ કરવાનો છે. સામુદાયિક સેવાઓ સાથે વ્યક્તિઓ અને જૂથોનું જોડાણ કરવામાં મેડીકલ સોશ્યલવર્કર મદદ કરે છે. ખાસ કરીને જ્યારે તેમને આ સેવાઓ ક્યાંથી ઉપલબદ્ધ થશે તેની ખબર હોતી નથી ત્યારે કાર્યકર્તા સાધનોના વિકલ્પો અને યોગ્ય સંદર્ભ સેવાઓ વિશેની માહિતી પૂરી પાડીને સેવાર્થીનું ઉપલબ્ધ સાધનો સાથે સેતુ તરીકેની ભૂમિકા ભજવે છે.

### 4.5.3 મધ્યસ્થી તરીકેની ભૂમિકા :

મેડીકલ સમાજકર્તા સેવાર્થીની સુખાકારી માટે સમાજની નિર્ણાયક બાબતોને સારી રીતે ઓળખી શકે છે. બાર્કર 1991 ના જણાવ્યા મુજબ સામાજિક કર્મશીલો લોકોની સામાજિક સમસ્યાઓ અને તેમને થતા અન્યાયો પરત્વે ચેતવે છે અને તેમને આ સ્થિતિ નાબૂદ કરવામાં ટેકો આપે છે. સામાજિક કર્મશીલો સાધનોને એકત્રિત કરે છે. અન્યાયનો ભોગ બનેલાને સંગઠિત કરે છે. કાનૂની પગલાં લે છે અને કાયદાઓનો પ્રચાર કરે છે. તેઓ પોતે કરેલા મુદ્દાઓનાં સંદર્ભમાં સામાજિક નીતિઓ ઘડાય અને અન્યાય પીડિત માટે ફંડની ફાળવણી થાય તે માટે કામ કરે છે. કર્મશીલો સમૂદાયના મુદ્દાઓનો સાધનો સાથે સંયોજન કરાવે છે.

મધ્યસ્થીની ભૂમિકામાં સમાજકાર્યકર પક્ષકારો વચ્ચેના ઝઘડામાં દરમ્યાનગીરી કરે છે. જ્યાં

તેમને સમાધાન કરવામાં, મતભેદોમાં સમજૂતી કરવામાં કે પરસ્પર સંમતિથી સંતોષકારક મેળ સાધવામાં મદદ કરે છે. સમાજકાર્યકર પોતાનાં મૂલ્યો અને કુશળતાઓના ઉપયોગ દ્વારા મધ્યસ્થી કરે છે. સમાજકાર્યકર જેમાં મધ્યસ્થી કરે છે તેવા લક્ષિત જૂથો દા.ત. ઝઘડાને કારણે છૂટાછેડા લેનારા પતિ-પત્ની, પાડોશી વચ્ચેના ઝઘડા, જમીન માલિકો ભાડુઆતનાં ઝઘડા, મજૂર માલિકના ઝઘડા, બાળકોના કબજા બાબતના ઝઘડા વગેરેનો સમાવેશ કરી શકાય. મધ્યસ્થી કરનાર તટસ્થ રહે છે તે કોઈપણ સ્થિતિમાં પક્ષકારની બાજુમાં નથી હોતો. તે બન્ને પક્ષકારોની સ્થિતિને બરોબર સમજે તે જરૂરી છે. સેવાર્થીની સ્થિતિને સ્પષ્ટ કરવામાં અને તેમની વચ્ચેની ગેરસમજોને શોધવામાં સમાજકાર્યકર મદદ કરે છે. મધ્યસ્થી તરીકે સમાજકાર્યકર મદદ કરે છે. મધ્યસ્થી તરીકે સમાજકાર્યકર કેટલીકવાર ચોક્કસ જૂથો અને સંસ્થાઓ વચ્ચે સાધનોનું સંકલન કરવાનું કામ કરે છે.

### 4.5.4 વકીલ તરીકેની ભૂમિકા :

આ ભૂમિકામાં સમાજકાર્યકર સેવાર્થી કે નાગરિકોના જૂથને માટે વકીલાત કરે છે. જ્યારે સેવાર્થી કે નાગરિકોને મદદની જરૂરિયાત હોય છે; પરંતુ પ્રવર્તમાન સંસ્થાઓ સેવાઓ આપવા ઇચ્છતી નથી અથવા નકારાત્મક વલણ ધરાવે છે. ત્યારે વકીલાત તરીકેની ભૂમિકા મહત્ત્વની બને છે. આ ભૂમિકામાં વકીલ તરીકે મેડીકલ સમાજકાર્યકર્તા માહિતી એકત્રિત કરવામાં, સેવાર્થીની દલીલો સાચી છે તેવી રજૂઆત કરવામાં અને સંસ્થાઓ સેવાઓ આપતી નથી ત્યારે તેની સામે પડકાર ફેંકવામાં નૈતૃત્વ પૂરું પાડે છે. વકીલ તરીકે સેવાર્થીના અધિકારો માટે મેડીકલ સમાજકાર્યકર સેવાર્થી અને બીજા તંત્રો વચ્ચે મધ્યસ્થી કરે છે. વકીલ તરીકે સેવાર્થીના બચાવમાં જરૂરી સાધનો કે સેવાઓ ઉપલબ્ધ કરવામાં, નીતિમાં પરિવર્તન કરવામાં જે તંત્ર સેવાર્થીના હિતમાં નથી કે અવરોધક છે તેમાં સુધારો કરવા અંગે સેવાર્થી વતી સમાજકાર્યકર કારણો રજૂ કરે છે. આમ કરવાનો ઉદ્દેશ એ નથી કે પ્રવર્તમાન સંસ્થાઓનો દોષ કાઢવો કે નિંદા કરવી કે તેની હાંસી ઉડાડવી. પરંતુ તેનો ઉદ્દેશ સંસ્થાની સેવાઓ અંગેની નીતિઓમાં પરિવર્તન લાવવાનો કે સુધારો કરવાનો હોય છે. આ ભૂમિકામાં સમાજકાર્યકર સેવાર્થી કે નાગરિકોના જૂથના હિતમાં જ વકીલાત કરે છે.

વકીલ તરીકેની આ ભૂમિકા જ્યારે કોઇ લોકસમૂદાયના મુદ્દા માટે હોય છે ત્યારે તેને લોકપેરવી (Advocacy) કહે છે. લોકપેરવી એ સામાજિક હેતુને ટેકો આપનારી ક્રિયા છે. જેમ કે કોર્ટમાં વકીલ પોતાનાં ન્યાયાધીશ સમક્ષ પોતાના સેવાર્થીનો દ્રષ્ટિકોણ મૂકીને તેમને સંમત કરવાનો પ્રયત્ન કરે છે; જે સેવાર્થી અને સામા પક્ષકાર વચ્ચેના ઝઘડાનો ઉકેલ લાવવામાં મદદરૂપ બને છે. સમસ્યા ઉકેલની આ રીતને લોકપેરવી કહે છે.

### 4.5.5 સંશોધન તરીકેની ભૂમિકા :

મેડીકલ સમાજકાર્યકરની આચાર સંહિતાંમાં જણાવ્યું છે તેમ સમાજકાર્યકર પોતાના ક્ષેત્રીય સંશોધનો હાથ ધરીને અને તેના નિષ્કર્ષોનો પોતાના સાથીઓ સાથે વિનિમય કરીને વ્યવસાયમાં પ્રદાન કરી શકે છે. સમાજકાર્યકર માનવવર્તન અને સામાજિક પર્યાવરણ, સેવાઓ પહોંચાડવી અને સમાજકલ્યાણ નીતિઓ અને દરમ્યાનગીરીની પદ્ધતિઓ સંબંધિત સંશોધનો કરે છે. સંશોધનથી એક સૈદ્ધાંતિક આધાર અને સમજ ઊભી થાય છે. જે કાર્યકરની માનવીય વ્યવહાર અને સામાજિક વાતાવરણ અંગેની સમજ વધારે છે. જેના કારણે સમાજસેવાના કાર્યક્રમોને ઉત્તેજન મળે છે. કલ્યાણની નીતિ વિકસે છે અને સમાજકાર્યની પદ્ધતિમાં સુધારો થાય છે. ઉપરાંત સમાજકાર્યકર પોતાના વ્યવહારનું મૂલ્યાંકન પણ કરી શકે છે. અમલમાં મૂકેલા કાર્યક્રમની અસરકારકતા તપાસી શકે છે અને સામાજિક નીતિની આલોચના કરી શકે છે.

નૈતિક વ્યવહારનો આધાર સૈદ્ધાંતિક જ્ઞાન છે. જે સંશોધન આધારિત છે. વ્યવસાયિક સામાયિકો

અને સંશોધન સાહિત્ય સમાજકાર્યકરોને પોતાના ક્ષેત્રમાં ઉદ્‌ભવેલા નવાં જ્ઞાનથી સજ્જ રાખે છે. આથી સમાજકાર્યકરની વ્યાવસાયિક ફરજ બને છે કે તે સતત જ્ઞાન મેળવવાના પ્રયત્નો કર્યા કરે અને સંશોધનો કરતાં રહે.

**4.5.6 પરામર્શકની ભૂમિકા :**

પરામર્શકની ભૂમિકામાં સમાજકાર્યકર સેવાર્થી સાથે તેની સ્થિતિમાં પરિવર્તન લાવવા માટે સાથે મળીને આયોજન કરે છે. પરિવર્તન માટે વિચાર વિનિમય કરે છે. પરામર્શમાં વ્યક્તિગત, કૌટુંબિક, સંસ્થાગત અને સામાજિક સમસ્યાના ઉકેલ માટે પ્રેક્ટિશનર અને સેવાર્થી વચ્ચે વિચારોનું આદાનપ્રદાન થાય છે. પરામર્શક તરીકે સમાજકાર્યને એ વિશ્વાસ હોય છે કે સેવાર્થી તેની સમસ્યાના સંદર્ભમાં જરૂરી માહિતી અને સાધનો ખરેખર ધરાવે છે અથવા તે પ્રાપ્ત કરવા સંભવ હોય છે.

સેવાર્થીની સમસ્યા કે મુદ્દાને સ્પષ્ટ કરવા, તેની ક્ષમતાઓને ઓળખવા, વિકલ્પો વિશેની માહિતી પૂરી પાડવી તથા આ પ્રક્રિયા દરમ્યાનની સંભાવનાઓને સમજવા માટે પરામર્શક સહકારયુક્ત પ્રક્રિયા ઊભી કરે છે. જેમાં સેવાર્થીના જ્ઞાન, મૂલ્યો અને કુશળતાઓને ધ્યાન પર લઇ તેને ઉજાગર કરે છે. આ પ્રકારે કાર્ય કરવા માટે પરામર્શક એક સારો આયોજનકર્તા હોય તે જરૂરી બને છે. પરામર્શ એ પરામર્શક અને સહાયની જરૂરિયાતવાળા સેવાર્થી કે તંત્ર વચ્ચેનો સ્વૈચ્છિક સંબંધ છે. જેમાં પરામર્શક સેવાર્થીને કોઇ વર્તમાન કે સંભવિત સમસ્યાને હલ કરવામાં મદદરૂપ થવા પ્રયાસ કરે છે.

પરામર્શક તરીકેની તેની ભૂમિકાઓમાં શિક્ષક તરીકે, તજજ્ઞ તરીકે, મધ્યસ્થી તરીકે કે સહકાર્યકર તરીકે હોય છે. પરામર્શક તરીકે મુખ્ય ધ્યેય સેવાર્થીના વર્તનમાં પરિવર્તન લાવવું, સંબંધોમાં સુધારણા કરવા, વ્યક્તિગત અસરકારકતામાં સુધારણા, નિર્ણય લેવાની પ્રક્રિયાને પ્રોત્સાહિત કરવી અને સમસ્યા નિરાકરણનું છે. આમ, પરામર્શની પ્રક્રિયામાં સેવાર્થીને સમસ્યાનું નિદાન કરવામાં અને તેનો ઉકેલ લાવવામાં મદદ કરવામાં આવે છે.

**4.5.7 આયોજક તરીકેની ભૂમિકા :**

મેડીકલ સમાજકાર્યકર આયોજક તરીકેની ભૂમિકા છે. સમૂદાય અને સામાજિક માળખાઓ સાથે કાર્ય કરતી વખતે તેમની વણસંતોષાયેલી જરૂરિયાતોને મૂલવવા સમાજકાર્યકર આયોજક તરીકેની ભૂમિકા ભજવે છે. જેથી ધ્યેયો નક્કી કરી, નીતિ વિકસાવી કાર્યક્રમોની શરૂઆત કરી શકે. આ માટે તે સંશોધન અને આયોજનની રણનીતિ અમલમાં મૂકે છે. આયોજક અને સંગઠન તરીકે સમાજકાર્યકર માટે જરૂરી બને છે કે તે સમાજના તાણાંવાણાને સમજતો હોય. સમૂદાયનું સમાજશાસ્ત્ર, આર્થિક સમસ્યા, સમૂદાયનું મનોવિજ્ઞાન, સામાજિક આયોજન અને નીતિ આ બધાં વિશેની સમજ તેને હોવી જોઇએ.

આયોજક તરીકેની ભૂમિકામાં તે સમૂદાય અને તેની પૂર્તિ માટે અને સમસ્યાના સમાધાન માટે આયોજન કરવામાં મદદ કરે છે. આ માટે તે સમૂદાયોને માનવીય સેવાઓ પૂરી પાડે છે. આયોજક તરીકેની ભૂમિકામાં કાર્યકર વિશિષ્ટ જ્ઞાન અને કુશળતાનો ઉપયોગ કરે છે. આયોજનની પ્રક્રિયામાં સમૂદાયની જરૂરિયાતો શોધવાના અને તેના સંશાધનો વિકસાવવાના કાર્યમાં સમાજકાર્યકર સમૂદાયના નેતાઓને સામેલ કરે છે. તેમની ભાગીદારી વધારે છે. પોતે માત્ર ભલામણો કરે છે. આ રીતે આયોજનની પ્રક્રિયામાં મુખ્ય ત્રણ બાબતોનો સમાવેશ થાય છે. ભાગીદારી, મૂલવણી અને ભલામણો. આયોજક તરીકે આયોજન કરતી વખતે દૂરદેશી રાખી ભવિષ્ય માટેના આદર્શને ધ્યાનમાં રાખી આગળ વધવું જોઇએ. વાતાવરણને ધ્યાનમાં લેવું જોઇએ. સંશાધનોની ક્ષમતા ચકાસવી જોઇએ અને આયોજનની પ્રક્રિયાથી માહિતગાર થવું પડે.

#### 4.5.8 માર્ગદર્શક તરીકેની ભૂમિકા :

મેડીકલ સમાજકાર્યકર્તા વ્યક્તિઓ અને કુંટુંબો સાથે સેવાર્થીની સામાજિક કાર્યાત્મકતા જ્યાં અવરોધરૂપ બને છે તે અવરોધોના નિવારણ માટે સમાજકાર્યકર નિષ્ણાંત તરીકે માર્ગદર્શન પૂરું પાડે છે. કાઉન્સેલિંગ દ્વારા વ્યક્તિ અને કુંટુંબને સમસ્યા નિવારણની પ્રક્રિયામાં સામેલ કરે છે અને તેમની સાથે સમસ્યા નિવારણની વ્યૂહરચના ઘડે છે. આ ભૂમિકાનો ઉદ્દેશ લોકોને તેમની યોગ્યતાને વિસ્તારવામાં તેમની સમસ્યા નિવારણ અને સમસ્યાનો સામનો કરવાની ક્ષમતામાં વધારો કરવામાં મદદ કરવાનો છે.

વ્યક્તિ કે જૂથોને તેમની જરૂરિયાતોને સ્પષ્ટપણે કહેવામાં, તેમની સમસ્યાઓને ઓળખવામાં અને તેને સ્પષ્ટ રીતે સમજવામાં, સમસ્યાના ઉકેલનો વ્યૂહરચનાને શોધવામાં, વ્યૂહરચનાની પસંદગી કરવામાં, તેને અપનાવવામાં અને પોતાની સમસ્યાને ઉકેલ માટે અસરકારક રીતે હાથ ધરવામાં સમાજકાર્યકર મદદરૂપ બને છે. સેવાર્થી તેનામાં રહેલી શક્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરે અને પોતાની સમસ્યાના ઉકેલ માટે શું પરિવર્તન કરવાનું છે તથા તે પરિવર્તનની સંભાવનાઓ શું છે તે દિશામાં માર્ગદર્શન પૂરું પાડે છે.

#### 4.5.9 તાલીમ આપનાર તરીકેની ભૂમિકા :

મેડીકલ સમાજકાર્યકર વિવિધ ઔપચારિક જૂથો માટે નિષ્ણાંત અને તાલીમ આપનાર તરીકે કામ કરે છે. તેમજ વિવિધ લોકમંચમાં નિષ્ણાંત તરીકે પણ કામ કરે છે. કાર્યશાળાની બેઠકોનું સંચાલન કરે છે. સંસ્થાઓ કેટલીક વખત સમાજ કાર્યકરોને તાલીમ નિષ્ણાંત તરીકે તેમના કર્મચારીઓની તાલીમ માટે બોલાવે છે. અસરકારક તાલીમ આપનાર તરીકે કાર્યકર માનવસંસાધન વિકાસ, પ્રૌઢ શિક્ષણ અને વલણ પરિવર્તન માટેની પ્રક્રિયામાં લોકો કેવી રીતે શીખે છે તેની સંશોધન આધારિત પદ્ધતિનો ઉપયોગ કરે છે.

મેડીકલ કાર્યકર્તા જ્યારે કર્મચારી ગણના વિકાસ માટેની સફળ વ્યૂહરચના ઘડવાનું કાર્ય કરે છે ત્યારે સંસ્થાકીય જરૂરિયાતોની કાળજીપૂર્વકની ચકાસણી સભ્યોની તેમની સંસ્થાના ધ્યેય વિશેની સ્પષ્ટ સમજ, વિષયવસ્તુ વિશેનું સંશોધન આધારિત જ્ઞાન, ઉચિત તાલીમના સ્વરૂપ દ્વારા માહિતી આપવાની ક્ષમતા અને સઘન મૂલ્યાંકન પ્રક્રિયા વિકસાવે છે.

આ ભૂમિકા દ્વારા કાર્યકર મધ્યસ્તર પર આવેલા સભ્યો જેવા કે ઔપચારિક જૂથો અને સંગઠનોને સૂચનાઓ પાડે છે. આ માટે તે કાર્યસભા રાખે છે, કર્મચારીના વિકાસ માટે કાર્યક્રમો રાખે છે અને વ્યાવસાયિક અનુભવો વિશે ચર્ચા કરે છે.

શિક્ષણના અનેક પ્રકારોનો સતત ઉપયોગ કરે છે. આ માટે કેટલાંક સંગઠનો ઘણીવાર અલગ તાલીમ આપનારા પણ રાખતા હોય છે. સારો તાલીમ આપનાર પ્રૌઢ શિક્ષણ, વલણ બદલવાના રસ્તાઓ અને શીખવાની પ્રક્રિયા અંગેના સંશોધનો આધારિત તાલીમ આપે છે. સંગઠનના ધ્યેયોને મૂલવવા સમાજ કાર્યકર કર્મચારીના વિકાસની રણનીતિ અમલમાં મૂકે છે. ટૂંકમાં તાલીમ આપનાર પોતાની રજૂઆતને અસરકારક કરવા માટે જુદાં-જુદાં માધ્યમોનો ઉપયોગ કરે છે.

#### 4.5.10 સઘન સંપર્કકર્તાની ભૂમિકા :

આ ભૂમિકામાં બૃહદસ્તર પર સમાજકાર્યકર લોકોને સામાજિક મુદ્દાઓ, અન્યાય અને સામાજિક સેવાઓ વિશે શિક્ષિત કરે છે. માહિતીના ફેલાવા માટે તે સામૂહિક શિક્ષણને માધ્યમ બનાવે છે અને વિવિધ માધ્યમો અને લોકસંપર્કની પ્રવૃત્તિઓનો ઉપયોગ કરે છે.

ગરીબી, આરોગ્ય, રોગચાળાનું નિયંત્રણ, તનાવ, આપઘાત, બાળમૃત્યુ, ખરાબ વર્તન, કુંટુંબની સમસ્યાઓ અંગે જાગૃતિ ઊભી કરીને મેડીકલ સમાજકાર્યકર્તા અટકાયતી કાર્યો માટેના વિચારો પૂરાં

પાડી શકે છે. જેને માટે ખાસ માધ્યમોનો ઉપયોગ કરીને, પોસ્ટર અને પત્રિકાઓ વહેંચીને, પત્રો લખીને, માહિતીના કેન્દ્રો ઉભાં કરીને, જાહેર મીટીંગોમાં ભાષણો દ્વારા કાર્યક્રમો અને સેવાઓ વિશે જાગૃતિ લાવી શકાય. આવું કરી મેડીકલ સમાજ કાર્યકર્તા લોકોની સામાજિક સમસ્યાઓ વિશેના અને સમસ્યા સમાધાન સંબંધી સેવાઓ વિશેના જ્ઞાનનો વિસ્તાર કરે છે. સાથે સેવાર્થીના સીધા સંપર્કમાં હોવાથી ખરી હકીકત સામે આવે છે.

આ પ્રકારની વિવિધ ભૂમિકાઓ દ્વારા મેડીકલ સમાજકાર્યકર્તા કાર્ય કરે છે. વ્યક્તિ, જૂથ અને સમૂદાયને તેની સમસ્યામાં દરમ્યાનગીરી કરતી વખતે કયા પ્રકારની ભૂમિકા ભજવવાની છે તે અંગે કાર્યકરે સભાન રહેવું જરૂરી છે. કેટલીક વખત એક સાથે અનેક ભૂમિકાઓ ભજવવાની હોય છે. તે માટે કાર્યકર દરેક ભૂમિકાનું પૂરું જ્ઞાન ધરાવતા હોય છે અને તેને માટેની જરૂરી કુશળતાથી સજ્જ હોય તે મહત્ત્વનું છે. જેથી સેવક અને સેવાર્થીને જરૂરી કાર્ય કરવામાં અનુકૂળતા આવે છે.

## 4.6 પ્રક્રિયા

મેડીકલ સોશ્યલવર્કર આવેલ સેવાર્થીની સમસ્યાને દૂર કરવા માટે ચોક્કસ પ્રકારની પ્રક્રિયા દ્વારા કાર્ય કરે છે. માનવ આંતરક્રિયાઓ દ્વારા આંતરસંબંધો અને આંતરસંબંધોના પાયા ઉપર સમાજ રચાય છે. વ્યક્તિની સમસ્યા ઉકેલ એટલે ક્રિયા. માનવની સાથે પ્રક્રિયા દ્વારા જ સમાજ કાર્યાન્વિત રહે છે.

લોકોને ચોક્કસ સમસ્યા માટે જાણ કરવામાં આવે છે. આ સમસ્યા માટે જવાબદાર પરિસ્થિતિ વિશે જાગૃત કરવામાં આવે છે. ત્યાર પછીના તમામ ચરણો મુજબ ચોક્કસ સમસ્યારૂપ પરિસ્થિતિનો સામનો કરવા લોકોનું પ્રક્રિયા સ્વરૂપે નવાં રચનાત્મક પ્રયોગો દ્વારા નિર્ધારિત લક્ષને પ્રાપ્ત કરવા ચોક્કસ પદ્ધતિને સ્વીકારી ચોક્કસ સમસ્યા અનુસાર પ્રક્રિયા કરવામાં આવે છે. જેમાં સમસ્યા, વ્યક્તિ, જૂથ, સમૂદાય અને આજુબાજુનાં વાતાવરણને ધ્યાનમાં રાખીને સમસ્યા સમાધાન કરવામાં આવે છે.

### 4.6.1 સમસ્યા :

સમાજના રાજ્યો અને જૂથો વચ્ચેના પારસ્પરિક ઐક્ય તથા ફરજોની ભાવના તથા સમગ્ર રાષ્ટ્રીય સમાજ પ્રત્યેની વફાદારી અને ફરજોની ભાવના નબળી પડવાની પ્રક્રિયા સામાજિક સમસ્યાને ઓળખ આપે છે. સમાજમાં કંઇક ખોટું થઇ રહ્યું છે તેનો અનુભવ કરવો, કોઇપણ સમસ્યાને જાણવી અને તેના વિશે માહિતી મેળવવી અને ચોક્કસ સમસ્યાનું મૂળ શોધવું પછી તેને લોકો સમક્ષ લઇ જવી અને લોકોને પ્રત્યક્ષ લોકશિક્ષણ આપવું એ મેડીકલ સમાજકાર્યની પ્રક્રિયાનું પ્રથમ ચરણ છે. જેમાં સેવાર્થીની ઉદ્ભવેલ સમસ્યા વિશે સંપૂર્ણ માહિતી મેળવવામાં આવે છે.

### 4.6.2 તથ્યની ઓળખ :

પ્રથમ ચરણમાં સેવાર્થીની ઉદ્ભવેલ સમસ્યા વિશેની માહિતીના ભાગ રૂપે અને લોકજાગૃતિ માટે તથ્યો ઓળખીને એકત્ર કરવામાં આવે છે. નિર્ધારીત લક્ષ્ય સુધી પહોંચવા માટે અને સમસ્યાના ઉકેલ માટે ઉદ્ભવતા કારણો, તેની પરિસ્થિતિ, તેનાથી થયેલ નુકશાન અને ભવિષ્યમાં કેટલી અસર થવાની સંભાવના રહેલી છે. આ તમામ વિગતોને આધાર પૂરાવા માટે એકત્ર કરવામાં આવે છે. તેના આધારે સમસ્યાનો ઉકેલ શોધવામાં આવે છે.

લોકજાગૃતિ ન હોવાથી લોકો મૂંઝવણમાં હશે. પીડાતા હશે અને તેનો ઉકેલ હાજર હશે; પરંતુ સાચું તથ્ય કયું છે તેની જાણના અભાવે સમસ્યાનો ઉકેલ થઇ શકતો નથી, પરંતુ મેડીકલ સમાજકાર્યકર સેવાર્થીની સમસ્યા વિશે તથ્યોની ઓળખ મેળવે છે.

#### 4.6.3 તથ્યનું વિશ્લેષણ :

બીજા ચરણમાં સમસ્યા વિષયક મેળવેલ તથ્યનું મેડીકલ સમાજકાર્યકર ત્રીજા ચરણમાં વિભાગ પ્રમાણે વિશ્લેષણ કરે છે. આ સોપાનમાં મેળવેલ માહિતીનું ગુણાત્મક અને સંખ્યાત્મક વિભાગોમાં વિભાજન કરવામાં આવે છે. જુદાં-જુદાં સ્વરૂપે ઢગલાબંધ મળેલ માહિતી અનુસંધાને સંજ્ઞાસૂચિ બનાવી, સંજ્ઞાસૂચિને નજર સમક્ષ રાખીને ચાર્ટ ઉપર માહિતીને લેવામાં આવી. આ તથ્યો કે માહિતીને જુદાં-જુદાં વિભાગોમાં વર્ગીકરણ કરવામાં આવે છે.

વિશ્લેષણ કરેલ માહિતીથી આગળના કાર્યમાં સરળતા મળી રહે છે. ચોક્કસ કાર્ય કરવાનો ખ્યાલ આવી શકે છે. આમ, આ ચરણમાં વિભિન્ન તથ્યોનું વિભિન્ન ભાગોમાં વિભાજન / વિશ્લેષણ કરવામાં આવે છે.

#### 4.6.4 કાર્ય યોજના બનાવવી :

આ ચરણમાં મેડીકલ સમાજકાર્યકર્તા દ્વારા ત્રણ ચરણ સુધી કરેલ કામગીરી ઉપર ચોક્કસ આયોજન બનાવે છે. નક્કી કરેલ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે નવી વિચારસરણી અને પ્રવૃત્તિ ઘડવામાં આવે છે. તેનાં ઉપરાંત અમુક તે સિવાયની વૈકલ્પિક વિચારણા પણ કરવામાં આવે છે. તેમાંથી કોઇ એક વિચારણા પર પૂરતું ધ્યાન આપવામાં આવે છે અને નક્કી થયેલ આયોજન મુજબ કાર્ય યોજના બનાવવામાં આવે છે.

આ ચરણમાં જે કાર્ય હવે પછી કરવાનું છે અને અમલમાં મૂકવાનું છે તેની અંતિમ યોજના ઘડવાનું કાર્ય થાય છે. આ અંતિમ યોજનામાં કઇ વ્યક્તિનો સમાવેશ થશે, કોઇ કાર્ય કરશે, કેવી રીતે કાર્ય કરશે, તે પરિસ્થિતિ માટે કોણ જવાબદાર રહેશે, અહેવાલનું કાર્ય એ બધી બાબતો ઘડવામાં આવે છે.

#### 4.6.5 કાર્ય યોજના લાગુ કરવી :

આ ચરણમાં ઉપર્યુક્ત રીતે અંતિમ યોજના ઘડ્યા પ્રમાણે અમલ કરવામાં આવે છે. સેવાર્થીને આ ચરણ દ્વારા લાભ મળતો થાય છે. જે સેવાર્થીને સમસ્યા ઉદ્ભવેલ છે તે હવેથી દૂર થતી જણાશે. આ યોજના ફક્ત લાભાર્થીઓને જ લાગુ પડે છે. કાર્યકર્તા દ્વારા વિવિધ સહાય, જાણકારી તથા એ વિષયોના માર્ગદર્શનથી સેવાર્થીની જરૂરિયાતો પરિપૂર્ણ થઇ શકે છે. શોધેલી સમસ્યાને આયોજન દ્વારા પ્રતિકૂળ પરિસ્થિતિમાં મૂકેલ સેવાર્થીને સ્વાવલંબી અને સમક્ષ બનાવવા માટે આત્મનિર્ભર બનાવવા અને વ્યક્તિને પોતાની સમસ્યા જાતે નિવારણ કરી શકે તેવી રીતે તૈયાર કરે છે.

કલ્યાણકારી યોજનાઓ અને કાર્યક્રમને કાર્યકર કરવામાં આવે છે. જેના માટે વિવિધ સરકારી, બિનસરકારી સંસ્થાઓની સેવાઓને સેવાર્થીને અનુરૂપ બનાવવાનો પ્રયાસ કરે છે. આમ, કાર્યયોજના લાગુ પાડે છે.

#### 4.6.6 મૂલ્યાંકન :

કોઇપણ કાર્યના અંતે મૂલ્યાંકન કરવામાં આવે છે. આ પ્રક્રિયાનું છેલ્લું ચરણ છે. જે આખી પ્રક્રિયાનો મુખ્ય આધાર છે. સેવાર્થીની સમસ્યાના ઉકેલ માટે ઘડતર કરેલા કાર્યક્રમની શરૂઆતથી લઇ અંત સુધી મૂલ્યાંકન કરવામાં આવે છે. મૂલ્યાંકનનું વિશેષ મહત્ત્વ છે. મૂલ્યાંકન દ્વારા કાર્યકર્તાના ઉદ્દેશ્યની સફળતા કે નિષ્ફળતાનો યોગ્ય ખ્યાલ આવે છે. વાસ્તવિક પરિણામ વિશે જાણકારી મળે છે. મૂલ્યાંકન દ્વારા મેડીકલ સમાજકાર્યકર્તા દ્વારા ઉપયોગમાં લીધેલ રીતો તથા પદ્ધતિઓની પ્રસ્તુતતાની જાણકારી મળે છે. મૂલ્યાંકન દ્વારા કાર્ય યોજનામાં રહેલ ખામી વિશે જાણકારી મળે છે અને ફરી વખત સુધારી શકાય છે. કાર્યકર્તા સભ્યોમાં જરૂરી પરિવર્તન લાવવાની ચેતનાનો વિકાસ કરે છે. યોજનાને સફળ બનાવે છે.

## 4.7 ઉપસંહાર

ભારતે કલ્યાણ રાજ્યનો અભિગમ સ્વીકાર્યા પછી દરેક જગ્યાએ છેવાડામાં છેવાડે વ્યક્તિ સુધી કલ્યાણ સેવાઓ પહોંચાડી દરેક યોજનાનો લાભ મળી શકે તે માટે આયોજન કરવું અનિવાર્ય હતું. વ્યાવસાયિક મેડીકલ સમાજકાર્યકર પાસે વિવેક શક્તિ, પ્રત્યક્ષ જ્ઞાન, પ્રશિક્ષણ, કાર્યપ્રણાલી, મૂલ્યો કુશળતા, ધ્યેયો અને સિદ્ધાંતો દ્વારા સેવાર્થીને માનવ અધિકારોને વ્યવહારમાં લાવવામાં, તમામ નાગરિકો માટે ઉચિત જીવનધોરણ પ્રાપ્ત કરવામાં, સમાજમાં એમના ગૌરવની પુનઃ સ્થાપના કરવામાં અને સમાજમાં એમના ગૌરવની પુનઃ સ્થાપના કરવામાં મદદરૂપ થાય છે.

કાર્યકરને માત્ર, વ્યક્તિ, જૂથ કે સમૂદાયની કાર્ય પ્રક્રિયાઓ સાથે જ સંબંધ નથી; પરંતુ તે નવી અને રચનાત્મક કલ્યાણકારી સેવાઓ ઊભી કરે છે તથા જે સેવાઓ પ્રાપ્ત છે તેની પદ્ધતિઓમાં સુધારણા પરિવર્તન કરે છે. ટૂંકમાં, માનવજાતની આર્થિક અને સામાજિક સલામતીને પ્રોત્સાહન આપવાનો ઉદ્દેશ મેડીકલ સમાજકાર્યકર્તાનો રહેલો છે.

## 4.8 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. કેટલા બેડની કોસ્પિટલમાં સમાજકાર્ય વિભાગ શરૂ થઇ શકે છે ?

   (A) 200 બેડ (B) 400 બેડ

   (C) 300 બેડ (D) 500 બેડ

2. સમાજકાર્યના મુખ્ય ધ્યેય કેટલા છે ?

   (A) 4 (B) 6

   (C) 5 (D) 8

3. સમાજકાર્યના મુખ્ય મૂલ્યો કેટલા છે ?

   (A) 7 (B) 8

   (C) 11 (D) 5

4. સમાજકાર્યની ભૂમિકા જણાવો કેટલી છે ?

   (A) 12 (B) 10

   (C) 11 (D) 8

5. સમાજકાર્યની પ્રક્રિયાનું છેલ્લું ચરણ કર્યું છે ?

   (A) તથ્યોની ઓળખ (B) કાર્યયોજના

   (C) મૂલ્યાંકન (D) સમસ્યા

## 4.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (B) 400 બેડ
2. (A) 4
3. (C) 11
4. (B) 10
5. (C) મૂલ્યાંકન

## 4.10 ચાવીરૂપ શબ્દો :

- **હૉસ્પિટલમાં સમાજકાર્ય :** પ્રેમ, હૂંફ, હિંમત, માનસિક રીતે મજબૂત કરવું.
- **સંશોધન :** જુની હકીકતોની ચકાસણી કરવી નવી હકીકતો શોધવી.
- **મૂલ્યો :** કોઇપણ ભેદભાવ કે પૂર્વગ્રહ રાખ્યા વગર વ્યક્તિને મદદરૂપ થવું.
- **ભૂમિકાઓ :** ચોક્કસ વર્તણૂંક કરવી.

## 4.11 સ્વાધ્યાય લેખન (Assignment)

1. હૉસ્પિટલમાં સમાજકાર્યની ઉપયોગિતા સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

2. મેડિકલ સમાજકાર્યના મૂલ્યો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

3. મેડિકલ સમાજકાર્યની ભૂમિકા વર્ણવો.

.....................................................................

.....................................................................

.....................................................................

4. સમાજકાર્ય માટેની પ્રક્રિયા ઉદાહરણ સાથે લખો.

.....................................................................

.....................................................................

.....................................................................

5. આરોગ્ય અને સમાજકાર્ય વચ્ચેનો સંબંધ જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

6. વિદ્યાર્થી કાર્યકર્તા તરીકે ભજવેલી ભૂમિકાનું ઉદાહરણ લખો.

.....................................................................

.....................................................................

.....................................................................

## 4.12 પ્રવૃત્તિ (Activities)

- હૉસ્પિટલમાં સમાજકાર્યકરની ભૂમિકા તમારી દૃષ્ટિએ જણાવો.
- આરોગ્ય ક્ષેત્રે સમાજકાર્યકરની જરૂરીયાત તમારી દૃષ્ટિએ જણાવો.

## 4.13 કેસસ્ટડી (Case Study)

- તમારા વિસ્તારમાં ગંભીર રોગથી પીડાતા દર્દીની પરિસ્થિતી અને સમાજકાર્યની દરમિયાનગીરી જણાવો.
- દર્દી અને સમાજકાર્યકરના રોગ, દવા, ખોરાક સંબંધી માર્ગદર્શનના સંવાદ લખો.

## 4.14 સંદર્ભગ્રંથ


1. સમાજશાસ્ત્રનો પરિચય : ડૉ. અનિલ એસ. વાઘેલા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત, આવૃત્તિ : 2005

1. સમાજકાર્ય સિદ્ધાંત એવમ્ અભ્યાસ (હિન્દી ભાષા) : ડૉ. કૃપાલસિંહ સૂદન, નવ જ્યોતિ - સિમરન પબ્લિકેશન - લખનઉ, આવૃત્તિ : 2004

2. વ્યાવસાયિક સમાજકાર્ય : ગીતા ચાવડા, લોક પ્રકાશન, લોકનિકેતન - રતનપુર, આવૃત્તિ : 2008

3. સમાજકાર્ય અભ્યાસ પોથી : કે. દોશી પી. જી. સેન્ટર ઓક સોશ્યલ વર્ક, ભાવનગર

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# BSWR-101
# સમાજકાર્યનો ઈતિહાસ અને દર્શન

વિભાગ

# 4

## પશ્ચિમી ઈતિહાસ, મધ્યકાલીન અને આધુનિક કાળ, સમાજવાદ અને માનવઅધિકાર

---

એકમ-1 સમાજકાર્યનો વ્યવસાયિક પશ્ચિમી ઈતિહાસ

---

એકમ-2 મધ્યકાલીન સમય - ખ્રિસ્તી અને યહૂદીની વિચારધારા અને આધુનિક સમયમાં બુદ્ધિવાદ અને કલ્યાણ

---

એકમ-3 સમાજવાદ, ઉદારમતવાદ, લોકશાહી અને માનવઅધિકાર

| લેખક | |
|---|---|
| **ડૉ. લહેરી માંડલિયા** | સંયોજકશ્રી,<br>મારૂતિ વિદ્યામંદિર,<br>પી.જી. સેન્ટર ઑફ એમ.ફીલ. (સોશ્યલ વર્ક)<br>ભાવનગર. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. જગદીશ ડી. સોલંકી** | એસોસિએટ પ્રોફેસર,<br>ડિપાર્ટમેન્ટ ઑફ સોશ્યલ વર્ક,<br>એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા. |
| **પરામર્શક (ભાષા)** | |
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |

**Edition : 2021**

**Copyright©2021 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

આ યુનિટમાં સૌ પ્રથમ આપણે સમાજકાર્યનો પશ્ચિમી ઈતિહાસ તપાસીશું. કારણ કે સમાજકાર્યની શરૂઆત ઇંગ્લૅન્ડ અને અમેરિકા જેવાં દેશમાં થઇ.

સૌ પ્રથમ ચર્ચ દ્વારા ગરીબ લોકોને મદદ કરવામાં આવતી હતી. ચર્ચના પાદરીઓ દ્વારા નિર્ધનો માટે દાન સંગઠનની રચના થઇ. આમ, બીજા એકમમાં આપણે સમાજકાર્યના ઉદ્ભવમાં ખ્રિસ્તી અને યહૂદીઓનો ફાળો જોઇશું. કારણ કે દાન સંગઠનથી શરૂ કરી સમાજકાર્યના વ્યવસાયિક ઉદ્ભવ સુધી ખ્રિસ્તીઓ અને યહૂદીઓએ સમાજ કલ્યાણના અનેક કાર્યો હાથ ધર્યા છે.

આ ઉપરાંત બુદ્ધિવાદ અને આધુનિક યુગમાં કલ્યાણ અંગે વિચારસરણીઓ જેને બુદ્ધિવાદ કહી શકાય. જે વિચારસરણીઓ પરથી કલ્યાણ માટેની અનેક પ્રવૃત્તિઓ હાથ ધરાઇ તેનો વિગતે અભ્યાસ જોઇશું.

ત્રીજા એકમમાં આપણે સમાજવાદ, ઉદારમતવાદ, લોકશાહી અને માનવઅધિકારો જેમાંથી સમાજકાર્યનો ઉદય થયો તેવી બાબતોનો વિગતે અભ્યાસ તપાસીશું. આ તમામ બાબતોમાં સમાજકાર્યની વિચારસરણી રહેલી છે.

## ઘટકના હેતુઓ :

1. પહેલા યુગમાં સમાજકાર્ય અંગેનો લોકોનો અભિપ્રાય જાણવો.
2. સમાજકાર્યની શરૂઆત અંગેનો વિગતે અભ્યાસ કરવો.
3. આધુનિક સમયમાં સમાજકાર્યની વિચારસરણી અને પ્રવૃત્તિઓ જાણવી.
4. સમાજવાદ, ઉદારમતવાદ, લોકશાહી, માનવઅધિકારો જેવાં સમાજકલ્યાણલક્ષી ક્ષેત્રોનો વિગતે અભ્યાસ કરવો.

# એકમ–1 સમાજકાર્યનો વ્યવસાયિક પશ્ચિમી ઈતિહાસ

## : એકમનું માળખું :


1.0 એકમના હેતુઓ

1.1 પ્રસ્તાવના

1.2 ઈંગ્લૅન્ડનો ઈતિહાસ

1.3 અમેરિકાનો ઈતિહાસ

1.4 ઉપસંહાર

1.5 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1.7 ચાવીરૂપ શબ્દો (Glossary)

1.8 સ્વાધ્યાય લેખન (Assignment)

1.9 પ્રવૃત્તિ (Activities)

1.10 કેસસ્ટડી (Case Study)

1.11 સંદર્ભગ્રંથ (Further Readings)


## 1.0 એકમના હેતુઓ

પ્રસ્તુત એકમ દ્વારા વિદ્યાર્થીઓને નીચે મુજબની માહિતી પ્રાપ્ત થશે.

- સમાજકાર્યના વ્યવસાયિક પશ્ચિમી ઈતિહાસમાં ઈંગ્લેન્ડની માહિતી પ્રાપ્ત થશે.
- સમાજકાર્યના વ્યવસાયિક પશ્ચિમી ઇતિહાસમાં અમેરિકાના ઇતિહાસની માહિતી પ્રાપ્ત થશે.
- વિદ્યાર્થીઓને સમાજકાર્યના પરિપ્રેક્ષ્યમાં વ્યવસાયિક ઇતિહાસની પશ્ચિમી શરૂઆતનો વિસ્તૃત ખ્યાલ આવશે.

## 1.1 પ્રસ્તાવના

સમાજકાર્યની વિચારસણીનો ઉદ્ભવ સૌ પ્રથમ પશ્ચિમી દેશોમાં થયો હતો. પશ્ચિમી દેશોમાં જ સૌ પ્રથમ નિર્ધનો, અસ્વસ્થ લોકો અનાથ બાળકો, વૃદ્ધો, રોગીઓ વગેરેને મદદ કરવાની વિચારસણીનો ઉદ્ભવ જોવા મળ્યો અને મદદ કરવાં માટે અનેક કાયદાઓ પણ ઘડવામાં આવ્યા. જેની વિગતે માહિતી નીચે દર્શાવેલ છે. આવી અનેક વિચારસરણીઓ ઉદ્ભવતા સમાજકાર્યનું વ્યવસાયિક સ્વરૂપ જોવાં મળ્યું.

## 1.2 ઈંગ્લૅન્ડનો ઈતિહાસ

ઈંગ્લૅન્ડમાં સમાજકાર્યનાં ઈતિહાસને ચાર શ્રેણીમાં વિભાજીત કરવામાં આવ્યો છે.

1.2.1 અવિવેકપૂર્ણ દાનનો યુગ.

1.2.2 સુપાત્ર નિર્ધનો માટે સહાયતા તથા શારીરિક દ્રષ્ટિથી સ્વસ્થ વ્યક્તિઓ.

1.2.3 સમન્વય અને નિયંત્રણનો યુગ.

1.2.4 આવક અનુરક્ષણનો યુગ.

### 1.2.1 અવિવેકપૂર્ણ દાનનો યુગ

14 મી સદી સુધી નિર્ધનો, અપંગો વગેરેને ભિક્ષા આપવી તે એક પુણ્યનું કાર્ય સમજવામાં આવતું હતું. ચર્ચનું પહેલું કાર્ય નિર્ધનોને દાન દેવું તથા તેમની સહાયતા કરવી તે હતું. નિર્ધનોની સહાયતા માટેનું ઉત્તરદાયિત્વ મુખ્ય પાદરી તથા સ્થાનીય પાદરીના હાથમાં હતું. ચર્ચ દ્વારા સંસ્થાઓ સ્થાપિત કરવામાં આવતી. જે વૃદ્ધો, રોગીઓ, અપંગો, અનાથો વગેરેની પાયાગત જરૂરિયાતોની પૂર્તતા કરતી તથા બે ઘરોને શરણ આપતી. આનાથી ભિક્ષાવૃત્તિમાં વૃદ્ધિ થઈ. લોકો શારીરિક રીતે સ્વસ્થ હોવા છતાં પણ પોતાની અને કુંટુંબના લોકોની જરૂરિયાત પૂર્ણ કરવા માટે દાનનો ઉપયોગ કરતાં. આથી, શારીરિક અસ્વસ્થ લોકો અને ખરેખર નિર્ધનો કોણ છે તે શોધવાની ફરજ પડી.

### 1.2.2 સુપાત્ર નિર્ધનો માટે સહાયતા તથા શારીરિક દ્રષ્ટિથી સ્વસ્થ વ્યક્તિઓ

1337માં કિંગ્સ એડવર્ડ થર્ડ એ આદેશ આપ્યો કે ''શારીરિક દ્રષ્ટિથી તંદુરસ્ત પ્રત્યેક વ્યક્તિએ કોઇ કામ અવશ્ય કરવું પડશે. તેણે કોઇ પણ એવા વ્યક્તિ પાસે કામ કરવું પડશે જે એને કામ દેવા ઈચ્છતોં હોય.'' આ પહેલો પ્રયાસ હતો. જેમાં શારીરિક દ્રષ્ટિએ સમક્ષ વ્યક્તિઓને દાન-દક્ષિણા ઉપર નિર્ભર રહેવાને બદલે કામ કરવા માટે ફરજ પાડવામાં આવી. 1531 સ્ટેચ્યુ ઑફ હેનરી એઇટથ 7 ના અંતર્ગત ભિખારીઓ માટે નોંધણી ફરજીયાત કરવામાં આવી તથા તેમને વિશેષ ક્ષેત્રની અંદર ભીખ માંગવા માટે લાયસન્સ આપવામાં આવ્યું. આના માટે નગરપ્રમુખ અને ન્યાયાધીશોને આદેશ આપવામાં આવ્યો કે ''તેઓ અસમર્થ વૃદ્ધો તથા નિર્ધનોના અરજીઓની તપાસ કરે તથા તેમની નોંધણી કરીને તેમને લાયસન્સ આપે.'' સ્વસ્થ શરીરવાળા જો ભીખ માંગે તો ચાબુકથી માર મારવાની સજા આપવામાં આવતી. તથા રખડુ લોકોને કઠિન કામ કરવા માટે બાધ્ય કરવામાં આવ્યા. 1536માં પહેલીવાર સરકારના તત્ત્વાધ્યાનમાં નિર્ધનોની સહાયતા માટે યોજના બનાવવામાં આવી; જેમાં સ્વેચ્છાએ દાન માગી અસમર્થ નિર્ધનોના પાલન-પોષણની વ્યવસ્થા કરવામાં આવી. 5 થી લઈને 14 વર્ષના રખડુ બાળકોને માતા-પિતા પાસેથી કબજો મેળવી લઇ પ્રશિક્ષણ માટે માસ્ટરોને સોંપવામાં આવ્યા. નિર્ધનો માટે 1601માં 'એલિઝાબેથન પુવર લો' પસાર કરવામાં આવ્યો. આ કાનુન અંતર્ગત ત્રણ પ્રકારના નિર્ધનોને સહાયતા પ્રદાન કરવાની વ્યવસ્થા કરવામાં આવી.

#### 1.2.2.1 સ્વસ્થ શરીરવાળા નિર્ધનો :

આમને સુધારગૃહોમાં કાર્ય કરવા માટે બાધ્ય કરવામાં આવ્યા. તેમને ભીખ ન આપવી તેવો નાગરિકોને આદેશ કરવામાં આવ્યો તથા જે લોકો કામ કરવાની ના પાડે તેમને કારાવાસની સજા આપવાનો આદેશ આપવામાં આવ્યો.

#### 1.2.2.2 શક્તિહિન નિર્ધનો :

અસમર્થ રોગીઓ, વૃદ્ધો, અપંગો, બહેરા મૂંગા, અલ્પ આયુવાળા બાળકોની માતાઓ આ શ્રેણીમાં આવતાં હતાં. તેમને તેમના જ નિવાસ સ્થાનમાં રાખીને ભોજન, કપડા, ઇંધણ વગેરે આપવામાં આવતું. આવાસ ન મળે તો તેમને સુધારગૃહમાં રાખવામાં આવતાં.

#### 1.2.2.3 આશ્રિત બાળકો :

જેમાં અનાથ બાળકો કે જેના માતા-પિતા દ્વારા પરિત્યાગ કરેલો હોય તથા નિર્ધન માતા-પિતાના સંતાનો આ શ્રેણીમાં આવતાં. તેમને એવા નાગરિકો પાસે મૂકવામાં આવતાં. જેઓ સરકાર પાસેથી

તેમના પાલન માટો ઓછામાં ઓછો ખર્ચ માંગે આઠ વર્ષ કે તેનાથી વધુ ઉંમરના બાળકોને ઘરકામ કરવા માટે રાખવામાં આવતાં. તેઓ માલિકોના ઘરેલું વ્યવસાયોને શીખતા તથા 24 વર્ષની ઉંમર સુધી તેમની સાથે રહેતી છોકરીઓ ઘરમાં નોકરાણીનાં સ્વરૂપે તથા તેમની 21 વર્ષની ઉંમર અથવા લગ્ન થાય ત્યાં સુધી માલિકોના ઘરમાં રહેતી. આ પ્રકારે આ કાયદો લગભગ 300 વર્ષ સુધી ઇંગ્લૅન્ડનું પથદર્શન કરતાં રહ્યો.

### 1.2.3 સમન્વય અને નિયંત્રણનો યુગ :

1832માં નિર્ધન કાનુનનાં પ્રસાસન અને તેની વ્યવહારિકતાની તપાસ કરવા માટે એક સમિતીની સ્થાપના કરવામાં આવી. આ સમિતીના સચિવ એડવિન સાડવીડ હતાં. એણે નોંધ્યું કે, ''આ કાયદો બાળકો તથા સ્વસ્થ શરીરના લોકોમાં ભિક્ષાવૃત્તિ તથા રખડુવૃત્તિને પ્રોત્સાહિત કરે છે.'' આ નોંધને આધારે 1834માં નવો નિર્ધન કાયદો બનાવવામાં આવ્યો. જેના અંતર્ગત શારીરિક દ્રષ્ટિથી સ્વસ્થ વ્યક્તિઓને કાર્યશાળાઓમાં રાખવાની નીતિ અપનાવવામાં આવી.

### 1.2.4 આવક અનુરક્ષણનો યુગ :

આ યુગને બે ભાગોમાં વહેંચી શકાય છે.

(1) બેવરીજ રિપોર્ટ પહેલાનો યુગ (2) બેવરીજ રિપોર્ટ પછીનો યુગ

#### 1.2.4.1 બેવરીજ રિપોર્ટ પહેલાનો યુગ :

1505માં જ્યોર્જ હેંમિલ્ટનના અધ્યક્ષપણા હેઠળ નિર્ધન કોમો તથા દુઃખ નિવારણ માટેનું સંગઠન કરવામાં આવ્યું. જેના ભલામણને આધારે બેકાર કર્મકાંડ અધિનિયમ પસાર કરવામાં આવ્યો અને તેને સહાયતા કરવામાં આવી. 1908માં 'વૃદ્ધાવસ્થા પેન્શન યોજના' પાસ થઇ. જેના અંતર્ગત 70 વર્ષની બધી જ આયુના આવશ્યકતાગ્રસ્ત નિર્ધનોને પ્રતિસપ્તાહ પેન્શન આપવામાં આવ્યું. 1911માં રાષ્ટ્રીય વીમા કાનુન પસાર કરવામાં આવ્યો. જેના અંતર્ગત સમુહના શ્રમિકોને અનિવાર્ય સ્વાસ્થ્ય વીમાની વ્યવસ્થા કરવામાં આવી. 1925માં વિધવા, અનાથ વૃદ્ધો માટે અંશદાયી પેન્શન અધિનિયમ પાસ કરવામાં આવ્યો. જેના અંતર્ગત લાભાર્થીઓને સ્વાસ્થ્યનું શિક્ષણ, વીમા વગેરેનો લાભ આપવામાં આવ્યો. 1931માં 'નેશનલ ઇકોનોમિક એક્ટ' પસાર કરવામાં આવ્યો. જેમાં બેકાર વ્યક્તિઓને રાષ્ટ્રીય કોર્ષમાંથી સહાયતા કરવામાં આવી.

#### 1.2.4.2 બેવરીજ રિપોર્ટ પછીનો યુગ :

1941માં લોર્ડ વિલિયમ બેવરીજ અધ્યક્ષતામાં એક આયોગનું ગઠન કરવામાં આવ્યું (1) સામાજિક વીમો (2) જન સહાયતા (3) બાળકોના ભથ્થાઓ (4) વ્યાપક નિઃશુલ્ક સ્વાસ્થ્ય અને પુનઃશ્વાસ્થ્ય સેવાઓ અને (5) પૂર્ણ રોજગાર અંગરક્ષક વગેરે અંગે યોજના ઘડાઇ.

1944માં 'પેન્શન અને રાષ્ટ્રવીમા યોજના' મંત્રાલય સ્થાપવામાં આવ્યું. 1946માં 'નેશનલ ઇન્સ્યોરન્સ એક્ટ' પસાર કરવામાં આવ્યો. 1975માં 'સોશ્યલ સિક્યોરિટી વેરીફી એક્ટ' પસાર કરવામાં આવ્યો. શિક્ષણ, રોજગારીનો કાયદો કેન્દ્ર સરકાર દ્વારા સ્વીકારવામાં આવ્યો.

## 1.3 અમેરિકાનો ઈતિહાસ

અમેરિકામાં વિભિન્ન યુગોમાં નિર્બળ અને સૂચિત વર્ગોને પ્રદાન કરવામાં આવતી સહાયતાની અમુક વિશેષતાઓને આધારે અમેરિકન સમાજકાર્યને નિમ્નલિખિત શ્રેણીઓમાં વર્ગીકૃત કરી શકાય છે.

(1) દાનકાળ (2) સ્થાનીય સહાયતાકાળ (3) રાજ્ય સહાયતાકાળ (4) અધિક્ષણ સમન્વય અને પ્રશિક્ષણતા (5) યુવકો સાથે કાર્યનો કાળ (6) આવશ્યકતાગ્રસ્ત વ્યક્તિઓ સાથે કાર્ય કરવાનો અને અહેવાલનો કાળ (7) સામાજિક સુરક્ષા કાળ (8) નિર્ધનતા ઉન્મુલંદકાળ.

### 1.3.1 દાનકાળ

17મી શતાબ્દીમાં પ્રારબ્ધથી ઇંગ્લૅન્ડથી આવીને અમેરિકા વસવાવાળા લોકો ત્યાંની પરંપરાઓ, પ્રથાઓ અને કાયદાઓને પોતાની સાથે લાવ્યા. દરેક સમાજની જેમ અમેરિકામાં પણ એવા અનેક વર્ગો હતાં. દા.ત. અનાથ બાળક, વિધવા સ્ત્રીઓ, બિમાર નિરાશ્રીત વૃદ્ધો, રોગીઓ વગેરે જેમને સહાયતાની આવશ્યકતા હતી આ સહાયતા પરંપરાગત રીતે દાન દ્વારા કરવામાં આવતી.

### 1.3.2 સ્થાનીય સહાયતાકાળ

ઉપનિષદો દ્વારા સૈદ્ધાંતિક રીતે 'એલિઝાબેથન પુવલ લો' અપનાવી લેવામાં આવ્યો. આમ, નિર્ધનોના ભરણપોષણનું કામ ગામને સોંપવામાં આવ્યું. ન્યુયોર્કમાં 1657માં ભિક્ષુક ગૃહની સ્થાપના કરવામાં આવી. અમેરિકાની પ્લાઉમાઉં કોલોની દ્વારા 1657માં પહેલીવાર સ્વસ્થ શરીરવાળા નિર્ધનો માટે તાલીમી કાર્યશાળાનું નિર્માણ કરવામાં આવ્યું તે જોઇ એવા ભિક્ષુક ગૃહ અને કાર્યશાળાઓ બીજા મોટાં શહેરોમાં સ્થાપિત કરવામાં આવી. 1823માં ન્યુયોર્કમાં જે. બી. એન ગેટ્સને નિર્ધન કાનુનોની ક્રિયાવિધિ સંબંધિત સૂચના એકત્રિત કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું. તેણે નિર્ધનોના બે વર્ગનો ઉલ્લેખ કર્યો. (1) જેમને સ્થાયી સહાયતાની આવશ્યકતા છે (2) અસ્થાયી નિર્ધનો આ ઉપરાંત તેમણે કેટલીક વિશેષ ભલામણો કરી; જેવી કે સેવાકીય યોજના ગૃહની સ્થાપના કરવી અને તેને શિક્ષા તથા કૃષિ કાર્ય માટે જમીન આપવી. સશક્ત નિર્ધનો અને રખડુ લોકોને ફરજીયાત કઠિન કામ સોંપવું. ગેટ્સનાં રિપોર્ટના આધારે કેટલાય રાજ્યોમાં અનાથાલયો અને કાર્યગૃહોની સ્થાપના કરવામાં આવી.

### 1.3.3 રાજ્ય સહાયતાકાળ

સૌ પ્રથમ 1675માં અમુક રાજ્યોએ ભિખારીઓની આવશ્યક જરૂરિયાતોને સંભાળવાનું ઉત્તર દાયિત્વ સ્વીકાર્યું. આના અંતર્ગત એવા લોકોની સહાયતા કરવામાં આવતી હતી. જે લોકો થોડાં સમય પૂર્વે જ રાજ્યમાં આવ્યા હોય. ત્યારબાદ અન્ય રાજ્યોએ પણ આ પ્રકારનું ઉત્તર દાયિત્વ સંભાળ્યું. કાળક્રમે રાજ્યોએ આવી સંસ્થાઓને સહાયતા દેવાનું બંધ કર્યું. કારણ કે તેમની સંખ્યા ઘણી બધી વધી ગઇ. 1732માં સર્વપ્રથમ ફીલાડેલ્ફીયામાં માનસિક રોગથી બિમાર લોકોનું ચિકિત્સાલય કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું. 1753માં પેન્સીલવેનિયામાં આ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવામાં 1733માં વર્જીનિયા રાજ્યમાં પહેલીવાર એવી હોસ્પિટલ બનાવવામાં આવી; જે માનસિક રોગથી પીડાતા લોકોને સહાય કરતી. 1823માં કેન્સુટીમાં પહેલાવાર બહેરા બાળકો માટે નિવાસી સહાયની સ્થાપના કરવામાં આવી. 1851માં ન્યુયોર્કમાં મંદબુદ્ધિનાં બાળકો માટે વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી. 1860માં મેસેજ્યુએટમાં પહેલી 'મહિલા સેલ્સ'ની સ્થાપના કરવામાં આવી.

### 1.3.4 અધિક્ષણ, સમન્વય અને પ્રશિક્ષણતા અધિક્ષણ

1925માં અધિક્ષણ અને નિરીક્ષણનું સંપૂર્ણ કાર્ય 'ડિપાર્ટમેન્ટ ઓફ મેન સેન્ટર'ને સોંપવામાં આવ્યું. 1927માં 'સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ સેન્ટર'ની સ્થાપના કરવામાં આવી. 1931માં ફિડલેન્ડમાં નિશ્ચિત ક્ષેત્રોમાં દાન સંબંધિત કાર્યોની સંયુક્ત વિતરણ વ્યવસ્થા ઊભી કરવાની આવશ્યકતા ઉપર ભાર મૂકી તેને સ્વીકારવામાં આવી. તેના પરિણામ સ્વરૂપ સામુદાયિક તિજોરી (કોમ્યુનિટી ટેસ્ટ)ની વિચારધારા સામે આવી એનું મુખ્ય કારણ લોકો પાસેથી દાન સ્વીકારી તેનું યોગ્ય વિતરણ કરવાનું હતું.

### 1.3.5 યુવકો સાથે કાર્યનો કાળ

ઈંગલૅન્ડમાં 1844માં 'યંગમેન ખ્રિસીયન એસોસિએશન' સ્થાપવામાં આવ્યું હતું. જેની સફળતાથી પ્રેરાઈને 1851માં બોસ્ટર્નમાં પહેલું 'અમેરિકન યંગમેન ખ્રિસીયન એસોસિએશન' સ્થપાયું. 1910માં 'અમેરિકન બોયઝ કાઉટ' તથા 1911માં 'કેમ્પફાયર ગર્લ્સ'ની સ્થાપના કરવામાં આવી. 1912માં 'ગર્લ્સ ગાઈડ' સ્થાપીત કરવામાં આવી.

### 1.3.6 આવશ્યકતાગ્રસ્ત વ્યક્તિઓ સાથે કાર્ય કરવાનો અને રહેવાનો કાળ

પ્રારંભિક કાળમાં અમેરિકા પહોંચનારા લોકોની સ્થિતિ ઘણી વિચારનીય હતી. તેઓ અલગ-અલગ વંશો, જાતિઓ, દેશો કખા પુષ્ટભૂમિઓ ધરાવતાં હતાં. તેમની ભાષાઓ વિભિન્ન હતી, પરિણામે પારસ્પરિક મેળમેળાપ, નગરીય નિવાસીઓમાં પડોશપણાની ભાવના પ્રગટ કરવાનાં ઉપદેશોથી 1887માં 'લેબર ગૃહ ફિલ્ડ ઓફ ન્યુયોર્ક સિટી'ની સ્થાપના કરવામાં આવી. હાલ તે 'યુનિવર્સિટી સેટલમેન્ટ હાઉસ'નાં નામથી ઓળખાય છે.

### 1.3.7 સામાજિક સુરક્ષાકાળ

અમેરિકન સંવિધાનમાં સમાજ કલ્યાણ માટે કોઈ જ સ્થાન ન હતું. મહામંદીની સ્થિતિમાં ઘણી મોટી સંખ્યામાં લોકો બેકાર બન્યા અને ખાનગી, સરકારી સંસ્થાઓ પાસેથી સહાયની અપેક્ષા કરવા લાગ્યા. સ્થાયી સ્થળ ઉપર ખાનગી રીતે કાર્ય કરવાવાળા દાન સંગઠનોએ બેકારોની સહાયતા કરવાનો પ્રયાસ કર્યો; પરંતુ સમસ્યા એટલી ગંભીર હતી કે આ સંસ્થાઓ પાસે સંસાધનો સમાપ્ત થઈ ગયાં. આ પરિસ્થિતિમાં અમેરિકન કોંગ્રેસે 1932માં ઈમરજન્સી 'રિલીફ એન્ડ કલ્સ્ટ્રક્શન એક્ટ' પસાર કર્યો. જેના અંતર્ગત રાજ્યો અને શહેરોની જન કાર્ય સહાયતા પરિયોજનાઓને ઋણ દેવાનો અધિકાર પ્રદાન કરવામાં આવ્યો. 1933માં 'ફેડરલ ઈમરજન્સી રિલીફ એક્ટ' પસાર કરવામાં આવ્યો. જેનાં અંતર્ગત ઓછી અવધીવાળી ઋણની વ્યવસ્થાને સમાપ્ત કરી તેના સ્થાને સમાજ કલ્યાણ હેતુ સંઘીય ઉત્તર દાયિત્વવાળી વ્યવસ્થાનું નિર્માણ કરવામાં આવ્યું. 1933માં નારી સંરક્ષણ ધારો નામનો કાર્યક્રમ રીબર્ટ કેશનર દ્વારા શરૂ કરવામાં આવ્યો; જેનો હેતુ યુવકોને રાષ્ટ્રીય સંસાધનોના સંરક્ષણ કાર્યમાં સામેલ કરવા તેમને અસ્થાયી સેવાયોજન પ્રદાન કરવી તથા સ્વસ્છ વાતાવરણ, સમૂચિત ભોજન, શિક્ષા અને તાલીમ વ્યવસ્થાનો હતો. જાન્યુઆરી 1935માં રાષ્ટ્રપતિ રૂઝવેલ્ટે ઘોષણા કરી કે બેકારો માટે કાર્ય સહાયતા સંબંધિત ઉત્તર દાયિત્વ રાજ્ય ગ્રહણ કરશે.

### 1.3.8 નિર્ધનતા ઉન્મુલંદકાળ

1961 પછી આ યુગની શરૂઆત થઈ. અમેરિકાનાં સમાજવૈજ્ઞાનિકો દ્વારા આ બાબતને સ્પષ્ટ કરવામાં આવી કે, અમેરિકન સમાજમાં પણ નિર્ધનતા છે. નિર્ધનતાને દૂર કરવાની દ્રષ્ટિથી સમય સમય પર કાયદાઓ બનતા ગયાં. 1961માં 'ક્ષેત્ર વિકાસ અધિનિયમ' 1961માં 'જનશક્તિ વિકાસ અને પ્રશિક્ષણ અધિનિયમ' અથવા 1964માં 'આર્થિક અવસર અધિનિયમ' પસાર કરવામાં આવ્યો. આમા આર્થિક અવસર અધિનિયમ નિર્ધનતા ઉન્મુલંદ માટે સર્વાધિક મહત્ત્વપૂર્ણ છે. જેના અંતર્ગત યુવા કાર્યક્રમ, નગરિય અને ગ્રામીણ સામુદાયિક કાર્યક્રમ, પ્રલોભન કાર્યક્રમ તથા કાર્યઅનુભવ સમિતિ કાર્યક્રમો ચલાવવામાં આવ્યાં. નિર્ધનતા ઉન્મુલંદની સાથે-સાથે કાળી પ્રજાતિના લોકો માટે પણ વિશેષ સંરક્ષણ પ્રદાન કરવાનો કાર્યક્રમ ચલાવવામાં આવ્યો.

## 1.4 ઉપસંહાર

આમ, આ બધાં જ કાયદાઓ, નીતિ-નિયમો દ્વારા એક જ સમાજ કલ્યાણના ક્ષેત્રો નજર સમક્ષ તરી આવ્યા; જે ક્ષેત્રોની મુશ્કેલી સમજી તેમાં લોકોની મદદ જોડવા સમાજકાર્યની વ્યવસાયિક રીતે જરૂરિયાત ઊભી થઇ. આમ, સમાજકાર્યના વ્યવસાયિક ઉદ્‌ભવમાં પશ્ચિમી દેશો સૌ પ્રથમ નજરે ચડ્યા હતાં.

## 1.5 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. 'શારીરિક દૃષ્ટિથી તંદુરસ્ત પ્રત્યેક વ્યક્તિએ કોઈ કામ અવશ્યક કરવું પડશે. તેણે કોઇ પણ એવા વ્યક્તિ પાસે કામ કરવું પડશે જે એને કામ દેવા ઈચ્છતો હોય' - આ આદેશ કોણે આપેલો.

   (A) કિંગ્સ એડવર્ડ થર્ડ  (B) એલિઝાબેથ

   (C) પ્રિન્સચાર્લ્સ  (D) જૉસેફ ટ્રાય

2. પૂઅર-લૉ કઈ સાલમાં પસાર કરવામાં આવ્યો હતો ?

   (A) 1531  (B) 1601

   (C) 1536  (D) 10801

3. નિર્ધન કાનૂન અંતર્ગત કેટલા વિભાગમાં નિર્ધનને વિભાજીત કરવામાં આવેલા ?

   (A) ત્રણ  (B) ચાર

   (C) પાંચ  (D) સાત

4. કઈ સાલમાં ન્યુયોર્કમાં ભિક્ષુક ગૃહની સ્થાપના કરવામાં આવી હતી ?

   (A) 1657  (B) 1823

   (C) 1601  (D) 1675

5. કઈ સાલમાં 'લેબર ગૃહ' ફિલ્ડ ઑફ ન્યૂયોર્ક સિટીની સ્થાપના કરવામાં આવી હતી ?

   (A) 1887  (B) 1880

   (C) 1637  (D) 1701

## 1.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) કિંગ્સ એડવર્ડ થર્ડ
2. (B) 1601
3. (A) ત્રણ
4. (A) 1657
5. (A) 1887

## 1.7 ચાવીરૂપ શબ્દો :

- **એલિઝાબેથન પૂઅર-લૉ :** નિર્ધન ગરીબ લોકોને મદદ કરવા માટેનો કાનૂન છે.
- **સ્વસ્થ શરીરવાળા નિર્ધન :** કામ કરી શકે તેવા નિર્ધન.
- **શક્તિહિન નિર્ધનો :** રોગી, અપંગ, નાના બાળકો વગેરે જે કામ કરવા શક્તિવાન નથી.
- **આશ્રિત બાળકો :** નિરાધાર અથવા અનાથ બાળકો.

- **વૃદ્ધ પેન્શન યોજના :** 70 વર્ષની મોટી ઉંમર તમામ જરૂરીયાતમંદ વૃદ્ધ વ્યક્તિને સહાયતાની યોજના.

## 1.8 સ્વાધ્યાય લેખન (Assignment)

1. સમાજકાર્યનો ઇતિહાસ ઇંગ્લેન્ડના સંદર્ભમાં જણાવો.

.........................................................................

.........................................................................

.........................................................................

2. સમાજકાર્યનો ઇતિહાસ એમેરિકાના સંદર્ભમાં જણાવો.

.........................................................................

.........................................................................

.........................................................................

## 1.9 પ્રવૃત્તિ (Activities)

- ઇંગ્લેન્ડના સમાજકાર્યના ઇતિહાસના સાલવારી પ્રમાણે મુદ્દાસર રજૂ કરો.
- અમેરિકાના ઇતિહાસની કાનૂની જોગવાઈઓ સાલ પ્રમાણે ગોઠવી સમજાવો.

## 1.10 કેસસ્ટડી (Case Study)

- 'પૂઅરૂ-લૉ' વિસ્તૃતમાં સમજાવો.
- અમેરિકાના ઇતિહાસની મુખ્ય બાબતો મુદ્દાસર સ્પષ્ટ કરો.

## 1.11 સંદર્ભગ્રંથ


1. વ્યાવસાયિકસમાજકાર્યના આધારસ્તંભો : ડૉ. આનંદી પટેલ,
વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન - અમદાવાદ,
આવૃત્તિ : 2009.
2. વ્યાવસાયિક સમાજકાર્ય : ગીતા ચાવડા,
લોક પ્રકાશન, લોકનિકેતન - રતનપુર,
આવૃત્તિ : 2008
3. સમાજકાર્ય દર્શન : પાન્ડે તેજસ્કાર અને પાન્ડે ઓજસ્કર,
ભારત પ્રકાશન, 2011

| એકમ–2 | મધ્યકાલીન સમય ખ્રિસ્તી અને યહૂદીની વિચારધારા અને આધુનિક સમયમાં બુદ્ધિવાદ અને કલ્યાણ |
|---|---|

## : એકમનું માળખું :


2.0 એકમના હેતુઓ

2.1 પ્રસ્તાવના

2.2 ખ્રિસ્તીઓની વિચારધારા

2.3 યહૂદીની વિચારધારા

2.4 બુદ્ધિવાદ અને કલ્યાણ

2.5 ઉપસંહાર

2.6 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

2.8 ચાવીરૂપ શબ્દો (Glossary)

2.9 સ્વાધ્યાય લેખન (Assignment)

2.10 પ્રવૃત્તિ (Activities)

2.11 કેસસ્ટડી (Case Study)

2.12 સંદર્ભગ્રંથ (Further Readings)


## 2.0 એકમના હેતુઓ

પ્રસ્તુત એકમના હેતુઓ નીચે મુજબ છે.

- આ એકમ દ્વારા વિદ્યાર્થીઓને મધ્યકાલીન સમયમાં ખ્રિસ્તી વિચારધારા દ્વારા કરવામાં આવતાં સમાજકાર્યથી માહિતગાર થશે.
- વિદ્યાર્થીઓને મધ્યકાલીન યુગમાં યહૂદીની વિચારસણી સમાજકાર્ય અંગેની જાણવા મળશે.
- વિદ્યાર્થીઓને આધુનિક સમયમાં બુદ્ધિવાદ અને કલ્યાણકારી વિચારસરણીની સમજ પ્રાપ્ત થશે.
- વિદ્યાર્થીઓ સમાજકાર્યના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યથી અવગત થશે.

## 2.1 પ્રસ્તાવના

પ્રસ્તુત એકમમાં મધ્યકાલીન યુગમાં ખ્રિસ્તી અને યહૂદીની વિચારધારા અને આધુનિક સમયમાં બુદ્ધિવાદ અને કલ્યાણ વિશે વિસ્તૃતમાં પરિચય આપવામાં આવ્યો છે. સમાજકાર્યની શરૂઆત મધ્યયુગમાં અને આધુનિક સમયમાં કઇ રીતે થઈ હતી. તેનો વિસ્તૃત ખ્યાલ આ એકમ દ્વારા વિદ્યાર્થીઓને આવશે. મધ્યકાલીન સમયમાં ખ્રિસ્તીઓ અને યહૂદીઓએ સમાજકાર્યને પ્રોત્સાહન આપ્યું તેણે ગરીબોને મદદ કરવા માટે અનેક સમિતિઓ રચી અને સમાજના કલ્યાણ માટેના કાર્યો કર્યા. ખ્રિસ્તી અને યહૂદીઓની ગરીબોને મદદ કરવાની વિચારણા ઇ.સ.18ની સદીમાં ખૂબ જ ફાલી હતી. ગરીબોને મદદ કરવાની શરૂઆત જ ચર્ચના પાદરીઓ દ્વારા થતી, પણ સમય સાથે તેમાં અવનવા ફેરફાર થતાં ગયાં. કારણ કે મદદની જરૂર હોય તેવાં ગરીબો ખરેખર કોને કહેવાય એ અંગે અવનવા મતો રજૂ થયાં. આ મતો દ્વારા

અવનવા કાયદાઓ સમાજના કલ્યાણ હેતુથી ઘડવામાં આવ્યા. જેનો હેતુ નિર્ધન લોકોની પરિસ્થિતિ સુધારવાનો હતો અને જે ખરેખર શારીરિક રીતે અસમર્થ વ્યક્તિ હતાં. તેને મદદ કરી તેની જીવન જરૂરિયાતની પૂર્તિ કરવાનો હતો; પરંતુ તેમાં બાધાઓ પ્રવર્તવા લાગી. આ બાધાઓ દૂર કરવા માટે નિર્ધનો અને અસમર્થ લોકોને અલગ તારવવામાં આવ્યા બાદ ખ્રિસ્તી અને યહૂદીઓ સાથે રાજ્યએ પણ મદદ કરવા હાથ આગળ કર્યો એમ આ વિચારસરણી આગળ અને આગળ ધકેલાતા સમાજકાર્યનો ઉદય થયો અને અનેક વિચારધારાઓ અસ્તિત્વમાં આવી. જેની વિગતવાર માહિતી સમજીએ. તેમજ આધુનિક સમયમાં બુદ્ધિવાદ અને કલ્યાણકારી પ્રવૃત્તિઓ વિશે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. શોષણ, અન્યાય, અસમાનતા એ માનવ પ્રકૃતિ અને સામાજીક પ્રકૃતિનો સ્વભાવ છે. ઇતિહાસના દરેક સમયમાં જે તે સમયની સામાજીક, ધાર્મિક, આર્થિક વ્યવસ્થા અને મૂલ્ય વ્યવસ્થામાં આ તત્વો પડેલા જોવા મળ્યા છે. માનવ પ્રકૃતિનો બીજો સ્વભાવ અન્યાયનો પ્રતિકાર કરવાનો પણ રહ્યો છે. જેનું કારણ વિકસતી જતી માનવીની બુદ્ધિક્ષમતા છે. જેને લીધે તે પોતાના કલ્યાણની દિશા તરફ આગળ પ્રયાણ કરતાં થયો છે. આવિપત્યની સ્થિતિમાંથી શોષણ જન્મે છે અને આ શોષણને દૂર કરવાના પ્રયત્નમાંથી નવી વિચારસરણીનો જન્મ થાય છે. જે સામાજીક પરિવર્તનનું કારણ બને છે. જે અંગે વિસ્તૃત માહિતી આ એકમમાં મેળવીશું જે વિદ્યાર્થીઓને સમાજકાર્યના ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય અંગે માહિતગાર કરશે.

## 2.2 ખ્રિસ્તીઓની વિચારધારા

### 2.2.1 દાનસંગઠનની વિચારધારા

ચર્ચનું મુખ્ય કાર્ય ગરીબોની સહાયતા કરવાનું હતું. ખ્રિસ્તી ધર્મને રાજધર્મનો દરજ્જો મળ્યો હોવાથી પાદરીઓ દ્વારા ગરીબોને મદદ કરવામાં આવતી. આ મદદમાં કપડાં, ખોરાક, દવાઓ વગેરેનો સમાવેશ થતાં સાથે રહેઠાણ પણ આપવામાં આવતું. પરંતુ પ્રાથમિક જરૂરિયાત બધી મળી રહેતી હોવાથી ભિક્ષાવૃત્તિમાં વધારો થયો એટલે કે કામ કરી શકતાં એવા લોકો પણ ગરીબોની કક્ષામાં સામેલ થવા લાગ્યા. ગરીબોને અપાતા અવિવેકપૂર્ણ દાનોને લઇ એમના આત્મસન્માનને નુકશાન થતું જોઇ દાન આપવાનું બંધ કરી લોકોને પાછું સમાજમાં પુનઃ સમાયોજન સ્થાપવાનું સંગઠનના અધિપતિઓ દ્વારા નક્કી કરવામાં આવ્યું. તેમ છતાં ખરેખર જે વ્યક્તિને જરૂર હોય તેને મદદ કરવા માટે દાન સમિતિ શરૂ થઇ; પરંતુ રોગિષ્ટ, વૃદ્ધ, શારીરિક રીતે અશક્ત, અનાથ બાળકોનો જ સમાવેશ કરવામાં આવ્યો. આ વિચારસરણી પરથી સ્વસ્થ વ્યક્તિઓ અલગ કરાયા જેને કાર્ય માટે ઉત્તેજીત કરવા અને પોતાનું અને તેના પરિવારનું કલ્યાણ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આમ, આ દાનસંગઠન સમિતિ દ્વારા સમર્થ અને અસમર્થ એમ બે જૂથો સમાજમાં જોવા મળ્યા. જેમાં અસમર્થ લોકોની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની પૂર્તિનું કાર્ય આ સમિતિ દ્વારા જ થતું અને સમર્થ લોકોને કામ કરવાની ઇચ્છા પ્રગટ કરવા માટે કાર્યશાળાઓ શરૂ થઇ જેમાં પસંદગીના કાર્ય દ્વારા સમર્થ લોકો પોતાના કુંટુંબની જરૂરિયાતની પૂર્તિ કરતાં; ત્યાર બાદ તેઓને સમાજમાં મૂકવામાં આવ્યાં. જ્યાં તેઓએ પોતાનું અને પોતાના કુંટુંબીજનોનુ ભરણપોષણ કરવાનું રહેતુ એટલે વ્યક્તિ વ્યક્તિવાદી વિચારસરણી તરફ ધકેલાયો.

### 2.2.2 વ્યક્તિગત વિચારધારા :

ચર્ચ દ્વારા શરૂ કરાયેલ દાન સમિતિમાંથી જ્યારે સ્વસ્થ વ્યક્તિ માટે પોતાનું અને તેના ઘરના લોકોનું ગુજરાન ચલાવવા કાર્ય કરવાની ફરજ પાડવામાં આવી; ત્યારે તે સમાજમાં પણ ભીક્ષા માંગવાનું કાર્ય

કરવો લાગ્યો. જેથી સૌ પ્રથમ ભિક્ષા માંગનાર માટે નોંધણી જરૂરી માનવામાં આવી. હેનરી-8 ના કાયદા દ્વારા તેની નોંધણી કરી ભીક્ષા માંગવાનું લાયસન્સ આપવામાં આવ્યુ અને સ્વસ્થ વ્યક્તિ જો ભીક્ષા માંગે તો ન્યાયધીશો દ્વારા તેને સજાની જોગવાઈઓ કરવામાં આવી. આથી સ્વસ્થ વ્યક્તિને પરિવારનું ગુજરાન ચલાવવા કામ કરવાની ફરજ પડી. આ માટે સુધારગૃહ તથા કાર્યગૃહ શરૂ કરવામાં આવ્યા સુધાર ગૃહમાં ભીક્ષા માંગનાર વ્યક્તિને ભીક્ષા છોડી કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા જ્યારે કાર્યગૃહમાં વ્યક્તિને પોતાની પસંદનુ કાર્ય શીખવી કાર્યકરવા માટે ફરજ પાડવામાં આવી અને કુંટુંબનુ ભરણપોષણ કરવા પ્રેરાયા. આ સિવાય દાન સંગઠન સમિતિઓના સભ્યો ગરીબોને ત્યાં જઇ તેમની વ્યક્તિગત મુલાકાત લઇ તેમની હાલતનું નિરીક્ષણ કરતાં આ સમિતિઓના સભ્યો જાતે પ્રત્યક્ષરૂપે મદદનું કામ કરવાને બદલે મદદ આપનાર સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે ગરીબ વ્યક્તિઓનો સબંધ જોડી આપતા હતાં. આવી વ્યક્તિઓને મદદની ખરેખર જરૂર છે કે નહી ? તે અંગેનો નિર્ણય કરવામાં મદદ કરતાં હતાં. આમાં વૈયક્તિક કાર્ય પ્રક્રિયાની આપણને ઝાંખી થાય છે.

### 2.2.3 સમાજકલ્યાણની વિચારધારા :

ત્યારબાદ દાન સંગઠન સમિતિઓએ પોતાનું ધ્યાન હવે સામાજીક સુધારણા પર કેન્દ્રિત કર્યુ, કારણ કે સમાજમાં અનેક મુશ્કેલીઓ જોવા મળી. જેવી કે વૃધ્ધોની જીવન જરૂરિયાતની પૂર્તિમાં મુશ્કેલી, રોગીઓને ઇલાજ દરમ્યાન આર્થિક મુશ્કેલી, શારીરિક રીતે અશક્ત વ્યક્તિની જીવન જરૂરિયાતની પૂર્તિ માં મુશ્કેલી વગેરે માટે કેટલીક સમિતિઓએ સેવા કાર્યાલયો, દવાખાનાં, મનોરંજન કેન્દ્રો, ઋણ વિતરણ સંસ્થાઓ, ધર્મશાળાઓ વગેરે સ્થાપ્યાં. જેમાં વૃધ્ધોને રહેઠાણથી માંડીને કપડા ખારોક વગેરે જેવી જીવન જરૂરિયાતની ચીજો પૂરી પાડવામાં આવતી. રોગીઓને ઇલાજ માટે મફત સેવાકીય દવાખાનાઓની શરૂઆત પણ ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ દ્વારા કરવામાં આવી સાથે શારીરિક રીતે અશક્ત એવો અપંગો અને બહેરા મૂંગાઓના પુનર્વાસ માટે પ્રશિક્ષણ કેન્દ્રો પણ શરૂ થયા. આમ, આ રીતે ખ્રિસ્તીઓમાં સમાજ કલ્યાણની ભાવના પણ જાગૃત થઇ.

### 2.2.4 જૂથકાર્યની વિચારધારા :

ઇ.સ. 1887 માં ન્યુયોર્કમાં પ્રથમ 'સેટલમેન્ટ હાઉસ'ની સ્થાપના થઇ. 1891 માં એનું નામ 'યુનિવર્સિટી સેટલમેન્ટ હાઉસ' રાખવામાં આવ્યું. 'સેટલમેન્ટ હાઉસ આંદોલન'ના અનેક ઉદ્દેશ હતાં. એનો એક ઉદ્દેશ ઔદ્યોગિકરણને પરિણામે ઉદ્ભવાયેલી સમસ્યાઓના નિરાકરણનો હતો. આ સેટલમેન્ટ હાઉસમાં આવી સમસ્યાઓનો ભોગ બનેલા લોકોને મનોરંજનના સાધનો પૂરા પાડવામાં આવતાં ; તે ઉપરાંત આવાસ, સ્વચ્છતાં અને લઘુત્તમ મજૂરીના સબંધમાં સમાજ સુધારણાના આંદોલન પણ ચલાવવામાં આવતાં. જે આંદોલનનો ઉદ્દેશ અમે પણાની ભાવનાનો વિકાસ કરવાનો હતો. આમ સેટલમેન્ટ હાઉસમાં વ્યક્તિ કરતાં સમૂહોની સેવાનો પ્રબંધ કરવામાં આવતોં હતો અને એ રીતે સામાજીક સામૂહિક સેવાકાર્યની ઉત્પતિ થઇ. આમ, સેટલમેન્ટ હાઉસ જૂથકાર્ય પધ્ધતિના મૂળમાં છે ; જેની શરૂઆત ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓએ કરેલી.

## 2.3 યહૂદીની વિચારધારા :

### 2.3.1 સહાયક વિચાર ધારા :

યહૂદી ધર્મના લોકો પણ ખ્રિસ્તી ધર્મના લોકોની જેમ સહાયતા કરવાની ભાવના ધરાવતા હતાં તેમણે પણ નિર્ધન લોકોને તેની જીવન જરૂરિયાતની પૂર્તિ કરવા માટે સહાયતા કરવા માંડી તેઓ પણ નિર્ધન લોકોને કાર્ય આપી સ્વનિર્ભર બનાવવા પ્રયત્નશીલ રહ્યા. આ સમાજના અનુયાયીઓ પણ વૃધ્ધો,

રોગિષ્ટ વ્યક્તિઓ, શારીરિક અસ્વસ્થ લોકો વગેરેના કલ્યાણ માટે અનેક કાર્યો કરવા લાગ્યા. આ સમાજના અનુયાયીઓએ પણ રોગિષ્ટ વ્યક્તિઓ માટે મફત સારવાર, શારીરિક અસ્વસ્થ લોકો માટે તેની જીવન જરૂરિયાત સાથે પ્રશિક્ષણ મળી રહે તેવી કાર્યશાળા વગેરેની સ્થાપના કરી હતી. આમ, યહૂદી ધર્મના લોકોમાં પણ સહાયતા કરવાની વિચારધારા પહેલેથી જ જોવા મળી હતી.

## 2.4 બુદ્ધિવાદ અને કલ્યાણ :

ખાસ તો સમાજ કલ્યાણની વિચારસરણી અનેક મહાપુરુષોએ રજૂ કરી છે. જેમાંથી સમાજના અનેક સ્તરોમાં સુધારાઓ લાવી શકાયા છે. આ વિચારસરણીની શરૂઆત 17 મી સદીમાં થઇ. જેમાં અનાથ બાળક, વિધવા સ્ત્રીઓ, બિમાર નિરાશ્રીત વૃધ્ધો, રોગીઓ વગેરે જેમને સહાયતાની આવશ્યકતા હતી તેને પરંપરાગત રીતે સહાયતા કરવામાં આવી. પરંતુ ત્યાર પછી નવી વિચારસરણીઓને પ્રોત્સાહન મળતા નવો બુદ્ધિવાદનો વિકાસ થયો.

જેમાં સૌ પ્રથમ 'એલીઝાબેથન પૂવર લો'ની વિચારસરણીએ સમાજ કલ્યાણને નવી જ દિશા અર્પી. તેમાં નિર્ધનોના ભરણપોષણનું કામ ગામને જ સોપવામાં આવ્યું. સ્વસ્થ શરીરવાળા નિર્ધનો માટે તાલિમી કાર્યશાળાનું નિર્માણ કરવામાં આવ્યુ. જેમાં તેઓને કામે લગાડવામાં આવ્યા.

જે. બી. એન ગેટ્સને નિર્ધન કાનૂનોની ક્રિયાવિધિ સબંધીત સૂચના એકત્રિકરણનું કાર્ય સોપવામાં આવ્યુ. તેણે નિર્ધનોના બે વર્ગનો ઉલ્લેખ કર્યો (1) જેમને સ્થાયી સહાયતાની આવશ્યકતા છે. (2) અસ્થાયી નિર્ધનો આ સિવાય તેમણે સેવા યોજના ગૃહની સ્થાપના કરી અને શિક્ષા તથા કૃષિ કાર્ય માટે જમીન આપી. સશક્ત નિર્ધનો અને રખડુ લોકોને ફરજીયાત કઠિન કામ સોપવામાં આવતું અને સશક્ત લોકોની ભિમાઇતી દામવા દંડની જોગવાઇ કરી. આ સાથે રાજ્યમાં અનાથાલયોની સ્થાપના પણ કરવામાં આવી.

સંસ્થાઓની વિચારધારા અનાથાલયો અને કાર્યશાળા દ્વારા શરૂ થઇ; ત્યારબાદ માનસિક રોગીઓ માટે માનનિક ચિકિત્સાલયની સ્થાપના કરવામાં આવી. સાથે મંદબુદ્ધિનાં બાળકો માટે વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી. તે જ રીતે બહેરા અને આંધળા બાળકોની મિશ્રશાળાની સ્થાપના કરવામાં આવી. આમ, આ રીતે રાજ્યોમાં પ્રસ્થાપિત લોકો જ મદદ માટે આગળ આવા લાગ્યા અને ભીક્ષા વૃત્તિનું પ્રમાણ ખૂબ જ ઓછુ થતું ગયું. અધિક્ષણ અને નિરીક્ષણનું સંપૂર્ણ કાર્ય 'ડિપાર્ટમેન્ટ ઓફ મેન સેન્ટર'ને સોંપવામાં આવ્યું. સાથે 'સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ સેન્ટર'ની સ્થાપના પણ કરવામાં આવી. આ સાથે સામુદાયિક તિજોરીની વિચારધારા સામે આવી; જેમાં લોકો પાસેથી ધન મેળવી તેનું યોગ્ય વિતરણ કરી મદદ માટેની સ્વૈચ્છિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી. જે સ્વૈચ્છિક સંસ્થાઓએ કલ્યાણ માટેની અનેક પ્રવૃત્તિઓ હાથ ધરી; જેમાં નીચેની તમામ પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો.

- આરોગ્ય કલ્યાણ
- સ્ત્રી કલ્યાણ
- બાળ કલ્યાણ
- મજૂર કલ્યાણ
- યુવા કલ્યાણ
- વૃધ્ધ કલ્યાણ
- અનુસૂચિત જાતિ અને જનજાતિ કલ્યાણ

### 2.4.1 આરોગ્ય કલ્યાણ :

સમાજકાર્યની વિચારસરણીની શરૂઆત માટે જે લોકોએ શરૂઆતમાં પોતાના મંતવ્યો સમાજ કલ્યાણ માટે રજૂ કર્યા હતાં તેમાંથી જે ક્ષેત્રનો સૌ પ્રથમ ઉદ્‌ભવ થયો તે હતું લોકોનુ આરોગ્ય લક્ષી ક્ષેત્ર. જેમાં સૌ પ્રથમ બિમાર વ્યક્તિ કે જેને રોગ થયો હોય જે પોતાના કુંટુંબનુ ભરણ પોષણ કરવા સક્ષમ ન હોય તેવી વ્યક્તિ અને તેના કુંટુંબની જરૂરિયાત માટે તેને મદદ કરવામાં આવતી. ધીમે ધીમે જેમ વિચારસરણીમાં ફેરફાર થયો તેમ બીમાર વ્યક્તિ માટે મફત તબીબી સારવાની વ્યવસ્થા પણ ગોઠવાઇ. આમ, આ ક્ષેત્ર આજે બહોળા પ્રમાણમાં વિકાસ પામ્યો છે. સરકાર પણ આ ક્ષેત્રના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહી છે. છેવાડાના ગામ સુધી આજે સરકારે આરોગ્ય લક્ષી વિકાસ માટે અનેક પ્રયત્નો હાથ ધર્યા છે.

### 2.4.2 સ્ત્રી કલ્યાણ :

સ્ત્રીઓની સ્થિતિ પૂર્વ કાળમાં ખૂબ જ દયનીય હતી. આથી અનેક સમાજસુધારકોએ આ પરિસ્થિતિમાંથી સ્ત્રીઓને બહાર લાવવા પ્રયત્ન કર્યો હતો અને સમાજની અનેક કુપ્રથા જેવી કે પડદા પ્રથા, બાળ લગ્ન, દુધપીતી કરવાનો રિવાજ, સતીપ્રથા, દહેજપ્રથા, વગેરે નાબૂદ કરવા માટે અનેક કાર્યો સમાજ સુધારક દ્વારા કરવામાં આવ્યા. તેમ છતાં સ્ત્રીઓની સ્થિતિમાં કઇંક અંશે જ સુધારો થતાં; આજે પણ સરકાર સ્ત્રીઓના વિકાસ માટે સતત કાર્યશીલ રહી છે. સ્ત્રી કલ્યાણ ક્ષેત્રે વધુમાં વધુ સારું પરીણામ મેળવવા માટે સ્ત્રી શિક્ષણનો ફાળો મહત્વનો જણાતા સરકાર તે અંગે પણ વધુ જાગૃત થઇ છે.

### 2.4.3 બાળ કલ્યાણ :

પહેલાના સમયમાં બાળકને કમાવાનું એક સાધન માનતા. તેનાં વિકાસમાં અભ્યાસનું કેટલું મહત્વ છે તેવું પહેલાના સમયના લોકો જોતાં નહિ. આથી અનેક લોકોની વિચારસરણી દ્વારા આવા બાળકોના કલ્યાણ માટેની ક્રિયા હાથ ધરાઇ. સૌ પ્રથમ તો પ્રલોભનો આપીને પણ માતા-પિતા દ્વારા બાળકોને અભ્યાસ કરવા મોકલવા પ્રેરિત કરાયા અને સમાજશાસ્ત્રીઓના મંતવ્યો દ્વારા બાળ મજૂરી પર પ્રતિબંધ મુકવા સરકાર રચાઇ. આમ, આજે આ ક્ષેત્રે પણ વિકાસ માટે અનેક ક્રિયાઓ હાથ ધરાઇ છે.

### 2.4.4 મજૂર કલ્યાણ :

સમાજકાર્ય માટે જૂથ કાર્યની વિચારસરણીનો ઉદ્‌ભવ જ આ ક્ષેત્ર દ્વારા થયો હતો. એટલે કે ફેક્ટરીમાં કામ કરતાં મજૂરો પર થતાં અત્યાચારો તથા કામના બદલામાં વેતન ન અપાતા; કારણ સમાજ કાર્યકરોએ આ ક્ષેત્રનો પણ વિકાસ જરૂરી છે તેવા મંતવ્યો વ્યક્ત કર્યા ત્યારબાદ મજૂર કલ્યાણને લગતા અનેક કાયદાઓ પણ સરકાર દ્વારા ઘડવામાં આવ્યા; જેમ કે લઘુતમ વેતન ધારો. આમ, આજે તો મજૂર સંગઠનો દ્વારા મજૂર કલ્યાણ માટે અનેક કાર્યો કરાયા છે.

### 2.4.5 યુવા કલ્યાણ :

સમાજશાસ્ત્રીઓ માનતા કે જો યુવા વર્ગ જાગૃત થાય તો અનેક ક્ષેત્રે વિકાસ શક્ય બને જેમ કે સ્ત્રી પર થતાં અત્યાચાર યુવા પેઢી શિક્ષણ દ્વારા રોકી શકે છે. આથી આવી વિચારસરણીથી યુવા કલ્યાણ માટેનાં કાર્યો હાથ ધરવામાં આવ્યાં.

### 2.4.6 વૃધ્ધ કલ્યાણ :

સૌ પ્રથમ આપણે સમાજકાર્યના ઇતિહાસમાં જ જોઇ ગયાં કે વૃધ્ધ લોકોને દાન સંગઠન સમિતિ દ્વારા દાન આપી મદદ કરવામાં આવતી. આમ, વૃધ્ધ કલ્યાણ માટેની વિચારસરણી સૌથી જૂની છે. આજે

વૃધ્ધો માટે અનેક વૃધ્ધાશ્રમ પણ કાર્યરત છે. જે તેની જીવન જરૂરિયાત પૂરી પાડે છે. સરકાર પણ પેન્શન યોજના, પ્રોવિડન્ડ ફંડ વગેરેની વ્યવસ્થા દ્વારા આવા લાકોને મદદ કરી કલ્યાણ માટેના કાર્યો કરે છે.

### 2.4.7 અનુસૂચિત જાતિ અને જનજાતિ કલ્યાણ :

પહેલાંના સમયમાં આવા લોકોની સ્થિતિ ખૂબ જ દયનીય હતી સમાજમાં તેનું નીચું સ્થાન હોવાથી ઉચ્ચ જ્ઞાતિના લોકો દ્વારા તેમનું શોષણ થતું ; પરંતુ અનેક સમાજશાસ્ત્રીઓની વિચારસરણી દ્વારા આ લોકોને સમાજમાં સ્થાન મળ્યુ અને આજે પણ સરકાર અનુસૂચિત જાતિ અને જનજાતિ કલ્યાણ માટે અનેક યોજનાઓ બહાર પાડે છે. જેમ કે અનામત. આમ, અનેક લોકોની વિચારધારા ભેગી મળી એક નવો જ દ્રષ્ટિકોણ સર્જાયો જેમાંથી સ્ત્રી, બાળક, આરોગ્ય, મજૂર, યુવા, વૃધ્ધ, અનુસુચિત જાતિ અને જનજાતિ વગેરેના કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ બહાર આવી અને આજના યુગમાં આ કલ્યાણની બાબતોને ખૂબ જ મહત્વ આપીને સરકાર અને અનેક સ્વૈચ્છિક સંસ્થાઓએ પોતાનો ફાળો આ લોકોના કલ્યાણ માટે ફાળવ્યો છે.

## 2.5 ઉપસંહાર :

આમ, આ એકમ દ્વારા ખ્રિસ્તી અને યહૂદીઓ દ્વારા ઉપરની વિચારસરણીઓ મધ્યકાલીન સમયમાં જોવા મળી; જેનો ઉદ્દેશ લોકોને મદદ કરવાનો હતો અને તે દરમિયાન સમાજકાર્યનો પાયો પણ નાખાયો. આમ, સમાજકાર્યના વિકાસમાં ખ્રિસ્તી અને યહૂદીઓનો ફાળો ખૂબ જ મહત્વનો છે. સમાજકાર્યની વ્યવસાયિક શરૂઆતનું બીજ આ મધ્યકાલીન સમયમાંજ ખ્રિસ્તી અને યહૂદીઓ દ્વારા રોપવામાં આવ્યુ હતું. તેમજ ત્યારબાદ કલ્યાણકારી પ્રવૃત્તિઓનો પણ ઉદય થયો. દાન ધર્મથી લોકો વધુ આળસું પરાવલંબી થઈ જતા હતા. સમાજ વ્યવસ્થા ખોરંભવા લાગી, જેના કારણે કલ્યાણકારી અભિગમ અસ્તિત્ત્વમાં આવી. જેના દ્વારા અનેક સંગઠનો બન્યા. જેણે સ્વૈચ્છિક રીતે આવી કલ્યાણકારી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો અનેક લોકોએ દાન દ્વારા આવી પ્રવૃત્તિઓને વેગવંતી બનાવી સરકાર પણ આવી કલ્યાણકારી પ્રવૃત્તિઓની શરૂઆત થઈ. બાળકલ્યાણ, વૃદ્ધકલ્યાણ, સ્ત્રીકલ્યાણ, આરોગ્ય કલ્યાણ, મજૂર કલ્યાણ વગેરે ક્ષેત્રો વિકસ્યા. સ્વૈચ્છિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી અને કાર્ય કરતી થઈ.

## 2.6 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. ખ્રિસ્તી ધર્મનો કયો દરજ્જો મળ્યો હોવાથી પાદરીઓ દ્વારા ગરીબોને મદદ કરવામાં આવતી ?

   (A) ધર્મનો (B) સમાજસેવાનો

   (C) રાજધર્મનો (D) ઉપરોક્ત તમામ

2. કોના કાયદા દ્વારા ભીક્ષા માંગનારની નોંધણી કરી લાયસન્સ આપવામાં આવ્યું હતું.

   (A) એલિઝાબેથ (B) હેનરી-8

   (C) પ્રિન્સ ચાર્લ્સ (D) ચર્ચ દ્વારા

3. ન્યૂયોર્કના પ્રથમ 'સેપ્લમેન્ટ હાઉસ' ની સ્થાપના કઈ સાલમાં થઈ ?

   (A) ઈ.સ. 1887 (B) ઈ.સ. 1890

   (C) ઈ.સ. 1880 (D) ઈ.સ. 1899

4. 'એલિઝાબેથન પૂઅર-લૉ' કઈ સાલમાં ઘડવામાં આવ્યો ?

(A) ઈ.સ. 1601 (B) ઈ.સ. 1801

(C) ઈ.સ 1701 (D) ઈ.સ 1750

5. સ્વૈચ્છિક સંસ્થાઓની કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ કઈ હાથમાં ધરવામાં આવી હતી ?

(A) આરોગ્ય કલ્યાણ (B) બાળકલ્યાણ

(C) સ્ત્રી કલ્યાણ (D) ઉપરોક્ત તમામ

## 2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (C) રાજધર્મનો
2. (B) હેનરી-8
3. (A) ઈ.સ. 1887
4. (A) ઈ.સ. 1601
5. (D) ઉપરોક્ત તમામ

## 2.8 ચાવીરૂપ શબ્દો :

- **વ્યક્તિગત વિચારધારા :** વ્યક્તિગત રીતે વ્યક્તિઓનું નિરીક્ષણ કરી જરૂરી મદદ કરવા માટેની શરૂઆત થઈ.
- **સમાજકલ્યાણની વિચારધારા :** અસશક્ત, અનાથ, બિમાર ગરીબ જરૂરિયાતવાળા વ્યક્તિને મદદ કરવાની વિચારધારા.
- **આરોગ્ય કલ્યાણ :** બિમાર વ્યક્તિને સહાય કરવા માટેના કાર્ય
- **સ્ત્રી કલ્યાણ :** સ્ત્રીના આરોગ્ય, શિક્ષણ, સમાનતા અને કુરિવાજો અને સ્ત્રીના કલ્યાણ માટેના વિકાસ માટેની પ્રવૃત્તિઓ
- **બાળ કલ્યાણ :** બાળકોના આરોગ્ય વિકાસ અને તેની સંભાળને લગતાં કાર્યનો સમાવેશ થાય છે.
- **મજૂર કલ્યાણ :** મજૂરોના વેતન, સુરક્ષા, કલ્યાણ અને શોષણ વિરુદ્ધ કાર્ય કરે છે.
- **યુવા કલ્યાણ :** યુવાનોના આરોગ્ય, શિક્ષણ, વ્યસન, બેકારી, અજંપા જેવી સમસ્યા દૂર કરવા કાર્ય કરે છે.
- **વૃદ્ધ કલ્યાણ :** વૃદ્ધ લોકોમાં આરોગ્ય, નિર્વાહ અને સન્માન માટે કાર્ય કરે છે.
- **અનુસૂચિત જાતિ અને જનજાતિ કલ્યાણ :** સમાજના છેવાડાના, કચડાય ગયેલા લોકોને શિક્ષિત કરી સમાજની મુખ્ય ધારા સાથે જોડવા અને ભેદભાવ દૂર કરવા માટે કાર્ય કરે છે.

## 2.9 સ્વાધ્યાય લેખન (Assignment)

1. સમાજકાર્યના ઉદયમાં ખ્રિસ્તી અને યહૂદીઓનો ફાળો જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

2. મધ્યકાલીન સમયમાં ખ્રિસ્તી અને યહૂદીની વિચારધારાઓ સમજાવો ?

.....................................................................

.....................................................................

.....................................................................

3. આધુનિક સમયમાં કલ્યાણકારી પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવાની વિચારધારા સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

## 2.10 પ્રવૃત્તિ (Activities)

- સમાજકાર્યના ઉદ્‌ભવમાં ચર્ચા દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિ અને વિકાસ જણાવો.
- ખ્રિસ્તી અને યહૂદીઓનો દાનસંગઠન અને વ્યક્તિગત વિચારધારા સમજાવો.
- કલ્યાણકારી વિચારધારાની શરૂઆત ક્યાંથી થઈ સમજાવો.

## 2.11 કેસસ્ટડી (Case Study)

- જૂથકાર્યની વિચારધારા સમજાવો.
- પ્રવર્તમાન સમયમાં બાળકલ્યાણ અને સ્ત્રી કલ્યાણની જરૂરિયાત અને કાર્યરત સરકારી સ્વૈચ્છીક સંસ્થા વર્ણવો.

## 2.12 સંદર્ભગ્રંથ


1. વ્યાવસાયિકસમાજકાર્યના આધારસ્તંભો : ડૉ. આનંદી પટેલ,
વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન - અમદાવાદ,
આવૃત્તિ : 2009.

2. વ્યાવસાયિક સમાજકાર્ય : ગીતા ચાવડા,
લોક પ્રકાશન, લોકનિકેતન - રતનપુર,
આવૃત્તિ : 2008.

3. સમાજકાર્ય દર્શન : પાન્ડે તેજસ્કાર અને પાન્ડે ઓજસ્કર,
ભારત પ્રકાશન,
આવૃત્તિ : 2011.

| એકમ–3 | સમાજવાદ, ઉદારમતવાદ, લોકશાહી અને માનવઅધિકાર |
|---|---|

## : એકમનું માળખું :

3.0 એકમના હેતુઓ

3.1 પ્રસ્તાવના

3.2 સમાજવાદ

3.3 ઉદારમતવાદ

3.4 લોકશાહી

3.5 માનવ અધિકારો

3.6 ઉપસંહાર

3.7 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

3.9 ચાવીરૂપ શબ્દો (Glossary)

3.10 સ્વાધ્યાય લેખન (Assignment)

3.11 પ્રવૃત્તિ (Activities)

3.12 કેસસ્ટડી (Case Study)

3.13 સંદર્ભગ્રંથ (Further Readings)

## 3.0 એકમના હેતુઓ

પ્રસ્તુત એકમના હેતુઓ નીચે મુજબ છે.

- વિદ્યાર્થીઓને સમાજવાદની ઐતિહાસિક પૃષ્ઠભૂમિથી પરિચીત થશે.
- વિદ્યાર્થીઓને લોકશાહી વિચારસરણીની ઐતિહાસિક બાબતોથી વિસ્તૃત માહિતી પ્રાપ્ત થશે.
- વિદ્યાર્થીઓને માનવ અધિકાર અને તેની શરૂઆત, જરૂરીયાત અંગે વિસ્તૃત માહિતી પ્રાપ્ત થશે.
- વિદ્યાર્થીઓ લોકશાહીની પૂર્વભૂમિકા જરૂરિયાત અને સફળતાથી પરિચીત થશે.

## 3.1 પ્રસ્તાવના

વ્યવસાયિક સમાજકાર્યના ક્ષેત્રે કાર્ય કરતી વખતે સમાજવાદ, ઉદારમતવાદ, લોકશાહી અને માનવ અધિકારને જાણવા ખુબ જ જરૂરી છે. સમાજના ઉત્થાન અને વિકાસ માટે મહત્ત્વનો ભાગ ભજવે છે.

સમાજવાદ એક આર્થિક અને રાજકીય વિચારસરણી છે કે જે માને છે કે ઉત્પાનમાં તમામ સાધનોની પેદાશ, સર્જન, વહેંચણી તથા વિનિમય પર સમગ્ર સમાજની સામુહિક માલિકી તથા પ્રભુત્વ હોવું જોઈએ. જ્યારે લોકશાહી એ સરકારનું તંત્ર છે. જ્યાં નાગરીકો મત દ્વારા સત્તાનો ઉપયોગ કરે છે. પ્રત્યક્ષ લોકશાહીનાં નાગરીકો સંપૂર્ણ રૂપે એક સંચાલક સંસ્થા બનાવે છે અને પ્રત્યેક મુદ્દા પર સીધો મત આપે છે. લોકશાહીમાં નાગરિકો પોતાના માટે પ્રતિનિધિઓ પસંદ કરે છે. આ પ્રતિનિધિઓ

વિધાનસભાની રચના માટે મળે છે. બહુમત પક્ષ સત્તા પર બેસે છે. આ મુખ્ય પ્રક્રિયા રહેલી છે. જે જાણવી અને સમજવી ખૂબ જ જરૂરી છે. પ્રસ્તુત પ્રકરણ વ્યવસાયિક ક્ષેત્રે સમાજ અને સમુદાય સાથે કામ કરવા જાણવું ખૂબ જરૂરી છે. તેથી સાથે સાથે ઉદામતવાદ વિશે પણ જાણવું જરૂરી છે. જેનો અર્થ થાય છે કે રૂઢિચુસ્ત ન રહેલા નવા સુધારાને અપનાવવાનો મત સિદ્ધાંત, લિબરાલિઝમ થાય છે. જે આ પ્રવર્તમાન રચનાત્મક રીતે જે ફેરફાર થાય છે તેને સ્વીકારવો અને વિકાસ કરવો. જેના વિશે વિગતે ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે.

## 3.2 સમાજવાદ :

### 3.2.1 પ્રસ્તાવના :

સમાજવાદ શબ્દની ચોક્કસ વ્યાખ્યા બાંધવી મુશ્કેલ છે. ઇટાલિમાં આ શબ્દ પ્રથમવાર વપરાયો પછી ફ્રેન્ચોએ તેને આગવા અર્થમાં અપનાવ્યો અને બ્રિટન, જર્મની, રશિયા તથા છેવટે ભારતમાં તેને વિવિધ વિચારકો અને રાજપુરુષોએ પોતપોતાની રીતે પ્રયોજ્યો છે. સમાજવાદના ખ્યાલ આસપાસ વિકસેલી વિચારધારાઓ કેટલીક બાબતોમાં એકસૂત્રમાં બંધાયેલી છે. પરિણામે સમાજવાદની વિચારસરણીઓનો સમૂહ અથવા સમાજવાદી વિચારધારાઓ એ રીતે ઘટાવી શકાય. સમાજવાદના છત્ર નીચે, પ્લોટોથી માંડીને ટાન્ઝાનિયાના ન્યેરે સુધીના વિચારકો અને અરાજકતાવાદ, શ્રમસંઘવાદ, મહાજન સમાજવાદ, ખ્રિસ્તી સમાજવાદીઓ ફેબિયન સમાજવાદીઓ જેવાં અનેક શાખાઓના સામ્યવાદીઓ વગેરેનો સમાવેશ થઇ શકે.

### 3.2.2 સમાજવાદનો ઉદય :

સમાજવાદી તરીકે ઓળખી શકાય તેવાં પ્રથમ જૂથો હતાં ફ્રાન્સના સંત સિમોન અને કુરિયેના અનુયાયીઓ અને બ્રિટનમાં એવેનના સાથીદારો. આ બધાંમાં એ સામ્ય જણાય છે કે તેઓ એવી એક 'સામાજિક વ્યવસ્થા' ની હિમાયત કરે છે જે વ્યક્તિવાદી પાયાનો વિરોધ કરે છે. તેઓ સામાજિક પ્રશ્નને અગ્રતા આપે છે અને સામાન્ય માનવીના સુખ અને કલ્યાણની વૃદ્ધિ ઉપર ભાર મૂકે છે. તેઓ માને છે કે સામાજિક નિયંત્રણ ઉત્પાદકો-કામદારોને હસ્તક હોવું જોઇએ. વધુમાં તેઓને શ્રદ્ધા છે કે જો પ્રણાલિગત આર્થિક અને સામાજિક વ્યવસ્થાનું વાજબી આયોજન થાય તો સામ્રાજ્યવાદી સંઘર્ષો નાબૂદ થાય અને વિશ્વશાંતિ ઉદ્ભવે. ટૂંકમાં તેઓ રાજકીયને બદલે સામાજિક ઉકેલ અને સમાજને કેન્દ્રમાં રાખીને રચાયેલી વ્યવસ્થાની હિમાયત કરતાં હતાં.

પ્રારંભથી જ 'સમાજવાદ' કે 'સમાજવાદી' શબ્દ ચોક્કસ સિદ્ધાંતો કે માન્યતાઓને કેન્દ્રમાં રાખી નૂતન સમાજ રચના માટેની યોજના કરનારા ચિંતકોને લક્ષ્ય કરીને વપરાશમાં આવ્યો. આ પ્રકારના વિચારો એક કે બીજા સ્વરૂપ કે ઓછાવત્તા પ્રમાણમાં પુરોગામી ચિંતકોમાં પણ જોવા મળે છે, પરંતુ ઓગણીસમી તથા વીસમી સદીના સિમોનાઆદિ ચિંતકોથી તેનું પોત બંધાવા લાગ્યું. ઘણીવાર પ્લેટો, મોસેસ અને બુદ્ધ તથા ઇસુના કે મહમદ પયગમ્બરના વિચારોમાંથી પણ સમાજવાદ સાથે મળતાં આવતાં સૂત્રોને પકડીને તેમને સમાજવાદીઓની હરોળમાં મૂકવાની કોશીશ કરવામાં આવી છે. પરંતુ તાણીતૂસીને આ વિચારોને સમાજવાદી ગણવાની કોશીશ કરવી ના જોઇએ. લોભ તથા મોજસોખની ટીકા કરી છે અને જુલ્મગારો તથા દરિદ્રોના શોષણને વખોડ્યાં છે. પરંતુ તેથી જ તે ખાનગી મિલકતની પ્રથાના વિરોધી નથી બની જતાં. બુદ્ધે સંપત્તિ ત્યાગીને ભિક્ષુઓના સંઘમાં સમાનતાની હિમાયત કરી; તેથી તે સમાજમાં ખાનગી માલિકી કે શોષણના વિરોધી નથી બનતા તેમ જ સહુને સમાન મળવું જોઇએ અને ઉત્પાદક કેન્દ્રસ્થાને મૂકાવો જોઇએ તેવી પદ્ધતિના હિમાયતી ન

ગણાય. તેવી જ રીતે ઇસુએ 'સંપૂર્ણ થવા માટે તમારી સર્વ સંપત્તિ ગરીબોમાં વહેચી દો' તેવો આદેશ આપ્યો. તે ભૌતિક સંપત્તિના ત્યાગની અને નિર્દોષ જીવનની હિમાયત કરે છે અને નહિ કે, ન્યાયપૂર્ણ વહેંચણી અને શ્રમજીવીઓનું રાજ્ય રચવાની મહમદ પયગમ્બરના ઉપદેશો તથા વ્યવસ્થાને પણ આ જ રીતે મૂલવવાં જોઇએ.

પ્લેટોના આદર્શ રાજ્યની રચના પણ આ સંદર્ભમાં તપાસવી જોઇએ. પ્લેટો ઉત્પાદનનાં સાધનોની સામુદાયિક માલિકીની હિમાયત કરતાં નથી; પરંતુ તે આર્થિક (બિનરાજકીય) વર્ગના હાથમાં હોવાં જોઇએ એમ માને છે. અલબત્ત આ બધાં વિચારકોમાં સમાજવાદી વિચારધારામાં ગૂંથાયેલા પ્રવાહોનાં અંકૂરો પડેલા છે.

સમાજવાદી સમાજનું લક્ષ્ય સંપત્તિની (મહદંશે) સમાન વહેંચણી, ઉત્પાદકોનું કેન્દ્રીયસ્થાન, દરિદ્રતા અને બેકારી સામે રક્ષા, ખાનગી માલિકી અને તેના દ્વારા થતાં પ્રજાના શોષણની નાબૂદી છે.

સમાજવાદી વિચારધારાના ક્રમ અનુસાર પ્રથમ યુરોપિયન અને પૂર્વ માર્ક્સિષ્ટ સમાજવાદીઓ, માર્ક્સ અને તેનાં અનુગામી સામ્યવાદી સમાજવાદીઓ અને લોકશાહી સમાજવાદીઓ એ ક્રમમાં આ વિચારસરણીનો અર્થ તપાસવો યોગ્ય ગણાશે.

### 3.2.3 યુરોપિયન સમાજવાદ :

સિમોન, ફુરિયો અને રોબર્ડ ઓવેનની વિચારસરણી માટે માર્ક્સ અને એન્જેલ્સે પ્રથમવાર 'સામ્યવાદી જાહેરનામું' માં યુરોપિયન શબ્દ વાપર્યો અને પોતાની વિચારસરણી માટે વૈજ્ઞાનિક 'સમાજવાદ' શબ્દ પ્રયોજ્યો; ત્યારથી આ ભેદ પાડવામાં આવે છે. યુરોપિયન સમાજવાદીઓ વ્યક્તિના સ્વાતંત્ર્યના વિરોધી નથી. માત્ર તે તેને સામાજિક અને સામુદાયિક પરિમાણમાં મૂકે છે અને દરિદ્રતા તથા શોષણને નાબૂદ કરવા માંગે છે. ખાનગી મિલકત સામે તેમને વાંધો નથી. માત્ર વ્યક્તિ કરતાં સમાજને તેઓ અગ્રતા આપે છે.

### 3.2.4 સિમોનવાદ :

સંત સિમોન - 1760-1826 શાર્લમેન સુધી પોતાની વંશાવલી દોરી શકતાં. ફ્રેન્ચ ઉમરાવ કુંટુંબના આ નબીરાની માન્યતા હતી કે તે એક નવા યુગનું નિર્માણ કરવા સર્જાયો છે. સામંતશાહીની વિદાય પછી આરંભાયેલા નવા ઔદ્યોગિક સમાજના જીવન માટે તે નવા નિયમ અને સૂત્રોની શોધમાં છે. નૂતન સમાજની રચના તે લોકમત મુજબ નથી ઇચ્છતોં, પરંતુ વૈજ્ઞાનિકો અને નિષ્ણાંતો દ્વારા દરિદ્રોના કલ્યાણ માટે તેનું સંચાલન થશે એમ માને છે. ખાનગી માલિકીની સંસ્થામાં પરિવર્તન કર્યા વિના 'વૈજ્ઞાનિક સમાજ' નહિ રચી શકાય તેવી ખાતરી છતાં તે; મિલકત જપ્ત કરવાની કે સામુદાયિક માલિકીની હિમાયત કરવાને બદલે એટલી જાહેરાતથી સંતોષ માને છે કે, ''મિલકત એ જાહેર ઉપયોગી વસ્તુ ગણાવી જોઇએ.'' તે માને છે કે, ''દરેકને ઉત્પાદનમાં તેણે આપેલી સેવાનુ પ્રમાણ મળવું જોઇએ અને મોટા ઉદ્યોગપતિઓને નૂતન સમાજનું નેતૃત્વ સોંપતા તેઓ દરિદ્રોના વાલીઓ તરીકે વર્તશે.'' સિમોન માને છે કે, ''માલિકોને જ્ઞાન અને જવાબદારીની સમજ આપવામાં આવે તો તેઓ સમયને ઓળખશે અને સાર્વત્રિક કલ્યાણ માટે કાર્ય કરશે.''

સમાજે સહુને રોજી આપવી જોઇએ, શોષણ ના થવું જોઇએ અને ઉત્પાદકને ચાવીરૂપ મહત્ત્વ મળવું જોઇએ અને સમાજ પ્રત્યેનું દાયિત્વ પ્રથમ ગણવું જોઇએ. તેવી ભાવના વ્યક્ત કરવા સાથે તે માને છે કે, ''મિલકત અંગેના સંબંધોમાંથી જ સ્વરૂપ ઘડાય છે અને માનવસમાજ વૈશ્વિક સંગઠનો તરફ

આગળ વધી રહ્યો છે. જે વિશ્વશાંતિની બાંહેધરી બની રહેશે.'' પરંતુ તે અર્થશાસ્ત્ર કે જ્ઞાન અને વિજ્ઞાનને નિર્ણાયક પરિબળ ગણે છે.

### 3.2.5 ફુરિયે : 1772-1837

ફુરિયે સિમોનથી ઘણી બાબતોમાં જુદો પડે છે. સિમોન વ્યાપકતા કે કેન્દ્રીકરણ કે ભવ્ય યોજનાઓને બદલે તે વ્યક્તિથી આરંભ કરે છે અને નાના નાના જૂથો દ્વારા માનવીની આવશ્યકતાઓ શ્રેષ્ઠ રીતે પૂર્ણ થઇ શકે તેમ માને છે. કામને માત્ર લાભદાયી ઉપરાંત આનંદદાયી અને આકર્ષક બનાવવામાં તેને રસ છે. વધુ ઉત્પાદન, કાર્યક્ષમ ઉત્પાદન અને યંત્રવિદ્યામાં તેને રસ નથી. વર્તમાન અર્થવ્યસ્થામાં ખામી છે તેવી ભાવના ફુરિયાના મનમાં કેટલાક વ્યક્તિગત અનુભવોમાંથી આકાર પામી હતી. એક ગ્રાહકને તેણે પોતાના છુટક ધંધાનો કીમિયો બતાવી દેતાં પિતા તરફથી ઠપકો મળ્યો ત્યારે તેને પ્રશ્ન થયો કે, ''દેવળમાં પાદરી મને સત્ય બોલવા કહે છે અને અહીયા ધંધામાં મારે સત્ય ના કહેવું એમ જણાવવામાં આવે છે.'' ફુરિયે એક વેપારીને ત્યાં નોકરી કરતાં હતો ત્યારે તેણે જોયું કે ભાવ વધશે તેવી અપેક્ષાથી સંઘરી રાખેલો અનાજનો જથ્થો સડી જતાં તેને દરિયામાં પધરાવી દેવામાં આવ્યો. આવી ક્ષતિપૂર્ણ વ્યવસ્થાને સ્થાને તે નૂતન સમાજ વ્યવસ્થાની કલ્પના કરવા લાગ્યો.

ફુરિયે માને છે કે, ''સ્વભાવથી મનુષ્ય સારો છે, પણ સમાજે તેના પ્રાકૃતિક આવેગો પર મૂકેલાં નિયમનોથી તે દૂષિત બને છે.' આથી ફુરિયેએ માનવીને ગમે તેવાં અને કોઇ પણ દબાણ વિના કામ કરી શકાય.'' તેવી નૂતન વ્યવસ્થાની ઝંખના કરી છે. તેમાં વ્યક્તિને એક જ કામ સાથે બાંધી દેવાને બદલે તેને મનગમતા અને મનફાવે તેટલાં કામ અને ગમે તેટલો સમય કામ કરવાની છૂટ હતી.

### 3.2.6 માર્ક્સ પ્રણિત સમાજવાદ :

અઢારમી સદીના યુરોપિયન અને અન્ય સમાજવાદીઓ તથા અરાજકતાવાદીઓ દ્વારા સર્જાયેલી આ પંશ્ચાદભૂમિકા અને ઓગણીસમી સદીના પ્રારંભમાં વિકસી રહેલી સમાજવાદી ચળવળો અને વિચારોના ક્ષેત્રે માર્ક્સનો પ્રવેશ અનેક દ્રષ્ટિએ નોંધપાત્ર છે. માર્ક્સ અને એન્જલ્સે સમાજવાદી વિચારકોના વિવિધ મંતવ્યો દર્શન અને અર્થકારણને ક્ષેત્રે ઉદ્ભવેલા નવા અભિગમો વગેરેને સુગ્રથિત કરીને વૈજ્ઞાનિક અને લડાયક સમાજવાદનો પાયો નાંખ્યો. તેમ જ વિશ્વવ્યાપક અને વિશાળ જનઆંદોલનને આકાર આપ્યો.

મુખ્યમંત્રી તરીકેની કામગીરી સંભાળતા માર્ક્સને લાગ્યુ કે આર્થિક સમસ્યાઓ સમજવા અર્થકારણ, રાજકારણ અને સમાજવાદનો અભ્યાસ જરૂરી છે. વિવિધ રાષ્ટ્રોના ઇતિહાસ, મેશિયાવેલી, મોન્તેસ્ક, રુસો અને યુરોપિયન સમાજવાદીઓના લખાણો વાંચતા તે ઉદ્દામવાદ વિચારો તરફ ઢળ્યો.

સામ્યવાદી જાહેરનામા (1848) દ્વારા માર્ક્સે પ્રથમવાર પોતાના વિચારો તથા હેતુઓ અને પદ્ધતિની સ્પષ્ટતા કરી. અત્યારસુધીના યુરોપિયન સમાજવાદીઓ ''સુંદર ગુલાબોનાં સોણલાં ઘડતાં હતાં, પરંતુ ગુલાબના છોડ માટે આવશ્યક ભૂમિ તૈયાર કરતાં ન હતાં.'' જ્યારે માર્ક્સે તેને સૈદ્ધાંતિક રૂપ આપી શ્રમજીવીવર્ગના વર્ચસ્વને આગામી સમાજની નિયતિ ગણાવીને 'વૈજ્ઞાનિક' રૂપ આપ્યું.

આ પછીના સમયમાં માર્ક્સ 1848 ફ્રેન્ચ ક્રાંતિમાં ભાગ લેવાં દોડી આવ્યો; પરંતુ મોડો પડ્યો હતો. કામદાર ચળવળને સંગઠિત કરવા તેણે સમગ્ર વિશ્વના કામદારો એક હોવાના સૂત્ર ઉપર ભાર મૂક્યો.

માર્ક્સના વિચારો એક જ લક્ષ્ય તથા કાર્યક્રમ આસપાસ કેન્દ્રિત થયા હોવા છતાં બહુ વિસ્તૃત ફલક ઉપર પથરાયેલા છે. દર્શન, રાજકારણ, અર્થકારણ, મજૂર ચળવળ અને બીજા અનેક આનુષંગિક વિષયો ઉપર તેણે વિચારો પ્રગટ કર્યા છે. અભ્યાસના હેતુથી માર્ક્સના વૈજ્ઞાનિક સમાજવાદનું ચાર

સિદ્ધાંતોમાં વિભાજન કરવામાં આવે છે. (1) દ્વન્દ્વાત્મક ભૌતિકવાદ, (2) ઈતિહાસનું ભૌતિકવાદી અર્થઘટન, (3) અધિશેષ મૂલ્યનો સિદ્ધાંત અને (4) વર્ગ-સંઘર્ષનો સિદ્ધાંત.

### 3.2.6.1 દ્વન્દ્વાત્મક ભૌતિકવાદ :

માર્ક્સવાદની ઈમારતનો પાયો દ્વન્દ્વાત્મક ભૌતિકવાદ છે. દ્વન્દ્વાત્મક ભૌતિકવાદને સામ્યવાદીઓ પાયાના દર્શન તરીકે સ્વીકારે છે અને દરેક સમસ્યાના ઉકેલ માટે તેનો આશ્રય લે છે. વાસ્તવમાં ઘટનાને સમજવા માટેની તે એક પદ્ધતિ છે. ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં રૂપાંતરિત પામતી દરેક વસ્તુને તે સમજાવે છે અને દરેક વસ્તુનું સ્વરૂપ પરિવર્તનશીલ તથા કામચલાઉ છે એમ માને છે. તેના દ્વારા વિવિધ ઘટનાઓ વચ્ચેના આંતરિક સંબંધો અને તે ભવિષ્યમાં કેવું સ્વરૂપ ધારણ કરશે અને કેવો વળાંક લેશે તેની સમજ મળે છે. આમ દ્વન્દ્વાવાદ સામ્યવાદીઓની ગુરુ ચાવી છે.

### 3.2.6.2 ઈતિહાસનું ભૌતિકવાદી અર્થઘટન :

દ્વન્દ્વાવાદને ભૌતિકવાદ સાથે સંયુક્ત કરવા પાછળ માર્ક્સનો મુખ્ય હેતુ તેને લાગણીપ્રધાન, નૈતિકવાદી અને કલ્પનામાં રાચતા સમાજવાદને બદલે લડાયક અને વ્યવહારું કાર્યક્રમ આપવાનો હતો. માર્ક્સ આગળ વધીને ભૌતિકવાદ એટલે અર્થકારણ અને આર્થિક પરિબળો એવો મર્યાદિત અર્થ કરતાં ભૌતિકવાદનું સ્વરૂપ ખૂબ જ સિમિત અને વિકૃત બની જાય છે. વિકાસની પદ્ધતિ અને નિયમો શોધતાં તે માત્ર આર્થિક પરિબળોને જ નિર્ણાયક ગણી લે છે.

### 3.2.6.3 અધિશેષમૂલ્ય :

મૂડીવાદનો વિકાસ થતાં મૂડીવાદનાં સ્વાભાવિક પ્રેરક પરિબળો જ તેને સતત વિશાળ પાયાના ઉત્પાદન અને ઈજારાશાહી તથા કેન્દ્રીકરણ તરફ ખેંચી જશે અને આ ખેંચાણનું પ્રેરકબળ મૂડીનું અમુક હાથમાં વધતું જતું કેન્દ્રીકરણ છે. આ મૂડી અમુક હાથોમાં કેન્દ્રિત થતી જશે તેનું કારણ મૂડીવાદી વ્યવસ્થામાં રહેલો અધિશેષ મૂલ્યનો સિદ્ધાંત છે. આમ મૂડીપતિ અને કામદાર એવા બે સ્પષ્ટ વિભાગો રચાશે; જે માર્ક્સવાદના બીજા પગથિયાં જવાં કે વર્ગસંઘર્ષને તીવ્ર બનાવશે. જે દ્વારા શોષણખોરને હાંકી કાઢીને સામ્યવાદી રચના માટેનો માર્ગ તૈયાર કરશે.

### 3.2.6.4 વર્ગસંઘર્ષ :

મૂડીવાદી વ્યવસ્થાની કાર્યપદ્ધતિ અને તેમાં રહેલા અન્યાય સામે સમાજના પરિવર્તનની પદ્ધતિ અને વર્તમાન ઐતિહાસિક તબક્કામાં સંઘર્ષના સાધન તરીકે વર્ગસંઘર્ષની હિમાયત કરીને માર્ક્સે પોતાની વિચારસરણીને કાર્યક્રમમાં રૂપાંતર કરવાનું ચોથું ચરણ પુરું કર્યુ છે. પ્રવર્તમાન મૂડીવાદી સમાજ જે અધિશેષ મૂલ્યના એકત્રિકરણમાંથી નિપજ્યો છે તેમાં મૂડીવાદી સમાજ અને તેના સ્વાભાવિક પરિણામરૂપ શ્રમજીવી વર્ગ વચ્ચેના સંઘર્ષને માર્ક્સ હવે ભાવિ વિકાસ માટેના અનિવાર્ય અને આવશ્યક સંઘર્ષ તરીકે જૂએ છે. ક્યાંક તેનું પરિણામ સમાજના ક્રાંતિકારી નવનિર્માણમાં આવ્યું છે તો ક્યાંક તે સાર્વત્રિક વિનાશમાં.

## 3.3 ઉદારમતવાદ

### 3.3.0 પ્રસ્તાવના :

સમૂહને પ્રાધાન્ય આપવાની તથા વ્યક્તિને સમૂહના પૂરક અંગ સ્વરૂપે મૂલવતી સમાજવાદી વિચારસરણી તથા રાજ્યને સર્વોચ્ચ ગણતી ફાંસીવાદી વિચારપ્રણાલીની વિરૂદ્ધમાં વ્યક્તિને પાયાનું અને સ્વાયત્ત એકમ ગણતી ઉદારમતવાદી પ્રણાલી રાજકીય વિચારધારામાં નવા દ્રષ્ટિકોણને રજૂ કરે છે. દરેક

વિચારધારાની માફક ઉદારમતવાદનાં મૂળ પણ ગ્રીક ચિંતકો સુધી ખોલી શકાય. એરિસ્ટોટલે લોકસંમતિનો રાજ્યના સુસંચાલન માટેના એક પરિબળ તરીકે કરેલો સ્વીકાર તથા કાયદા અને બંધારણના મહત્વનો તેણે જે સ્વીકાર કર્યો છે તેમાં ઉદારમતવાદના અંશ શોધી શકાય. રાજકારણ, ધર્મ, વિજ્ઞાન, અર્થકારણ, દર્શન વગેરે ક્ષેત્રે શરૂ થયેલાં નવપ્રસ્થાનોમાંથી ઉદારમતવાદનો પાયો નંખાયો અને ધર્મસુધારણા અને નવજાગૃતિની ચળવળો તથા આર્થિક પરિવર્તનોમાંથી તેના વિચારદેહને પોષણ મળ્યું. આજે ઉદારમતવાદ એક મહત્વની વિચારસરણી છે.

### 3.3.1 ઉદય :

ઉદારમતવાદના પાયામાં માનવલક્ષી અભિગમ પડેલો છે. માનવીને વાસ્તવિક રીતે જોવાની, માનવી તરીકે સ્વીકારવાની અને પ્રતિષ્ઠા આપવાની દ્રષ્ટિ સમાયેલી છે. આ દ્રષ્ટિએ જોતાં નિકોલો મેશિયાવેલી (1469-1527) દ્વારા જ્યારે રાષ્ટ્ર અને વાસ્તવિકતાને અનુલક્ષીને વ્યવહારુ ભૂમિકાએથી નીતિ-નિરપેક્ષ રાજકારણની હિમાયત થઇ ત્યારથી રાજકીય ચિંતનના ક્ષેત્રે એક નવો અભિગમ શરૂ થયો. આ ગાળામાં ગિઓર્દાનો બ્રુનો (1548-1600) દ્વારા 'માનવી જ છે' એવા સૂત્ર દ્વારા ધરતી ઉપર ઉભા રહીને, માનવીને કેન્દ્રમાં રાખીને વિચાર કરવાની, માનવીને ગૌરવ આપવાની, હીલચાલ શરૂ થઇ ત્યાંથી એક બીજો વાસ્તવાદી પ્રવાહ ભળ્યો. દૈવીવાણી, ગ્રંથો, સાક્ષાત્કાર કે મહાત્માઓના ઉપદેશોને બદલે માનવી-વ્યક્તિ પોતે-જાતે, નિરીક્ષણ દ્વારા જ્ઞાન તથા સત્ય પામી શકે છે તેવું પ્રતિપાદન ગેલિલિયોએ (1564-1641) પોતાના દૂરબીન દ્વારા કર્યું. કોપરનિકસે ખગોળવિદ્યાના દ્વાર ઉઘાડી આપ્યા. તેમાંથી વૈયક્તિક નિરીક્ષણની મહત્તા સ્થપાઇ અને માનવીની સત્ય પ્રાપ્ત કરવા માટેની ક્ષમતાની ક્ષિતિજો વિસ્તરી. આ બધાં પ્રવાહોની અસરો સંકલિત કૃતિરૂપે હોબ્સ (1588-1679) ના વિચારોમાં ધર્મથી પર, લોકસંમતિ અને કરારના પરિણામ રૂપે રચાયેલા રાજ્યના ખ્યાલમાં સાકાર થઇ. રાજ્યનો પાયો ઉપયોગિતા અને લોકસંમતિ સાથે સંકળાયો. વધુમાં કાર્તે (1596-1650) દ્વારા વિચાર માટેની જે પદ્ધતિ રજૂ થઇ તેમાં પણ ઉદારમતવાદનાં બીજ સંતાયેલાં છે. કાર્તેએ શંકાનો પદ્ધતિકીય સાધન તરીકે પ્રયોગ કરીને જણાવ્યું કે (1) સ્પષ્ટ રીતે મને જે સત્ય ન લાગે તેને હું સ્વીકારતો નથી. આમ, તેણે વ્યક્તિગત નિરીક્ષણ અને બુદ્ધિ તથા સમજને નિર્ણાયક સ્થાન આપ્યું. (2) શક્ય તેટલા ભાગોમાં વિભાજન કરો; એટલે કે પૃથ્થકરણ. (3) સાદા અને સરળ વિચારોમાંથી ક્રમશઃ આગળ વધો; એટલે કે તાર્કિક સંગતિ.

### 3.3.2 સ્ત્રોતો અને પ્રવાહના પરિબળો :

આમ એક બાજુ વૈચારિક ભૂમિકાઓમાંથી ઉદારમતવાદની ભૂમિકા બંધાઇ રહી હતી; ત્યારે ધાર્મિક, રાજકીય, આર્થિક અને સામાજીક ક્ષેત્રે પણ તેમાં પૂરક પ્રમાણો શરૂ થઇ ચૂક્યા હતાં. આ ઉદારમતવાદ સ્ત્રોતના મુખ્ય પરિબળ હતાં જેની સમજૂતી નીચે મુજબ છે.

#### 3.3.2.1 ધાર્મિક પરિબળ :

વિલિયમ ઓકામ તથા જ્યોન હસ અને વિકલીફ જેવાં ધર્મસુધારકો વ્યક્તિ તથા ઈશ્વર વચ્ચેના સીધા સંબંધની હિમાયત કરીને વ્યક્તિકેન્દ્રી વ્યવસ્થા તરફ નિર્દેશ કરી રહ્યા હતાં. તેમ જ કન્સીલિયર ચળવળ દ્વારા દેવળમાં લોકશાહી પ્રતિનિધિત્વ તથા પોપની જાહેર જવાબદારી અને તેને પદભ્રષ્ટ કરી શકાય તેવા મંતવ્યને વ્યક્ત કરી રહ્યા હતાં. ધર્મસુધારણાની ચળવળ દ્વારા તેમાં ઈશ્વર અને માનવી વચ્ચેના આડતિયા તરીકે પાદરીની આવશ્યકતાને પડકારવામાં આવી. પોતાની મુક્તિ માટે માનવીએ જાતે જ મથવાનું છે, એવી હિમાયત દ્વારા વ્યક્તિની પુનઃપ્રતિષ્ઠા થઇ રહી હતી.

### 3.3.2.2 રાજકીય પરિબળ :

લ્યુથર વ્યક્તિને આત્માના અવાજની સ્વતંત્રતા નથી આપતો. તે સામંતશાહીનો સમર્થક છે અને રાજાને નિર્ણયનો હક્ક આપે છે. આથી જ્યાં રાજા અને પ્રજા વચ્ચે ધાર્મિક માન્યતા બાબતમાં મતભેદ પડ્યા તેવાં નેધરલેન્ડ, ફ્રાન્સ અને કંઇક અંશે બ્રિટનમાં વ્યક્તિગત સ્વતંત્રતાની માંગ અને ખ્યાલનો સાચો ઉદય થયો. લ્યુથરનો સમગ્ર અભિગમ ધર્મ નિરપેક્ષ આધિપત્યની તરફેણમાં હતો. આમાંથી જેટલાં પ્રમાણમાં રાજ્યમાં ધર્મનિરપેક્ષતા પ્રવેશી તેટલા અંશે તે લોકશાહી હતી એમ ગણાવી શકાય. ખરેખર સ્વાતંત્ર્ય માટેની ઝુંબેશ આ પછીના માન્યતાના સ્વાતંત્ર્ય માટેના સંઘર્ષમાં જોવા મળે છે.

અલબત, આ સમયમાં હજી વ્યક્તિને વ્યક્તિ તરીકે સ્વાતંત્ર્ય કે અધિકાર હોવાનો આગ્રહ સ્પષ્ટતાપૂર્વક રજૂ થયો ન હતો. પ્રતિનિધિઓ અને પ્રતિનિધિગૃહને અધિકારો, નિર્ણય અને સંઘર્ષનો હક્ક બક્ષવામાં આવતાં; નહિ કે વ્યક્તિને.

### 3.3.2.3 સામાજીક પરિબળ :

ઉદારમતવાદની પ્રેરણાનો મહત્વનો સ્રોત નવજાગૃતિના આંદોલન સાથે સંકળાયેલો છે. સ્વાયત્ત અને સ્વામીવિહિન માનવીના ખ્યાલનો ઉદ્‌ભવ આ યુગના દાર્શનિક પરિવર્તન સાથે સંકળાયેલો છે. માનવીના પરમ નૈતિક મૂલ્યને વ્યક્તિની સર્જકશક્તિ અંગેની શ્રદ્ધા સાથે સાંકળીને એક નવી ભૂમિકા સર્જવામાં આવી. આ ગાળામાં માનવી પોતાની ઇચ્છા અને વૃત્તિથી સર્જન કરી રહ્યો હતો. વૈયક્તિક પહેલવૃત્તિને મોકળાશ અપાઇ હતી. વધુમાં માનવીની બુદ્ધિશક્તિ અને સમજને અગ્રતા આપવામાં આવતી. 'જ્ઞાન શક્તિ છે' એવું બેકનનું સૂત્ર આ વલણનું દ્યોતક છે. વિવિધ ક્ષેત્રો અને વિષયો અંગેના વધતાં જતાં જ્ઞાન દ્વારા પ્રણાલિકાગત શ્રદ્ધા, રૂઢિગત માન્યતાઓના આધિપત્ય અને રિવાજોને પડકારવામાં આવ્યાં અને માનવીની બુદ્ધિશક્તિને સ્વૈરવિહાર કરવાની તક સાંપડી.

### 3.3.2.4 આર્થિક પરિબળ :

ઉદારમતવાદની ઇમારતમાં આર્થિક પ્રવાહોનો પણ ફાળો છે. નવા વેપારી વર્ગને સામંતશાહી પ્રથા અનુકૂળ ન હતી. સંપત્તિ ઉપર તેઓ પોતાની માલિકી જાળવી રાખવા માગતાં હતાં. પોતાના પરિશ્રમ દ્વારા સર્જેલી વસ્તુ ઉપર વ્યક્તિની પોતાની માલિકી હોવી જોઇએ તેવી માન્યતાને તેઓ ટેકો આપવા લાગ્યાં. ઉદારમતવાદના વ્યક્તિવાદનું ફલક એક વર્ગ કે તેનાં હિત પૂરતું જ મર્યાદિત ન હતું. વાણી-વિચાર અને લેખનનું સ્વાતંત્ર્ય યોગ્ય પદ્ધતિસરના અને વ્યાજબી ન્યાયની માંગ, મુક્ત-સમાન અને સ્વશાસિત વ્યક્તિની માંગ, પ્રમાણમાં ઘણું વિસ્તૃત ક્ષેત્ર ધરાવે છે. વાસ્તવમાં ઉદારમતવાદનું લેસેફેરવાદી અને મૂડીવાદી ગણાતું. આર્થિક પાસું અઢારમી સદી આસપાસ આકાર પામે છે.

### 3.3.3 ઓગણીસમી સદીના પ્રારંભમાં :

ઓગણીસમી સદીના પ્રારંભમાં ઉદારમતવાદનો પિંડ બંધાઇ ચૂક્યો હતો. ઉદારમતવાદ માનવ વ્યક્તિત્વને પરમ મૂલ્ય તરીકે સ્વીકારી વ્યક્તિઓની આધ્યાત્મિક સ્વતંત્રતામાં શ્રદ્ધા જાહેર કરતાં હતો. વૈયક્તિક ઇચ્છાની સ્વાયતત્તામાં તેને શ્રદ્ધા હતી. માનવીની તત્વગત બુદ્ધિપ્રધાનતા અને સારાપણામાં તેને શ્રદ્ધા હતી. જીવન, મુક્તિ, સંપત્તિ જેવાં પ્રાકૃતિક હક્કોને તે માનવીના અધિકારો ગણતો હતો. રાજ્યની રચના અધિકારોની રક્ષા માટે લોકસંમતિથી થઇ હોવાની તેની દલીલ હતી. પરિણામે વ્યક્તિ અને રાજ્ય વચ્ચેનો સંબંધ કરારનો ગણીને તેની શરતોનો ભંગ થતાં વ્યક્તિને બળવાનો હક્ક જ નહિ, જવાબદારી પણ મળે છે. સામાજિક નિયંત્રણના શ્રેષ્ઠ માર્ગ તરીકે તે કાયદાને

જૂએ છે અને કાયદો વ્યક્તિની ઈચ્છા અને 'સદ્‌બુદ્ધિ' હોવાનું માને છે. સમાજમાં વ્યવસ્થા અને સંચાલનના ચાલક બળ તરીકે તેઓ વ્યક્તિની નીતિનિષ્ઠા અને પ્રાકૃતિક બુદ્ધિથી પ્રાપ્ત નૈતિકતાને ચાવીરૂપ સ્થાન આપે છે. નવજાગૃતિના સ્વાયત્ત માનવી ઉપર ભાર મૂકીને તેઓ દલીલ કરે છે કે, ''સત્યનો પાયો દૈવી દર્શનમાં નહિ, પરંતુ વ્યક્તિની બુદ્ધિમાં છે.'' ઉદારમતવાદના પરિબળોની અસર રાજકીય, આર્થિક અને સામાજિક જીવન ઉપર અઢારમી સદીથી પડવા માંડી હતી. માનવીના અધિકારોનો સ્વીકાર, શાસનની જવાબદારી અને મર્યાદા, લોકસંમતિનો આગ્રહ, કાયદાના શાસન અને પ્રતિનિધિત્વનો વિકાસ આ દિશાનાં પ્રયાણ હતાં.

### 3.3.4 મૂલ્યાંકન :

ઉદારમતવાદની ભૂમિકા આમ દર્શન, નીતિ, આર્થિક અને સામાજિક તથા રાજકીય વ્યવસ્થાના પાસાંઓને આવરી લઈને એક વિચારપદ્ધતિ ખડી કરે છે. આ ચર્ચા દરમિયાન ઈશ્વર, પ્રગતિ, નિયતિ, દ્રશ્ય જગતનું સ્વરૂપ, નીતિનું ઉદ્‌ભવ સ્થાન, પ્રાકૃતિક નિયમો અને હક્કો, માનવસ્વભાવ, વ્યક્તિનું મહત્વ અને સ્થાન, રાજ્યનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર, વ્યક્તિ અને સમાજના સંબંધો, આર્થિક સમાનતા અને આર્થિક વ્યવસ્થા જેવાં અનેકવિધ પ્રશ્નો ઉપર તે વિવેચન કરે છે.

ઉદારમતવાદે માનવીને સમજવા ભૌતિક અને હકીકતપ્રધાન વિશ્વ તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. તથા તાર્કિક અને વૈજ્ઞાનિક સાધનો અપનાવ્યાં.

વ્યક્તિ અને સમાજની સાંકળરૂપે, નીતિ અને કાયદાને જોડતો. નીતિનિષ્ઠાનો ખ્યાલ ઉદારમતવાદે રજૂ કર્યો; પરંતુ આ નીતિનિષ્ઠાના સ્વરૂપ તેમજ વ્યક્તિ અને સમાજને જોડતાં તેના લક્ષણનું વિવેચન તેઓ આપી શક્યા નથી. આથી જ તેઓ બધાં કાયદાને ન્યાયી માની લે છે અને સરકાર કરતાં ન્યાયતંત્રમાં વધુ શ્રદ્ધા ધરાવતાં જણાય છે.

## 3.4 લોકશાહી

### 3.4.0 પૂર્વભૂમિકા :

સરકારના જે વિવિધ પ્રકારો રજૂ કરવામાં આવ્યા છે તેમાં આધુનિક વિશ્વનાં રાજ્યોને નજર સમક્ષ રાખીને વિચારીએ તો લોકશાહી અને સરમુખત્યારશાહી આ બે મુખ્ય પ્રકારો આપણું ધ્યાન ખાસ ખેંચે છે. આજનાં મોટાં ભાગનાં રાજ્યોએ કાં તો લોકશાહી તંત્રનો સ્વીકાર કર્યો છે અથવા તો સરમુખ્યત્યારશાહીને અપનાવી છે. વધારામાં બંને પ્રકારની સરકારોમાંથી ક્યા પ્રકારની સરકાર સારી છે તે પણ મહત્વનો પ્રશ્ન ગણાયો છે, કારણ કે આ બંને પ્રકારની સરકારના હિમાયતીઓ પોતપોતાની સરકાર શ્રેષ્ઠ છે તેવો આગ્રહ ધરાવે છે.

### 3.4.1 લોકશાહીનો અર્થ :

લોકશાહી માટે અંગ્રેજી ભાષામાં 'ડિમોક્રસી' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. 'ડિમોક્રસ' શબ્દ ગ્રીક ભાષાના બે શબ્દ 'ડિમોસ' અને 'ક્રેટીઆ' ઉપરથી તૈયાર થયો છે. તેમાં 'ડિમોસ' શબ્દનો અર્થ 'પ્રજા' અને 'કેટીઆ' શબ્દનો અર્થ 'સત્તા' થાય છે. આ રીતે લોકશાહી એટલે, 'પ્રજાની સત્તા'. બીજા શબ્દોમાં કહીએ તો, ''લોકશાહી એટલે એવા પ્રકારની સરકાર જેમાં પ્રજા સર્વોપરી હોય છે. ''

### 3.4.2 લોકશાહીની વ્યાખ્યા :

(1) ગ્રીક ચિંતકો પ્લેટો અને એરિસ્ટોટલનાં મંતવ્યો પ્રમાણે, "જે તંત્રમાં લોકો ભાગ લે તે લોકશાહી"

(2) જેમ્સ રસેલ લોવેલ લખે છે, ''લોકશાહી એ સમાજનો એવો પ્રકાર છે જેમાં દરેક જણને તક મળે છે અને દરેક જણને તેનો ખ્યાલ હોય છે.''

(3) સીલીના મંતવ્ય પ્રમાણે, ''લોકશાહીએ એવી સરકાર છે જેમાં દરેકનો ફાળો હોય છે, જેમાં દરેક ભાગ લે છે.''

(4) અબ્રાહમ લિંકન, ''લોકશાહી એટલે લોકોની સરકાર, લોકો દ્વારા ચાલતી સરકાર અને લોકો માટેની સરકાર.''

**3.4.3 લોકશાહીની સફળતા માટેની જરૂરિયાતો :**

લોકશાહીની સફળતા માટેની જરૂરિયાતો આ પ્રમાણે છે.

**3.4.3.1 સમાન તક :**

લોકશાહીમાં સમાનતાના સમાવેશને સમજાવતા એવો વિચાર રજૂ કરવામાં આવ્યો છે કે,''દરેક માણસ સારો છે તેમ સ્વીકારીને લોકશાહી ચાલે છે અને તેથી તે (લોકશાહી) સમાનતા આપે છે.'' વધારામાં પ્રજાને સરકારનાં કાર્યોમાં ભાગ લેવાની અને વ્યક્તિને વિકાસ માટેની સમાન તક પૂરી પાડે છે.

દા.ત. ચૂંટણી સમયે મત દેવાનો અધિકાર તમામ વ્યક્તિને સમાન રીતે મળે છે.

**3.4.3.2 પ્રજાને રાજ્યના વહીવટમાં સક્રિય ભાગ લેવાની છૂટ હોવી જોઈએ :**

લોકશાહી પ્રજાને રાજ્યના વહીવટમાં ભાગ લેવાની સમાન તક આપે છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે પ્રજાએ સરકારના કાર્યમાં નિરસપણે ભાગ લેવો. લોકશાહીને સફળ બનાવવી હોય તો પ્રજાને વહીવટમાં સક્રિય ભાગ લેવાની છૂટ હોવી જોઈએ.

**3.4.3.3 પ્રજામાં રાજકીય જાગૃતિ હોવી જોઈએ :**

સરકારને ચૂંટીને પ્રજાનું કર્તવ્ય પૂરું થઇ જતું નથી. ખરેખર તો તે કાર્યની સાથે સાથે સરકારનાં કાર્યો પર, તેના દ્વારા થતાં સત્તાના ઉપયોગ પર, તેમજ તેના વ્યવહાર પર લોકોએ જાગરૂકતા દાખવીને ચાંપતી નજર રાખવાની હોય છે.

**3.4.3.4 પ્રજામાં સહિષ્ણુતા હોવી જોઈએ :**

લોકશાહી એવા પ્રકારની સરકાર છે કે જેમાં તમામ વ્યક્તિઓને દરેક બાબત ઉપર પોતાની ઇચ્છા પ્રમાણેના વિચારો વ્યક્ત કરવાની સમાન તક આપવામાં આવે છે. લોકશાહીમાં પ્રજા એક જ પ્રકારના વિચારો ધરાવે તે યોગ્ય નથી. વિચારોની વિભિન્નતા આવકારદાયક ગણાય છે. કેમ કે ભિન્ન ભિન્ન વિચારના ઘર્ષણમાંથી જ છેવટે સત્ય બહાર આવે છે અથવા તો તે સ્થાપિત થયેલ સત્યને વધુ મજબૂત બનાવે છે. આ પ્રકારની સ્થિતિ ત્યારે જ સંભવી શકે જ્યારે પ્રજામાં સહિષ્ણુતા હોય.

**3.4.3.5 શાંત - અહિંસક પધ્ધતિનો ઉપયોગ :**

લોકશાહીમાં વિચારભેદ - મતભેદ અનિવાર્ય ગણાય છે અને વિવિધ મતોને વ્યક્ત કરવા રાજકીય પક્ષો અસ્તિત્વમાં આવે છે. બહુમતી મેળવતો પક્ષ સત્તાનાં સૂત્રો સંભાળે છે. પરંતુ તેથી તેણે સત્તાના જોરે લઘુમતી પક્ષોને દબાવી દેવાં કે કચડી નાંખવા જોઈએ નહીં. તેવી જ રીતે લઘુમતી પક્ષોએ બહુમતી પક્ષને સત્તા પરથી ફેકી દેવા માટે હિંસાનો ઉપયોગ કરવો જોઈએ નહીં.

દા.ત. હાલમાં ભાજપ એ શાસક પક્ષ છે અને કોંગ્રેસ વિરોધ પક્ષ છે.

### 3.4.3.6 સર્વજનકલ્યાણનો સ્વીકાર થવો જોઇએ :

લોકશાહીમાં બહુમતી બેઠકો મેળવતો પક્ષ સત્તા ધારણ કરે છે, પરંતુ તેથી બહુમતી પક્ષે પોતાના જ હિત - કલ્યાણ માટે નિર્ણયો લેવાં ન જોઇએ. દરેક પગલું ભરતાં પહેલાં તેણે આ વાત નજર સમક્ષ ''રાખવી જ જોઇએ, કે લોકશાહી 'સર્વજનહિતાંય સર્વજનસુખાય' – એટલે કે, ''તમામ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સંપ્રદાયના લોકોના હિતને ધ્યાનમાં રાખીને સર્વ પ્રજાના હિત માટે કાર્ય કરવાનું હોય છે.''

દા.ત. સરપંચે ગ્રામવિકાસની યોજાનનો લાભ ગામના તમામ વર્ગના લોકોને આપવો.

### 3.4.3.7 સ્વતંત્ર રીતે વિચારોની આપ-લે :

દરેક વ્યક્તિ પોતપોતાની રીતે વિચારતી હોવાથી વ્યક્તિ વ્યક્તિએ વિચારભેદ હોવાના જ. આમ, વિચારોમાં મતભેદ હોવાથી દરેક પ્રશ્ન ચર્ચાસ્પદ બને છે. માટે જ લોકશાહીને ટીકા - ચર્ચા દ્વારા ચાલતી સરકાર તરીકે ઓળખવામાં આવે છે.

દા.ત. સંસદ ભવનમાં લેવાતા નિર્ણયોમાં સ્વતંત્ર રીતે વિચાર વ્યક્ત કરવાની સ્વચ્છંદતા.

### 3.4.3.8 લોકશાહી સમાજની સ્થાપના :

લોકશાહીની સફળતા માટે લોકશાહી સમાજ હોવો જોઇએ. સમાજમાં લોકશાહીનાં ત્રણ અગત્યના સિધ્ધાંતો સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃભાવનાનો સ્વીકાર થયો હોવો જોઇએ. પરંતુ આ ત્યારે જ શક્ય બને જ્યારે સમાજમાં રહેતી દરેક વ્યક્તિ પણ પોતાના જીવનવ્યવહારમાં લોકશાહીના આ સિધ્ધાંતો ઉતારે.

### 3.4.3.9 આર્થિક લોકશાહીનો અમલ :

રાજકીય લોકશાહીની સફળતાનો આધાર આર્થિક લોકશાહીના સ્વીકાર ઉપર પણ રહેલો છે.

દા.ત. ધનિકવર્ગ ગરીબવર્ગનું સતત શોષણ કર્યા કરતાં હોય છે; ત્યારે વર્ગવિગ્રહ શરૂ થાય છે અને સમાજિક તથા રાજકીય શાંતિ ભયમાં મુકાય છે. તેથી આર્થિક લોકશાહી દ્વારા આર્થિક અસમાનતાના પ્રમાણને બને તેટલું ઓછું કરવા માટે આર્થિક વિકાસ સાધવો જોઇએ. પરિણામે લોકો પોતાની પ્રાથમિક જરૂરિયાતો સરળતાથી સંતોષી શકે અને આર્થિક - સમસ્યાઓથી મુક્ત બને.

### 3.4.3.10 શિક્ષણ :

લોકશાહીની સફળતા માટે શિક્ષણ પણ ઘણી અગત્યની તેમજ અનિવાર્ય જરૂરિયાત ગણાય છે, કારણ કે લોકશાહી દેશોની મહત્તા વ્યાપક અર્થમાં તેના શિક્ષણના આધાર પર રહેલી છે. આ દષ્ટિએ જ લોકશાહીમાં સમાન્ય નાગરિકને શિક્ષણ આપવાનું મહત્વ છે.

દા.ત. ગ્રામ્યવિસ્તારોમાં પ્રાથમિક મફત શિક્ષણ યોજના

## 3.4.4 લોકશાહીના પ્રકારો

લોકશાહીના બે પ્રકાર પાડવામાં આવ્યા છે : (1) પ્રત્યક્ષ લોકશાહી (1) પરોક્ષ લોકશાહી.

### 3.4.4.1 પ્રત્યક્ષ લોકશાહી :

જ્યારે રાજ્યનાં કાર્યોમાં પ્રજા પ્રત્યક્ષ રીતે ભાગ લેતી હોય ત્યારે તેને પ્રત્યક્ષ લોકશાહી કહેવામાં આવે છે.

દા.ત. ખાસ કરીને ભૂતકાળમાં ગ્રીસનાં નગરરાજ્યોમાં પ્રત્યક્ષ લોકશાહી પ્રવર્તતી હતી, કારણ કે

(1) નગરરાજ્યોનો વિસ્તાર ઘણો જ ઓછો હતો, (2) વસ્તીનું પ્રમાણ પણ ઓછુ હતું, (3) માત્ર પુરુષ નાગરિકો જ પ્રત્યક્ષ કારોબારમાં ભાગ લેતા હતાં તેમજ (4) નગરરાજ્યોનાં કાર્યો પણ ઓછાં હતાં. અત્યારે આ દરેક ક્ષેત્રે ખૂબ જ વિકાસ થયો હોવાથી આધુનિક રાજ્યોમાં પ્રત્યક્ષ લોકશાહીનો અમલ શક્ય નથી.

**3.4.4.2 પરોક્ષ લોકશાહી :**

સાંપ્રતકાળમાં રાજ્યનાં વિસ્તારમાં, કાર્યોમાં તથા વસ્તીમાં વ્યાપક પ્રમાણમાં વધારો થયો છે. પરિણામે રાજ્યના કાર્યોમાં પ્રત્યક્ષ રીતે ભાગ લેવાની ઈચ્છા હોવા છતાં પણ રાજ્યનાં તમામ નાગરિકો તેમાં પ્રત્યક્ષ રીતે ભાગ લઈ શકતાં નથી. પરિણામે આ માટે તેમણે પોતાના પ્રતિનિધિઓને ચૂંટવા પડે છે અને આ રીતે પ્રજા તેમના દ્વારા પરોક્ષ રીતે રાજ્યનાં કાર્યોમાં ભાગ લઈ શકે છે.

દા.ત. વડાપ્રધાનની ચૂંટણી.

**3.4.5 લોકશાહીના દોષ :**

લોકશાહીના હિમાયતીઓએ જે પ્રમાણે તેની તરફેણમાં દલીલો રજૂ કરેલ છે તે પ્રમાણે જ તેઓ લોકશાહીના ટીકાકારો છે; તેમણે પણ આ તંત્રના દોષોને ધ્યાનમાં લઈને આ પ્રમાણેની દલીલો રજૂ કરીને લોકશાહીનાં ભયસ્થાનોને સ્પષ્ટ કરેલ છે.

**3.4.5.1 સારી સરકાર સ્થાપી શકાતી નથી :**

લોકશાહીની એવી ટીકા પણ કરવામાં આવે છે કે આધુનિક ચૂંટણીમાં જે રીતે પ્રચાર થાય છે, જે રીતે ચારિત્ર્ય હનન થાય છે, જે રીતે એકબીજા ઉપર આક્ષેપો કરવામાં આવે છે તેના લીધે સારી અને યોગ્ય વ્યક્તિઓ તેમાં ભાગ લેવાનું પસંદ કરતી નથી. તેથી તેમની સેવાઓ રાજ્યને મળતી નથી અને સારી સરકારની રચના થઈ શકતી નથી.

**3.4.5.2 બહુમતી સાચા અર્થમાં બહુમતી હોતી નથી :**

બહુમતી મેળવવામાં લાગવગ, લાંચરુશ્વત, દબાણ, શારીરિક બળ વગેરેનો છૂટથી ઉપયોગ થાય છે. આમ, આર્થિક સત્તા (મની પાવર) અને શારીરિક સત્તા (મસલ પાવર) ના ઉપયોગ દ્વારા તૈયાર થયેલ બહુમતી જ્યારે વ્યક્ત થાય છે ત્યારે તેને સાચા અર્થમાં બહુમતી કહી શકાય નહી.

**3.4.5.3 બિનકાર્યદક્ષતા વધવાની શક્યતા રહેલી છે :**

આ પ્રકારના તંત્રમાં બહુમતી મેળવનાર પક્ષ સરકારની રચના કરે છે. પ્રજા દ્વારા ચૂંટાયેલ પ્રતિનિધિઓ સરકારી તંત્ર સંભાળે છે. તેમનામાંથી મોટા ભાગના સભ્યોને રાજ્યનાં કાર્યોનો ખાસ અનુભવ નહીં હોવાથી સરકારી કાર્યો બરાબર થઈ શકતાં નથી.

**3.4.6 લોકશાહીની સફળતા**

**3.4.6.1 પ્રજામાં આવેલી જાગૃતિ :**

વીસમી સદીમાં લોકશાહી તંત્રના અમલ ઉપરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે તેણે ખાસ કરીને પ્રજામાં જાગૃતિ આણીને સારા પ્રમાણમાં સફળતા પ્રાપ્ત કરી છે.

**3.4.6.2 સરકાર સત્તાનો દુરુપયોગ કરી શકતી નથી :**

રાજકીય પક્ષોએ સત્તા પ્રાપ્ત કરવા માટે તેમજ સત્તા પર ચાલુ રહેવા માટે પ્રજાનો વિશ્વાસ સંપાદિત કરવો પડે છે. સત્તા ઉપરનો પક્ષ લોકમતની અવગણના કરવાનું સ્વપ્નમાં પણ વિચારતો નથી, કેમ કે તેમ કરવાથી તેણે સત્તા ગુમાવવી પડે છે.

**3.4.6.3 કાયદાના શાસનનો અમલ :**

લોકશાહીમાં કાયદાનું શાસન અમલમાં હોવાથી સરકારી અધિકારીઓ પણ સત્તાનો દુરુપયોગ કરવાની હિંમત કરી શકતા નથી અને એક જ પ્રકારના ગુના માટે દરેકને સમાન કાયદાનુસાર સમાન શિક્ષા કરવામાં આવે છે.

**3.4.6.4 અહિંસક રીતે સત્તાની ફેરબદલીને શક્ય બનાવી છે :**

લોકશાહી તંત્રમાં ચૂંટણીપ્રથા અનિવાર્ય બની ગઇ છે. ચૂંટણી દ્વારા પ્રજાને એવું સાધન પુરું પાડવામાં આવ્યું છે કે જે અહિંસક રીતે એટલે કે ક્રાંતિનો આશ્રય લીધા સિવાય સરકારની ફેરબદલી કરી શકે છે.

**3.4.6.5 લોકશાહીના અમલથી પ્રજામાં શિક્ષણની ભૂખ વધી છે :**

લોકશાહીમાં પ્રજા શિક્ષિત હોવી જોઇએ. પરિણામે શિક્ષણ ઉપર ખાસ ભાર મૂકવામાં આવે છે. લોકશાહીના વાતાવરણમાં પલોટાતી પ્રજામાં શિક્ષણની ભૂખ ઉઘડી છે.

## 3.5 માનવ અધિકારો

**3.5.0 પ્રસ્તાવના :**

ભારતના સંવિધાનમાં ભારતના નાગરિકોને કેટલાંક અધિકારો બક્ષવામાં આવ્યા છે. માનવ અધિકારો સત્તાવાળાઓ સામે વ્યક્તિઓને રક્ષણ પૂરું પાડે છે. જેના દ્વારા વ્યક્તિઓ પોતાની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક, નૈતિક ઉન્નતિ સાધી શકે છે. વ્યક્તિના સાર્વત્રિક વિકાસમાં આ અધિકારોનો ફાળો મહત્ત્વનો છે. આવા માનવ અધિકારો મુખ્ય સાત અને એક ગૌણ - પરચુરણ સાથે ગણતાં કુલ આઠ વિભાગોમાં વહેચાયેલ છે. સંવિધાને બક્ષેલા આ અધિકારો નીચે મુજબ વર્ગીકૃત કરેલ છે.

**3.5.1 મૂળભૂત અધિકારોની વિગત :**

**3.5.1.1 સમાનતાનો અધિકાર :**

ભારતના પ્રાદેશિક વિસ્તારોમાં બધી વ્યક્તિઓની સમાનતાનું માપન થાય છે. જેનો અર્થ એ થયો કે કોઇ પણ વ્યક્તિ માટે વિશિષ્ટ પરિસ્થિતિનો ઇન્કાર કરવામાં આવ્યો છે. પ્રો. ડાઇસી કાનૂની સમાનતાનો આ સિદ્ધાંત સમજાવતાં કહે છે કે, ''ઇંગ્લેન્ડમાં બધાં અમલદારો વડાપ્રધાનથી શરૂ થઇ સામાન્ય સિપાઇ સુધી, સામાન્ય નાગરિકની જેમ, કાનૂની હકૂમત વગરના કરેલા બધાં કાર્યો માટે સમાન રીતે જવાબદાર છે.'' ''કાનૂની સમાન રક્ષણ'' એ શબ્દો, પ્રથમ શબ્દો ''કાયદા સમક્ષ સમાનતા'' નો અર્થ એ થાય કે સમાન માનવો વચ્ચે કાનૂન પણ સમાન હોવો જોઇએ અને તેનો વહીવટ પણ સમાન રીતે થવો જોઇએ.

દા.ત. ભારતમાં આવતી પાંચ વર્ષે સામાન્ય ચૂંટણીઓમાં દેશના દરેક નાગરિકોને પોતાનો મત આપવાનો સમાન અધિકાર હોય છે.

**3.5.1.2 સ્વતંત્રતાનો અધિકાર :**

આ અધિકારના ભોગવટા માટે જરૂરી કુલ સાત પ્રકારની સ્વતંત્રતાઓ આપવામાં આવી છે. (1) વિચાર, વાણી અને લેખન સ્વતંત્રતા (2) શાંતિપૂર્વક, શસ્ત્રો વિના એકઠા મળવાની સ્વતંત્રતા (3) સંઘો અને મંડળો રચવાની સ્વતંત્રતા (4) મુક્ત રીતે હરવા ફરવાની સ્વતંત્રતા (5) મુક્ત વસવાટની સ્વતંત્રતા (6) શોષણ વિરોધી સ્વતંત્રતા (7) વ્યક્તિ સ્વાતંત્ર્ય.

ભારતનો નાગરિક ગમે તે વિસ્તારમાં ઉક્ત હક્કોનો ઉપયોગ કરી શકે છે.

### 3.5.1.3 શોષણ વિરોધી અધિકાર :

આ અધિકાર દ્વારા 14 વર્ષની નીચેના બાળકોને કારખાનાં કે ખાણ કે જોખમવાળા સ્થાને નોકરીમાં ના રાખી શકાય.

### 3.5.1.4 ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર :

આ અધિકાર નીચે ભારતના નાગરિકોને જાહેર સલામતીની વિરુધ્ધ ન હોય તેવાં કોઇ પણ ધર્મ પાળવાનો અને તેનો પ્રચાર કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આ અધિકાર ભોગવતી વખતે અન્ય ધર્મોની ટીકા કે નિંદા ન થાય તે જોવાની રહે છે.

દા.ત. ભારત બિનસાંપ્રદાયિક રાજ્ય છે અને ધાર્મિક બાબતોમાં તટસ્થ છે.

### 3.5.1.5 સાંસ્કૃતિક અને શિક્ષણ વિષયક અધિકાર :

આ અધિકાર દ્વારા સાંસ્કૃતિક અને ભાષાકીય લઘુમતીઓને પોતાની વિશિષ્ટ લિપિ, ભાષા કે સંસ્કૃતિ જાળવવાનો હક મળે છે. ભાષાકીય અને ધાર્મિક કોઇ પણ લઘુમતિ પોતાની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી શકે છે. કોઇ પણ શૈક્ષણિક સંસ્થા રાજ્ય દ્વારા ચલાવતા હોય તો, તેમાં કોઇ પણ નાગરિકને ભાષા, ધર્મ કે સંસ્કૃતિને કારણે પ્રવેશ આપવા માટે તેને ઇન્કાર કરી શકે નહિ.

દા.ત. સાંસ્કૃતિક વારસાના જતન માટે તાજમહેલની આજુબાજુના કારખાના બંધ કરાવવા આદેશ અપાયો અને શિક્ષણ માટે સ્કૂલમાં તમામ ધર્મના બાળકોનો પ્રવેશ માટે અધિકાર.

### 3.5.1.6 મિલ્કતના અધિકારો :

આ અધિકારથી દરેક નાગરિકને ખાનગી મિલકત પ્રાપ્ત કરવાની છુટ છે; પરંતુ જો તે જાહેર હિત માટે અયોગ્ય હોય તો સરકાર પાછી મેળવી શકે.

દા.ત. જમીનદારી પ્રથાની નાબૂદી આ પ્રથામાં લોકો ખેતમજૂરોનું શોષણ કરતાં; જેથી સરકારે આ પ્રથા બંધ કરવા 'ખેડે તેની જમીન'ની જાહેરાત કરી.

### 3.5.1.7 બંધારણીય ઈલાજોનો અધિકાર :

આ અધિકાર ઉપચારાત્મક સ્વરૂપના છે. જે અધિકારો પ્રજામાં સ્થાપિત થયાં. તેની અમલવારીની પ્રત્યાભૂતિ આપવા આ મુકવામાં આવ્યો છે. જે પ્રત્યાભૂતિનું પાલન રાજ્ય પાસે કરાવવા સુપ્રિમ કોર્ટમાં કાર્યવાહી કરવાનો પ્રબંધ આ અધિકારથી થયો છે. સુપ્રિમ કોર્ટને માર્ગદર્શન આદેશો આપવાની સત્તા મળે છે. આવા હુકમોને 'બંધારણીય રિટ' કહેવાય છે. આવી ''રિટ્સ'' પાંચ પ્રકારની છે.

(1) હેબીયસ કોર્પસ રિટ - બંદી પ્રત્યક્ષીકરણ

(2) મેન્ડેમસની રિટ - પરમાદેશ

(3) પ્રોહીબીશન રિટ - નિષેધ આજ્ઞા

(4) સર્ટિઓરટી રિટ - ઉત્પ્રેક્ષણ

(5) કો-વોરન્ટો રિટ - અધિકારપૃચ્છા

### 3.5.1.7.1 હેબીયસ કોપર્સ રિટ (બંદી પ્રત્યક્ષીકરણ) :

આ રીટ આજ્ઞાથી કેદમાં રાખવામાં આવેલી વ્યક્તિને મુક્ત કરવા/કરાવવા માટે ઉપચાર મળે છે. જો અટકાયત કે કેદના ઊચિત કારણો પૂરવાર ન થાય તો તે વ્યક્તિને મુક્ત કરવાનો તાત્કાલિક હુકમ કરવામાં આવે છે.

દા.ત. જો કોઈ વ્યક્તિ ગેરકાયદેસર અટકાયત થયેલ હોય અથવા પોલીસ દ્વારા ગેરકાયદેસર અટકાયત કરવામાં આવેલ હોય તો અરજદાર 'હેબિયસ કોર્પસ રીટ' કરી શકે છે. જો અટકાયત કે કેદના ઊચિત કારણો પૂરવાર પણ થાય તો તે વ્યક્તિને મુક્ત કરવાનો તાત્કાલિક હુકમ કરવામાં આવે છે.

**3.5.1.7.2 મેન્ડેમસ રિટ (પરમાદેશ) :**

મેન્ડેમ (પરમાદેશ) ત્યારે જ મળી શકે જ્યારે જેને આજ્ઞા કરવામાં આવતી હોય તેની અમુક કાર્ય કરવાની જાહેર રીતે ફરજ હોય અને જે ન કરવાથી અરજદાર વ્યક્તિના અધિકારને વિપરીત અસર થતી હોય.

**3.5.1.7.3 નિષેધ આજ્ઞા રિટ :**

જ્યારે નીચલી અદાલતો અથવા ન્યાયપંચો પોતાને ન હોય તેવી હકૂમતની અમલવારી કરે અથવા હકૂમતના અતિરેક ભર્યો ઉપયોગ કરે અને ત્યારે આવી નકારાત્મક 'નિષેધ આજ્ઞા' આદેશ આપી ઉપલી અદાલત આવી કાર્યવાહી અટકાવી તેમાં આગળ ન વધવાની આજ્ઞા નીચલી અદાલત કરી શકે.

**3.5.1.7.4 ઉત્પ્રેક્ષણ રિટ :**

વ્યક્તિઓના મૂળભૂત અધિકારોના સંદર્ભમાં જેને નિર્ણય કરવાની સત્તા હોય તેવી નીચલી અદાલતો અગર ન્યાયપંચો અથવા વહીવટી સત્તાધિશો સંપૂર્ણપણે હકુમત વગર અથવા હકૂમતનો અતિશ્યોક્તિ ભર્યો ઉપયોગ કરીને અથવા કૂદરતી ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરીને અથવા તેમનામાં સ્થાપિત હકૂમતની અમલવારીનો ઈન્કાર કરીને અથવા તે દફતર ઉપર દ્રશ્ય રીતે દેખી શકાય એવી ભૂલ સાથે કાર્ય કરતી હોય ત્યારે ઉપલી અદાલત આવું વિચારધીન કાર્યવાહીનું દફતર રજૂ થતાં તેમાં આખરી હૂકમ ઊચિત રીતે કરી શકે.

**3.5.1.7.5 અધિકાર પ્રશ્ન રિટ :**

આ આદેશનો ઉપયોગ ત્યારે કરી શકાય જ્યારે અનઅધિકૃત વ્યક્તિ જે અમુક પદ ધરાવતી ન હોય તે આવું પદ પોતાનુ છે એવું વિધાન કરી હકૂમત વગર સત્તાપ્રાપ્ત કરે અને પદાનુસાર કાર્યવાહી કરવા તૈયાર થાય; એટલે કે પોતે હકદાર ન હોય છતાં એવી હેસિયતથી કાર્ય કરે ત્યારે અદાલત તેને તેમ કરતાં રોકી શકે છે.

**3.5.1.8 પરચૂરણ - અનુષંગિક હક્કો :**

(1) અદાલતો દ્વારા મૂળભૂત અધિકારોનું રક્ષણ (2) સેનાના જવાનો માટે કાયદા (3) સંસદ દ્વારા અધિકારો

ઉપરોક્ત ત્રણ બાબતો એટલા માટે સમાવાઈ છે કે નાગરિકના મૂળભૂત અધિકારોને અદાલતો રક્ષણ આપી શકે, અને અપવાદરૂપે સેનાના જવાનો તેમના શિસ્તના નિયમો મુજબ વર્તી શકે. વળી સંસદ ધારે ત્યારે પરિસ્થિતિ અનુસાર વધુ અધિકારો નાગરિકોને આપી શકે છે.

## 3.6 ઉપસંહાર

આમ, ભારતના સંવિધાનથી આવા મૂળભૂત અધિકારો નાગરિકોને અપાયા છે. પંરતુ જ્યારે દેશમાં કટોકટીની પરિસ્થિતિ જાહેર કરવામાં આવી હોય ત્યારે અન્ય અધિકારોની માફક આવા પ્રકારના અધિકારો મોકૂફ રાખી શકાય છે.

## 3.7 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. માર્ક્સે પ્રથમવાર પોતાના વિચારો તથા હેતુઓ અને પદ્ધતિ કઈ સાલમાં જાહેરનામામાં બહાર પાડી ?

   (A) 1848 (B) 1890

   (C) 1880 (D) 1885

2. ઉદામતના પાયામાં માનવલક્ષી કયો અભિગમ પડેલો છે ?

   (A) વ્યક્તિલક્ષી (B) સમાજલક્ષી

   (C) માનવલક્ષી (D) ઉપરોક્ત તમામ

3. 'લોકશાહી એટલે લોકોની સરકાર, લોકો દ્વારા ચાલતી સરકાર અને લોકો માટેની સરકાર' – આ વ્યાખ્યા કયા વિદ્વાને આપી છે ?

   (A) અબ્રાહ્મ લિંકન (B) જેમ્સ રસેલ

   (C) સીલીના (D) એરિસ્ટોટલ

4. લોકશાહીના કેટલા પ્રકાર છે ?

   (A) બે (B) ચાર

   (C) ત્રણ (D) પાંચ

5. માનવ અધિકારો કેટલા છે ?

   (A) છ (B) આઠ

   (C) સાત (D) બાર

## 3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) 1848
2. (C) માનવલક્ષી
3. (A) અબ્રાહ્મ લિંકન
4. (A) બે
5. (C) સાત

## 3.9 ચાવીરૂપ શબ્દો :

- **સમાજવાદ :** સમાજવાદી વિચારસરણીઓનો સમૂહ.
- **ઉદારમતવાદ :** વ્યક્તિને પાયાનું સ્વાયત્ત એકમ ગણતી ઉદારમતવાદી વિચારસણી
- **લોકશાહી :** જે તંત્રમાના લોકો ભાગ લે તે લોકશાહી
- **સમાનતક :** દરેકને સમાન અવસર તક પ્રાપ્ત થાય.
- **માનવ અધિકાર :** ભારતના દરેક નાગરીકને જન્મતાની સાથે મળતા અધિકારો છે.

## 3.10 સ્વાધ્યાય લેખન (Assignment)

1. સમાજવાદનો ઉદય કઇ રીતે થયો ? તેની વિગતે ચર્ચા કરો.

.......................................................................

...................................................................................

...................................................................................

2. યુરોપીયન સમાજવાદ સમજાવો.

...................................................................................

...................................................................................

...................................................................................

3. ઉદારમતવાદનો ઉદય કઈ રીતે થયો તે સમજાવો.

...................................................................................

...................................................................................

...................................................................................

## 3.11 પ્રવૃત્તિ (Activities)

- 'સિમોનવાદ' ની વિસ્તૃત માહિતી આપો.
- 'માર્કસ' પ્રમાણિત સમાજવાદની વિસ્તૃત સમજ આપો.
- લોકશાહીની સફળતા માટેની જરૂરીયાતો સમજાવો.

## 3.12 કેસસ્ટડી (Case Study)

- લોકશાહીનો અર્થ, વ્યાખ્યા, પ્રકાર અને લોકશાહીની સફળતા વિસ્તૃતમાં સમજાવો.
- માનવ અધિકારની જરૂરિયાત મહત્ત્વ અને મૂળભૂત માનવ અધિકારો વિસ્તૃતમાં વર્ણવો.
- 'સમાજવાદ' વિસ્તૃત સમજ આપો.

## 3.13 સંદર્ભગ્રંથ


1. આધુનિક રાજકીય વિચારધારાઓ : પટેલ જયંતિ કે.,
યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય,
પ્રથમ આવૃત્તિ : 1974.

2. રાજ્યશાસ્ત્ર પરિચય ભાગ-2 : પ્રા. પંડ્યા હસમુખ,
અનડા પ્રકાશન,
દસમી આવૃત્તિ : 2004.

3. ભારતકા સંવિધાન એવમ્ માનવાધિકાર : મિશ્રા મહેન્દ્રકુમાર,
સાગર પબ્લિકેશન,
પ્રથમ આવૃત્તિ : 2009.

4. ભારતીય બંધારણ, 1950 : ડૉ. રાવલ કૌશિક સી.,
એસ.બી.ડી. પબ્લિકેશન,
પ્રથમ આવૃત્તિ : 2008,
બીજી અદ્યતન આવૃત્તિ : 2011-12.

# ડો. બાબાસાહેબ આંબેડકર
# ઓપન યુનિવર્સિટી

જ્યોર્તિમય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧
વેબસાઈટ : www.baou.edu.in